# મનનિકા

(બાઇબલ આધારિત ખ્રિસ્તી મનન સંગ્રહ)



ક્લેમેન્ટ ડાયસ્ર્સા

# ગુજરાત ટ્રાક્ટ એન્ડ સોસાયટીના પ્રકાશનો

## જીવન ચરિત્રો

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | વધસ્તંભ એજ સ્વર્ગ | ૨૦-૦૦ |
| ૨ | ગુરુને ચરણે | ૧૦-૦૦ |
| ૩ | સાચુ મોતી | ૧૦-૦૦ |
| ૪ | રેવ. થોમાભાઈ પાથાભાઈ | ૧૦-૦૦ |
| ૫ | ડી. એલ. મૂડી | ૧૦-૦૦ |
| ૬ | ડેવિડ બાઉમન | ૨૦-૦૦ |
| ૭ | વિલ્યમ કેરી | ૧૫-૦૦ |
| ૮ | જેમ્સ હડસન ટેલર | ૧૫-૦૦ |
| ૯ | પંડિતા રમાબાઈની સાક્ષી | ૨૦-૦૦ |
| ૧૦ | ડૉ. ઈ. સ્ટેન્લી જોન્સ | ૩૦-૦૦ |
| ૧૧ | ચાર્લ્સ સ્પર્જન | ૫૦-૦૦ |
| ૧૨ | સાધુ સુંદરસિંગ(ગ્રંથ) | ૧૨૫-૦૦ |
| ૧૩ | ડેવિડ બ્રેઈનર્ડ | ૨૦-૦૦ |

## મનન

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૨ | જીવન સાફલ્ય ને મનન | ૬૦-૦૦ |
| ૩ | ટેકરીઓનો સાદ | ૧૨૫-૦૦ |
| ૪ | દૈનિક પ્રકાશ | ૭૫-૦૦ |
| ૫ | ઉપલીમેડી દૈનિક પ્રકાશ | ૩૦-૦૦ |
| ૬ | ઉપલીમેડી દૈનિક મનન | ૬૦-૦૦ |

## બાળકો

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | બાઈબલની સરળ વાર્તા | ૧૦-૦૦ |
| ૨ | વધામણીની વાતો | ૧૦-૦૦ |
| ૩ | ઝેરાહ | ૧૫-૦૦ |
| ૪ | સપના ઉકેલનાર યોસેફ | ૧૫-૦૦ |
| ૫ | વ્હાલા પંખીડા | ૧૫-૦૦ |
| ૬ | આઝાદીનો લડવૈયો | ૧૨-૦૦ |
| ૭ | વાટને વિસામે | ૪૦-૦૦ |
| ૮ | નાતાલની વાતો | ૧૦-૦૦ |
| ૯ | રાજાનો કેદી દાનીએલ | ૧૫-૦૦ |
| ૧૦ | કલરવ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૧૧ | કલશોર | ૨૦-૦૦ |
| ૧૨ | ફૂલદાની | ૧૫-૦૦ |
| ૧૩ | સાચો મિત્ર | ૨૫-૦૦ |
| ૧૪ | બાઈબલ ક્વીઝ | ૩૦-૦૦ |
| ૧૫ | કલરવ | ૨૫-૦૦ |
| ૧૬ | બહાદુર ગોવાળિયો | ૩૦-૦૦ |
| ૧૭ | આવો ભૂલકા | ૫૦-૦૦ |
| ૧૮ | પતંગિયા | ૩૫-૦૦ |
| ૧૯ | ફૂલડાની ફોરમ | ૨૦-૦૦ |

## બાઈબલ સેમીનરી

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૧ | ૩૦-૦૦ |
| ૨ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૩ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૪ | ૩૦-૦૦ |
| ૪ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૫ | ૪૦-૦૦ |
| ૫ | ધર્મનું તત્વજ્ઞાન | ૪૦-૦૦ |
| ૬ | પવિત્ર શાસ્ત્રોનો અભ્યાસી | ૬૦-૦૦ |
| ૭ | પિતૃઓના કૂવા | ૩૫-૦૦ |
| ૮ | રેલો અને ગીતો | ૩૫-૦૦ |
| ૯ | વધસ્તંભના સાત વચન | ૧૫-૦૦ |
| ૧૦ | ખ્રિસ્તી મંડળીનો ઈતિહાસ | ૫૦-૦૦ |
| ૧૧ | ગુજરાતમાં ખ્રિસ્તી મંડળીનો ઈતિહાસ | ૨૫-૦૦ |
| ૧૨ | ક્રોસ કથાના પાત્રો | ૧૦-૦૦ |
| ૧૩ | આત્મામાં સ્વપ્નો તથા સંદર્શનો | ૧૫-૦૦ |
| ૧૪ | ખ્રિસ્તી ઈશ્વર વિદ્યાના તત્વો | ૩૫-૦૦ |
| ૧૫ | પ્રબોધકો અને તેમના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૬ | જૂનો કરાર તેની રચના તથા સંદેશા | ૬૫-૦૦ |
| ૧૭ | એ શી તરેહનું માણસ | ૩૦-૦૦ |
| ૧૮ | જન સામાન્ય માટે બાઈબલ માર્ગદર્શિકા | ૪૦-૦૦ |
| ૧૯ | દાઉદ ભકતના પસંદિત ગીતો આધારિત મનન | ૪૦-૦૦ |
| ૨૦ | પવિત્ર આત્મા વિષે સમજ | ૫૦-૦૦ |
| ૨૧ | નાઝરેથનો ઈસુ | ૧૫-૦૦ |

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

5BGM1

# મનનિકા

## બાઇબલ આધારિત
## મનનસંગ્રહ

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

લેખક :
• ક્લેમેન્ટ ડાયસ઼ા •

☆ મનનિકા ☆ લેખક : ક્લેમેન્ટ ડાયર્સા

☆ પહેલી આવૃત્તિ ☆ નકલ : ૫૦૦

☆ રૂા. ૩૦=૦૦

☆ પ્રકાશક :-

**રેવ. હેમંતકુમાર જે. પરમાર**, સેક્રેટરી, ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી, સાહિત્ય સેવા સદન, એલીસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬. ફો : ૨૬૪૪૫૨૮૧

## આભારદર્શન

*ગુજરાત ટ્રાક્ટ એન્ડ બૂક સોસાયટી દ્વારા પ્રકાશિત થતા સામાયિક "ખ્રિસ્તીબંધુ"માં અગાઉ મનનોની પ્રથમ પુસ્તિકા "પ્રેમનો પ્રકાશ" થોડા વર્ષો પહેલા પ્રગટ કરવામાં આવી હતી. ત્યારબાદ આ દ્વિતિય મનન-પુસ્તિકા (મનનિકા)નું પ્રકાશન ગુજરાત ટ્રાક્ટ એન્ડ બૂક સોસાયટી દ્વારાજ કરવામાં આવ્યું છે, ત્યારે હું નમ્રભાવે ઈશ્વરપિતાનો તેમજ ટ્રાક્ટ સોસાયટીનો હાર્દિક આભાર માનું છું.*

*ટ્રાક્ટ સોસાયટીની માન. કાર્યવાહક સમિતિએ આ પુસ્તિકા પ્રગટ કરવાનો ઠરાવ કર્યો તે બદલ હું સોસાયટીના પ્રમુખ સાહેબ, સેક્રેટરી સાહેબ, ટ્રેઝરર સાહેબ, તેમજ અન્ય હોદ્દેદાર સાહેબો, તથા સભ્ય સાહેબો પ્રત્યે આભારની ઊંડી લાગણી પ્રદર્શિત કરું છું.*

*ગુજરાત ટ્રાક્ટ એન્ડ બૂક સોસાયટી દ્વારા થઈ રહેલી ખ્રિસ્તી સાહિત્યની અમૂલ્ય સેવાઓને ઈશ્વરપિતા આશીર્વાદિત કરે, અને આજ સુધી થયેલા વિશાળ સેવા કાર્ય દ્વારા ઈશ્વરપિતાને જ મહિમા મળે, એજ પ્રાર્થના સાથે.*

*ખ્રિસ્ત ઈસુમાં સેવક,*
*ક્લેમેન્ટ ડાયર્સા*

*આઈ. પી. મિશન કંપાઉન્ડ*
*એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬*

**મુદ્રક : જેન્સન કૉમ્પ્યુટર્સ,** ૨, મહાવીર એસ્ટેટ, ભગત ધાણા દાળની સામે, અનુપમ થીએટર પાછળ, ખોખરા, અમદાવાદ - ૮. ફો. ૦૭૯ - ૩૨૯૧૩૦૫૭

# બે બોલ......

મુરબ્બી ક્લેમેન્ટભાઈ ડાયર્સાનું નામ ખ્રિસ્તીબંધુના માધ્યમથી ખ્રિસ્તી સમાજમાં ખૂબ જ જાણીતું બન્યું છે. ક્લેમેન્ટભાઈ ડાયર્સાનું મુખ્ય લખાણ મનન વિષય અંતરગત રહ્યું છે. તેઓશ્રી બાઈબલના અભ્યાસી રહ્યા છે. જેની પ્રતિતિ તેઓના મનનોને વાંચતા થાય છે.

શ્રી ડાયર્સાના મનનોમાં હૃદયસ્પર્શી તત્વ વિશેષ હોય છે. તેઓ પોતાના વિચારોને મૂળ વિષયના ઊંડાણસુધી લઈ જવામાં હંમેશા સફળ રહ્યા છે. સ્વભાવે તેઓશ્રી ખૂબ ઓછું બોલનારા વ્યક્તિ છે. પરંતુ તેઓ તેમના મનનો ધ્વારા ભલભલાના હૃદયો અને મનોને અસર પાડનારા રહ્યા છે.

શ્રી ક્લેમેન્ટભાઈ ડાયર્સાના મનનોની વિશિષ્ટા એ છે કે મૂળ વિષય સાથે બાઈબલના અનુરૂપ શાસ્ત્રભાગને ખૂબ સરળ છતા અસરકારક રીતે જોડીને રજૂ કરે છે. તેમના વિચારોમાં સરળતા છે. તેઓના મનનો દરેક વ્યક્તિને અસર કરનારા છે. જો કે બાઈબલના વિવિધ શાસ્ત્રભાગોનું વિવરણ તેઓ ખૂબ કાળજી રાખીને કરે છે. છતાં તેમાં ભાષણનું તત્વ જરાપણ આવતું નથી. વાંચકોને સતત મનનના વાંચન પછી વિચાર કરતા મૂકી દે તેવી તેઓની ધારદાર શૈલી છે.

શ્રી ક્લેમેન્ટ ડાયર્સાએ ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના સેક્રેટરી તરીકે ખૂબ મહત્વની સેવા આપી હતી. જેની કદર કરતા પ્રભુનોજ આભાર માનીએ છીએ. "મનનિકા" પુસ્તકને સમાજના હાથમાં મૂક્તા ગૌરવની અને આનંદની લાગણી અનુભવું છું. આશા તથા પ્રાર્થના છે કે, તમે આ પુસ્તકને આનંદથી વધાવી લેશો. પ્રભુ તેના વાંચકોને માટે આ પુસ્તક આત્મિક આશીષ લાવવા માટેનું સાધન બનાવે એ જ પ્રાર્થના છે. લેખક તેમની લેખનની મહાયાત્રામાં હજુ પણ ચાલુ રહે અને સમાજને હજુ પણ તેમના લેખન ધ્વારા આશીષ પમાડનારા બની રહે એ જ શુભેચ્છા તથા પ્રાર્થના છે.

આ પુસ્તકના પ્રકાશન પેટે પ્રોફેસર શ્રીમતી ડૉરોથીબહેન ઈમાનુએલ ખાનકર તરફથી રૂા. ૭૦૦૦/- અને શ્રીમતી લિન્તાબેન મેજરસીંગ (U.S.A.) તરફથી રૂા. ૩૦૦૦/- મળેલ છે. જેઓનો આ સમયે આભાર માનું છું.

**પ્રેમભાવથી,**
**રેવ. હેમંતકુમાર જે. પરમાર**
**સેક્રેટરી**

*સાહિત્ય સેવા સદન*
*એલીસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬*
*જૂલાઈ/૨૦૦૬*

# અનુક્રમણિકા


| અનુ. નં. | | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧ | રાતભરનું રુદન અને પ્રભાતનો હર્ષાનંદ | ૧ |
| ૨ | શોધ - રાજાની અને રાજ્યની | ૨ |
| ૩ | ઈસુ નાઝારી પાસે થઈને જાય છે | ૪ |
| ૪ | અંતરનો અગ્નિ | ૬ |
| ૫ | સમાધાનનું ચિહ્ન અને પ્રેમનું પ્રતીક | ૮ |
| ૬ | ઈસુની તરસ | ૧૦ |
| ૭ | સોટી ? કે પ્રેમ અને નમ્રતા ? | ૧૨ |
| ૮ | ઈશ્વર — સર્જક અને રક્ષક | ૧૩ |
| ૯ | નિર્દોષ રક્તનો પોકાર | ૧૫ |
| ૧૦ | બેથનિયાનું એ ધન્ય કુટુંબ | ૧૭ |
| ૧૧ | વિશ્વાસના અગ્રેસર | ૧૯ |
| ૧૨ | એક યુવાન અહીં છે | ૨૧ |
| ૧૩ | સમયનાં સોપાન | ૨૩ |
| ૧૪ | સર્વશ્રેષ્ઠ નામ | ૨૫ |
| ૧૫ | પ્રલોભનની સામે સંયમ - સંયમની સાથે ધીરજ | ૨૭ |
| ૧૬ | ગભાણ, ગલગથા અને ગૌરવી રાજ્યાસન | ૨૯ |
| ૧૭ | વફાદારીનો વિજયી પુરસ્કાર | ૩૧ |
| ૧૮ | ભલાઈનું ગીત | ૩૩ |
| ૧૯ | માયાળુપણાની મધુરતા | ૩૪ |
| ૨૦ | અદ્‌ભુત સહનશીલતા | ૩૬ |
| ૨૧ | શિક્ષા અને શાંતિ | ૩૯ |
| ૨૨ | ઊઘડી ગયેલાં ચક્ષુ | ૪૦ |
| ૨૩ | ખાલી કબર - વિશ્વવ્યાપી આનંદ | ૪૨ |
| ૨૪ | એક અવિનાશી ફૂલ | ૪૪ |
| ૨૫ | નવી આજ્ઞા - નવી સૃષ્ટિ | ૪૬ |
| ૨૬ | માતા તરીકે મરિયમની ભૂમિકા | ૪૮ |
| ૨૭ | પવિત્ર આદેશ | ૫૧ |
| ૨૮ | પાણી અને લોહી | ૫૩ |
| ૨૯ | લગ્નની પુષ્પમાળા | ૫૫ |
| ૩૦ | ક્રોસ પર જડેલા ગુનેગારને ઈસુનું વચન | ૫૭ |
| ૩૧ | પાપની સજાનો પહેલો પથ્થર | ૫૯ |
| ૩૨ | પ્રકાશિત પ્રારંભ | ૬૧ |
| ૩૩ | રાજા ઈસુનું અનંત રાજ્ય | ૬૩ |
| ૩૪ | સમાધાનનો આદેશ | ૬૪ |
| ૩૫ | વીંઝાયેલા કોરડા | ૬૭ |
| ૩૬ | પૂર્વનો તારો જોઈને | ૬૯ |

૩૭ પૃથ્વી પરનો મુસાફર ૭૧
૩૮ ગાલીલનો અગ્રગામી ૭૩
૩૯ પલટાતા સમયો ૭૫
૪૦ પ્રભુએ આપેલી ખબર ૭૭
૪૧ નવ્વાણું છે, એક નથી ૭૯
૪૨ પંખીનો કલરવ – ફૂલનો - વૈભવ - માનવનો અનુભવ ૮૧
૪૩ ખાલી કૂંડા અને ભારે પથ્થર ૮૨
૪૪ મિલેનિયમનો સ્વામી ૮૪
૪૫ નવો પોશાક – નવું સ્વરૂપ ૮૬
૪૬ આકાશી સેનાનું ગીત ૮૮
૪૭ ત્રણ શ્રેષ્ઠ સેવિકાઓ ૮૯
૪૮ જગતના રાનમાં ૯૧
૪૯ દુ:ખી પુરુષ ૯૩
૫૦ ઉત્તમ ઘેટાંપાળકનો આદેશ ૯૪
૫૧ પતિને મુગટરૂપ - રત્ન કરતાં મૂલ્યવાન ૯૬
૫૨ શબ્દ અને સ્પર્શ ૯૮
૫૩ પ્રકાશને પગલે ૧૦૦
૫૪ ખડક અને રેતી ૧૦૧
૫૫ ભૂતકાળની સહાય, ભાવિની આશા ૧૦૩
૫૬ સનાતન સાથ ૧૦૫
૫૭ કર્તવ્ય માનવીનું – કૃપા ઈશ્વરની ૧૦૭
૫૮ યુદ્ધે ખ્રિસ્તી યોદ્ધા ૧૦૮
૫૯ તું કેમ રડે છે ? ૧૦૯
૬૦ ઈશ્વરે બાંધેલું ઘર ૧૧૧
૬૧ નિર્દોષ અને નિષ્કલંક ૧૧૩
૬૨ દુકાળ, અને આશીર્વાદની વૃષ્ટિ ૧૧૪
૬૩ ઈશ્વરનું મંદિર ૧૧૬
૬૪ પશ્ચાત્તાપને પંથે ૧૧૮
૬૫ પ્રભાતનો આશીર્વાદ ૧૨૦
૬૬ મરણસ્તંભનો ભાર ૧૨૧
૬૭ નામ વગરનો શિષ્ય ૧૨૨
૬૮ પાપ અને પ્રાયશ્ચિત ૧૨૪
૬૯ મહાન પ્રકાશનું દર્શન ૧૨૬
૭૦ ભરચક ધર્મશાળા ૧૨૭
૭૧ અદશ્ય અતિથિ ૧૨૯
૭૨ સફળતાનો સ્વામી ૧૩૧
૭૩ સમર્પણનું પર્વ ૧૩૨
૭૪ જુઓ, ઈશ્વરનું હલવાન ૧૩૪
૭૫ દામ્પત્યજીવનના દિવ્યપંથે ૧૩૬
૭૬ જીવનસંધ્યા ૧૩૭

આ પુસ્તકના

પ્રકાશન પેટે

**પ્રોફેસર શ્રીમતી ડૉરોથીબહેન**

**ઈમાનુએલ ખાનકર**

તરફથી **રૂા. ૭૦૦૦/-**

અને

**શ્રીમતી લિન્ત્તાબેન મેજરસીંગ**

(U.S.A.)

તરફથી **રૂા. ૩૦૦૦/-** મળેલ છે.

જેઓના

આભારી છીએ.

# રાતભરનું રુદન અને પ્રભાતનો હર્ષાનંદ

સૌપ્રથમ પૃથ્વી પર અંધકાર હતો, ત્યારે ઈશ્વરની આજ્ઞાથી પ્રકાશ થયો. પ્રકાશ એટલે દિવસ અને અંધકાર એટલે રાત્રિ.

—અને 'સાંજ થઈ, તથા સવાર થઈ'...,એ પ્રથમ દિવસ.

—ત્યારબાદ ઈશ્વરે એક મોટી જ્યોતિ – સૂર્ય – અને એક નાની જ્યોતિ – ચંદ્ર – આકાશનાં અંતરિક્ષમાં મૂકી. એ ચોથો દિવસ હતો.

આમ, સૂર્યોદય અને સૂર્યાસ્તની પરિક્રમા શરૂ થઈ.

—પૃથ્વી પરના પ્રાકૃતિક સર્જન પછી ઈશ્વરે પુરુષ અને સ્ત્રી બનાવ્યાં, અને પોતે સર્જેલી સૃષ્ટિમાં સર્વશ્રેષ્ઠ અને સ્વર્ગસમો એદનબાગ બનાવીને એ યુગલને સુપરત કર્યો, અને તેમાં નિવાસ દરમિયાન અમુક નિયત કરેલી આજ્ઞાનું ચુસ્ત પાલન કરવાનો આદેશ આપ્યો.

—પણ આ પછી સમયગાળામાં યુગલ સામે આવ્યું પ્રલોભન; આજ્ઞાનું ઉલ્લંઘન, પાપ અને પતન.

એની શિક્ષારૂપે સ્વર્ગ ગુમાવ્યું. સ્વર્ગ બહારની દુનિયામાં દુઃખનો પ્રારંભ થયો. સુખનો સૂર્ય અસ્ત થયો, અને દુઃખની રાત્રિનો અંધકાર વ્યાપી ગયો.

—પૃથ્વી પર માનવવસ્તીમાં વૃદ્ધિ થવા લાગી. માનવીય જીવનશૈલી બદલાવા લાગી. માનવજાતમાં રાત-દિવસ, સપ્તાહ, માસ અને વર્ષો ગણતરી પ્રમાણે વ્યતીત થવા લાગ્યા.

—બદલાયેલા સંયોગોમાં શાપિત મનુષ્યને હકારાત્મક અને નકારાત્મક અનુભવો થવા લાગ્યા. :

★ દુઃખ - પછી સુખની અપેક્ષા -

★ નિરાશા પછી આશાની પ્રતીક્ષા -

★ નિષ્ફળતા - પછી સફળતાની આશા -

★ અશાંતિ - પછી શાંતિની ઝંખના -

★ આંસુ-પછી હાસ્યની આકાંક્ષા -

★ રુદન-પછી હર્ષાનંદની મહેચ્છા -

—વહી જતી રાત્રિ, અને નવા દિવસનો ઉદય, એ વીતી જતા વર્ષની અને નૂતનવર્ષના આગમનની પ્રક્રિયાનું પ્રતીક બની રહે છે. **(ગીતશાસ્ત્ર ૩૦ મું ગીત)**

—આ સુંદર ગીતમાં ઈશ્વરભક્ત ગીતકાર દાઉદે પોતાના જીવનના સુખ-દુ:ખના અનુભવો અને આશીર્વાદોનું અસરકારક વર્ણન કર્યું છે :

‘ઈશ્વરે કરેલો પોતાનો અભ્યુદય, શત્રુઓ પર વિજય, આરોગ્યપ્રદાન, આત્મિક ઉત્કર્ષ, જીવનદાન, જીવનભરની કૃપા, ઈશ્વરના ગૌરવનું સ્તોત્રગાન, અંધારી રાત્રિનો અંત, પ્રકાશિત દિવસનો ઉદય...’ ‘રાતભરનું રુદન, પ્રભાતનો હર્ષાનંદ !’ ‘રુદન રાતપર્યંત રહે, પણ સવારમાં હર્ષાનંદ થાય છે.’ **(ગીતશાસ્ત્ર ૩૦ : ૫)**

સુખ-દુ:ખથી સભર એવા ગત વર્ષના અનુભવોની પરંપરાથી મુક્ત, એવા ભાવિની ક્ષિતિજોને સ્પર્શતા નૂતનવર્ષના પ્રભાતનો હર્ષાનંદ સાથે ઉદય થઈ રહ્યો છે !’ ‘રાત્રિ પસાર થઈ ગઈ છે, અને દિવસ આવી પહોંચ્યો છે.’ **રોમનો ૧૩:૧૨**

❖ ❖ ❖

# શોધ - રાજાની અને રાજ્યની

જગતના રાજકીય ઈતિહાસના આરંભ સાથે, જે વહીવટી વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી, તેમાં ઉચ્ચ હોદ્દાઓથી માંડીને નીચેની કક્ષાનાં સ્થાનો પર વિવિધ સ્તરના કાર્યકર્તાઓ નિયુક્ત કરવાની પ્રક્રિયા શરૂ થઈ. એ રાજાશાહીનો યુગ હતો. લોકશાહીનો ખ્યાલ સરખો પણ ન હતો. તમામ ક્ષેત્રે રાજાનું સ્થાન સર્વોચ્ચ ગણાતું. રાજાઓ એકબીજાના હરીફ હતા, અને સત્તાની દૃષ્ટિએ વધુ શક્તિશાળી રાજા અન્યનું વર્ચસ્વ સ્વીકારી શકતો ન હતો. હેરોદ પણ આ પ્રકારનો રાજા હતો.

—ખ્રિસ્ત ઈસુના જન્મ સંબંધી મીખાહ પ્રબોધકનું ભવિષ્યકથન આ પ્રમાણે હતું : “હે બેથલેહેમ, તારામાંથી એક એવો પુરુષ ઉત્પન્ન થવાનો છે, કે જે ઈસ્રાએલમાં ‘અધિકારી’ થવાનો છે....” (મીખાહ ૫:૨)

—ઈસુના જન્મપૂર્વે આ ભવિષ્યવચનનો માથ્થીની સુવાર્તામાં ફરીથી ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેના શબ્દો આ પ્રમાણે છે : ‘ઓ યહૂદિયા દેશના બેથલેહેમ, .... તારામાંથી એક ‘અધિપતિ’ નીકળશે, જે મારા ઈસ્રાએલી લોકોનો પાળક થશે.’ (માથ્થી ૨ : ૬)

—હેરોદ રાજાના સમયમાં બેથલેહેમમાં ઈસુનો જન્મ થયો. તે સમયે માગીઓ પૂર્વથી યરુશાલેમ આવ્યા, અને તેઓએ પ્રશ્ન કર્યો કે, "યહૂદીઓનો જે "રાજા" જન્મ્યો છે, તે ક્યાં છે ?"...

—મીખાહ પ્રબોધકના પુસ્તકમાં, તેમ જ માથ્થીની સુવાર્તામાં ઉલ્લેખવામાં આવેલા ભવિષ્યકથનમાં, 'અધિકારી', 'અધિપતિ' કે 'લોકોનો પાળક' - એવા શબ્દો લખવામાં આવ્યા છે. જ્યારે માગીઓએ પોતાના પ્રશ્નમાં સ્પષ્ટપણે 'રાજા' શબ્દ ઉચ્ચાર્યો છે.

—ગાબ્રીએલ દૂત જ્યારે કુમારી મરિયમને પુત્ર જન્મની વધામણી આપે છે, ત્યારે ત્યાં સ્પષ્ટપણે રાજા શબ્દનો ઉપયોગ થયો નથી; પણ જન્મનાર બાળકનો રાજા તરીકેનો તે આડકતરો નિર્દેશ આપે છે : "તે સર્વકાળ રાજ કરશે, ને તેના રાજ્યનો અંત આવશે નહિ." -(લૂક ૧ : ૩૩)

—"યહૂદીઓનો જે રાજા જન્મ્યો છે તે ક્યાં છે ? પૂર્વમાં તેનો તારો જોઈને અમે તેનું ભજન કરવા આવ્યા છીએ." હવે, હેરોદ પણ એક રાજા હતો. તેના મનમાં ભય પેઠો કે, હવે કોઈ નવો રાજા જન્મ્યો, એટલે મારા શાસનનો ભય ઊભો થશે. ભયગ્રસ્ત વાતાવરણમાં હેરોદે મુખ્ય યાજકો, શાસ્ત્રીઓ તથા માગીઓને બોલાવીને, પોતાના અંગત અને સ્વાર્થી દૃષ્ટિબિંદુથી વધુ માહિતી મેળવીને માગીઓને વિચિત્ર આજ્ઞા આપી કે 'તમે જઈને આ 'બાળક'ની કાળજીપૂર્વક 'શોધ' કરો, અને તે મળે એટલે મને જાણ કરો, કે જેથી હું પણ આવીને આ નવા રાજાનું ભજન કરું..."

—પણ નવા જન્મેલા રાજાની શોધની યોજના ઈશ્વરે ફળીભૂત થવા ન દીધી; યશાયા તથા યર્મિયા પ્રબોધકોની ભવિષ્યવાણી પરિપૂર્ણ થઈ... (યશાયા ૯ : ૬-૭; યર્મિયા ૨૩ : ૫)

—અને હવે યુવાન ઈસુએ પોતાના સેવા અને શિક્ષણકાર્યનો આરંભ કર્યો....

ઈસુએ પોતાના શિક્ષણમાં "આકાશના રાજ્ય"નો અનેક વાર દૃષ્ટાંતો દ્વારા ઉલ્લેખ કરીને તેનો મર્મ શિષ્યોને સમજાવ્યો. ગિરિપ્રવચનમાં, જીવનની ભૌતિક જરૂરિયાતોની ચિંતા કરતા અનુયાયીઓને, સૌપ્રથમ આકાશના રાજ્યની શોધ કરવાનો ઉપદેશ આપ્યો છે.

—રાજા હેરોદને જગતમાંના તેના રાજ્યની ચિંતા હતી. એટલે જ તે માગીઓના મુખે 'નવા રાજા'ના જન્મની ખબર સાંભળીને વિહ્વળ બની ગયો. પિલાતે ઈસુને પૂછ્યું હતું : 'શું તું રાજા છે ? ઈસુએ ઉત્તર આપ્યો કે, "મારું રાજ્ય આ જગતનું નથી....તું જ કહે છે કે હું રાજા છું. એટલા જ માટે હું જન્મ્યો છું, અને આ જગતમાં આવ્યો છું, (યોહાન ૧૮ : ૩૬-૩૭)

—બાળઈસુની શોધમાં નીકળેલા માગીઓને બેથલેહેમની ગભાણમાં એ બાળરાજાના પ્રત્યક્ષ દર્શન થયાં...

—આજે ૨૦૦૦ વર્ષ પછી, ગભાણમાં જન્મેલા રાજાના દર્શન વાસ્તવિક સ્વરૂપમાં ભલે ન થાય, પરંતુ ખ્રિસ્ત ઈસુએ પ્રબોધેલા આકાશના રાજ્યના, એટલે કે 'પ્રેમ અને શાંતિના સામ્રાજ્યના પ્રત્યક્ષ દર્શન અને અનુભવ'ની આજના અશાંત જગતના અસંખ્ય શોધકોના હૃદયની અપેક્ષા છે.

❖ ❖ ❖

# ઈસુ નાઝારી પાસે થઈને જાય છે ....

પૂર્વના એક દેશના બે મહાનગરો પર અત્યંત શક્તિશાળી અણુબોમ્બ ઝીંકાયો, ત્યારે એ શહેરોથી સેંકડો માઈલ દૂર ઊભેલા એક સંપૂર્ણ અંધ માનવીએ પૂછ્યું, : "હમણાં શું થયું ? શાનો ઝબકારો થયો ?"....

—શું વધુ પ્રબળ ગણાય ? વિસ્ફોટનો તેજસ્વી પ્રકાશ, કે અંધ માનવીની આંખોની રચના ?

"સાંભળતો કાન અને દેખતી આંખ,

બન્નેને ઈશ્વરે બનાવ્યાં છે."

**નીતિ. ૨૦ : ૧૨**

— અંધજનોના પ્રશ્નોને અનુલક્ષીને વિશ્વની બે વિભૂતિઓએ કરેલા યોગદાનનું અહીં સ્મરણ થયા વિના રહે નહિ. અમેરિકાના મહિલા હેલન કેલર અને બીજા લૂઈ બ્રેઈલ. હેલને માંદગીમાં અને બ્રેઈલે અકસ્માતમાં પોતાની આંખો ગુમાવી હતી. ત્યાર બાદ દૃષ્ટિનું મૂલ્ય સમજતા આ બન્ને જાણે પોતાના પુરુષાર્થ દ્વારા વિશ્વભરના અંધજનોની માનવતાભરી સેવાઓ બજાવી છે

—જોઈ શકતી આંખ એ માનવશરીરના સૌથી મહત્ત્વના અંગોમાં એક અંગ છે. વધતી ઉંમરની અસર આંખના તેજ ઉપર પડે છે. પરંતુ અત્યંત આધુનિક વૈજ્ઞાનિક સંશોધન દ્વારા અને શસ્ત્રક્રિયા મારફતે અત્યંત ઝાંખી પડી ગયેલી દૃષ્ટિને નવું સ્વરૂપ આપવાનું હવે શક્ય બન્યું છે.

— પવિત્ર બાઈબલમાં, ઘણી જગ્યાએ, “આંખ” અને “દૃષ્ટિ”નો ઉલ્લેખ થયો છે. ખ્રિસ્ત ઈસુએ પણ તે વિષે ઘણાં વચનો ઉચ્ચાર્યાં છે. ઈસુએ પોતાનામાં રહેલા પરાક્રમ દ્વારા અંધજનોને દૃષ્ટિ પણ પ્રદાન કરી છે...

— ઈસુ યરીખો શહેરની નજીક આવી રહ્યા હતા.

ત્યાં માર્ગની કોરે એક અંધ માનવી બેઠેલો હતો. ઈસુની સાથે મોટો લોકસમુદાય પણ ચાલતો હતો. આ લોકોના પગલાંનો અવાજ સાંભળીને પેલા અંધ માનવીએ પ્રશ્ન કર્યો કે “આ બધું શું છે ?”

લોકોએ ઉતત્તતર આપ્યો “ઈસુ નાઝારી પાસે થઈને જાય છે”

— ઈસુનું નામ સાંભળતા જ તેના મનમાં આશા અને શ્રદ્ધાનો ઝબકારો થયો. તે ઊભો થઈને પોકારવા લાગ્યો કે “હે દાઉદના પુત્ર ! મારા પર દયા કરો !” લોકોએ તેને શાંત રહેવા તાકીદ કરી, તો તે વધુ જોરથી પોકારવા લાગ્યો. તે સાંભળીને ઈસુ થોભી ગયા, અને તેને પોતાની પાસે લાવવા લોકોને આજ્ઞા કરી. લોકોએ તેને હિંમત આપી, અને ઇસુ પાસે દોરી લાવ્યા, દેખતા થવાની તેની પ્રબળ ઇચ્છા જોઈને ઈસુએ કહ્યું : તારી શ્રદ્ધાએ તને સાજો કર્યો છે. તું દેખતો થા ! તે જ પળે તેની આંખો ઊઘડી ગઈ.... તેણે સૌપ્રથમ ઈસુને પોતાની સમક્ષ ઊભેલા નિહાળ્યા, અને ઈશ્વરસ્તુતિ કરતો કરતો તે તે જ માર્ગે ઈસુની પાછળ ચાલ્યો......

“તારા નિયમશાસ્ત્રમાંની આશ્ચર્યકારક વાતોનું અવલોકન કરવા માટે મારી આંખો ઉઘાડ...

હું તો પૃથ્વી પર મુસાફર છું.”

— ગીતશાસ્ત્ર ૧૧૯ : ૧૮-૧૯

— પૃથ્વી પરનો એક થાકેલો અને લાચાર મુસાફર તેના જીવનમાર્ગની એક કોરે બેઠેલો છે. એની આસપાસ ‘અંધકાર’ છે. એ પ્રકાશને ઝંખે છે. દૈહિક આંખો વડે તે સાચો માર્ગ નિહાળી શકતો નથી. નિરાધાર સ્થિતિમાં અને તેના આત્મિક અંધત્વમાં, તેના અંતર્ચક્ષુ ઊઘડી જાય, એવી એની હૃદયપૂર્વકની પ્રાર્થના છે.... અચાનક એને ઈસુની યાદ આવે છે. ઈસુ એના જીવનમાર્ગ પર, ‘પાસે થઈને જતા હોય’ એવો તેને અનુભવ થાય છે, એને એનું હૃદય પોકારી ઊઠે છે : ‘હે ઈસુ, મારાં અંતર્ચક્ષુ ઉઘાડો ! મને દેખતો કરો ! અને આ પોકાર સાથે એના અંતરમાં વિશ્વાસ અને આશાનો ઝબકારો થાય છે.... એને આધ્યાત્મિક દૃષ્ટિ સાંપડે છે, અને એ આનંદિત પ્રવાસી નવા પ્રકાશ સાથે, નવા જીવનમાર્ગ પર ઈસુને પગલે પ્રયાણ કરે છે...

'હે ઈસુ, દાઉદકેરા સુત, તારી કરુણા છે અદ્ભુત !
તું દયા કર મુજ અંધ પર, ને મુજને પૂરો દેખતો કર;
ત્યારે હું પણ પોકારીશ કે "ઈસુ નાઝારી હ્યાં થઈ જાય છે ...."
- (ભ. સં. નં. ૨૭૦)

❖ ❖ ❖

# અંતરનો અગ્નિ

અંગ્રેજીમાં કહ્યું છે કે, "જે ગુસ્સે થઈ શકતો નથી, તે મૂર્ખ છે. પણ જે ગુસ્સે થતો નથી તે શાણો છે."

(He is a fool who cannot be angry but he is a wise man who will not)...

યહોવાએ કાઇનને પૂછ્યું : "તને કેમ રોષ ચઢ્યો છે ?" (ઉત્પત્તિ ૪ : ૬)

યહોવાએ યૂનાને કહ્યું : "તું ગુસ્સે થાય છે એ શું તું સારું કરે છે ?" (યૂના ૪ : ૪)

ઘણી વ્યક્તિઓના જીવનમાં તેમની સ્વાભાવિક પ્રકૃતિમાં ઉત્તમ લક્ષણોનાં દર્શન થાય છે અથવા તેનો અનુભવ થાય છે. જેમ કે, શાંત વ્યક્તિત્વ, સહનશીલતા, ધીરજ, નમ્રતા, સંયમ વગેરે... છતાં, એવું પણ બને કે, આ સર્વની સામે, મનુષ્યમાં જ રહેલા દુષ્ટ લક્ષણો પર વિજય મેળવવાની આત્મશક્તિ ન હોય, તો મનુષ્યમાં દેખાતા ઉત્તમ લક્ષણોનો પરાજય પણ થાય. અને તેમાંયે તેના સ્વભાવમાં એક અવગુણ એવો છે કે જો તેનો અતિરેક થવા દેવામાં આવે તો તે સમગ્ર પ્રકૃતિને છિન્નભિન્ન કરી નાખે છે; અને તે અવગુણ તો છે ક્રોધ. તેને અગ્નિ સાથે સરખાવાય છે કારણ કે વ્યક્તિત્વને બાળી નાખે છે.

"રોષ અને કોપથી દુષ્કર્મ નીપજે છે" - (ગીતશાસ્ત્ર ૩૭ : ૮) સંત પાઉલ સ્પષ્ટ શબ્દોમાં કહે છે : "ભૂંડાઈથી હારી ન જા, પણ સારાથી ભૂંડાઈ પર વિજયી થા." (રોમનો. ૧૨:૨૧)

— આ સંસારમાં અધિકારી પોતાના સ્ટાફ પર, શિક્ષક વિદ્યાર્થીગણ પર, માતાપિતા સંતાનો પર ગુસ્સો કરે છે. ઘણીવાર દલીલયુક્ત શબ્દોની અસરપરસ આપ-લે થાય છે પણ મહદ્અંશે વડીલબંધુઓનું વલણ યોગ્ય હોય છે.

— પવિત્ર બાઇબલમાં કોપ, ક્રોધ સંબંધી ઘણા પ્રસંગોનો ઉલ્લેખ છે.

આ પ્રસંગોમાં ઈશ્વરના કોપ કે ક્રોધનાં કારણોની કોઈ યોગ્યતા કે અયોગ્યતાનો પ્રશ્ન હોઈ શકે જ નહિ, કારણ કે ઈશ્વર હંમેશા કૃપાવંત, ન્યાયી અને વિશ્વાસબદ્ધ છે :

— ગણના ૩૨ : ૧૦-૧૫ પાપને કારણે યહોવાનો કોપ સળગી ઊઠ્યો.

— ગીતશાસ્ત્ર ૭૮ : ૨૧-૨૨ અવિશ્વાસને કારણે ઈસ્ત્રાએલ પુત્રો પર યહોવાનો ક્રોધ ભભૂકી ઊઠ્યો.

યહોશુઆ ૭ : ૧ આજ્ઞાભંગને કારણે યહોવાનો કોપ સળગી ઊઠ્યો.

મનુષ્યનો ક્રોધ...

૧ શમૂએલ ૨૦ -૩૪ જ્યારે યોનાથાને જાણ્યું કે તેના પિતાએ દાઉદની હત્યા કરવાનો નિર્ણય કર્યો છે ત્યારે તે ક્રોધાયમાન થયો. બાઈબલ-સ્કોલરોની નોંધ અનુસાર આ માટેનું કારણ યોગ્ય હતું. (Righteous indignation)

નિર્ગમન ૩૨ : ૧૫-૧૯ : પર્વત પરથી નીચે ઊતરતા મોશેએ ઈશ્વરની આજ્ઞાઓનું ઉલ્લંઘન થતું નિહાળ્યું. ઈશ્વરની આજ્ઞાઓ લખેલી પાટીઓ સાથે આવેલા મોશેએ નાચ તથા વાછરડાની મૂર્તિ નિહાળી ત્યારે તેનો ક્રોધ ભભૂકી ઊઠ્યો; તેણે પાટીઓ ફેંકી દીધી, અને પર્વતની નીચે તેના ભૂક્કા થઈ ગયા. ઈશ્વરની આજ્ઞાના ભંગ સામે આ તીવ્ર પ્રકોપ હતો, અને તે યોગ્ય હતો. ખ્રિસ્ત ઈસુનો ક્રોધ....

— 'એ વિશ્રામવાર હતો. સભાસ્થાનમાં એક સુકાઈ ગયેલા હાથવાળો માણસ હતો. ઈસુ અને તેમના વિરોધીઓ પણ હાજર હતા. માણસનો હાથ સાજો કરવાની બાબતે ઈસુએ પ્રશ્ન કર્યો : આ દિવસે સારું કરવું કે માઠું કરવું ? ઉત્તર આપવાને બદલે વિરોધીઓ મૌન રહ્યા. તેઓના હૃદયની કઠોરતા જોઈને ઈસુ દુઃખી થયા, અને તેમણે ક્રોધ સાથે ચોતરફ દૃષ્ટિ કરી..... (માર્ક ૩ : ૧-૫)

— ઈસુએ મંદિરમાં પ્રવેશ કર્યો. તેમણે જોયું કે 'પિતાના આ ઘરમાં' નાણાવટીઓ, ખરીદ-વેચાણ કરનાર, તથા પશુ-પંખીઓના વ્યાપારીઓનું બજાર જામ્યું હતું. ઈસુએ તેમને 'લૂંટારાઓ' કહીને તેમના બાજઠો અને આસનો ઊંધાં વાળ્યાં.... આ સમયે તેઓ ઈસુનો ક્રોધ તથા આક્રોશ અવશ્ય જોઈ શક્યા હશે. બાર વર્ષની ઉંમરે ઈસુએ મંદિરને 'પિતાના ઘર' તરીકે સન્માનથી નિહાળ્યું હતું, તે ઈસુ આ પરિસ્થિતિ કેવી રીતે સહન કરી શકે ?

ઈસુના ક્રોધનું મૂલ્યાંકન કરવાનો પ્રશ્ન જ ન હોય.

જૂના-નવા કરારમાં ઈશ્વરના કોપ અને મનુષ્યના ક્રોધનો જે નિર્દેશ કરવામાં આવ્યો છે, તેમાં એક પ્રકારનું હકારાત્મક ધર્મઝનૂન દેખાય છે, જે આવશ્યક પણ ગણાય.

ખ્રિસ્ત ઈસુએ અને પ્રેરિત પાઉલે ક્રોધના પ્રશ્નને બહુ જ મૃદુતાથી સ્પર્શ કર્યો છે. ઈસુએ ગિરિપ્રવચનમાં ક્રોધનો બહુ જ સંક્ષિપ્ત પણ અર્થપૂર્ણ નિર્દેશ કર્યો છે : "પોતાના ભાઈ (કોઈ પણ વ્યક્તિ) ઉપર 'વિનાકારણ' ક્રોધ કરનાર પણ અપરાધી ઠરે છે.

ખ્રિસ્ત ઈસુએ, અને ઈસુના જ પગલે, પ્રેરિત પાઉલે ક્રોધને અનુલક્ષીને હળવી શૈલીમાં, પણ ગંભીર શિક્ષણ આપ્યું છે, પ્રેરિત પાઉલે કહ્યું છે કે, "ગુસ્સે થાઓ, પણ

પાપ ન કરો. તમારા ક્રોધ પર સૂર્યને અસ્ત થવા ન દો (એફેસી ૪ : ૨૬) અર્થાત્ ક્રોધ અલ્પસમયી હોય. ક્રોધનું કારણ યોગ્ય હોય, તો તે પાપ નથી.

ક્રોધ એ ભૂંડાઈ ભરેલો અવગુણ છે, અંતરનો અગ્નિ છે, પણ એ "ભૂંડાઈ પર ભલાઈ દ્વારા વિજય મેળવી શકાય છે." (રોમનો ૧૨ : ૨૧)

અને નમ્ર ઉત્તર ક્રોધને શાંત કરી દે છે." (નીતિવચન ૧૫ : ૧)

– અને ભલાઈ તથા નમ્રતા પવિત્ર આત્માનાં જ ફળ છે !

❖ ❖ ❖

# 'સમાધાનનું ચિહ્ન અને પ્રેમનું પ્રતીક'

"કોઈ ચિત્રકારે પોતાની તમામ શક્તિઓ ખર્ચીને સર્વાંગ સુંદર ચિત્રનું સર્જન કર્યું હોય, તેનો અચાનક કોઈ અગમ્ય કારણોસર નાશ કરી નાખવો પડે, તો તેનો સર્જક કેવી તીવ્ર લાગણી અનુભવે ? !"

– વૃક્ષો અને પુષ્પોના કોઈ ચાહકે પોતાની અનોખી સૂઝ અનુસાર મનોરમ્ય ઉદ્યાનનું નિર્માણ કર્યું હોય, અને તે અણધાર્યા અને અકલ્પિત સંજોગોમાં વેરાન અને ઉજ્જડ બની જાય તો એના સર્જકની મનોદશા કેવી થઈ જાય ? !

ઈશ્વરપિતાએ પૃથ્વી ઉપર વિવિધ સ્વરૂપે સૃષ્ટિનું સર્જન કર્યું. પ્રકાશ, અંતરિક્ષ, મહાસાગરો, વૃક્ષો, ફૂલછોડ અંતરિક્ષમાં જ્યોતિઓ, સૂર્ય, ચંદ્ર, તારામંડળો, પ્રાણી-પક્ષીઓ, જળચર સૃષ્ટિ, તથા એ સર્વ ઉપર વર્ચસ્વ ચલાવવા પુરુષ અને સ્ત્રી પણ.. છ દિવસમાં થયેલા આ સર્જનના ત્રીજા દિવસે ઈશ્વરે તે નિહાળીને કહ્યું કે, "તે સારું છે." અને છઠ્ઠા દિવસે બધું પરિપૂર્ણ થયું, ત્યારે ઈશ્વરે કહ્યું : 'ઉત્તમોત્તમ !' (ઉત્પત્તિ ૧ : ૧૨-૩૧)

– સમય વ્યતીત થવા લાગ્યો. પૃથ્વી પર માનવોની વસ્તીવૃદ્ધિ થવા લાગી. સાથે દુષ્ટતા પણ વધવા લાગી. આ તબક્કે ઈશ્વરે જોયું કે મનુષ્યના હૃદયની કલ્પના નિરંતર દુષ્ટ જ છે. મનુષ્યનું સર્જન કરવા બદલ ઈશ્વરને ખેદ થયો અને પશ્ચાત્તાપ પણ થયો. (ઉત્પત્તિ ૬ : ૬)

– અને આખરે ઈશ્વરે કહ્યું કે, "પૃથ્વી ઉપર મેં જે સૃષ્ટિનું સર્જન કર્યું છે તેનો હું ઉચ્છેદ કરીશ. "જળપ્રલય' લાવીને સમગ્ર સૃષ્ટિનો હું સંહાર કરીશ." 'અને આ સર્વમાં નુહ તેના કુટુંબસહિત, ઈશ્વરની કૃપા પામ્યો."

– અને પૃથ્વી ઉપર વર્ષાનું તાંડવ શરૂ થયું... જળનિધિના ઝરા ફૂટી નીકળ્યા. આકાશનાં દ્વાર ઊઘડી ગયાં, અને પૃથ્વી પર ચાળીસ દિવસ અને ચાળીસ રાત ભારે

વર્ષાની હેલી થઈ. પૃથ્વી જળબંબાકાર બની ગઈ. પર્વતોનાં ગગનચુંબી શિખરો પર પણ ધસમસતા પાણી ફરી વળ્યાં... અને વેરાયો સમગ્ર સૃષ્ટિનો સંપૂર્ણ વિનાશ !

— એકસો પચાસ દિવસના આ જળસંકટ પછી ભારે પવનના સુસવાટા સાથે આ મેઘતાંડવ બંધ પડયું. સૂર્યનાં કિરણો ધરતી પર પોતાની ઉષ્ણતા પાથરવા લાગ્યાં.

— અને કૃપા પામેલા નુહની ઈશ્વરસ્તુતિની સુવાસ સર્જનહારને આવી અને ઈશ્વરે કહ્યું :

"મનુષ્યને લીધે હું પૃથ્વીને શાપ નહિ આપું. તેની કલ્પના જ બાળપણથી દુષ્ટ છે. હું સૃષ્ટિનો સંહાર ફરી કદી નહિ કરું.... પૃથ્વી રહેશે ત્યાં સુધી પ્રકૃતિની સર્વ પ્રક્રિયાઓ થયા કરશે..."

— અને ઈશ્વરે નુહને કહ્યું : 'મારી અને તમારી વચ્ચે, પેઢી દરપેઢીને માટે એક કરાર હું કરું છું. અને એ સમાધાનના કરારના ચિહ્નરૂપે હું મેઘધનુષ વાદળમાં મૂકીશ, અને એ સર્વકાળના કરારનું સ્મરણ કરવાને હું મેઘધનુષ્ય તરફ જોઈશ."

— અને એ ધનુષ્ય આજપર્યંત ઈશ્વરના માનવજાત સાથેના કરારનું સપ્તરંગી ચિહ્ન બની રહ્યું છે.

માલાખી પ્રબોધક અને ખ્રિસ્ત ઈસુની સુવાર્તાઓ એ બે વચ્ચેનો ચારસો વર્ષોનો સમય - જે શાંત સમય - (Prophetic Silence) તરીકે ઓળખાય છે, તે પછીની માનવજાતની પરિસ્થિતિ ઉપર પવિત્ર બાઇબલનાં વચનો પ્રકાશ પાડે છે :

"તેઓ પતિત છે, તેઓએ અમંગળ કૃત્યો કર્યા છે; સત્કાર્ય કરનાર કોઈ નથી. કોઈ સમજનાર, અને કોઈ દેવને શોધનાર છે કે નહિ તે જોવાને ઈશ્વરે આકાશમાંથી મનુષ્યો ઉપર દૃષ્ટિ કરી...

તેઓ સર્વ માર્ગભ્રષ્ટ થયા છે, પૂરેપૂરા મલિન થઈ ગયા છે; સત્કાર્ય કરનાર કોઈ નથી, ના, એક પણ નથી..." (ગીતશાસ્ત્ર ૧૪ : ૧-૩)

— પણ આ પરિસ્થિતિમાં પણ ઈશ્વરપિતાએ તેઓને ચેતવણી આપી નહિ, કે કોઈ ધમકી આપી નહિ.

'આ પ્રશ્નનો ઉત્તર છે : યોહાન ૩ : ૧૬' 'ઈશ્વરે જગત પર પ્રેમ કર્યો..."

— માનવજાત સાથે સ્થાપિત કરેલા સમાધાનના કરારનું સ્મરણ કર્યું. પાપી માનવજાત પર પ્રેમ કરીને તેઓના ઉદ્ધારને સારુ પોતાનો પુત્ર આપી દીધો.

'ઈશ્વરે દીકરો આપ્યો. દીકરાએ ક્રોસનું કષ્ટ સહન કરીને પોતાનો પ્રાણ આપ્યો.'

'સમાધાનનું ચિહ્ન અને પ્રેમનું પ્રતીક.'

— ઈશ્વરે માનવજાત સાથે સ્થાપિત કરેલા સમાધાનના કરારનું ચિહ્ન જેમ મેઘધનુષ્ય બની રહ્યું તેમ ખ્રિસ્તના લોહીથી રક્તવર્ણો બનેલો ક્રોસ, ઈસુના નવા કરારનું સ્મરણ કરાવે છે; અને એ ક્રોસ ઈશ્વરના માનવજાત સાથેના નવા સમાધાન, શાંતિ અને પ્રેમનું પ્રતીક બની રહ્યો છે....

"અને તેના વધસ્તંભના લોહીથી શાંતિ કરાવીને તેની મારફતે તે પોતાની સાથે સઘળાનું સમાધાન કરાવે; પછી તે પૃથ્વી પરના હોય કે આકાશમાંના હોય..." (કલોસ્સી ૧ : ૨૦)

❖ ❖ ❖

# ઈસુની તરસ

ગાલીલ જવા નીકળેલા ઈસુને સમરુનમાં થઈના ચાલતા જવાનું હતું. આગળ વધતા ઈસુ સુખાર નામના નગર પાસે પહોંચ્યા. અહીં યાકુબે તેના દીકરા યુસુફને એક ખેતર આપ્યું હતું. યાકુબનો કૂવો તે ખેતરમાં હતો. ચાલવાથી હવે ઈસુ થાકી ગયા હતા. તેથી એ જ સ્થિતિમાં, તે કૂવા પર બેઠા. તેમને તરસ પણ લાગી હતી. એ અરસામાં એક સમરુની સ્ત્રી પાણી ભરવા આવી. ઈસુએ તેને જોઈને કહ્યું, 'મને પાણી પા.' આ તબક્કે એ સ્ત્રીએ સમરુનીઓ અને યહૂદીઓ વચ્ચેના ભેદભાવ વિષે કરી. આ સાંભળીને ઈસુએ તેને તરત કહ્યું કે, 'તારી પાસે પાણી માગનારની સાચી ઓળખ જો તને થઈ હોત, તો તું તેની પાસે પાણી માગત અને તે તેને જીવંતપાણી આપત. એ પાણી પીનારને ફરી તરસ નહિ લાગે.' પાણી માટે આવેલી સ્ત્રી અને ઈસુને લાગેલી તરસ, એ બાબતોને અનુલક્ષીને ઈસુએ તેને જીવંત પાણીનો સંદેશો આપ્યો. આથી તે સ્ત્રીએ એ પાણીની માગણી કરી. (જો કે તેણે દૈહિક જીવનની જરૂરિયાતોની હાડમારીથી બચવા માટે જ એ પાણી માગ્યું હતું...)

ગાલીલની ટૂંકી યાત્રા દરમિયાન આ મહત્ત્વનો પ્રસંગ બની ગયો.

— ઘણો સમય વીતી ગયો. હવે ઈસુ યરૂશાલેમમાં હતા. અહીં તેમને એક અતિમહત્ત્વની યાત્રા પૂરી કરવાની હતી. 'ગેથસેમાને બાગથી કાલવરી સુધીની કષ્ટભરી યાત્રા.' ઈસુને ક્રૂસ પર જડી દેવામાં આવ્યા હતા. તેઓ આ દારુણ વેદના વેઠી રહ્યા હતા. ક્રૂસ પર તેઓએ આ વચન ઉચ્ચાર્યું; 'મને તરસ લાગી છે', તે વિષે ગીતશાસ્ત્રમાં ભવિષ્યકથન આલેખવામાં આવ્યું છે, જે અત્યારે પૂરું થઈ રહ્યું છે.

'મારું બળ પાણી થઈ ગયું છે;

મારું બળ સુકાઈને ઠીકરા જેવું થઈ ગયું છે; મારા જડબા સાથે મારી જીભ ચોંટી જાય છે.' (ગીતશાસ્ત્ર ૨૨ : ૧૪-૧૫)

– ભીષણ કષ્ટની આવી પળોમાં ઈસુના મુખમાંથી આ શબ્દો સરી પડ્યા : "મને તરસ લાગી છે."

એક અંગ્રેજી બાઈબલમાંની બિબ્લિકલ નોંધમાં લખવામાં આવ્યું છે કે 'એ પળ ઈસુને લાગેલી 'તરસ'ના દુઃખની પરકાષ્ઠા હતી. "યાકુબના ઠંડા અને મીઠા પાણીના કૂવા ઉપર, 'જીવંત જળ'ની ઘોષણા કરનાર ખ્રિસ્ત ઈસુના દર્દભર્યા ઉદ્‌ગાર ! 'મને તરસ લાગી છે.'

સમરુની સ્ત્રીને તો ઈસુએ એમ કહ્યું હતું કે 'મને પાણી પા, – આ એક આવશ્યક ભાવના સહિતનું, વિનંતિ સમાન વાક્ય ગણી શકાય. જ્યારે ક્રૂસ ઉપરથી ઈસુએ એક દુઃખ-સભર વિધાન કર્યું : "મને તરસ લાગી છે."

જો કે ક્રૂસની આસપાસ ઊભેલાઓ માટે તો એ પાણી માટેની ગર્ભિત માગણી છે. છતાં તૃષિત ઈસુને કોઈએ પાણી ન આપ્યું. પવિત્ર વચનો અનુસાર, તેઓએ તેને 'પિત્ત ભેળવેલો સરકો પીવા આપ્યો, જે ચાખીને ઈસુએ પીવાની ના પાડી.'

જીવંત પાણી અંગેના ઈસુએ આપેલા સંદેશ ઉપરથી એવું સ્પષ્ટ થઈ શકે છે કે, ઈસુના વચન પ્રમાણે પ્રત્યેક સાંભળનાર વ્યક્તિ જો એ પાણીનો સ્વીકાર કરે, તો તેનામાં પાણીનો ઝરો વહેશે, અને તે શાશ્વત કાળ સુધી વહ્યા કરશે.

"જગતભરમાં વિસ્તૃત ધોરણે પ્રસારિત થઈ રહેલાં પવિત્ર વચનો અંગેનાં સાધનો, પ્રચાર માધ્યમો, યોજનાઓ, સંસ્થાઓ અને તે દ્વારા થતા સાહિત્ય-સર્જનો, વિવિધ સંકુલો, માનવસમૂહો તથા વ્યક્તિઓ દ્વારા ઘોષિત થતો આ ઈસુએ પ્રબોધેલા જીવંત પાણીનો સંદેશ વિશ્વભરના માનવસમુદાયોની આધ્યાત્મિક તરસ છીપાવે, એવી ખ્રિસ્ત ઈસુની 'તરસ' – તીવ્ર ઉત્કંઠા આજે સંપૂર્ણ થઈ રહી છે.....

ઈસુ કહે છે : 'આ બહુ નાનાઓમાંથી એકને તમે પાણી પાયું, એટલે તે મને પાયું....' (માથ્થી ૨૫ : ૩૫-૩૬)

❖ ❖ ❖

# સોટી ? કે પ્રેમ અને નમ્રતા ?

ઈશ્વરે મોશેને પૂછ્યું કે, તારા હાથમાં એ શું છે ?

મોશેએ ઉત્તર આપ્યો કે 'મારા હાથમાં લાકડી છે.' નિર્ગ. ૪ : ૨

—લાકડી એક સામાન્ય વસ્તુ છે. પણ મનુષ્યના જીવનમાં તે ઘણી રીતે ઉપયોગી છે. આધાર માટે, રક્ષણ માટે તેમ જ શિક્ષા માટે લાકડી (સોટી) આવશ્યક છે. તોફાની ટોળાને નિયંત્રણમાં રાખવા, પ્રાણીઓને યોગ્ય માર્ગે ચલાવવા કે વાળવા, અને ક્વચિત્ શિક્ષાત્મક હેતુ માટે તેનો ઉપયોગ થાય છે. જૂના સમયમાં શિક્ષણ સંસ્થાઓમાં લાકડીનો ઉપયોગ થતો હતો. – બાળકોને ભય પમાડવા પણ તે વપરાતી હતી.

—બાઈબલમાં, ગીતશાસ્ત્ર અને નીતિવચનનાં પુસ્તકોમાં તો લાકડીને ઉચ્ચસ્થાન મળી ગયું છે :

"તારી લાકડી (તથા છડી) મને દિલાસો દે છે."(ગી.શા. ૨૩ : ૪)

"....દીકરા ઉપર પ્રેમ કરનાર પિતા તેને લાકડી વડે વેળાસર શિક્ષા કરે છે."
. (નીતિ : ૧૩ : ૨૪)

– ઈસ્ત્રાએલપુત્રોને ગુલામીમાંથી મુક્ત કરીને 'મિસર'-માંથી બહાર લાવવાના હતા. આ કાર્યમાં અવરોધક બની રહેનાર હારૂનનું હૃદય ઈશ્વરે જ પથ્થર સમાન બનાવી દીધું હતું. છતાં આ ઉદ્દેશ પાર પાડવા ઈશ્વરે મોશેને આહ્વાન આપ્યું. મોશેને ઈશ્વરે કહ્યું. કે, 'આ લાકડી તારા હાથમાં લે, ચિહ્નો તથા ચમત્કારો બતાવ.' જો કે આ ચમત્કારો મિસરની પ્રજા માટે શિક્ષાત્મક અને આપત્તિજનક હતા. આ મહાન કાર્ય માટે ઈશ્વરે મોશેને જ દેવના સ્થાને પ્રસ્થાપિત કર્યો.

– મોશેએ કેટલીયે વાર પોતાની લાકડીનો ઉપયોગ કર્યો અને મિસરની પ્રજા સંખ્યાબંધ અનર્થોમાં સપડાઈ ગઈ. અંતે, આપત્તિઓની આ પરંપરા પછી, ઈશ્વરે મિસરી પ્રજાને સદાના વિધિ તરીકે પાસ્ખાયજ્ઞ પાળવાની આજ્ઞા કરી. અને આમ, ઈશ્વર ઈસ્ત્રાએલ પુત્રોને તેમના સૈન્યો સહિત મિસર દેશમાંથી બહાર કાઢી લાવ્યા. (નિર્ગમન ૧૨ : ૫૧)

જે દિવસે તેઓને ગુલામીમાંથી મુક્તિ મળી, તે દિવસના સ્મરણાર્થે તેનું પર્વ વંશપરંપરા પાળવાનું ઈશ્વરે ફરમાન કર્યું – આખરે ઈસ્ત્રાએલપુત્રો ગુલામીમાંથી મુક્ત થયા.

—પ્રેરિત પાઉલ કહે છે : 'આપણા પાસ્ખાયજ્ઞ ખ્રિસ્તનું બલિદાન પણ (આપણી વતી) આપવામાં આવ્યું છે :(૧ કરિંથી ૫ : ૭)

—નવા કરાર પ્રમાણે, તત્કાલિન પ્રજાઓ અંધકાર અને અશાંતિને સ્થાને પ્રકાશ અને શાંતિ ઝંખતી હતી. ઈશ્વરે જગત ઉપર પ્રેમ કર્યો અને પોતાના પુત્રને જગતમાં મોકલ્યો. પ્રભુ ઈસુ જગતમાં આવ્યા. પણ એ યુગ 'લાકડી' વાપરવાનો નહોતો. તેમણે તો પ્રવાસમાં પણ જરૂરી એવી લાકડી લેવાની શિષ્યોને મનાઈ ફરમાવી હતી. ઈસુને તો લાકડાનો ભારે વધસ્તંભ ઊંચકીને ચાલવાનું હતું. આમ, પ્રેમ અને બલિદાન દ્વારા જગતની પ્રજાઓને આત્મિક ગુલામીના બંધનમાંથી ઈસુએ મુક્ત કરી.

—'કરિંથીઓને પાઉલ પ્રેરિતનો પહેલો પત્ર : ૪ : ૯-૨૧ પ્રેરિત પાઉલ કરિંથમાંની ઈશ્વરની મંડળીની પરિસ્થિતિથી ઘણા વ્યથિત હતા. મંડળીના લોકોને પોતાના બાળકો ગણીને ઉપદેશ આપતા કહ્યું કે, 'હું તમારો પિતા છું, તમે મારા અનુયાયી થાઓ. આ સમયે હું 'મારા પ્રિય તથા વિશ્વાસુ પુત્ર' તિમોથીને તમારી પાસે મોકલું છું.. તમે મગરૂર થઈ ગયા છો. ઈશ્વરનું રાજ્ય બોલવામાં નહિ, સામર્થ્યમાં છે.... 'તમારી શી ઇચ્છા છે? હું તમારી પાસે સોટી (લાકડી) લઈને આવું કે પ્રેમથી અને નમ્રતાથી આવું ?'' (૧ કરિંથી ૪ : ૧૦) 'તમારી શી ઇચ્છા છે ? સોટી કે પ્રેમ અને નમ્રતા ?'

—મોશે અને ખ્રિસ્તના, ભિન્ન પ્રકારના છતાં ઈશ્વરનાં જીવનકાર્યોનું, આ જીવંત શબ્દો અદ્‌ભુત દર્શન કરાવે છે.

પાઉલ પ્રેરિતનો પ્રશ્ન આશ્ચર્યજનક રીતે અનુત્તર રહ્યો છે. પણ પ્રત્યેક અનુયાયીની ઇચ્છાનુસાર, આ પ્રશ્નનો ઉત્તર ''પ્રેમ અને નમ્રતા'' એ સિવાય બીજો કયોહોઈ શકે ?

❖ ❖ ❖

# ઈશ્વર – સર્જક અને રક્ષક

આજે રોજબરોજ બનતી દુર્ઘટનાઓમાં, વિવિધ પ્રકારના અકસ્માતોના સમાચારો પ્રગટ થતા જ રહે છે.

ઘણાં વર્ષો પૂર્વે, એક દેશના એક નાના ગામમાં આવેલા ભૂકંપે ગ્રામવાસીઓના મનમાં વિસ્તૃત પ્રમાણમાં ભયની લાગણી પ્રસરાવી દીધી હતી. એક વૃદ્ધ મહિલાને પૂછવામાં આવ્યું, કે 'તમને ભૂકંપનો ભય લાગે છે ? પ્રત્યુત્તર મળ્યો કે 'જરા પણ નહિ; મને તો એ વાતનો આનંદ છે કે મને એવા ઈશ્વર મળ્યા છે, જે સમગ્ર પૃથ્વીને હચમચાવી શકે છે !' આ મહિલાના મુખ પર એક પ્રકારનો આત્મવિશ્વાસ દૃષ્ટિમાન થતો હતો.

વિવિધ પ્રકારનાં પ્રાકૃતિક પરિબળો ઉપર પૃથ્વીના સર્જનહારનું પ્રભુત્વ અને સ્વામિત્વ રહેલું છે. પ્રાકૃતિક પરિબળોમાં ધરતીકંપ, જ્વાળામુખી, જળપ્રલય, સાગરના

સુનામી મોજાં, અનાવૃષ્ટિ વગેરે આપત્તિઓનો સમાવેશ કરી શકાય.

દુર્ઘટનાઓ કેમ બને છે ? તે બે પ્રકારની હોઈ શકે : પ્રાકૃતિક અને માનવસર્જિત. પ્રાકૃતિક આપત્તિઓ કંઈક અંશે ટાળી શકાય કે હળવી બનાવી શકાય; પણ તે અમુક મર્યાદિત સ્વરૂપમાં હોય તો જ તેમ થઈ શકે. તે સાથે માનવસર્જિત કે કૃત્રિમ આફતો સમયસૂચકતા કે દીર્ઘદૃષ્ટિથી નિવારી શકાય. જો કે કોઈ પણ પ્રકારની દુર્ઘટના કે અકસ્માત ક્યારે ક્યાં અને કેવી રીતે ઉદ્ભવશે તેની સંભાવના તો ભાવિના ભીતરમાં છુપાયેલી છે. આ સર્વમાં માનવીને ઉગારનાર તો એક માત્ર સર્જક અને રક્ષક ઈશ્વર છે.

અકસ્માતોની પરંપરામાં મહદ્ અંશે નાનાં-મોટાં વાહનોના ટકરાવાની ઘટનાઓ બનતી રહે છે. વિમાની દુર્ઘટના, ટ્રેન અકસ્માત, ટ્રક, બસ, કાર અથવા આ પ્રકારના નાના-મોટા અકસ્માતો સર્જાતા રહે છે. ક્વચિત્ જાનહાનિ પણ થાય અને ચમત્કારિક બચાવ પણ થાય. નાનાં બાળકોનો તો આશ્ચર્યજનક રીતે દૈવી બચાવ થયો હોય તેવા પ્રસંગો પણ બન્યા છે.

— આ સર્વમાં ઈશ્વર જ પ્રત્યેકના શરીર અને જીવનના સર્જક અને રક્ષક છે.

— ટાઈટેનિક !

ટાઈટેનિક શબ્દનો અર્થ 'જંગી, પ્રચંડ, શક્તિશાળી.' એવો થાય છે, એ જ નામની સ્ટીમરની જળસમાધિની બની ગયેલી અતિકરુણ ઘટનાથી વિશ્વ પરિચિત છે. વીસમી સદીની એ સૌથી ભયાનક દરિયાઈ હોનારત ગણાય છે. એ જંગી અને પ્રચંડ જહાજ કદી ન ડૂબે તેવું (Unsinkable) ગણાતું હતું. અમુક પ્રવાસીઓને તો એવી શ્રદ્ધા બેસી ગઈ હતી કે "ઈશ્વર પણ આ જહાજને ડૂબાડી નહિ શકે !"....

છતાં, આઘાતજનક આશ્ચર્ય વચ્ચે, તે બરફના એક તરતા ખડક સાથે ટકરાયું, અને વિનાશક દુર્ઘટનાનો ભોગ બની ગયું ! અલ્પ સમયમાં એક નાના 'નગર' સમી આ વિરાટકાય સ્ટીમર કેટલાક પ્રવાસીઓ સહિત અગાધ સાગરના તળિયે જઈને સ્થિર થઈ ગઈ !

"મનુષ્યનું મન પોતાના માર્ગની યોજના
કરે છે, પણ તેનાં પગલાં ચલાવવાનું
ઈશ્વરના હાથમાં છે." (નીતિ ૧૬ : ૯)

'કહેવાય છે કે, અનંત જળમાં વિલીન થતી આ સ્ટીમરના ડેક પરથી, વાજિંત્ર દ્વારા વાતાવરણમાં ગુંજી રહેલા ભક્તિગીતના આ સૂરો ઈશ્વરસ્તુતિનું સ્મરણ કરાવતા હતા......'

"Nearer, My God, To Thee !...."

"મુજ દેવ, તારી પાસે, તારી પાસે !...."

"જો ઈશ્વર 'નગર'નું રક્ષણ ન કરે, તો ચોકીદારનું જાગવું કેવળ વ્યર્થ છે."

(ગીતશાસ્ત્ર ૧૨૭ : ૧)

સર્વ સંજોગોમાં, સર્વદા, માત્ર ઈશ્વર જ

પ્રત્યેકના સર્જક અને રક્ષક છે.'

❖ ❖ ❖

# નિર્દોષ રક્તનો પોકાર

કાઈન તથા હાબેલ. બે ભાઈઓ હતા. તેઓ પોતપોતાના વ્યવસાય પ્રમાણે ઈશ્વર માટે અર્પણ લાવ્યા. હાબેલનું અર્પણ માન્ય થયું, જ્યારે કાઈનનું અમાન્ય થયું. આથી, રોષે ભરાયેલા કાઈને ઈશ્વર સાથે વિવાદ કર્યો. છતાં કાઈન હાબેલને સમજાવી ખેતરમાં લઈ ગયો, અને ત્યાં તેણે તેની હત્યા કરી નાખી.

કાઈન ખેડૂત હતો. હાબેલ ઘેટાંપાળક હતો.

કાઈને પોતાના ઘેટાંપાળક ભાઈને મારી નાખ્યો. એ અપરાધ બદલ ઈશ્વરે કાઈનને સજા કરી.

ઈશ્વરે કાઈનને પૂછ્યું કે, 'તારો ભાઈ હાબેલ ક્યાં છે ?"

કાઈને ઉત્તર આપ્યો કે, 'હું જાણતો નથી. શું હું મારા ભાઈનો રખેવાળ છું ?'

ઈશ્વરે કહ્યું : "તેં શું કર્યું છે ? તારા ભાઈનું રક્ત મને ભૂમિમાંથી પોકારી રહ્યું છે." - (ઉત્પત્તિ ૪ : ૮-૧૪)

ગીતશાસ્ત્ર ૯૫ : ૭માં આ પ્રમાણે લખ્યું છે : 'તે આપણો દેવ છે, અને આપણે તેના ચારાના લોકો તથા તેના હાથનાં ઘેટાં છીએ.'

પ્રભુ ઈસુએ કહ્યું : 'હું ઉત્તમ ઘેટાંપાળક છું. હું મારાં ઘેટાંને ઓળખું છું, અને તેઓ મને ઓળખે છે.' (યોહાન ૧૧ : ૧૪-૧૫)

– ઈસુએ બાર શિષ્યોને નીમ્યા ત્યાર પછી તેઓને ઘેટાંની ઉપમા આપીને, ઘેટાંપાળક અને ઘેટાંનો ઉલ્લેખ કરીને અનેક પ્રેમભર્યાં વચનો ઉચ્ચાર્યાં છે. ઘેટાંપાળક અને તેના ઘેટાં - એ શબ્દપ્રયોગ દ્વારા ગુરુ અને શિષ્યો વચ્ચેના એક વાત્સલ્યભર્યા સંબંધની અનુભૂતિ થાય છે.

– ઈસુ અને તેમના શિષ્યો વચ્ચે આ પ્રકારના સંબંધો હોવા છતાં, આશ્ચર્ય પમાડે તેવી બાબત એ છે કે તેમાંના બે શિષ્યો વિશ્વાસમાં નિષ્ફળ ગયા.

તેમાંનો એક યહૂદા હતો.

તેણે આ 'ઉત્તમ ઘેટાંપાળક'ની ધરપકડ કરાવવાના ષડયંત્રમાં મુખ્ય ભાગ ભજવ્યો. દ્રવ્યલોભી શિષ્યે ત્રીસ રૂપિયાનો સોદો કરીને ઈસુને દુશ્મનોને હવાલે કરાવી દીધા. કાઈને કરેલી હિંસા બદલ તેને તો ઈશ્વરે સજા કરી. પણ યહૂદાને નિર્દોષ લોહી પરસ્વાધીન કરવાના પાપનું ભાન થયું, ત્યારે પશ્ચાત્તાપ થયો. તેણે આ પાપની સજા પોતે વહોરી લીધી. રૂપિયા મંદિરના સત્તાધીશો સમક્ષ ફેંકી દઈને પોતાના શરીરનો અતિ વિનાશક અંત આણ્યો – સત્તાધારીઓને એ નાણાં મંદિરમાં રાખવા તે અનુચિત લાગ્યાં તે વડે વિદેશીઓની દફનભૂમિ માટે એક ખેતર ખરીદ્યું, જે 'લોહીનું ખેતર' કહેવાયું. નિર્દોષ રક્તના મૂલ્યમાંથી ખરીદાયેલી એ ભૂમિમાંથી ખ્રિસ્ત ઈસુની કારમી વેદનાનો પોકાર સંભળાતો હશે !

"માનવપુત્રને અન્યના હાથમાં સ્વાધીન કરી દેનારને અફસોસ !

એ માનવીનું અસ્તિત્વ જ ન હોત તો તેને માટે સારું થાત !" (માર્ક ૧૪ : ૨૧)

– પોતાના ગુરુને ઓળખવાનો ઈનકાર બીજો વિશ્વાસ ગુમાવનાર શિષ્ય પિતર હતો. પોતાના કરનારની આગાહી ઈસુએ અગાઉથી જ કરી હતી, કે 'આજ રાત્રે મરઘો બે વાર બોલે તે અગાઉ તું ત્રણ વાર કહેશે કે, 'હું ઈસુને ઓળખતો જ નથી' (માર્ક ૧૪ : ૩૦)

– ત્રણ વાર ઈસુનો ઈનકાર કર્યા પછી, કૂકડાનો પોકાર સાંભળતા ગુરુના શબ્દો યાદ આવ્યા. ઈસુની અમીદૃષ્ટિ અને પિતરની પસ્તાવિક નજર સામસામે ટકરાઈ. પિતરને એવા તો ભારોભાર પશ્ચાત્તાપ થયો, કે તે તત્કાળ બહાર નીકળી જઈને રડ્યો, ખૂબ રડ્યો, હૈયાફાટ રડ્યો,...

– થોડો સમય વીતી ગયો.

કાલ્વરીની ટેકરી પરના ક્રોસ પર ઈસુ મૃત્યુ પામ્યા. ત્રીજા દિવસની પ્રભાતે સજીવન થયા. તેમણે શિષ્યોને દર્શન આપ્યું. ત્યાં પિતર પણ હતો. ત્રણ વાર પોતાનો ઈનકાર કર્યા પછીનું પશ્ચાત્તાપભર્યું રુદન ઈસુની જાણ બહાર ન હતું. સ્વર્ગારોહણ પહેલાં, ઈસુ પિતરને વિશેષ મહત્ત્વની સેવાનું તેડું આપવા ઇચ્છતા હતા. પિતરના પોતાના ઉપરના પ્રેમની કસોટી કરવા તેને 'નામ દઈને' ત્રણ વાર એક જ પ્રશ્ન પૂછ્યો; અને ત્રણે વખત પિતરે તેનો હકારાત્મક ઉત્તર આપીને પોતાના પ્રેમની પ્રતીતિ કરાવી. ઈસુએ પિતરને ત્રણે વખત એક જ પ્રકારનો આદેશ આપ્યો :

'મારાં હલવાનોને પાળ; મારાં ઘેટાને સાચવ;

મારાં ઘેટાંને પાળ." (યોહાન ૨૧ : ૧૫-૧૭)

– પિતરને જ ઈસુએ કહ્યું હતું કે 'તું પિતર છે, અને આ પથ્થર ઉપર હું મારી મંડળી બાંધીશ.' – (માથ્થી ૧૬ : ૧૮)

– આમ ઈસુએ પોતાનાં ઘેટાંને પાળવાનો, સાચવવાનો, ચરાવવાનો તેમ જ તેમના રખેવાળ બની રહેવાનો સંદેશ આપ્યો. સંદેશ સ્વીકારનાર પિતરને ઈસુએ આજ્ઞા આપી કે, 'મારી પાછળ ચાલ...'

–અને આજે એ પથ્થર પર, એ ખડક પર, પોતાના લોહીથી ખરીદેલી વિશ્વભરની સાર્વત્રિક મંડળી ખ્રિસ્ત ઈસુ બાંધી રહ્યા છે....

– કાલ્વરીની એ ટેકરી પર વહેવડાવવામાં આવેલા નિર્દોષ હલવાનના રક્તના પોકારમાં પ્રેમ, શાંતિ અને મુક્તિનો સંદેશો સંભળાય છે...

❖ ❖ ❖

# બેથનિયાનું એ ધન્યકુટુંબ

બેથનિયા ગામ યરુશાલેમની પૂર્વ બાજુએ ઘણું નજીક, અને પવિત્ર જૈતુન પર્વતના પૂર્વ ઢોળાવ પર આવેલું છે. આ ગામનું નામ અંગ્રેજીમાં 'બેથાની' લખવામાં આવ્યું છે. જ્યાં, મરિયમ, માર્થા અને લાઝરસનું ઘર હતું. તે આજે 'c/-Azariyeh' કહેવાય છે, (અર્થાત્ લાઝરસનું સ્થાન). આ અવશેષોમાં લાઝરસની કબર પણ દર્શાવવામાં આવી છે. અને આ જ ગામમાં સિમોન - કુષ્ઠરોગીનું ઘર પણ હતું. ત્યાં પણ ઈસુ જતા હતા. પરંતુ ખરેખર તો ઈસુ જ્યારે યરુશાલેમ જતા, ત્યારે તેમના શિષ્યો સાથે માર્થા, મરિયમ અને લાઝરસને ઘેર રાત્રિરોકાણ કરતા હતા.

આશરે ૨૦૦૦ વર્ષ પહેલાનો સમય. તે અરસામાં બનેલા એક પ્રસંગનું સંત યોહાને હૃદયસ્પર્શી વર્ણન કર્યું છે. બે બહેનો - માર્થા અને મરિયમ અને ભાઈ લાઝરસ – આ કુટુંબ પર ઈસુને અનહદ પ્રેમ હતો. આ લાઝરસ બીમાર પડ્યો. બે બહેનોને ઈસુ યાદ આવ્યા. તેમને સંદેશો મોકલવામાં આવ્યો : 'પ્રભુ, તમારો પ્રિય મિત્ર માંદો છે.' આ ખબર મળતાં ઈસુએ કહ્યું, : 'મૃત્યુ નીપજે એવી આ માંદગી નથી. એ ઈશ્વર મહિમા માટે છે.', અને ઈસુ જ્યાં હતા ત્યાં બે દિવસ વધુ રોકાયા. ઈસુએ વર્તમાન સંજોગો અંગે શિષ્યો સાથે ચર્ચા કરી, અને કહ્યું કે, "આપણો મિત્ર લાઝરસ મૃત્યુ પામ્યો છે. એ સમયે હું ત્યાં નહોતો, એ તમારે માટે સારું થયું છે. એથી તમારો વિશ્વાસ વધુ દૃઢ બનશે.'

– ઈસુ શું કરવાના છે, તે તેઓ પોતે જાણતા હતા. બેથનિયા જવામાં ઈસુ માટે યહૂદીઓ તરફથી જોખમ હતું. છતાં તે અવગણીને ઈસુ શિષ્યો સાથે બેથનિયા પહોંચ્યા.

- માર્થાએ તથા મરિયમે ઈસુને મળીને તેમની સમક્ષ આ હૃદયસ્પર્શી શબ્દો ઉચ્ચાર્યા : 'પ્રભુ, જો આપ અહીં હોત, તો મારો ભાઈ મરણ પામ્યો નહોત.'

આમ ઈસુ અને બહેનો વચ્ચે મૃત્યુ, જીવન અને પુનરુત્થાન વિશે વાર્તાલાપ થાય છે, ત્યારે ઈસુ કહે છે કે 'જીવન તથા પુનરુત્થાન હું જ છું.'

હવે ઈસુ કબરે જાય છે. ત્યાં માર્થા, મરિયમ ઉપરાંત તેમના દુઃખમાં સહભાગી થવા સારુ અન્ય મિત્રો પણ આવ્યા હતા. બધાં રુદન કરતાં હતાં. તેઓની 'નિરાશા' જોઈને ઈસુનું હૈયું ભરાઈ આવ્યું અને તેમની આંખોમાં પણ આંસુ ઊભરાઈ આવ્યાં.

- લાઝરસને દફનાવ્યાને ચાર દિવસ થઈ ગયા હતા તે જાણ્યા છતાં ઈસુએ આદેશ આપ્યો કે 'પથ્થર ખસેડી લો.' ઈસુએ આકાશ તરફ આંખો ઊંચી કરીને પિતાને વિનંતી કરી. અને મોટે સાદે પોકાર કરીને મૃત લાઝરસને બહાર આવવા આહ્વાન આવ્યું - અને હાથે, પગે તથા મુખે પાટા વીંટાળેલો, તે સજીવન થઈને બહાર આવ્યો. ઈસુએ આજ્ઞા કરી કે, 'તેનાં બંધનો છોડી નાંખો, અને તેને જવા દો...'

આમ, બંને બહેનોએ શ્રદ્ધાનો અપૂર્વ મહિમા નિહાળ્યો. ભંગિત અને વિભાજિત થઈ ગયેલા કુટુંબને ઈસુએ 'એક' કરીને તેને પુનઃસ્થાપિત કર્યું.

— પણ હવે ઈસુના અંતનો પ્રારંભ થયો હતો.

ઈસુએ કરેલાં અનેક શુભ કાર્યો, ઉપરાંત તેમના જીવનનો આ સૌથી મહાન ચમત્કાર તથા યરૂશાલેમમાં વિજયપ્રવેશ સમયે તેમને સત્કારવા ઊમટેલો માનવ મહેરામણ - આ સર્વ નિહાળીને સત્તાભૂખ્યા રોમન અધિકારીઓમાં પોતાની સત્તા 'ચાલી જવાની દહેશત જાગી, અને ઈસુ તેમનો રોષ ઓર ભભૂકી ઊઠ્યો... અંતે તેઓની વરિષ્ઠ સભા બોલાવવામાં આવી, તેમાં ઈસુનો અંત લાવી દેવાનો આખરી નિર્ણય લેવામાં આવ્યો. માત્ર ઈસુનો જ નહિ, તેમણે સજીવન કરેલા લાઝરસનો પણ, કારણ કે સજીવન થયા પછી તે યહૂદીઓના ઈસુ પરના વૃદ્ધિ પામતા વિશ્વાસનું નિમિત્ત બન્યો હતો. (યોહાન ૧૨ : ૧૦)

વરિષ્ઠ સભામાં, તે વર્ષનો મુખ્ય યજ્ઞકાર કાયાફાસ પણ હતો. તે ઈસુનો દુશ્મન હતો. છતાં ઈસુની વિરુદ્ધ ચુકાદો આપવાની પોતાની સત્તા અંગે સહેજ પણ ગેરસમજ ન થાય, તે રીતે તેણે સભા સમક્ષ જણાવ્યું કે, 'આખી માનવજાત માટે એક માનવી મરણ પામે, તે આપણા હિતમાં છે. પૃથ્વી પરના સમગ્ર કુટુંબો પાપની ગુલામીમાંથી મુક્ત થાય અને 'વિખેરાઈ ગયેલાં કુટુંબો એક વિશ્વકુટુંબ તરીકે જીવે, તે માટે એક જ વ્યક્તિએ, એટલે કે ઈસુએ મરણ પામવું આવશ્યક છે.' પોતે શું બોલે છે એનો જરા પણ ખ્યાલ ન હોય એ રીતે કાયાફાસે ઈસુ વિશેની જાણે ભવિષ્યવાણી ઉચ્ચારી!

- બની ગયેલી ઘટનાઓને પગલે, વિરોધી સત્તાધીશોએ ઈસુની ધરપકડ કરી, મુકદ્દમો ચલાવ્યો અને તેમને દોષિત ઠરાવીને ક્રોસ પર જડી દીધા. આમ, ઈસુએ 'જગતભરના વિખેરાઈ ગયેલા' માનવોની મુક્તિ માટે બલિદાન આપ્યું. (યોહાન ૧૧ : ૫૧-૫૨)

- મૃત લાઝરસને ચાર દિવસ પછી ઈસુએ સજીવન કર્યો. ઈસુ પોતે ત્રીજા દિવસે સજીવન થઈને કબરમાંથી ઊઠ્યા. પુનરુત્થાન સુધીની આ ઘટનાઓ દરમિયાન, માર્થા, મરિયમ અને લાઝરસના કુટુંબ દ્વારા પરોક્ષ અને અદૃશ્ય રીતે જે આધ્યાત્મિક ભૂમિકા ભજવાઈ ગઈ, તેના મહિમાનો અહેસાસ થતાં, બેથનિયાના આ નાનકડા કુટુંબે ધન્યતા નહિ અનુભવી હોય એવું કોણ કહી શકે !

❖ ❖ ❖

# વિશ્વાસના અગ્રેસર

આ ઝડપનો યુગ છે. અનેક પ્રકારના વ્યવસાયમાં ગુંથાયેલો માનવી આજે ત્વરિત, કાર્યવાહી ઈચ્છે છેઃ પરિણામે અનેકવિધ યાંત્રિક અને વૈજ્ઞાનિક સાધનો ઉપરાંત વિવિધ પ્રકારનાં ત્વરિત વાહનોનું પણ આયોજન થઈ રહ્યું છે. આ ઉપરાંત નિર્ધારિત સ્થળે પહોંચી જવા માટે અનુકૂળ માર્ગ-વ્યવહારનું પણ માનવીએ નિર્માણ કર્યું છે. આમ વિવિધ વાહનો દ્વારા માનવી જમીન, જળ અને હવાઈમાર્ગે પ્રવાસ કરી રહ્યો છે... તેમાંયે વળી જમીન પર નડતા નદીઓ, જળાશયો, પર્વતો, જંગલો જેવા અવરોધો પાર કરીને વિવિધ પ્રકારના માર્ગોનું આશ્ચર્ય પમાડે તેવું નેટવર્ક ઊભું કર્યું છે.

બાઈબલના સમયમાં ધરતી ઉપર માર્ગવ્યવહારનું પ્રમાણ નહિવત્ હતું. માનવીઓ પગપાળા અથવા પોતાનાં પાળેલાં પ્રાણીઓ પર સવારી કરીને પ્રવાસ કરતા હતા. ઉપરાંત, નદીઓ તથા સમુદ્રોમાં હોડી તથા વહાણ મારફતે પ્રવાસ ખેડતા હતા. પ્રભુ ઈસુ તથા તેમના શિષ્યો પણ પગપાળા અથવા હોડીમાં એક સ્થળેથી બીજા સ્થળે સફર કરતા હતા. જ્યારે સંતપાઉલે તેમના સાથીદારો સાથે દરિયામાં વહાણ દ્વારા કરેલા કઠિન પ્રવાસોનું વિસ્તૃત વર્ણન પવિત્ર બાઈબલમાં છે.

આજે, અત્યંત આધુનિક વાહનો અને માર્ગોને કારણે પ્રવાસ અસામાન્ય રીતે ઝડપી બન્યો છે. પણ સાથે સાથે તેમાં અકસ્માતો અને દુર્ઘટનાઓની સંભાવનાઓ પણ રહેલી છે. જમીન, જળ તથા હવાઈમાર્ગે બનતી દુર્ઘટનાઓના દુઃખદ સમાચાર જાણવા મળે છે. આવા વિવિધ પ્રકારના પ્રવાસો સલામત અને સુખરૂપ પરિપૂર્ણ થાય, તે માટે

ઈશ્વરમાં દૃઢ વિશ્વાસ ધરાવતા પ્રવાસીઓ, પ્રવાસને આરંભે પ્રભુ-પ્રાર્થના સાથે વિદાય થાય છે....

- એક સમયે ઈસુ શિષ્યો સાથે પ્રવાસ કરતા સરોવરને સામે કિનારે પ્રવાસ કરતા હતા, ત્યારે ભયંકર પવન સાથે તોફાન ત્રાટકી પડયું. ઈસુ તો નિદ્રાધીન થયા હતા. ગભરાયેલા શિષ્યોએ વિશ્વાસ ગુમાવી દીધો અને ઈસુને જગાડ્યા. ઈસુએ પોતાના પરાક્રમી શબ્દો દ્વારા પવન તથા સમુદ્રનાં મોજાંને આજ્ઞા કરીને તોફાન શાંત પાડી દીધું, અને શિષ્યોને સીધો જ પ્રશ્ન કર્યો કે "તમારો વિશ્વાસ ક્યાં છે?" (લૂક ૮ : ૨૫)

- બીજા એક પ્રસંગે, ઈસુએ શિષ્યોને હોડી મારફતે સરોવરના સામા કિનારે જવાની આજ્ઞા આપી, અને તેઓ પોતે એકાંત સ્થળે પ્રાર્થના કરવા ચાલ્યા ગયા. તે રાત્રે સમુદ્રમાં તોફાની પવન સામો વાતો હતો અને હોડી ડામાડોળ થતી હતી. તે જ અરસામાં ઈસુ, પાણી પર ચાલતા સામેથી હોડી તરફ આવી રહ્યા હતા. તેમને 'ભૂત' સમજીને શિષ્યો ભયથી બૂમો પાડી ઊઠ્યા. પણ ઈસુએ પોતાના વિષે શિષ્યોને ખાતરી આપીને તેઓને હિંમત આપી. ત્યારે પિતરે પણ પાણી પર ચાલીને ઈસુ પાસે જવાની અનુમતિ માગી. ઈસુએ કહ્યું કે 'આવ' પિતરે પાણી પર ડગલાં માંડ્યાં કે તરત જ સુસવાટા લેતો પવન અને ઉછળતાં મોજા જોઈને ભય પામ્યો. અને વિશ્વાસ ગુમાવ્યો અને તે ડૂબવા લાગ્યો. તેની બૂમ સાંભળીને ઈસુએ હાથ લાંબો કરીને તેને બચાવી લીધો. અને પ્રશ્ન કર્યો કે, "તારા મનમાં શંકા કેમ આવી?" (માથ્થી ૧૪ : ૨૫-૩૨)

- વહાણમાં રોમ તરફ પ્રવાસ કરતા પ્રેરિત પાઉલનો દરિયાઈ માર્ગ ખતરનાક તોફાનો અને જોખમોથી ભરપૂર હતો. આમ છતાં, વિશ્વાસ ગુમાવી દેનાર વહાણમાંના અન્ય સાથીદારોમાં વિશ્વાસનો સંચાર કરતાં સંત પાઉલે કહ્યું કે, "ઈશ્વરના દૂતે મને સ્વપ્નમાં દર્શન દઈને સલામતીની ખાત્રી આપી છે, અને 'મને ઈશ્વર પર વિશ્વાસ છે." અને લાંબા સમય પછી સંત પાઉલ તેમના સાથીઓ સાથે રોમ પહોંચી ગયા. (પ્રે.કૃ. ૨૮ : ૧૪).

- સંત પાઉલ કરિંથીઓને લખેલા બીજા પત્રમાં, પોતાની યાત્રાઓના મુશ્કેલ સંજોગો વર્ણવતા આ પ્રમાણે જણાવે છે :

"હું વારંવાર મૃત્યુના પંજામાં સપડાયો છું.... ત્રણ વાર મારું વહાણ ભાંગી ગયું. રાત-દિવસ હું સમુદ્રમાં પડી રહ્યો, ઘણી યાત્રાઓ કરી; અનેક પ્રકારનાં જોખમો વેઠ્યાં; શ્રમ તથા કષ્ટ, ઉજાગરા, ભૂખ તથા તરસ સહન કર્યા..." (૨ કરિં. ૧૧;૨૩-૨૭)

- જીવનના કઠિન સંજોગોમાં, હિબ્રૂઓને લખેલા પત્રના "અનામી" લેખક,

સાચો જ આદેશ આપે છે કે આવા સમયે, આપણે 'આપણા વિશ્વાસના અગ્રેસર તથા તેને સંપૂર્ણ કરનાર' ઈસુ તરફ જ લક્ષ રાખીએ. (હિબ્રૂ ૧૨ : ૨)

'પ્રત્યેક માનવીના જીવનસાગરની યાત્રા વિવિધ તોફાનો, ઝંઝાવાતો તથા જોખમોથી ભરપૂર છે. એવા જીવનપ્રવાસ દરમિયાન આવશ્યક એવા 'વિશ્વાસના અગ્રેસર તથા તેને સંપૂર્ણ કરનાર ખ્રિસ્ત ઈસુ જ છે.'

❖ ❖ ❖

# 'એક યુવાન અહીં છે...'

કવિઓએ, લેખકોએ પોતાનાં કાવ્યો તથા લેખન દ્વારા શૈશવકાળ, યુવાની તથા વાર્ધક્યનો મહિમા ગાયો છે. વિશ્વ ઈતિહાસના સર્જનમાં વિશેષે કરીને યુવાનોનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે. ગ્રામ્યવિસ્તારથી માંડીને, સમગ્ર રાષ્ટ્રના ભાવિના ઘડતરમાં યુવાનેતાઓનો મૂલ્યવાન ફાળો રહેલો છે. કૌટુંબિક, સામાજિક, શૈક્ષણિક, વૈદકીય કે વૈજ્ઞાનિક ક્ષેત્રે પણ યુવાનો અગ્રસ્થાને રહ્યા છે.

પવિત્ર બાઈબલમાં યુવાનો અને યુવાની અંગે અનેક જગ્યાએ ઉલ્લેખ થયેલો છે. આ વચનો, નિઃશંકપણે માનવીના ધાર્મિક જીવનમાં ઉપસ્થિત થતા ધાર્મિક પ્રશ્નોને સ્પર્શે છે. યુવાનો ઈશ્વરનું સન્માન જાળવે અને ઈશ્વર સાથેના સીધા સંબંધમાં આવે, તેવું શિક્ષણ બાઈબલ દ્વારા આપવામાં આવ્યું છે.

– જૂના કરારમાં, સભાશિક્ષકના પુસ્તકમાં યુવાનને ઉપદેશ આપવામાં આવ્યો છે કે, "તારી યુવાનીના દિવસોમાં તારા સર્જનહારનું સ્મરણ કર" (સભાશિક્ષક ૧૨ : ૧) આ વચન બાદ તરત જ આશ્ચર્યજનક રીતે એમ કહેવામાં આવ્યું છે કે, 'માઠા દિવસો આવ્યા પહેલાં.' માઠા દિવસો એટલે કેવા દિવસો ? કદાચ તે વૃદ્ધાવસ્થા વિષે કહેવા માગે છે, એવું સમજી શકાય. કારણ કે ત્યારપછી તરત જ એવું કહેવામાં આવ્યું છે કે, 'સુખ વિનાના દિવસો નજીક આવે તે પહેલાં તેનું સ્મરણ કર.'

– મૃત્યુમાંથી સજીવન થયા પછી પ્રભુ ઈસુએ શિષ્યોને ત્રીજી વાર દર્શન આપ્યું. ત્યારે તેમના પ્રિય શિષ્ય સિમોન પિતરને એક જ પ્રકારનો પ્રશ્ન ત્રણ વાર પૂછે છે... (યોહાન ૨૧ : ૧૫) અને પિતર પણ ઈસુને ત્રણે વાર એક જ પ્રકારનો ઉત્તર આપે છે. ત્યાર પછી પ્રભુ ઈસુ સ્પષ્ટપણે અને અર્થપૂર્ણ રીતે આ વચન ઉચ્ચારે છે કે, "યુવાનીમાં તું તારી ઈચ્છા અનુસાર વર્તી શકતો હતો, પણ જ્યારે તું વૃદ્ધ થશે ત્યારે તારી પોતાની નહિ પણ અન્યની ઈચ્છા મુજબ ફરજિયાતપણે વર્તવું પડશે...."

– યુવાની અને વૃદ્ધાવસ્થાના સંદર્ભમાં ઉચ્ચારેલા સભાશિક્ષકના અને ખ્રિસ્ત ઈસુનાં વચનોના ગુઢાર્થમાં ઊંડે ઊંડે એક પ્રકારનું સામ્ય જણાય છે, અને તેમાં યુવાનો માટેનો જીવંત સંદેશો સમાયેલો છે.

યુવાનો માટે અને યુવાનોના સ્વજનો માટે પ્રભુ ઈસુના હૃદયમાં ભરપૂર લાગણી હતી...

— એક શ્રીમંત યુવાને ઈસુ પાસે આવીને પ્રશ્ન કર્યો કે શાશ્વત જીવન મેળવવા માટે મારે શું કરવું જોઈએ ? ઈસુએ તેને વિવિધ આજ્ઞાઓ જણાવીને તેનું પાલન કરવા આદેશ આપ્યો. યુવાને જણાવ્યું કે 'એ બધું તો હું મારી યુવાનીથી પાળતો આવ્યો છું.' ઈસુએ તેને પ્રેમપૂર્વક કહ્યું : 'હજી એક બાબત પૂર્ણ કરવાની બાકી છે.' તારી સમગ્ર મિલકત વેચી દઈને તારાં નાણાં ગરીબ લોકોને આપી દે. અને તને સ્વર્ગમાં સમૃદ્ધિ મળશે' આ સાંભળીને તે યુવાન હતાશ થઈને ચાલ્યો ગયો, કારણ કે તે ઘણો શ્રીમંત હતો.

— નાઈન નગરની વિધવા સ્ત્રીનો એકનો એક યુવાન પુત્ર મરણ પામ્યો. તે સ્ત્રીને જોઈને ઈસુનું હૃદય કરુણાથી ભરાઈ આવ્યું. મૃત યુવાનને સ્પર્શ કરીને ઈસુએ તેને સંબોધતાં કહ્યું, "હે યુવાન, હું તને કહું છું કે ઊઠ." અને સજીવન થયેલા એ યુવાન પુત્રને ઈસુએ તેની માતાને સુપ્રત કર્યો. —

'ઈસુ આજે પણ આધ્યાત્મિક દૃષ્ટિએ મૃતઃપ્રાય બની ગયેલા યુવાનોને પોકાર પાડીને તેઓને જાગૃત કરે છે.'

— અને ઈસુના જીવનનો એક મહત્ત્વનો, યાદગાર પ્રસંગ :

— ઈસુ ગાલીલ સમુદ્રના સામેના કિનારે હતા. લોકસમુદાય હજી પણ તેમની સાથે હતો. આખો દિવસ તેમની સાથે રહેલો વિશાળ લોકસમુદાય હજી પણ તેમની સાથે હતો. લોકો ભૂખ્યા હતા. સ્થાન નિર્જન હતું. સાંજ પડવા આવી હતી. ઘણું મોડું થવાથી શિષ્યોએ ઈસુને કહ્યું કે, 'આ લોકોને હવે વિદાય કરો કે તેઓ પોતાના ખોરાકની વ્યવસ્થા કરી શકે.'

ઈસુના હૃદયમાં આ 'ભરવાડ વિનાના ઘેટાં જેવા માનવો માટે' દયા ઊભરાતી હતી. તેમણે શિષ્યોને કહ્યું : 'તમે જ તેઓને ખાવાનું આપો.'

ઈસુએ પૂછયું : આપણી પાસે શું છે ?

— આમ વાતચીત ચાલતી હતી. તે સમયે શિષ્ય આંદ્રિયાએ આવીને જણાવ્યું : "એક યુવાન અહીં છે." તેની પાસે પાંચ રોટલી અને બે માછલી છે,

ઈસુએ કહ્યું : 'તે મારી પાસે લાવો.'

અને ઈસુએ તે હાથમાં લઈને તે ઉપર આકાશ તરફ જોઈને આશીર્વાદ માગ્યો. અને લોકોને વહેંચવા માટે શિષ્યોને આપી; અને સમગ્ર ક્ષુધિત સમુદાય ખાઈને તૃપ્ત થયો.

'એક યુવાન અહીં છે.' **(યોહાન ૬ : ૯)**

— પાંચ હજાર ક્ષુધિતોમાંથી માત્ર પાંચ રોટલી અને બે માછલી ઉપસ્થિત થયેલા 'એક યુવાને' પોતાની પાસે જે કાંઈ હતું તે બધું જ ઈસુને ચરણે અર્પી દીધું...

ઈસુ કહે છે કે, 'જીવનની રોટલી હું છું.'

— આજે યુવાનો પાસે વિવિધ તાલંતો — શક્તિ, બળ, બુદ્ધિક્ષમતા, કાર્યદક્ષતા, દીર્ઘદૃષ્ટિ, જ્ઞાન, સાધનો, સમર્પણની, ભાવના — ઘણું બધું છે. આજે આધ્યાત્મિક દૃષ્ટિએ ક્ષુધિત એવા હજારો નહિ, બલ્કે અસંખ્ય માનવોની ક્ષુધા પવિત્ર વચનો — જીવનની રોટલી — દ્વારા સંતોષવા ખ્રિસ્ત ઈસુ યુવાનોને આહ્વાન આપે છે. ખ્રિસ્તના આદેશને સમર્પિત એવા એક નહિ, પણ અનેક યુવાનો પ્રત્યેક સ્થળે ઉપસ્થિત થાય, એવી ખ્રિસ્ત ઈસુના હૃદયની અપેક્ષા છે.

'સ્વતંત્ર ને તરુણ, બળવાન છું, સંત, ન્યાય ને તુજ અર્થે પ્રભુ, બને તેટલું કરવાને હું, હે સ્વામી, તુજ પાસ આવું છું...' (ભ.સં.ગીત. નં ૪૯૧)

❖ ❖ ❖

# સમયનાં સોપાન

'સભાશિક્ષક કહે છે કે, જે થઈ ગયું છે તેનાં જ થવાનું છે, અને જે કરવામાં આવ્યું છે તે જ કરવામાં આવશે, અને પૃથ્વી ઉપર કંઈ જ નવું નથી." (૧:૯)

— થીઓલોજીના એક ખ્યાતનામ વિદ્વાન સભાશિક્ષક વિષે આ પ્રમાણે સમીક્ષા કરે છે : 'આ પુસ્તકના લેખક એક શિક્ષક અથવા ઉપદેશક હતા. આ પુસ્તકનો મુખ્ય સૂર 'વ્યર્થતાની વ્યર્થતા' છે, પૃથ્વી પર વસતા એક માનવીની, 'જીવન નિરર્થક' હોવા વિષેની દલીલો રજૂ કરવામાં આવી છે. પુસ્તકના લેખકની સામાન્ય માનસિક સ્થિતિ, 'ઉદાસીન' જણાય છે. ઘણી જગ્યાએ 'દુ:ખ અને પરિશ્રમ' નો જ ઉલ્લેખ કરેલો છે. આ વચનો સામાન્ય રીતે માત્ર ભૌતિક વિચારસરણી દર્શાવે છે.'

સભાશિક્ષકના ઉપરોક્ત વચનમાં ત્રણ કાળ એટલે ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યનો ગર્ભિત નિર્દેશ છે. તેના આ શબ્દોનો સાર એટલો છે કે પૃથ્વીની સપાટી ઉપર કંઈ જ નવું થવાનું નથી. પણ પુસ્તકના છેલ્લા ભાગમાં 'ઈશ્વરનો ભય અને આજ્ઞાપાલન'નો ઉલ્લેખ થયો છે. એ કારણે, તેટલે અંશે આ પુસ્તકનું સ્થાન અસામાન્ય સ્તરે પહોંચી જાય છે.

— આજનો માનવી ભૌતિક દૃષ્ટિએ આ વિચારસરણીમાં માનતો નથી. તેને તો પરિવર્તન અને નવીનીકરણની અપેક્ષા છે. મનુષ્યજીવનના સામાન્ય વ્યવહારમાં સ્થાન પામતી વસ્તુઓ — એટલે કે વિવિધ સાધનો, પોશાક, સાહિત્ય, રહેણીકરણી, રીત-રિવાજો, નીતિ-નિયમો, કાયદા-કાનૂન, આ બધું સામાન્ય માનવીની દૃષ્ટિમાં કાળક્રમે જૂનું થાય છે. અને તે તેમાં પરિવર્તન ઈચ્છે છે, અને તે સાથે જીવન-શૈલીમાં પણ આપમેળે ફેરફાર થાય છે, જે તેને સ્વીકાર્ય હોય છે. ઘણી વાર જૂની પેઢીના અને નવી પેઢીના વિચારો વચ્ચે પણ સંઘર્ષ થતો જોવા મળે છે.

— એક સુંદર અંગ્રેજી કવિતાની એક પંક્તિ આ પ્રમાણે છે :

"Trust no Future, however Peasant, Let the dead Past bury its dead,
Act, act, in the living Present ! Heart within and God overhead !"

આમ, કવિએ વર્તમાનકાળને અધિકતમ મહત્ત્વ આપ્યું છે.

પ્રભુ ઈસુએ ગિરિપ્રવચનમાં, કાળનો ઉલ્લેખ કરીને માનવને 'આવતીકાલ' અને 'આજ'નો ઉલ્લેખ કરીને અદ્‌ભુત શિક્ષણ આપ્યું છે. આવતી કાલની ચિંતા નહિ ! માત્ર આજની ! આ વચનોના હાર્દમાં ઈસુએ સામાન્ય જરૂરિયાતો – અન્ન, પાણી અને વસ્ત્ર – નો ઉલ્લેખ કરીને તેને, મહત્ત્વની છતાં પ્રાથમિક કક્ષાની ગણાવી છે. – એથી આગળ વધીને ઈસુએ ન્યાય, સત્ય અને ઈશ્વરના રાજ્યની ખોજને સર્વોચ્ચ સ્થાન આપીને માનવીને ભવિષ્યના આશીર્વાદોની મહાન આશા આપી છે.....

ભૂત, વર્તમાન અને ભાવિ – એ સમયના ક્રમવાર આવતા સોપાન છે, પગથિયાં છે. દિવસના ત્રણ તબક્કા છે – પ્રભાત, મધ્યાહ્ન અને સંધ્યા... એ પ્રમાણે દિવસ સંપૂર્ણ થાય છે. એ પ્રક્રિયાને પગલે દિવસો, મહિનાઓ અને વર્ષો અતીતમાં વિલીન થાય છે. કાળના વહેણમાં બધું જ વહી જાય છે. ભૂતકાળનું વર્તમાનમાં રૂપાંતર થતું હોય એવું અનુભવાય છે. વર્તમાનમાં જીવતો માનવી ભાવિ પર દૃષ્ટિ કરે છે. પણ ભાવિને પેલે પાર શું છે તે તેને સમજાતું નથી.

– ભાવિ અનંત છે, અને એ અનુભવ પછી વીતેલા સમયનો ચિતાર તેના સ્મરણપટ પર તાજો થાય છે, અને ભવિષ્યની આશા પર મીંટ માંડતા, ઈશ્વરની ગતકાળની સહાય યાદ આવી જાય છે....

-- 'ઈસુના ૨૦૦૫ના વર્ષની સમાપ્તિ અને ૨૦૦૬ના વર્ષનો આરંભ ! આ અવસરે, કાળના સંદર્ભમાં, પ્રેરિત પાઉલનાં વચનોમાં સમાયેલો ભાવિની આશાનો સંદેશો આજે પણ માનવજાત માટે એટલો જ સુસંગત છે :'

'જે પાછળ છે તેને વીસરીને, અને જે આગળ છે તેની તરફ ધસીને, દેવના સ્વર્ગીય આમંત્રણના ઇનામને સારુ નિશાન તરફ આગળ ધસું છું...' **ફિલિપી ૩ : ૧૩-૧૪**

– ગત વર્ષની વીતી ગયેલી રાત્રી પછી, નૂતનવર્ષના દિવસનો સૂર્યોદય થાય છે, અને એ પ્રભાતે, રાત્રીના સ્વપ્ન ભૂલી જવાય, તેમ મનુષ્યના સ્મરણપટ પરથી બધું જ લુપ્ત થઈ જાય છે, અને ઈશ્વરપિતાની ભવિષ્યની સહાયની મહાન આશાની જ્યોત મનુષ્યના હૃદયમાં પ્રજ્વલ્લિત થઈને ઝગમગે છે...

❖ ❖ ❖

# સર્વશ્રેષ્ઠ નામ

વ્યક્તિ, સંસ્થા, જાહેરસ્થળ, ઈમારતોનો સમૂહ અથવા દેશ, શહેર, ગામ કે પછી કોઈ પુસ્તક અથવા કોઈ પ્રાકૃતિક સ્થળ, આ સર્વ માટે નિશ્ચિત કરેલું કોઈ યોગ્ય નામ હોય છે. ભાષામાં નામનું મહત્ત્વ વિશેષ હોય છે. નામ વિના જગતનો વ્યવહાર લગભગ અશક્ય છે.

પ્રત્યેક વ્યક્તિનું સામાન્ય નામ તો હોય છે. પરંતુ એથી અધિક, વિવિધક્ષેત્રે તેના વિશેષ યોગદાન, અથવા કોઈ નોંધપાત્ર સિદ્ધિને કારણે, જગિકક્ષેત્રે તેને ખાસ ઉપનામ પ્રદાન કરેલું હોય છે. જેમ કે મહાત્મા, રાષ્ટ્રપિતા, કવિવર, હિંદ કેસરી, ભારતરત્ન, દીનબંધુ, કરુણામૂર્તિ...... અને એવા બીજા અનેક નામાભિમાનો દ્વારા તેમને સન્માનવામાં આવ્યા છે.

—ઈસુના જન્મ અંગે પવિત્ર બાઇબલમાં મીખાહ પ્રબોધકે એવું ભવિષ્યકથન કર્યું છે કે "બેથલેહેમમાંથી એક એવો પુરુષ ઉત્પન્ન થશે જે ઈઝરાએલનો 'અધિકારી' થશે. આજ ભવિષ્યવાણીનો ઉલ્લેખ કરતાં માથ્થીની સુવાર્તામાં લખ્યું છે કે, 'બેથલેહેમમાંથી એક 'અધિપતિ' નીકળશે. જે મારા ઈઝરાએલી લોકોનો 'પાળક' થશે. આ વચનોમાં ઈસુના નામનો સ્પષ્ટ નિર્દેશ નથી. પરંતુ તેને માટે અધિકારી, અધિપતિ કે પાળક, એવાં ઉપનામો વપરાયાં છે. યશાયા પ્રબોધકની, ઈસુના જન્મ અંગેની ભવિષ્યવાણીમાં, જન્મ લેનાર પુત્રનું નામ, 'ઈમાનુએલ' પાડશે એવું લખવામાં આવ્યું છે. જો કે ઈસુના જન્મની વધામણીના સંદર્ભમાં તેનો ભાવાર્થ (ઈશ્વર આપણી સાથે) ઈશ્વર દ્વારા નિશ્ચિત થયેલો છે. – (યશાયા ૭ : ૧૪, માથ્થી ૧ : ૨૩)

—યશાયાનાં પુસ્તકમાં આગળ ઉપર (૯ : ૬) માં ઈસુના જન્મની આગાહીને સ્પર્શતાં જે વચનો આપવામાં આવ્યાં છે, તેમાં જન્મ લેનાર 'પુત્ર' ઉપરાંત તેને કેવાં નામ આપવામાં આવશે, તે વિષે સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો છે. વિવિધ નામો દ્વારા, તેમાં આવનાર તારણહારનું ભવિષ્યનું દર્શન કરાવવામાં આવ્યું છે.

– તેના શિરે રાજ્યાધિકાર રહેશે – રાજાઓનો રાજા.

– દરિદ્રીઓ સમક્ષ શુભસંદેશ ફેલાવવા.

તેનો અભિષેક કરવામાં આવ્યો, બંદીવાનોને મુક્ત કરનાર ચક્ષુહીનોને દષ્ટિ

આપનાર ઘાયલોને છોડાવનાર,

પ્રભુનું માન્ય વર્ષ પ્રગટ કરનાર....અદ્‌ભુત મંત્રી....

રોગ અપદૂતો, પ્રાકૃતિક બળો,

જીવન તથા મૃત્યુ પર **અધિકાર ધરાવનાર.....**

પરાક્રમી દેવ....

સમગ્ર માનવજાતના **પિતા, પોષક,**

રક્ષક અને પાળક, એવા.... **સનાતન પિતા.**

ભારથી લદાયેલા તથા વૈતરું કરનારાઓને,

તથા સંકટગ્રસ્ત અને

અશાંત જગતમાં શાંતિ સ્થાપનાર.... **શાંતિનો સરદાર**

—એ નામ તેને આપવામાં આવશે. (યશાયા ૯ : ૬) (લૂક ૪ : ૧૮-૧૯)

—આ નામો શ્રેષ્ઠ જ છે.

—"આ સર્વ અનુસાર, સ્થાપિત થનારા રાજ્યનું મુખ્ય અને અંતિમ કેન્દ્ર તો ઈસુ જ છે."

—"તેઓએ તેનું નામ ઈસુ પાડ્યું, જે નામ તેના જન્મ પહેલાં દૂતે આપ્યું હતું." (લૂક ૨ : ૨૧)

'પ્રેરિત પાઉલે ફિલિપીઓને પાઠવેલા પત્રમાંનાં વચનો.....'

'તે મનુષ્યના રૂપમાં આવ્યો;

તે મનુષ્યોના આકારમાં પ્રગટ થયો;

નમ્રતાને કારણે ઈશ્વરે તેને ઉચ્ચસ્થાન આપ્યું,

અને આકાશમાં, ભૂમિ પર તથા ભૂમિ

નીચેની સર્વ પ્રજાઓ ઈસુને નામે

સર્વ નામોમાં ઘૂંટણે પડીને નમે એવું.

'સર્વશ્રેષ્ઠ નામ' તેને આપ્યું......

'ઈસુખ્રિસ્ત પ્રભુ' છે.

માનવમાં માનવ થયેલ, ઈસુ તે જ ઈમાનુએલ.

❖ ❖ ❖

# પ્રલોભનની સામે સંયમ – સંયમની સાથે ધીરજ

માનવીના સ્વભાવનાં વિવિધ લક્ષણો, તેના આધ્યાત્મિક જીવનને કાં તો સમૃદ્ધ બનાવે છે. કાં તો કંઈક અંશે નિષ્ફળ બનાવે છે. ઈશ્વરના રાજ્યનો વારસો (ગલાતી ૫ : ૧). મનુષ્ય ગુમાવી દે છે. તેમાં કારણભૂત બનનાર 'દેહનાં કામ' વિષે ઉપરોક્ત પત્રમાં સંત પાઉલે સ્પષ્ટ નિર્દેશ કર્યો છે. આ દેહનાં કામોની લાંબી યાદી આપવામાં આવી છે; અને તે જ જગ્યાએ મનુષ્યજીવનને આધ્યાત્મિક દૃષ્ટિએ સમૃદ્ધ બનાવે તેવાં પવિત્ર આત્માનાં ફળોનો પણ સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. 'તેની વિરુદ્ધ કોઈ નિયમ નથી.' (કલમ ૨૩)

શુદ્ધ અને સાત્ત્વિક જીવન જીવી ગયેલા કેટલાક મહામાનવોના બનેલા નોંધપાત્ર પ્રસંગો, તેમની ઉચ્ચ પ્રકારની જીવનશૈલી તેમ જ તેમના સ્વભાવમાં રહેલી અસામાન્ય શક્તિનો પરિચય કરાવે છે, સામાન્ય માનવીના જીવનમાં કેટલીક વાર એવા સંજોગો ઊભા થાય છે, જે સમયે તે સંયમ ગુમાવી દે છે, જેમ કે પ્રલોભન, ક્રોધ, આવેશ, લાલચ, વેરભાવ, બદલો વગેરે...

ખ્યાતનામ વિજ્ઞાની સર આઇઝેક ન્યૂટનના જીવનમાં બનેલો એક પ્રેરકપ્રસંગ: 'વર્ષો અને મહિનાઓ સુધી રાત-દિવસની અવિરત જહેમતના પરિણામરૂપ એક વૈજ્ઞાનિક શોધ અંગેના મહત્ત્વના અને મૂલ્યવાન કાગળો ઉપર તેમના પાળેલા કૂતરા ડાયમન્ડથી અકસ્માતે સળગતી મીણબત્તી પડવાથી મિનિટોમાં જ એ કાગળો બળીને ભસ્મ થઈ ગયા. મનમાં સ્વાભાવિક ક્રોધ છતાં, અપ્રતિમ સંયમ અને ધીરજ દાખવતાં આ મહાન વિજ્ઞાનીએ તેમના પાળેલા કૂતરાને ફટકારવાને બદલે પ્રેમથી પંપાળતા આટલા જ શબ્દો ઉચ્ચાર્યા: 'ઓ ડાયમન્ડ, ડાયમન્ડ ! તેં મારું કેટલું ભારે નુકસાન કર્યું છે, તેનો તને ખ્યાલ હોય ? !' કેવો આશ્ચર્યજનક સંયમ અને ધીરજ !

પવિત્ર બાઈબલનાં વચન પ્રમાણે, પવિત્ર આત્માનાં ફળોમાંનું છેલ્લું ફળ તે સંયમ છે. (અંગ્રેજીમાં self-control- આત્મસંયમ)

– અયૂબના સમયમાં તેના જેવો નિર્દોષ, પ્રમાણિક, ઈશ્વરભક્ત તથા દુષ્ટતાથી દૂર રહેનાર અન્ય કોઈ પુરુષ પૃથ્વી પર નહોતો. તે છતાં તેની આકરી કસોટી કરવા માટે ઈશ્વરે તેને, તેના સર્વસ્વ સાથે શેતાનને હવાલે કર્યો. તે પછી અયૂબ ઉપર વિપત્તિઓનું વાવાઝોડું ત્રાટકી પડ્યું અને તેના સમગ્ર કુટુંબ, મિલકત, પ્રાણીઓ તથા ઘરનો સંપૂર્ણ વિનાશ થયો. આ સર્વ ઓછું હોય તેમ ઈશ્વર દ્વારા પોતાના હાથમાં સોંપાઈ ગયેલા અયૂબના શરીરમાં શેતાને દુ:ખદાયક દર્દ પ્રસરાવી દીધું. આવી ભયાનક પરિસ્થિતિમાં પણ, ધૈર્યવાન અને સંયમી અયૂબે ઈશ્વરને ધન્યવાદ આપ્યો, દોષ દીધો નહિ, મુખે પાપ કર્યું નહિ, અને સંપૂર્ણ વાણીસંયમ જાળવ્યો.

(આ ઘટનાને આધારે જ, અંગ્રેજી ભાષામાં 'Job's Patience' - (અયૂબની ધીરજ) એ રૂઢિપ્રયોગ પ્રચલિત બન્યો છે.)

અર્થના સંદર્ભમાં, ધીરજ અને સંયમ એ બે શબ્દો એકમેક સાથે ગાઢ રીતે સંકળાયેલા છે.

અને ઈશ્વર, અયૂબ તથા તેના મિત્રો વચ્ચેની પ્રશ્નોત્તરીના અંતે અયૂબે એકરાર કર્યો કે, 'હું જે સમજતો નહોતો, તે હું બોલ્યો.' ઈશ્વરે તેના પશ્ચાત્તાપને યોગ્ય ઠરાવ્યો અને, અગાઉ જે તેનું હતું. તેના કરતાં પણ તેને બમણું આપ્યું, અને પાછલા સમયમાં તેને વધુ સમૃદ્ધિવાન કર્યો. (અયૂબ ૪૨).

— યર્દનમાં બાપ્તિસ્મા પામ્યા પછી ઈસુ પવિત્ર આત્માથી ભરપૂર થયા. તે પછી આત્મા તેમને વેરાન પ્રદેશમાં દોરી ગયો. ત્યાં ચાળીસ દિવસ અને ચાળીસ રાતના ઉપવાસ પછી તેમને ભૂખ લાગી. આ સમયે શેતાન તેમની કસોટી કરવા ત્યાં ઉપસ્થિત થયો. ખ્રિસ્ત ઈસુને ચલિત કરવા તેણે ત્રણ પ્રલોભનો મૂક્યાં :

દેવપુત્ર તરીકે પથ્થરની રોટલી બનાવી દઈને ભૂખ સંતોષવાનું.

પગે પડીને પોતાની સ્તુતિ કરે, તો જગતનો સમગ્ર વૈભવ સુપ્રત કરી દેવાનું.

મંદિરની સર્વોચ્ચ ટોચ ઉપરથી પોતાને નીચે પાડી દઈને ચમત્કાર સર્જવાનું અને લોકોને આકર્ષવાનું.

પરંતુ, ઈસુને તો પવિત્ર આત્માથી વેષ્ટિત કરવામાં આવ્યા હતા. અને તેથી તેમનું આધ્યાત્મિક વ્યક્તિત્વ પણ પવિત્ર આત્માનાં ફળોના પરાક્રમથી ભરપૂર હતું અને પવિત્ર આત્માનું છેલ્લું ફળ 'સંયમ' છે. (ગલાતી ૫:૨૩). સંયમબદ્ધ ઈસુએ, પવિત્ર શાસ્ત્રોનાં જીવંત વચનોને આધારે સ્પષ્ટીકરણ કરીને શેતાનને પરાસ્ત કર્યો.

હારેલો શેતાન ચાલ્યો ગયો. પરમેશ્વરની પ્રસન્નતા પામેલા પ્રિય પુત્રની દૂતોએ આવીને સેવા કરી.

'જ્યારે તમને તરેહ તરેહનાં પરીક્ષણો થાય છે, ત્યારે તેમાં પૂરો આનંદ માનો.... તમારા વિશ્વાસની પરીક્ષામાં પાર ઊતર્યાથી ધીરજ ઉત્પન્ન થાય છે... માટે ધીરજને પોતાનું કામ પૂરેપૂરું કરવા દો... — (યાકૂબ ૧ : ૨-૪)

અને,

'એ જ કારણ માટે સંપૂર્ણ પરિશ્રમ કરીને તમે પોતાના વિશ્વાસની સાથે ચારિત્ર ને ચારિત્ર સાથે જ્ઞાન, જ્ઞાનની સાથે સંયમ, સંયમની સાથે ધીરજ, ધીરજની સાથે ભક્તિભાવ, ભક્તિભાવ સાથે બંધુપ્રીતિ, ને બંધુપ્રીતિની સાથે પ્રેમ જોડી દો...' (૨ પિતર ૧ : ૫-૭)

# ગભાણ, ગલગથા, અને ગૌરવી રાજ્યાસન

પ્રબોધક મીખાહની ભવિષ્યવાણી : (૫ : ૨)

“હે બેથલેહેમ, જો કે તું એટલું નાનું છે કે યહૂદાના ગોત્રોમાં તારી કંઈ ગણતરી નથી. તો પણ તારામાંથી મારે માટે એક એવો પુરુષ ઉત્પન્ન થશે. જે ઈસ્ત્રાએલનો અધિકારી થશે.”

—અને એ જ વચન માથ્થીની સુવાર્તામાં આ પ્રમાણે છે : ‘ઓ યહૂદિયા દેશના બેથલેહેમ, તું યહૂદિયાના સૂબાઓમાં કોઈ પ્રકારે સર્વથી નાનું નથી; કારણ કે તારામાંથી એક અધિપતિ નીકળશે, જે મારા ઈસ્ત્રાએલી લોકોનો પાળક થશે.” - (૨ : ૬)

—આ વચનોના હાર્દમાંથી ‘નમ્રતા’ની એવી ભાવના પ્રગટે છે કે નાનું ગણાયેલું બેથલેહેમ, આવનાર અધિકારી ખ્રિસ્ત ઈસુને કારણે ઉચ્ચ સ્થાન પામશે.

—વર્તમાન સમયમાં, ધનાઢ્ય અને સાધનસંપન્ન કુટુંબોમાં બાળકના જન્મ અગાઉ આધુનિક સાધનો દ્વારા વૈદકીય તપાસ, પ્રાથમિક ચિકિત્સા માટે શ્રેષ્ઠ સુવિધાઓ ધરાવતા ચિકિત્સાકેન્દ્રની પસંદગી, અદ્યતન સાધનોની ઉપલબ્ધિ – આ સર્વ કાળજીપૂર્વક પૂર્ણ કરવામાં આવે છે. આવી અવનવી સુવિધાઓ વચ્ચે નવજાત શિશુનું આગમન થાય છે. સ્વજનો, સ્નેહીજનો અને શ્રીમંત મુલાકાતીઓ ઉષ્માભર્યું સ્વાગત કરતાં તેનું અભિવાદન કરે છે.

આશરે બે હજાર વર્ષો પહેલાં, નાનાશા બેથલેહેમમાં ખ્રિસ્ત ઈસુનો જન્મ થયો. આકાશી સેનાના દિવ્યગાન સાથે એ ‘અધિકારી’નું આગમન થયું. પણ એનું જન્મસ્થાન જગતની પ્રણાલિકા પ્રમાણે શાનદાર અને ભવ્ય નહોતું. એનો જન્મ એક નાનાશા સીમાડે આવેલી, મેલી-ઘેલી, સુવિધાઓ વિનાની ઝાંખા પ્રકાશવાળી, પ્રાણી-પશુના મળમૂત્રને કારણે અણગમતા વાતાવરણમાંથી ભરપૂર એવી ગંદી ‘ગભાણમાં’ થયો.... અને માતાએ બાળકને કપડામાં લપેટીને ગભાણમાં સૂવડાવ્યો.

—વાસ્તવમાં તો, બાળરાજાની મહાનતાના પ્રતીકસમું, ‘નમ્રતાની સુવાસ’ પ્રસરાવતું, ખ્રિસ્ત ઈસુનું એ પ્રથમ સ્થાન બન્યું ! .... અને એટલે જ કવિએ ગાયું છે :

“નમ્ર ગભાણે પોઢી વહાલા”..... (ભ.સં. ગીત. નં . ૭૬)

વર્ષો વીતી ગયાં....

યુવાન ઈસુ માતાપિતાને આધીન રહ્યા, પિતાને તેમના વ્યવસાયમાં સહાય કરી. બાદ ઈશ્વરપિતાએ સોંપેલા લોકોના સેવાકાર્યનો આરંભ કર્યો. લોકોના શારીરિક, માનસિક

રોગ દૂર કર્યા. દૃષ્ટિહીનોને દૃષ્ટિ આપી, અપંગોને સશક્ત બનાવ્યા. મૃતકોને સજીવન કર્યા. હ્રદયભંગિત અને ચિંતાગ્રંસ્ત માનવોને નવી જીવનદૃષ્ટિ આપી. લોકોને પ્રેમ, આનંદ, શાંતિ, સહનશીલતા, અને નમ્રતા વિષે સર્વશ્રેષ્ઠ સંદેશો આપ્યો, અને આ મહત્ત્વનું વચન પણ ઉચ્ચાર્યું :

"જે કોઈ પોતાને નમ્ર કરશે, તેને ઊંચો કરવામાં આવશે."(માથ્થી ૨૩ : ૧૨)

—ઈસુ પોતે ઈશ્વરપુત્ર અને 'રાજા' હોવાનો દાવો કરતા હતા. આ દાવાને દુર્ભાષણ ગણાવીને રોમન સત્તાધીશોએ તેમની ધરપકડ કરી... જો કે સત્તાધીશોને ઈસુના આ દાવાઓ વિષે કાંઈ સમજ ન હતી. તેમના પર મુકદ્દમો ચાલ્યો. દોષિત ઠરાવીને અમાનુષી જુલમ ગુજાર્યો, ક્રોસ પરના મૃત્યુની સજા ફરમાવી. ક્રોસ ઈસુ પાસે જ ઊંચકાવ્યો. જે જગ્યાએ તેઓ ઈસુને લઈ ગયા. તે જગ્યાનું નામ 'ગલગથા' હતું.

કોરડા, કાંટા અને ક્રોસની આ કષ્ટયાત્રાનું હ્રદયસ્પર્શી વર્ણન, યશાયા પ્રબોધકે પોતાના ભવિષ્યકથનમાં કર્યું છે :

"તેના પર જુલમ ગુજારવામાં આવ્યો, તો પણ તેણે નમ્ર થઈને પોતાનું મુખ ઉઘાડ્યું જ નહિ, ઘેટી જેમ પોતાના કાતરનારની આગળ મૂંગી રહે છે, તેન જેવો તે હતો. તેણે તો પોતાનું મુખ ઉઘાડ્યું જ નહિ."(યશાયા : ૫૩)

યહોવાની મરજી તેને કચરવાની હતી; અને "દેવના હલવાન"ને કચરી નાંખવામાં આવ્યું, આમ, 'ગલગથા નામના બીજા સ્થળે' ખ્રિસ્તની નમ્રતા પ્રગટ થઈ.

— ગભાણ અને ગલગથા પછી, ખ્રિસ્ત ઈસુનું અંતિમ સ્થાન કયું હોઈ શકે ?

પોતના જીવનકાળ દરમિયાન શિષ્યોને ઉપદેશ આપતા આ વચન ઉચ્ચાર્યું : "જે કોઈ પોતાને નમ્ર કરશે. તેને ઊંચો કરવામાં આવશે."

નમ્ર ઈસુના જીવનમાં ઈશ્વરે આ વચન પરિપૂર્ણ કર્યું. નમ્રતા એ પવિત્ર આત્માના ફળોમાંનું એક છે. ઈસુના નમ્રતાના આ આદેશનું સંપૂર્ણ પાલન એટલે ઉચ્ચ, આધ્યાત્મિક ગૌરવી સ્થાનની પ્રાપ્તિ.

— ગભાણ, ગલગથા અને ગૌરવી રાજ્યાસન...... **'પ્રભુ ઈસુએ સ્વેચ્છાએ પોતાને ખાલી કર્યા;** નમ્ર થઈને મરણ સુધી આધીનતાને માર્ગે ચાલ્યા... આ કારણથી ઈશ્વરપિતાએ તેમનેસર્વોચ્ચ સ્થાને મૂકયા...." ફિલિપી ૨ : ૭-૯

(પ્રેમનો પોકાર)

❖ ❖ ❖

# 'વફાદારીનો વિજયી પુરસ્કાર'

ઈશ્વરે સર્જેલાં પ્રાણી-પક્ષીઓમાં ઘણીવાર, તેઓના માલિકો પ્રત્યે આશ્ચર્યજનક વફાદારી જોવામાં આવે છે. પ્રાણીઓ પૈકી મુખ્ય શ્વાન છે. પૂર્વના એક દેશમાં માલિકના પાલતુ કૂતરાની આ એક કહાણી છે. તેના માલિક હરરોજ પોતાના વ્યવસાયના સ્થળે જવા ટ્રેઇનમાં નીકળતા અને આ કૂતરો તેમની સાથે સ્ટેશને જતો અને ટ્રેઈન ઊપડ્યા પછી ઘેર પાછો ફરતો. સાંજે માલિક પાછા ફરે ત્યારે અચૂક સ્ટેશને જઈને તેમની સાથે પાછો આવતો. આ શ્વાનનો આ નિત્યક્રમ હતો. એક દિવસ માલિક પોતાના વ્યવસાયના સ્થળે અચાનક મૃત્યુ પામ્યા. તે દિવસે સાંજે કૂતરો પોતાના રોજના સમયે હાજર હતો, પણ માલિક દેખાયા નહિ, આ પછી આ શ્વાન તે જ સ્થળે, રાત-દિવસ માલિકની પ્રતીક્ષા કરતો બેસી રહ્યો. આવતી-જતી ટ્રેનો સામે જોતો, છેવટે ભૂખ્યો-તરસ્યો માલિકની ઝંખનામાં ત્યાં જ મૃત્યુ પામ્યો. તે દેશની સરકારે, માલિકની પ્રતીક્ષા કરતાં શ્વાનની આબેહૂબ પ્રતિમા બનાવડાવીને પ્લેટફોર્મ પર સ્થાપિત કરી. મૂક પ્રાણીની વફાદારીનું નિઃશબ્દ સ્મારક !........

વફાદારીનું, વિશ્વસનિયતાનું સ્થાન માનવીના જીવનના પ્રત્યેક ક્ષેત્રે મહત્ત્વનું છે. કોઈ પણ કાર્ય, નોકરી, વ્યવસાય, સેવા, ફરજ કે અન્ય પ્રવૃત્તિઓ—ક્ષેત્રમર્યાદિત હોય કે વિશાળ પણ વફાદારીનું મૂલ્ય એક સમાન હોય છે. કૌટુંબિક ક્ષેત્રે, પતિ-પત્ની, માતા-પિતા, સંતાનો, સામાજિક ક્ષેત્રે ગુરુ-શિષ્ય, અધિકારીઓ સાથે ઊતરતી કક્ષાના કાર્યકરો, મિત્રો-સાથીઓ.... આ સર્વ વચ્ચે વફાદારી, કર્તવ્યનિષ્ઠા કે ઇમાનદારી અતિ આવશ્યક છે.

— પવિત્ર બાઇબલનાં પૃષ્ઠો ઉપર વફાદાર, અને વિશ્વસનીય પાત્રોનાં અનેક ઉદાહરણો આલેખાયેલાં છે.

— ઇબ્રાહિમ - ઇશ્વરનો આદેશ શિરે લઈને પોતાના એકનાએક પ્રિય પુત્રનું વફાદારીપૂર્વકનું સ્વાર્પણ, અને પરિણામે આશીર્વાદ પર આશીર્વાદ !... (ઉત્પત્તિ ૨૨)

— યુસુફ - પોતાના નિષ્કલંક ચારિત્ર્ય સાથે, માલિક પ્રત્યે સંપૂર્ણ વફાદારી, કેદખાનામાં પણ વિશ્વસનિયતા સાથે કાર્યનું પાલન અને ઇશ્વરની સહાય વડે પ્રત્યેક કામમાં ફતેહ.....(ઉત્પત્તિ ૩૯ : ૪-૨૨)

— મોશે - ઇશ્વરે જેની સાથે મોઢેમોઢ અને સ્પષ્ટ રીતે વાત કરવાનું વચન આપ્યું, તે મોશેને આખા ઘરમાં ઇશ્વર દ્વારા વિશ્વાસુ અને વફાદાર ઘોષિત કરવામાં આવ્યો...(ગણના ૧૨ : ૭)

—વર્તમાન વિશ્વમાં, કાર્યાલયો, સંસ્થાઓ અને અન્ય સંકુલોમાં કર્મચારીઓએ દર્શાવેલી વફાદારી, વિશ્વસનિયતા તેમ જ કાર્યદક્ષતાની કદરરૂપે, પ્રમોશન, બઢતી કે અન્ય સ્વરૂપમાં ભેટ કે બક્ષિસ એનાયત કરવામાં આવે છે, અને તેઓ વિશેષ સન્માન મેળવે છે.

— પણ એ તો આજના સમયની પ્રણાલિકા છે.

— પરંતુ, બે હજાર વર્ષ પહેલા, પ્રભુ ઇસુએ કહેલી એક દૃષ્ટાંતકથામાં, એક અધિકારી દ્વારા તેના સેવકોને તેમની વફાદારી બદલ આપવામાં આવેલા બદલાની પ્રેરણાત્મક કહાણી વર્ણવામાં આવેલી છે :

— "એક અધિકારીએ પોતાના સેવકોને તેઓની શક્તિ અનુસાર મિલકત વહેંચી આપીને પોતે વિદેશ ગયો. પાછા ફર્યા બાદ પોતાના ઉત્તમ અને વફાદાર સેવકોની કામગીરી નિહાળીને અત્યંત પ્રભાવિત થઈ ગયો, અને તેઓને ધન્યવાદ આપતાં તેમની વફાદારી અને ઉત્તમ કામગીરી બદલ 'અધિક જવાબદારી' સોંપવાનું વચન આપ્યું, અને એ વચન સાથે પોતાન પ્રભુના આનંદમાં પ્રવેશ કરવાનું આમંત્રણ આપ્યું."

— એ હતો તેમની વફાદારી તથા ઉત્તમતાનો વિજયી પુરસ્કાર !

— વફાદારી સાથે સંકળાયેલાં અન્ય લક્ષણોને આવરી લેતો, વર્તમાન જગતને અનુરૂપ અને સુસંગત એવો વિશાળ અને અર્થગંભીર સંદેશો પવિત્ર બાઈબલના આ જીવંત વચનમાં સમાયેલો છે :

'હિઝિક્યાએ ઈશ્વરની દૃષ્ટિમાં જે યથાર્થ હતું તે કર્યું, એટલે દેવના મંદિરને લગતું, નિયમશાસ્ત્રને લગતું, અને ઈશ્વરની આજ્ઞાઓને લગતું. જે કોઈ કાર્ય તેણે ઈશ્વરની સેવાને અર્થે હાથ પર લીધું. તે પોતાના ખરા અંતઃકરણથી, "વફાદારીપૂર્વક" બજાવ્યું, અને તેમાં તે વિજય પામ્યો....' (૨ કાળ, ૩૧ : ૨૦-૨૧)

❖ ❖ ❖

# ‘ભલાઈનું ગીત’

કોઈપણ ભાષામાં ભાવદર્શક નામોનું આગવું સ્થાન છે, તેના યોગ્ય ઉપયોગથી ભાષા વૈવિધ્યપૂર્ણ અને અલંકારિક બને છે. તેમાંયે તેના વિરુદ્ધાર્થી શબ્દોનો ઉપયોગ આ પ્રકારના લેખનમાં અનિવાર્ય પણ બની રહે છે. એક પરિસ્થિતિને સમજવા માટે તેનાથી વિરોધી પરિસ્થિતિનો આધાર લેવો પડે છે. અમુક શબ્દનો વિસ્તૃત અર્થ સમજવા માટે તેનો વિરુદ્ધાર્થ આવશ્યક બને છે. જેમ કે, મૈત્રી - શત્રુતા, સત્ય - અસત્ય, સૌંદર્ય - કુરૂપતા અને એમ ‘ભલાઈ તથા ભૂંડાઈ....’

શત્રુતાને કારણે મૈત્રીની મીઠાશ અનુભવાય છે, અસત્યનો અંધકાર હોય ત્યાં જ સત્યના પ્રકાશની આવશ્યક્તા છે, કુરૂપતા હોય ત્યાં જ સૌંદર્યનું મૂલ્ય અંકાય છે. અન્યાય સહન કર્યો હોય, તો જ ન્યાયની કિંમત સમજાય છે. તેવી જ રીતે જ્યાં ભૂંડાઈ તથા દુષ્ટતા છે, ત્યાં ઈશ્વરની ભલાઈના પણ દર્શન થાય છે; અને ત્યારે જ એ બે વચ્ચેનું અંતર સમજાય છે.

- આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યા બાદ, મનુષ્યનું સર્જન, તેનો વિશેષાધિકાર તથા આજ્ઞાભંગ, ઈશ્વર દ્વારા શિક્ષા, પૃથ્વી પર ભૂંડાઈની વૃદ્ધિ, અને જળપ્રલય દ્વારા સૃષ્ટિનો વિનાશ – આ ઘટનાક્રમના સંદર્ભમાં છેવટે ઈશ્વરપિતાનો પશ્ચાત્તાપ..... ઈશ્વરે કહ્યું મનુષ્ય-હૃદયની પ્રત્યેક ‘કલ્પનામાં બાળપણથી જ ‘ભૂંડાઈ’ રહેલી છે; અને ઈશ્વરે ફરીથી કદીપણ સૃષ્ટિનો સંહાર નહિ કરવા વચનબદ્ધ બનીને માનવજાત સાથે સમાધાનનો કરાર સ્થાપન કર્યો...’ (ઉત્પત્તિ ૬ : ૫; ૯ : ૧૧)

‘આ હતી મનુષ્યજાતની ભૂંડાઈ સામે ઈશ્વરની ભલાઈ !’’

– મહાનગર નિનવેહની પ્રજાને તેની ભૂંડાઈને કારણે, ચાળીસ દિવસ પછી થનારા વિનાશની ચેતવણી ઈશ્વરે યૂના દ્વારા આપી. પરંતુ એ નગરની પ્રજાએ તથા રાજાએ સાચા હૃદયથી પશ્ચાત્તાપ કર્યો, અને ઈશ્વરને પણ વિનાશની ચેતવણી આપ્યા બદલ પશ્ચાત્તાપ થયો અને તેમણે ‘આપત્તિનો અમલ કર્યો નહિ’ (યૂના ૩ : ૧૦). આ પણ ઈશ્વરપિતાની ભલાઈ હતી...

– ઈશ્વરભક્ત દાઉદે, તેના વિશ્વપ્રસિદ્ધ ગીતમાં, જીવનના સર્વ દિવસો પર્યંત, નિશ્ચિતપણે સાથે આવનાર, સનાતન ભલાઈનો મહિમા ગાયો છે :

‘‘કોઈ પણ ભૌતિક જરૂરિયાત નહિ; શાંત, લીલાછમ રમણીય સ્થાનમાં, ન્યાયના પંથ ઉપર, કોઈપણ ભૂંડાઈની સામે નિર્ભયતાની ખાત્રી સાથે... આશીર્વાદનો ઊભરાઈ જતો પ્યાલો, અને સમગ્ર જીવનમાર્ગે, ઈશ્વરની સનાતન દયા તથા ભલાઈનો નિશ્ચિત સાથ !

જ્યાં ભલાઈ છે, ત્યા ભૂંડાઇ પણ છે. પ્રભુ ઈસુએ ગિરિપ્રવચનમાં કહ્યું છે કે ઈશ્વરપિતાની ઇચ્છાનુસાર 'ભલા તથા ભૂંડા ઉપર એકસાથે સૂર્યોદય થાય છે, તેમજ બંનેની ભૂમિ ઉપર એકસરખી વર્ષા થાય છે. (માથ્થી ૫ : ૪૫)

ભૂંડાઈ અને દુષ્ટતાથી ભરેલા આ જગતમાં, 'ભલા ભરવાડ', – પ્રેમાળ ઈસુનું હૃદય તેમના હલવાનો પ્રત્યેની 'ભલાઈ'થી સદા ભરપૂર છે.

'પવિત્ર આત્માનું ફળ સર્વ પ્રકારની ભલાઈમાં તથા ન્યાયીપણામાં તથા સત્યમાં છે.' (એફેસી ૫:૯)

❖ ❖ ❖

# માયાળુપણાની મધુરતા

વિશ્વના એક શહેરમાં, જ્યાં રંગભેદનું દૂષણ ફેલાઈ રહ્યું હતું, ત્યાંના એક વિશાળ રાજમાર્ગ પર એક સિટીબસ દોડી રહી હતી. આ બસમાં એક ગોરા અધિકારી પણ સફર કરી રહ્યા હતા. એક બસસ્ટોપ આગળ બસ થોભી અને ત્યાંથી શ્યામવર્ણની એક સ્ત્રી, પોતાના એક બાળક સાથે બસમાં ચઢી, કોઈ સીટ ખાલી ન હોવાથી તે સ્ત્રી પોતાના બાળકને ઊંચકીને ઊભી રહી. પેલા ગોરા અધિકારીનું આ બાબત પ્રત્યે ધ્યાન ગયું, અને તત્કાળ ઊભા થઈ જઈને પેલી સ્ત્રીને પોતાની ખાલી સીટ પર બેસવા જણાવ્યું, અને પોતાની બાકીની સફર દરમિયાન ઊભા જ રહ્યા - પેલી સ્ત્રીએ પ્રભાવિત થઈને તેમનો આભાર માન્યો -

માયાળુપણાનું - સૌજન્ય કેવું આદર્શ ઉદાહરણ !

લાકડાનો એક ખૂબ જ વજનદાર મોભ ખસેડવાનો પ્રયાસ કેટલાક મજૂરો કરી રહ્યા હતા. પાસેથી પસાર થઈ રહેલા એક રાહદારીની દૃષ્ટિ પડતાં તેને લાગ્યું કે આ લોકોને વધુ મદદની જરૂર છે. અને તેણે તત્કાળ સ્વૈચ્છિક સહાય આપી, અને કાર્ય પૂર્ણ થયું. જ્યારે જાણવા મળ્યું કે, આ રીતે મદદ કરનાર વ્યક્તિ બીજું કોઈ નહિ પણ અમેરિકન પ્રમુખ જ્યોર્જ વૉશિંગ્ટન હતા ! – મજૂરો તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા......

માયાળુપણા સાથે વિનમ્રતાની ભાવના ભળે, અને સૌજન્યની સુવાસ પ્રસરી જાય, એમાં શું આશ્ચર્ય !

'માયાળુપણું – સૌજન્ય – kindness.

–પવિત્ર આત્માનું એક. ફળ. આ માટે અંગ્રેજી બાઇબલમાં kindness અને ગુજરાતીમાં માયાળુપણું શબ્દો વપરાયા છે. (ગલાતી ૫:૨૨)

—પવિત્ર બાઈબલમાં આ સંબંધી ઘણા ઉદાહરણો મળી આવે છે, જેમ કે :

—"મિદ્યાનના યાજકની સાત પુત્રીઓને ભરવાડોએ કાઢી મૂકી ત્યારે મોશેએ તેમને સહાય કરી, અને તેમનાં ટોળાને પાણી પાઈને માયાળુપણું દર્શાવ્યું...." (નિર્ગમન ૨ : ૧૭)

—યોનાથાનનો દીકરો, જેને શારીરિક ખોડ હતી. તેને દાઉદ રાજાએ હંમેશ માટે પોતાની સાથે મેજ પર ભોજન કરવાનો અધિકાર આપ્યો, અને તેનું બધું જ પાછું આપ્યું. અને એમ માયાળુપણું દર્શાવ્યું........

(૨ શમૂએલ ૯, ૧-૧૦)

—પ્રભુ ઈસુએ સમગ્ર જગતને આપેલા શિક્ષણમાં, ઉચ્ચારેલાં અમુક વચનોમાં, મનુષ્ય માટેની સહાનુભૂતિ, કરુણા, સહિષ્ણુતા, શુશ્રૂષા અને માયાળુપણાનો સમાવેશ થાય છે. આ સર્વનું એકીકરણ એટલે પ્રેમ. પવિત્ર આત્માનાં ફળોની સૂચિમાં પ્રેમ અગ્રસ્થાને છે. તેમાં માયાળુપણાનું પણ વિશિષ્ટ સ્થાન છે.

—'વિશાળ અર્થ ધરાવતા માયાળુપણાના વિષયના સંદર્ભમાં, ખ્રિસ્ત ઈસુએ વર્ણવેલું 'ભલા સમરૂની'નું અપ્રતિમ ઉદાહરણ અત્રે ઉલ્લેખનીય ગણાશે. આ વૃત્તાંતમાં વિશ્વબંધુત્વની ભાવના વ્યાપકરૂપે છવાઈ ગયેલી છે. લૂંટારાઓના હુમલાથી ઈજા પામેલા પ્રવાસીના આ દૃષ્ટાંતકથાનો આરંભ દુઃખભર્યો છે, પરંતુ તેના મુખ્ય પાત્ર, 'માયાળુ સમરૂની'ના આગમન સાથે તે 'કરુણા અને સેવા'ની કહાણી બની જાય છે. ઘવાયેલા અને મૃતઃપ્રાય દશામાં પડેલા આ નિરાધાર માનવી પ્રત્યેની સમરૂનીની પ્રત્યેક પ્રેરણાત્મક પ્રતિક્રિયાઓ, પ્રભુ ઈસુએ પ્રબોધેલા પડોશી ધર્મના આદર્શ પાલનનું દર્શન છે...'

—અને તેમાંથી ભરપૂરપણે અભિવ્યક્ત થાય છે, 'સહાનુભૂતિ, સહિષ્ણુતા, શુશ્રૂષા તથા સૌજન્યની સુવાસ, અને પવિત્ર આત્માનાં ફળ, માયાળુપણાની મધુરતા !'

"જે જ્ઞાન ઉપરથી છે તે પ્રથમ તો નિર્મળ, પછી સલાહ કરાવનારું, નમ્ર સહેજે સમજે એવું દયાથી તથા સારાં ફળોથી ભરપૂર, નિષ્પક્ષપાત તથા દંભરહિત છે."

(યાકૂબ ૩ : ૧૭)

❖ ❖ ❖

# 'અદ્ભુત સહનશીલતા'

અંગ્રેજીમાં કહેવામાં આવ્યું છે કે, Every departure is Sorrowful' પ્રત્યેક વિદાય દુઃખભરી હોય છે. આ પ્રક્રિયામાં સંકળાયેલા પક્ષો અથવા પાત્રોને દુઃખની લાગણી થાય છે, ચાલ્યા જવું, છોડી જવું, ત્યજી દેવું – આ શબ્દોમાં મહદ્ અંશે દુઃખની ભાવના હોય છે. આવા પ્રસંગોમાં તેના હેતુઓ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. ત્યાગ કેટલે અંશે યોગ્ય છે, તે તેના પ્રકાર અને ઉદ્દેશ્ય પર અવલંબે છે. ઘણીવાર આવા પ્રસંગોની ભીતરમાં સ્વાર્થ, મતભેદ અગર વિચારભેદનાં કારણો હોય છે. આ આખી પ્રક્રિયા બે કે વધુ પક્ષો અથવા વ્યક્તિઓ વચ્ચે પલટાયેલા સંજોગો પર આધારિત છે.

—કુટુંબોમાં, મિત્રમંડળમાં, સાથીઓમાં કે સંસ્થાઓમાં પણ વ્યક્તિગત કે સામૂહિક ધોરણે આ પ્રકારના પ્રસંગો બનતા હોય છે. આવા સંજોગોમાં સંકળાયેલા બે પક્ષો કે વ્યક્તિઓ પૈકી જો એક પાત્ર ત્યાગ ઈચ્છતું ન હોય, તો સામેનું પાત્ર વધુ દુઃખ અનુભવે છે, વિદાયનું દુઃખ સહન કરે છે.

પવિત્ર બાઈબલમાં, ઈસુએ આપેલા એક ઉદાહરણમાં, એક શ્રીમંત પિતાનો નાનો પુત્ર મિલકતનો પોતાનો હિસ્સો લઈને પિતાનું ઘર છોડીને ચાલ્યો ગયો. પુત્ર તો આનંદ-પ્રમોદમાં જીવન ગુજારવા ઉત્સાહભેર વિદાય થઈ ગયો, પરંતુ પિતાને પુત્ર-વિયોગનું દુઃખ સહન કરવું પડ્યું, સમય વહેતો ચાલ્યો... સાધન સામગ્રી ખૂટવા લાગી. જીવન જીવવાની સમસ્યા ઊભી થઈ. વધુમાં તે દેશમાં દુષ્કાળ પડ્યો. પુત્ર ભીષણ ગરીબીમાં આવી પડ્યો. કોઈના ભૂંડો સાચવવાનું કાર્ય સ્વીકારવું પડ્યું, અને ભૂંડોનો જ ખોરાક આરોગવો પડ્યો ! ગરીબાઈ, તંગી એનાથી સહન થઈ શકી નહિ. પિતાનું ઘર યાદ આવ્યું, અને પશ્ચાત્તાપી હૃદય સાથે એ ઘેર પાછો ફર્યો...

— ઘરમાં એના પુનરાગમનનો આનંદોત્સવ હતો. પણ આ સામે મોટાભાઈએ વિરોધ પ્રદર્શિત કર્યો. નાનાભાઈને કારણે થતી આ ઉજવણી તેનાથી સહન ન થઈ. તેનામાં સહનશીલતાનો અભાવ હતો.

પ્રેરિત પાઉલે તિમોથીને લખેલા પત્રમાં, વિયોગ, નુકસાન, અને એકલતાનાં દુઃખનું હૃદયસ્પર્શી વર્ણન કર્યું છે :

"દેમાસ આ જગત પર પ્રેમ રાખીને મને તજીને ચાલ્યો ગયો છે... આલેક સાદર કંસારાએ મને ઘણું નુકસાન કર્યું છે – તેણે વચનોની સામે વિરોધ દર્શાવ્યો છે; અને મારા પ્રથમ બચાવના ઉત્તર આપતી વખતે મારી પાસે કોઈ જ રહ્યું નહોતું"

– આમ, એકલવાયા તથા અટૂલા પડી ગયેલા સંત પાઉલે પ્રતિકૂળ સંજોગો તથા વાતાવરણમાં પણ, "પ્રભુ તેને તેના કામ પ્રમાણે બદલો આપશે," અને "પ્રભુએ તેઓને લેખે ન ગણે", એવાં વચનો દ્વારા સહનશીલતાના ઉત્તમ આદર્શનું અદ્‌ભુત દર્શન કરાવ્યું છે. (૨ તિમોથી ૪ : ૧૪-૧૬)

પાસ્ખાની પૂર્ણાહુતિ પછી, ઈસુ ગેથસેમાને બાગમાં ગયા, અને તેમાં પ્રવેશતા જ તેમણે ઝખાર્યાહ પ્રબોધકે ઉચ્ચારેલાં ભવિષ્યકથનનો પુનરોચ્ચાર કર્યો ; 'હું ઘેટાંપાળકને મારીશ ને ઘેટાં વિખેરાઈ જશે (માથ્થી ૨૬ : ૩૧) અને આ ભવિષ્યકથન અત્યારે પરિપૂર્ણ થઈ રહ્યું હતું.... "પણ પ્રબોધકોના લેખો પૂરા થાય તે માટે આ બધું થઈ રહ્યું છે; ત્યારે બધા શિષ્યો તેમને મૂકીને નાસી ગયા." (માથ્થી ૨૬ : ૫૬)

– પ્રભુ ઈસુને વધસ્તંભે જડી દેવામાં આવ્યા હતા.

બધાં જ તેમને તજી દઈને ચાલ્યાં ગયાં છે, અને તેમની પાસે કોઈ રહ્યું નથી, અને પિતાએ પણ છેવટે તેમને 'મૂકી દીધા છે' તેવું અનુભવતા, એકલા અને અટૂલા પ્રભુ ઈસુએ દર્દભર્યા પોકાર સાથે પિતાને પ્રશ્ન કર્યો.... "હે મારા દેવ, તમે મને કેમ મૂકી દીધો છે ?"

– આ પહેલાં ઈસુએ પ્રાર્થનારૂપે આ શબ્દો ઉચ્ચાર્યા હતા : "હે પિતા, તેઓને ક્ષમા કરજો, કારણ કે તેઓ શું કરે છે તે તેઓ જાણતા નથી."

– 'દગાખોર યહૂદા, ત્રણ વખત ઈસુનો નકાર કરનાર પીતર, કટોકટીની પળે તેમને મૂકીને નાસી જનાર શિષ્યો, તેમનો ન્યાય તોળનારા સત્તાધીશો, દેહને વીંધી નાખનાર જુલમગારો, કાંટાનો તાજ શિરે મૂકીને અપમાન કરનારા સૈનિકો' – આ સર્વ દુશ્મનો માટે ઈસુની આ ક્ષમાયાચના હતી....

બધું જ સહન કરનાર, એકલા અને અટૂલા પડી ગયેલા ખ્રિસ્ત ઈસુની આ કેવી અદ્‌ભુત સહનશીલતા !

❖ ❖ ❖

# શિક્ષા અને શાંતિ

મનુષ્ય જેનો સામનો ન કરી શકે, પ્રતિકાર ન કરી શકે તેવાં કેટલાંક સમર્થ પ્રાકૃતિક બળો ઘણીવાર પોતાની વિનાશક શક્તિઓનો પરિચય કરાવે છે. ભયંકર ઝંઝાવાત, વાવાઝોડું, જળપ્રલય, દુષ્કાળ, ધરતીકંપ, દરિયાઈ તોફાન તથા જ્વાળામુખી – આવા કુદરતી પ્રકોપ ફેલાવતાં પરિબળો આગળ માનવી લાચાર બની જાય છે. કવચિત, આવા ઉત્પાતોને અમુક માન્યતાઓ ધરાવતા માનવીઓ ઈશ્વરી કે દૈવી કોપ તરીકે ગણે છે. કોઈ વાર માનવીને લાગે છે કે કોઈ અગોચર કારણસર કે કોઈ અજ્ઞાત વ્યક્તિના કોઈ પાપને કારણે, કે પછી કોઈ શિક્ષારૂપે આ આપત્તિ આવી પડી છે.

– પ્રબોધક યૂનાને ઈશ્વર તરફથી મહાનગર નીનવેહ જઈને ઈશ્વરનું વચન પ્રગટ કરવાનો આદેશ મળ્યો. પણ યૂના તેનો અનાદર કરીને પોતાની ઈચ્છા મુજબ બીજા સ્થળે ચાલ્યો ગયો. "ઈશ્વરના સાંનિધ્યમાંથી દૂર થઈ ગયો." વહાણની સફર દરમિયાન ભારે તોફાન આવી પડ્યું. વહાણનું અસ્તિત્વ ભયમાં હતું. ખલાસીઓ બચવાના માર્ગો વિચારવા લાગ્યા. આ પળે યૂના વહાણના અંદરના ભાગમાં ગાઢ નિદ્રામાં પડ્યો હતો. તેને જગાડીને તેની સાથે ચર્ચા કરતાં, આ તોફાન કોને લીધે આવ્યું છે તેવો પ્રશ્ન ઉપસ્થિત થયો. તેથી તે જાણવા ચિઠ્ઠીઓ નાખવામાં આવી, તો તેમાં યૂનાનું નામ નીકળ્યું. તોફાનનું નિમિત્ત પોતે જ છે, એવું સમજતા પોતાના કૃત્યની જવાબદારી સ્વીકારીને, તેની "શિક્ષારૂપે" પોતાને સમુદ્રમાં ફેંકી દેવાનું સૂચન કર્યું. તેઓએ તેમ કર્યું, અને સમુદ્રમાં સંપૂર્ણ શાંતિ થઈ.

– ગાલીલના સમુદ્રમાં એક નૌકા આગળ વધી રહી હતી તેમાં ઈસુ તથા તેમના શિષ્યો હતા. અચાનક ભારે પવન સાથે ભયાનક તોફાન ત્રાટક્યું. ઈસુ તો ગાઢ નિદ્રામાં હતા ગભરાઈ ગયેલા શિષ્યોએ ઈસુને જગાડ્યા અને કહ્યું : સ્વામી, અમે નાશ પામીએ છીએ" ઈસુએ તાત્કાલિક એક શબ્દમાત્રથી તોફાન બંધ પાડી દીધું અને મહાશાંતિ વ્યાપી ગઈ. શિષ્યો તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. 'સમુદ્ર તથા પવન પણ તેની આજ્ઞા માને છે ?" વાસ્તવમાં ઈસુ સમગ્ર પ્રાકૃતિક બળોના પણ સ્વામી હતા. શિષ્યોને તેમણે એક જ પ્રશ્ન પૂછ્યો, 'તમારી શ્રદ્ધા ક્યાં ગઈ ?'

– અસહ્ય દુઃખો કર્યા પછી પ્રભુ ઈસુ વધસ્તંભ પર મૃત્યુ પામ્યા હતા.

ત્યાર પછીના દિવસો દરમિયાન તેમના શિષ્યો માનસિક દષ્ટિએ ભાંગી પડ્યા હતા. ખાલી કબર, ભયભીત સ્ત્રીઓ, સંદેહ, શંકા અને ભયની લાગણીઓ સાથે કબર તરફ દોડતા શિષ્યો, મરિયમનું રુદન, શિષ્ય થોમાનો અવિશ્વાસ તથા દુરાગ્રહ... આમ,

આ સર્વનાં હ્રદયોમાં માનસિક તોફાન જાગ્યું હતું. અને અશાંતિ વ્યાપી ગઈ હતી.

— જોકે, કબરે આવેલી સ્ત્રીઓને પ્રભુના દૂતે ઈસુના પુનરુત્થાનનો સંદેશ તો આપી જ દીધો હતો.

— "આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ."

— યશાયા પ્રબોધકનું આ વચન પરિપૂર્ણ થઈ રહ્યું હતું. (૫૩ : ૫)

— પ્રવર્તી રહેલા સંજોગોમાં, યહૂદીઓના ભયને કારણે શિષ્યો દ્વાર બંધ કરીને બેસી રહ્યા હતા. ત્યાં જ તેઓની વચમાં ઈસુ ઉપસ્થિત થયા. તેમણે તેમના શરીર ઉપરના ઘા શિષ્યોને બતાવ્યા અને કહ્યું, "તમને શાંતિ થાઓ." તે જ સમયે ફરીથી ઈસુએ તેઓને કહ્યું, "તમને શાંતિ થાઓ !"

— આઠ દિવસ પછી, ફરીથી શિષ્યો ઘરમાં એકઠા થયા હતા, જ્યાં થોમા પણ હતો. દ્વાર બંધ હોવા છતાં ઈસુ તેઓનાં વચમાં આવીને ઊભા રહ્યા. અને કહ્યું, "તમને શાંતિ થાઓ..." (યોહાન ૨૦ : ૧૯, ૨૧, ૨૬)

— સર્વ શિષ્યોના હ્રદયોમાં જામેલું તોફાન શમી ગયું, અને વ્યાપી ગયેલી અશાંતિ દૂર થઈ ગઈ.

"હું તમને શાંતિ આપીને જાઉં છું,

મારી શાંતિ હું તમને આપું છું."

❖ ❖ ❖

# ઊઘડી ગયેલાં ચક્ષુ..

"તારી આંખો રાજાને તેના સૌંદર્યમાં જોશે." (યશાયા ૩૩ : ૧૭)

મનુષ્યશરીરમાં અત્યંત ઉપયોગી તથા મહત્ત્વનાં અંગોમાંનું એક અંગ 'આંખ' છે. આ પૃથ્વી પરની ઈશ્વરે બનાવેલી સુંદર સૃષ્ટિને મનુષ્ય આંખ વડે નિહાળે છે. માનવીય પ્રયત્નો દ્વારા સર્જવામાં આવેલી સૌંદર્યભરી કલાકૃતિઓનું કલાપ્રેમી માનવીઓ આંખ દ્વારા માણી શકે છે. કલાજગતમાં કલાકારો દ્વારા તૈયાર કરવામાં આવેલી બેનમૂન ચિત્રકૃતિઓ કે શિલ્પકૃતિઓનો રસાસ્વાદ કલાપ્રેમીઓ ચર્મચક્ષુઓ વડે અનુભવી શકે છે. જગતની સર્વશ્રેષ્ઠ સાહિત્યકૃતિઓનું અધ્યયન અને અભ્યાસ આંખો વડે જ થઈ શકે છે. જો કે, આજના આધુનિક સુવિધાઓના યુગમાં ચક્ષુહીન માનવો માટે વિવિધ સાધનો ઉપલબ્ધ બનાવવામાં આવ્યાં છે, અને તે પણ મનુષ્યને પ્રાપ્ત થયેલાં ઈશ્વરદત્ત જ્ઞાન, કૌશલ્ય અને પ્રતિભાને જ આભારી છે અને આમ જે કાંઈ શક્ય બનાવવામાં આવ્યું છે, તેમાં ગૌરવ તો ઈશ્વરનું જ છે.

આમ છતાં, આધ્યાત્મિક જગતમાં, દૈહિક દૃષ્ટિ કે ચર્મચક્ષુ કરતાં અંતર્ચક્ષુઓનો મહિમા અનેરો છે. પવિત્ર બાઈબલનાં વચનોનું અધ્યયન કે અભ્યાસ કરતાં અગાઉ પવિત્ર વચનોમાંની જ આ વિશ્વપ્રસિદ્ધ યાચના ઉચ્ચારવામાં આવે છે :

"તારા નિયમશાસ્ત્રમાંની આશ્ચર્યકારક વાતોનું અવલોકન કરવા માટે મારી આંખો ઉઘાડ." **(ગીતશાસ્ત્ર ૧૧૯ : ૧૮)**

—એદનબાગમાંના પ્રતિબંધિત વૃક્ષનું ફળ આરોગીને પ્રથમ યુગલે ઈશ્વરની આજ્ઞા ઉથાપી : તે જ ક્ષણે બંનેની આંખો ઊઘડી ગઈ, અને તેમને પોતાની વાસ્તવિક સ્થિતિનું ભાન થયું. **(ઉત્પત્તિ ૩ : ૭)**

— ઈશ્વરે હાગારની આંખો ઉઘાડી, અને ઈશ્વરના દૂત દ્વારા તેને તેના તરસ્યા પુત્રને માટે પાણી પ્રાપ્ત થયું. **(ઉત્પત્તિ ૨૧:૧૯)**

— ઈશ્વરે બલામની આંખો ઉઘાડી. તેને પણ ઈશ્વરના દૂતનું દર્શન થયું. તેને મુક્તિ મળી અને ઉચ્ચસ્થાન પ્રાપ્ત થયું. — **(ગણના ૨૨:૩૧)**

—પ્રભુ ઈસુના પુનરુત્થાન અને સ્વર્ગારોહણની બે ઘટનાઓની વચ્ચેના ચાળીસ દિવસો દરમિયાન દસ પ્રસંગોએ, અને સ્વર્ગારોહણ પછી ત્રણ પ્રસંગોએ ઈસુએ વિવિધ વ્યક્તિઓને દર્શન આપ્યું. આ સર્વમાં ત્રણ પ્રસંગો વિશિષ્ટરૂપે જુદા તરી આવે છે :....

—ચોથું દર્શન એમ્મૌસ ગામે જઈ રહેલા બે શિષ્યોને આપ્યું. યરુશાલેમથી નીકળેલા

આ બે પ્રવાસીઓ માર્ગમાં તાજેતરમાં બની ગયેલી ઘટનાઓ વિષે ચર્ચા કરતા હતા. આ દરમિયાન ઈસુ અચાનક જ તેઓની વચમાં ચાલવા લાગ્યા. ઈસુએ તેઓ પરસ્પર શી વાતો કરતા હતા તેની પૃછા કરી. આ બાબતના ઉત્તરરૂપે, તેઓએ ઈસુને જે સામે પ્રશ્ન પૂછ્યો તે વેધક અને વિશાળ હતો – તેઓએ ઈસુને પૂછ્યું : 'સમગ્ર યરુશાલેમવાસીઓમાં માત્ર તું જ આ ઘટનાઓ વિષે જાણતો નથી ?'' આશ્ચર્યમાં ડૂબેલા આ પ્રવાસીઓ સમક્ષ ઈસુએ મોશેથી માંડીને પ્રબોધકો તથા ગીતશાસ્ત્ર સુધીનાં વચનોનું સ્પષ્ટીકરણ કર્યું. સંધ્યા ઢળતી હતી, ત્યારે સ્થળ આવી જવા છતાં નવા આગંતુકે આગળ વધતાં, શિષ્યોએ તેને પોતાની સાથે રહેવા આગ્રહ કર્યો – અંદર પ્રવેશીને જમતી વેળાએ ઈસુએ રોટલી લઈને સ્તુતિ કરીને ભાંગી, અને તેઓને આપી. આ જ ક્ષણે તે શિષ્યોનાં બંધાઈ ગયેલા ચક્ષુ ઊઘડી ગયાં. - He Opened their understanding - અને તેઓએ ઈસુને ઓળખ્યા પણ તે જ પળે તે અદૃશ્ય થઈ ગયા....માર્ગમાં ઈસુની વાણી સાંભળીને તેમનાં હૃદયો ઉલ્લાસથી ભરાઈ ગયાં હતાં, એવાં જ ઉલ્લાસી હૃદયો સાથે, તેઓ તે જ પળે યરુશાલેમ જવા પાછા ફર્યા.

- સ્વર્ગારોહણ પછી, દમસ્ક જવાના માર્ગ પર શાઉલ(પાઉલ)ને ઈસુનું દર્શન થયું. ઝળહળા પ્રકાશમાં એક વાણીએ તેને પ્રશ્ન કર્યો, કે 'યરુશાલેમમાંના પ્રભુના સંતોને તું કેમ ત્રાસ આપે છે ?' શાઉલે સામે પ્રશ્ન પૂછતા જાણ્યું કે 'તે ઈસુ છે', ત્યારે તે જમીન પર પટકાઈ પડ્યો અને તેણે દૃષ્ટિ ગુમાવી દીધી.

—આ પછી, અનાન્યા નામે શિષ્ય, પ્રભુના જ આદેશથી શાઉલ પાસે ગયો. તેણે તેના પર હાથ મૂકીને કહ્યું કે, "તારી આંખો ઊઘડી જાય અને તું પવિત્ર આત્માથી ભરપૂર થાય, માટે, માર્ગ પર તને દર્શન આપનાર ઈસુએ જ મને મોકલ્યો છે." ..... તે જ ક્ષણે તેના ચક્ષુ ઊઘડી ગયાં, તે બાપ્તિસ્મા પામ્યો, અને તેનું હૃદય પરિવર્તન થયું.

—પુનરુત્થાન બાદ ઈસુએ અમુક સ્ત્રીઓને તથા શિષ્યોને ક્રમે ક્રમે દર્શન આપ્યાં. પણ આ સર્વમાં, થોમાના અવિશ્વાસનો પ્રશ્ન સદંતર અલગ તરી આવતો હતો. ઈસુ અવશ્ય સજીવન થયા છે, તે સત્યનો આખર સુધી ઇનકાર કરીને વારંવાર એ જ વાતનો પુનરોચ્ચાર તે કરતો રહ્યો. હકીકતમાં તેને પગ અને કૂખ પરના ખીલાના અને ભાલાના ઘાને સ્પર્શ કર્યા વિના તે વિશ્વાસ કરવાનો નથી, એવો દુરાગ્રહ તેણે જારી રાખ્યો—અંતે, પોતાના શિષ્યને અવિશ્વાસથી બચાવવા ઈસુને શારીરિક પુરાવા આપવા જ પડ્યા. અન્ય શિષ્યો સાથે થોમા હાજર હતો, ત્યાં ઈસુએ ઉપસ્થિત થઈને પોતાના તમામ ઘાની નિશાનીઓને સ્પર્શ કરીને ખાત્રી કરવાનો તેને આદેશ આપ્યો થોમાએ આદેશનું પાલન કરતાં તેને તત્કાળ સત્ય સમજાઈ ગયું, અને અવિશ્વાસમાં 'બંધાઈ ગયેલાં ચક્ષુ ઊઘડી ગયાં.' તે હર્ષઘેલો થઈને પોકારી ઊઠ્યો : 'મારા પ્રભુ મારા દેવ !'......

—પણ ઈસુ થોમાને આ વચન કહે છે : 'તેં મને જોઈને વિશ્વાસ કર્યો છે; જેઓએ જોયા વિના વિશ્વાસ કર્યો છે તેઓને ધન્ય છે.' (યોહાન ૨૦ : ૨૯)

ઈસુના પુનરુત્થાનમાં વિશ્વાસ ધરાવનારાઓની સંખ્યા તે સમયે મર્યાદિત હતી : પણ શિષ્ય થોમાને ઉદ્દેશીને ઉચ્ચારાયેલું આ વચન આજના ખ્રિસ્તી આલમના અબજો વિશ્વાસુ અનુયાયીઓનાં જીવનોને સ્પર્શી જાય છે, અને તેઓ પોતાનાં હૃદયોમાં પ્રભુ ઈસુ-પ્રેરિત ધન્યતાનો અનુભવ કરે છે.

'હમણાં જો કે તમે તેને જોતાં નથી, તોપણ તેના પર વિશ્વાસ રાખો છો; તમે તેનામાં અવાચ્ય તથા મહિમાથી ભરપૂર આનંદથી હર્ષ પામો છો." (૧ પિતર ૧:૮)

❖ ❖ ❖

# ખાલી કબર – વિશ્વવ્યાપી આનંદ

મનુષ્યજીવનમાં જે અમુક વિશેષ આનંદના પ્રસંગો આવે છે તે ચોક્કસ ક્રમ પ્રમાણે આવે છે. જો વિસ્તારપૂર્વક વિચારવામાં આવે તો, માતાપિતાના જીવનમાં આવતા પ્રસંગો, બીજા તબક્કામાં તેમના પુત્ર કે પુત્રીના જીવનમાં પણ આવતા હોય છે. આ પ્રસંગો, જેવા કે બાળક-જન્મ, જન્મદિન, શાળાપ્રવેશ, અભ્યાસમાં પ્રગતિ તથા સફળતા અને ખાસ સિદ્ધિઓ, યુવાકાળમાં વિદેશગમન જેવી તકો, લગ્ન, સંવત્સરી... અને બીજા અનેક, આ સાથે ઉલ્લેખ કરવો ઘટે કે પ્રસંગોને લાગેવળગે છે ત્યાં સુધી દુઃખના પ્રસંગો પણ તે સાથે સંકળાયેલા હોય છે.

જૂના કરારમાં એ પ્રકારના ઘણાં ભવિષ્યકથનો કે વચનો છે કે જે માનવજાત માટે ભવિષ્યમાં સ્થાન લેનારા આનંદભર્યા બનાવો તેમ જ ઘટનાઓનો નિર્દેશ કરી જાય છે. ઈસુના જન્મની ઘટના પણ ગણાવી શકાય. યહૂદિયા પ્રાંતના 'નાનાશા' બેથલેહેમનું મહત્ત્વ, અને ત્યાં જગતના ઉદ્ધારકનો જન્મ થશે એવી આનંદસભર ભવિષ્યવાણી, રાત્રીના સમયે ઘેટાં સાચવતા ભરવાડોને દૂતે પાઠવેલા આનંદના સમાચાર, તારો નિહાળીને માગીઓને થયેલો મહાઆનંદ, ઈસુના અગ્રદૂત યોહાનની માતાનો આનંદ, તેમ જ જગતના તારણહારની માતા બનનાર કુમારી મરિયમનો આનંદ....

પ્રભુઈસુએ પોતાના ઉપદેશમાં વિવિધ પ્રકારના આનંદનો ઉલ્લેખ કર્યો છે. ખોવાયેલું ઘેટું, ખોવાયેલો સિક્કો તથા ખોવાયેલો પુત્ર, પુનઃ મળવાથી ઘેટાના માલિકનો, વિધવા સ્ત્રીનો તેમ જ પુત્રના પિતાને થયેલો આનંદ, ઈસુએ તો ત્યાં સુધી કહ્યું છે કે, પૃથ્વી ઉપરના પાપી માનવો પોતાનાં પાપોનું પ્રાયશ્ચિત કરે, તો તેને લીધે સ્વર્ગમાં પણ આનંદ થાય છે.

આપણા મિશનરી સ્વ. રેવ. જ્યોર્જ વિલ્સને તેમના એક પુસ્તકમાં અયૂબ વિષે

મનનીય સમીક્ષા કરી છે. આ પ્રકારના સાહિત્યમાં આ પુસ્તક એક સર્વોત્તમ ગ્રંથ ગણાય છે. પૂર્વનો આ પુરુષ અયૂબ, નિર્દોષ અને પ્રમાણિક હતો, અને તેની પાસે અઢળક સંપત્તિ, પુષ્કળ રાચરચીલું, તથા વિપુલ પ્રમાણમાં મિલકત હતી, તેને દસ સંતાનો હતાં, અને તેનું જીવન આનંદથી ભરપૂર હતું. આમ છતાં, ઈશ્વરે તેને શેતાનને હવાલે કરી દીધો.... અને તેને અસહ્ય શારીરિક કષ્ટ તથા યાતનાઓ સહન કરવાં પડ્યાં. આ સંજોગોમાં પોતાની સ્થિતિ અંગે તેણે તેના મિત્રો તથા ઈશ્વર સાથે વિવાદ કર્યો. અંતે સત્ય સમજાતા તેણે "ધૂળ અને રાખમાં બેસીને" પશ્ચાત્તાપ કર્યો. પરિણામે ઈશ્વરે તેને દુર્દશામાંથી મુક્ત કર્યો અને અગાઉના કરતાં બમણી સમૃદ્ધિ તથા સંતાનોનો તથા દીર્ઘજીવનનો આશીર્વાદ આપીને ફરી તેને આનંદિત કર્યો.

– અને અયૂબે કહ્યું : "હું જાણું છું કે મારો ઉદ્ધાર કરનાર જીવે છે, અને અંતે તે પૃથ્વી પર ઊભો રહેશે." (અયૂબ ૧૯ : ૨૫)

– 'આ વચનમાં અયૂબ ઉદ્ધારક પ્રભુ ઈસુખ્રિસ્ત તથા તેમના પુનરુત્થાનનો ગર્ભિત નિર્દેશ આપે છે.' અયૂબને ઈશ્વર તરફથી મળેલું આ પુનર્વચન – Restoration હતું, એમ કહી શકાય –

– પ્રભુ ઈસુ સ્વર્ગનું સુખ તથા વૈભવનો ત્યાગ કરીને આ જગતમાં આવ્યા. તેઓ નિષ્પાપ અને પવિત્ર હતા. છતાં, "દેવના સંકલ્પ તથા પૂર્વજ્ઞાન પ્રમાણે" (પ્રે.કૃ. ૨ : ૨૩) તેમને પરસ્વાધીન કરીને દુશ્મનોને હવાલે કરવામાં આવ્યા. આ પછી મુકદ્દમો, જૂઠા આક્ષેપો, જુલમ, મશ્કરી તથા અપમાન, કોરડાનો માર તથા અંતે ક્રોસ પરના મૃત્યુની અકથ્ય વેદના તેમણે સહન કરી. મૃત્યુ પામેલા ખ્રિસ્તના દેહને કબરમાં દફનાવી દેવામાં આવ્યો.

ઈસુએ પોતાને માટે નહિ, પણ સારાયે જંગતને માટે પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું. પવિત્ર વચનો પરિપૂર્ણ થતાં જતાં હતાં....

– જન્મ, સેવાકાર્યો, કસોટી, દુઃખસહન, મૃત્યુ અને દફન – આ સર્વ પરિપૂર્ણ થયાં હતાં, પણ જે કબરમાં ખ્રિસ્તનો મૃતદેહ મૂકવામાં આવ્યો હતો, તે કબર ત્રીજા દિવસની સવારે ખાલી હતી.

"ઈશ્વરે મૃત્યુની વેદનામાંથી છોડાવીને તેમને સજીવન કર્યા." (પ્રે.કૃ. ૨ : ૨૪)

– એ ખાલી કબરમાં, ઈસુના મૃતદેહને શોધતી સ્ત્રીઓને દૂતે કહ્યું, "જે હવે જીવંત છે, તેને તમે મૃતકોમાં કેમ શોધો છો ?" પછી દૂતે એ સ્ત્રીઓને આ આનંદના સમાચાર શિષ્યોને કહેવાનો આદેશ આપ્યો.

"ઈસુને ઈશ્વરપિતાએ આપેલું એ "પુનર્વસન" (restaration) નહોતું; એ તો 'પુનરુત્થાન' (resurrection)' હતું. આજે એ પુનરુત્થાનનો આનંદ વિશ્વવ્યાપી બની રહ્યો છે.

— કાલવરીના બાગમાંની એ 'ખાલી' કબર આજે પણ ખાલી જ છે.

— 'એ ખાલી કબર હવે મૃતકોની ભૂમિ નથી, પણ જીવન તથા પુનરુત્થાનની ભૂમિ છે.'

— મૃત્યુ પરના વિજયના વિશ્વવ્યાપી આનંદનો જે પ્રવાહ ખાલી કબરમાંથી વહેતો થયો, તે કાલવરી તથા યરુશાલેમથી માંડીને, વિશ્વની ક્ષિતિજો પાર કરીને, આજ પર્યંત અસ્ખલિત વહી રહ્યો છે...

"કારણ કે દાઉદ તેના વિષે કહે છે કે, તું મારા આત્માને હાદેસમાં રહેવા દઈશ, વળી તું પવિત્રને કોહવાણ પણ જોવા દઈશ નહિ;

તેં મને જીવનના માર્ગ જણાવ્યા છે :

તું તારા મુખ(ના દર્શન)થી મને આનંદથી ભરપૂર કરીશ." (પ્રે.કૃ. ૨ : ૨૫, ૨૭)

❖ ❖ ❖

# એક અવિનાશી ફૂલ

પ્રેસિડેન્ટ જેફરસન મૃત્યુશૈયા પર હતા, ત્યારે મૃત્યુ પામતા અગાઉ તેઓએ આ અંતિમ શબ્દો ઉચ્ચાર્યા હતા :

"હું મારો આત્મા ઈશ્વરને, અને મારી પુત્રી રાષ્ટ્રને અર્પણ કરું છું..."

ઈશ્વરપિતા અને પોતાના રાષ્ટ્ર પ્રત્યેના પ્રેમનું આ એક અનોખું ઉદાહરણ છે.

કોઈપણ ભાષામાં પ્રેમનો વિષય ચર્ચવાનો હોય, તો તે ભાષાના તેને લગતા શબ્દો પણ ઓછા પડે; અને સંત યોહાનના શબ્દોમાં કહેવાનો પ્રયાસ કરીએ, તો પ્રેમ એ એટલો મહાન અને ગહન વિષય છે કે 'તે વિષે પુસ્તકો લખવામાં આવે તો તેની સંખ્યા એટલી બધી થાય કે તેના સમાવેશ કદાચ આ જગતમાં થઈ શકે નહિ! તાત્પર્ય એટલું જ કે પ્રેમ એ એટલો વિશાળ અને વ્યાપક, સાહિત્ય પર છવાઈ જતો વિષય છે.

'પ્રેમ' — આ બે અક્ષરનો શબ્દ, પણ એ સમસ્ત ગુજરાતી ભાષાનો શ્રેષ્ઠ અને સુંદર શબ્દ છે. મનુષ્યના હૃદયમાં આરંભથી જ પ્રેમની સ્વાભાવિક લાગણી હોય છે. પોતાના વ્યક્તિત્વ ઉપર, સ્વજનો પર, પ્રિયજનો પર, પોતાને ગમતી વસ્તુઓ તેમ જ પ્રવૃત્તિઓ પર, તેમ જ વ્યવસાયો પર પ્રાકૃતિક ધોરણે જ પ્રેમ હોય છે. અલબત્ત, માનવસ્વભાવના સ્વાભાવિક લક્ષણો પ્રમાણે ધિક્કાર, ઈર્ષ્યા, નિંદા અને વેરવૃત્તિ જેવા દૂષણો પણ મનુષ્યની જીવનશૈલી સાથે વણાઈ ગયેલા હોય એવો અનુભવ પણ કદિક થાય છે. પણ પ્રેમની પ્રબળતા સામે આ દૂષણોનો પ્રભાવ ક્ષણિક પુરવાર થાય છે. અને

માનવી સ્વભાવના આ સારાં-નરસાં લક્ષણો વચ્ચેના સંઘર્ષમાં અંતે તો પ્રેમનો જ વિજય થાય છે.

પ્રેમ એ માનવજીવનની ઈમારતનો આધારસ્તંભ છે. પ્રેમ જીવનનો શ્વાસ છે. પ્રેમ શાશ્વત છે, સનાતન છે. આકાશ, પૃથ્વી તથા ભૂતળે, પ્રેમ માત્ર એક જ પ્રથમ અને અંતિમ માર્ગ છે. અનાદિકાળથી ઈશ્વર જ પ્રેમનું ઉદ્‌ભવસ્થાન તથા સમાપન છે.

જગતના અને નિયમશાસ્ત્રના આરંભથી જ ઈશ્વરે, પ્રબોધક મારફતે અને પોતાના વચન દ્વારા પ્રેમનો આદેશ ફરમાવેલો જ છે : 'તારા દેવ પર તું તારા પૂરા અંતઃકરણથી તથા તારા પૂરા મનથી તથા તારા પૂરા બળથી પ્રેમ કર." **(યર્મિયા ૬ : ૪)**

– પ્રેમ (પ્રીતિ) વિષેના વર્ણનમાં, સંત પાઉલના કરિંથીઓને લખેલા પહેલા પત્રમાંના ૧૩મા અધ્યાયનો ઉલ્લેખ અત્રે ન થાય તો એ અપૂર્ણતા જ ગણાય :

– જેનામાં પ્રેમ નથી એવા પ્રેમરહિત મનુષ્યનું ત્યાં સચોટ વર્ણન છે... 'શ્રેષ્ઠ દાન હોય, સર્વ મર્મો તથા વિદ્યામાં નિષ્ણાત હોય, પર્વતોને માત્ર શબ્દ વડે સ્થળાંતર કરાવી શકે, એવો પ્રબળ વિશ્વાસ હોય, ભરપૂર શારીરિક શક્તિ અને શરીર અગ્નિને સોંપવા સમર્થ – આ બધું જ હોય, પણ પ્રેમ ન હોય, તો ત્યાં નરી શૂન્યતા જ છે.

– સહનશીલતા, પરોપકાર, ન્યાય, નમ્રતા, સત્ય, અખૂટતા, આ બધું જ પ્રેમમાં સમાયેલું છે. એ વિનાનો મનુષ્ય માત્ર 'રણકાર પિત્તળ' કે 'ઝમકાર કરનાર ઝાંઝ' સમાન છે."

– પ્રેમમાં ઢોંગ કે દંભ પણ હોઈ શકે. શબ્દો દ્વારા પ્રેમ વ્યક્ત કરવો, લેખ, કાવ્ય કે પુસ્તક લખવું તે સરળ છે. પણ ત્યાં પૂર્ણવિરામ આવી જતું નથી. 'કૃત્યમાં પ્રેમ – Love in Action –' એ મુક્તક સુપ્રસિદ્ધ છે. એમાં નક્કર પ્રેમનો ઉપદેશ છે.

– સંત યોહાનના શુભસંદેશના ત્રીજા અધ્યાયના સોળમા વચનમાં, 'ઈશ્વરે જગત પર પ્રેમ કર્યો' એટલા જ શબ્દો હોત, તો એ કથન કદાચ કંઈક અંશે અપૂર્ણ લાગવાની સંભાવના હોત પણ તે પછીના મહત્ત્વના શબ્દો, એટલે કે, "પોતાનો એકાકીજનિત પુત્ર આપ્યો" – એમાં વિશ્વના ઇતિહાસમાં અભૂતપૂર્વ એવા નિઃસ્વાર્થ અને મહાન પ્રેમનો અનુભવ જગતને થયો.

– સમગ્ર નિયમશાસ્ત્ર અને પ્રબોધકોનાં પુસ્તકો જેના પર આધારિત છે, એવી બે મહાન આજ્ઞાઓ પ્રભુ ઈસુએ આપી છે : માથ્થી ૨૨ : ૩૪-૪૦ - માર્ક ૧૨ : ૨૯-૩૧.

મહાન કવિ. જે. વી. એસ. ટેલરે પોતાના, "ઈસુનો અચળ પ્રેમ" એ શીર્ષક હેઠળ રચેલા ભક્તિગીતમાં ઈસુના પ્રેમ અંતર્ગત મનનીય રજૂઆત કરી છે :

"સૃષ્ટિમાં ખીલી ઊઠેલા ફૂલનું સૌંદર્ય,

યુવાનીનું જોમ, ચંદ્રની વધઘટ,

સૂર્યનો ઉદય અને અસ્ત, આંધીનો આરંભ અને

અંત, મિત્રોનું આગમન અને વિદાય..."

– આ સર્વ આવશે અને ચાલ્યું જશે. આ કાવ્યનું હાર્દ એ છે કે વિશાળ સૃષ્ટિના તમામ વિકારોમાં, એક ન્યૂનતમ અંગ સમું ફૂલ પણ ખરી પડે છે. તેમાં સંદેશ સમાયેલો છે કે ખ્રિસ્તનો પ્રેમ એક અવિનાશી ફૂલ' સમાન છે, જે કદી જ કરમાઈ જતું નથી કે ખરી પડતું નથી. તેનું સૌંદર્ય, શ્રેષ્ઠતા અને સુવાસ સનાતન છે.

"પ્રેમ ફરે નહિ ઈસુનો, નહિ તે કરમાશે"

❖ ❖ ❖

# નવી આજ્ઞા – નવી સૃષ્ટિ

છ દિવસના સર્જનકાળ બાદ ઈશ્વરે સાતમા દિવસને આશીર્વાદ આપીને વિશ્રામ લીધો. આ સર્વ ઈશ્વરપિતાએ પોતે સર્જેલ માનવીના ઉપભોગ માટે બનાવ્યું. ઉપરાંત મનુષ્યના નિવાસસ્થાન માટે પોતે રચેલો એદનબાગ સુપરત કર્યો.

મનુષ્યની આવશ્યક્તાઓનો વિચાર કરીને ઈશ્વરે સમગ્ર સર્જનસૃષ્ટિ પર તેને વિશેષાધિકાર આપ્યો. માત્ર તેને સોંપવામાં આવેલા બાગનાં વૃક્ષો પૈકી, બાગની મધ્યમાં આવેલાં વૃક્ષનું ફળ નહિ ખાવાની તેને આજ્ઞા આપી. ઈશ્વરે મનુષ્યને આપેલી એ પ્રથમ આજ્ઞા હતી. પણ એ પ્રથમ માનવ યુગલે પ્રલોભનમાં પડીને તેનું ઉલ્લંઘન કર્યું.

આ આજ્ઞાભંગની શિક્ષારૂપે તેને બાગમાંથી દૂર કરીન શ્રાપ આપ્યો. મનુષ્યના આ પ્રથમ પાપ પછી પૃથ્વીમાં પાપાચારની સર્વાંગી વૃદ્ધિ થવા લાગી. આમ, પૃથ્વી ને 'જુલમથી ભરપૂર' થયેલી જોઈને, ખેદિત થયેલા ઈશ્વરે, પોતે સર્જેલી સૃષ્ટિને જળપ્રલય દ્વારા નામશેષ કરીને નષ્ટ કરી.

જૂના કરારનાં પુસ્તકોમાં ઐતિહાસિક ઘટનાઓ, નિયમશાસ્ત્ર, નિયમભંગની શિક્ષા તથા ચેતવણી અને પ્રબોધકો દ્વારા ઉચ્ચારવામાં આવેલાં ભવિષ્યકથનોનો સમાવેશ થાય છે. ઈશ્વરે આપેલી સૌપ્રથમ આજ્ઞાનો માનવે ભંગ કર્યો. ત્યાર પછીના કાળમાં ઈસ્ત્રાએલી પ્રજાને મોશે દ્વારા દસ આજ્ઞાઓ આપવામાં આવી. (નિર્ગમન ૫ અને પુનર્નિયમ ૨૦). અમુક વિશેષ આજ્ઞાઓના પાલન દ્વારા પ્રાપ્ત થતા આશીર્વાદો તથા તે ઉથાપવાથી કરવામાં આવતી શિક્ષાઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. દુનિયાની પ્રજાઓની

પરિસ્થિતિ વિષમ બનતી જતી હતી. પ્રભુ ઈસુના દુઃખ સહનનું વર્ણન કરતા, યશાયા પ્રબોધકે જગતની તત્કાલિન હાલતનું હૂબહૂ દર્શન કરાવતા આ વચનો ઉચ્ચાર્યા હતા :

"આપણે સૌ ઘેટાંની માફક ભટકી ગયા છીએ, અને પ્રત્યેક પોતપોતાને માર્ગે વળી ગયો છે..." (યશાયા ૫૩ : ૬)

પણ સમગ્ર સૃષ્ટિનો સંહાર કરીને, કરુણામય પિતાએ ફરીથી પ્રલય નહિ કરવાનો સંકલ્પ કરીને માનવજાત સાથે એક કરાર સંસ્થાપિત કર્યો, અને "ઈશ્વર તથા પૃથ્વીના સર્વ દેહધારીની વચ્ચે એ સર્વકાળનો કરાર" થયો.

– જગત ઉપર ઈશ્વરનો પ્રેમ. (યોહાન ૩ : ૧૬)

– પ્રભુ ઈસુનો નવો કરાર અને પ્રેમની નવી આજ્ઞા....

– પાપના ભાર નીચે પીડાતી માનવજાતના ઉદ્ધાર. માટે જગતમાં તારણહારનું આગમન થયું.

ઈસુનું 'પહાડ પરનું ભાષણ.' (જે ગિરિપ્રવચનના નામે વિશ્વભરમાં વિખ્યાત છે) તે દ્વારા માનવી જીવનની સર્વ ભૌતિક તેમ જ આધ્યાત્મિક દષ્ટિએ મુક્તિનો આદર્શ માર્ગ ઈસુએ દર્શાવ્યો અને વિપુલ તથા ભરપૂર જીવનનાં દ્વાર ખોલી નાંખ્યાં...

"પુરાતન કાળમાં જે કહેલું હતું તે તમે સાંભળ્યું હશે પણ હું તમને કહું છું કે..... એ શબ્દો ઉચ્ચારીને, અધિકૃત રીતે આગળ વધીને, પ્રભુ ઈસુએ જૂની આજ્ઞાને નવું સ્વરૂપ આપ્યું : 'હત્યા ન કર.' હત્યા તો શું, ગુસ્સો પણ નહિ.'

– અને અંતે ઈસુએ પોતાના અનુયાયીઓને કહ્યું : "હું તમને એક નવી આજ્ઞા આપું છું." યોહાન ૧૩ : ૩૪ – અને આ આજ્ઞાના શબ્દોમાં સનાતન સંદેશો સમાયેલો છે. "અરસપરસ પ્રેમ."

– 'ઈસુના અનુયાયીઓ આ નવી આજ્ઞાનું પાલન કરીને એક નવી જીવનસૃષ્ટિનું સર્જન કરે છે, પ્રેમ અને વિશ્વાસની ખડકસમી ભૂમિ પર આધ્યાત્મિક જીવનની નવી ઈમારતનું ચણતર કરે છે.'

– પૃથ્વી પરની પુરાતન પ્રજાઓએ ઈશ્વરની આજ્ઞાનું પાલન કર્યું નહિ; અને પૃથ્વી પર ચાલીસ દિવસ અને ચાલીસ રાત વરસાદ વરસ્યો.... સમગ્ર પૃથ્વી જળબંબાકાર બની ગઈ અને સૃષ્ટિનો સર્વનાશ થયો. (ઉત્પત્તિ ૭)

– આજ્ઞાઓ સાંભળીને તેનું પાલન કરનારને ઈસુએ શાણા મનુષ્યનું ઉપનામ આપ્યું, જેણે પોતાનું ઘર ખડક પર બાંધ્યું, વરસાદ વરસ્યો ને રેલ આવી, પણ તેનો નાશ થયો નહિ કેમ કે તેનો પાયો ખડક પર નાખેલો હતો. (માથ્થી ૭ : ૨૪-૨૭)

નવું આકાશ.... નવી પૃથ્વી.... (પ્રકટી. ૨૧ : ૧)

"જે કોઈ મનુષ્ય ખ્રિસ્તમાં છે, તો તે નવી ઉત્પત્તિ છે. જે જૂનું હતું તે સર્વ જતું રહ્યું છે, જુઓ તે નવું થયું છે." (૨ કરિંથી ૫ : ૧૭)

કલોસ્સીઓના પત્રમાં સંત પાઉલ કહે છે :

"તમે જૂના સ્વભાવને તેની ટેવો સાથે મૂકી દીધો છે, અને નવો સ્વભાવ પહેરી લીધો છે. આ નવા માણસને ઈશ્વર, જે તેના સર્જનહાર છે તે હંમેશા પોતાની પ્રતિમા પ્રમાણે સતત નવો કરતા જાય છે...." (કલોસ્સી ૩ : ૧૦)

'નવી આજ્ઞા.... નવી સૃષ્ટિ –' પ્રભુ ઈસુના ૨૦૦૫ના વર્ષનો સૂર્ય અસ્ત થયો છે. ૨૦૦૬ના નૂતનવર્ષનો સૂર્યોદય થઈ ચૂક્યો છે.

એ સમયે, ઈસુની નવી આજ્ઞાઓનું પાલન કરીને, 'જીવનની નવી ઈમારત'નું પ્રેમ અને વિશ્વાસના અવિચલ ખડક પર નિર્માણ કરવાનો તેમના પ્રત્યેક અનુયાયી માટે સમયનો આ શ્રેષ્ઠ અવસર બની શકે.

❖ ❖ ❖

# માતા તરીકેની મરિયમની ભૂમિકા

પાપ અને દુઃખમાંથી મુક્તિ મેળવવા ઝંખી રહેલી દુનિયાની પ્રજાઓને મુક્તિદાતાની અપેક્ષા હતી. તે પૂર્ણ કરવા માટે સમયની સંપૂર્ણતાએ, પોતાની યોજના અનુસાર ઈશ્વરપિતાએ પોતાના જ પુત્રને જગતમાં મોકલ્યો. આ યોજનાને પગલે, આ બાળકનો પૃથ્વી પર જન્મ થાય તે માટે ઈશ્વરે બેથલેહેમની કુમારિકા મરિયમને પસંદ કરી. તે સીધીસાદી, ગરીબ અને પવિત્ર કુમારિકા હતી.

ઈશ્વરના દૂત દ્વારા આ વધામણી મળ્યા બાદ, કુમારિકાએ આ આદેશને શિરે ચઢાવ્યો અને વિનમ્રપણે તેને આધીન થઈ. 'પવિત્ર દેવના દીકરાની, પરાત્પરના દીકરાની અને સર્વકાળના રાજ્યકર્તાની, એટલે મુક્તિદાતાની માતા બનવા પોતાની અનુમતિ આપી દીધી. અને દૂતને કહ્યું, 'મારે વિષે તારી વાણી સાચી પડો !'

– પવિત્ર આત્માના સામર્થ્યથી કુમારિકાએ ગર્ભ ધારણ કર્યો, અને નિર્ધારિત પળે પુત્ર જન્મ થયો.... શાસ્ત્રવચનો પૂર્ણ થયાં, અને હવે કુમારિકા મરિયમે આ બાળકની 'માતા'ની ભૂમિકા પરિપૂર્ણ કરવાની હતી.

બેથલેહેમના એક ખેતરમાં રાત્રી સમયે પોતાનાં ઘેટાં સાચવતા કેટલાક ભરવાડોને ઈશ્વરના દૂત દ્વારા આ શુભસંદેશ આપવામાં આવ્યો. તેઓ તત્કાળ બેથલેહેમ પહોંચ્યા. મળેલી માહિતી મુજબ મરિયમ યુસુફ તથા બાળઈસુને શોધી કાઢ્યાં બાળરાજાનાં દર્શન

કર્યાં.... આ બાળક તથા ઈશ્વરના મહિમા સંબંધી જે વાતો ભરવાડોએ કરી, તે માતા મરિયમે પોતાના હૃદયમાં સંઘરી રાખી, અને તે વિષે મનન કરતાં રહ્યાં.

આઠ દિવસ પસાર થઈ ગયા.

ઈશ્વર તરફથી મળેલા આદેશોને, માતા તરીકે પરિપૂર્ણ કરવાની ભૂમિકાનો હવે આરંભ થયો હતો. પ્રથમ જન્મેલા બાળકને પ્રભુને સમર્પિત કરવાની વિધિ અનુસાર માતા પિતા બાળકને લઈને યરૂશાલેમના મંદિરમાં આવ્યાં. યરૂશાલેમમાં શિમયોન નામે એક ધર્મનિષ્ઠ અને ભક્ત હૃદયી વૃદ્ધ માનવી હતો. પવિત્ર આત્માની પ્રેરણા દ્વારા તે મંદિરમાં ઉપસ્થિત થયો. બાળ ઈસુને હાથમાં લઈને તેને પ્રભુને સમર્પિત કરતાં, સ્તુતિ કરીને આશીર્વાદ આપ્યો. ત્યારપછી તેણે માતા મરિયમને કહ્યું, 'આ બાળક ઈસ્ત્રાએલમાં ઘણાંનો વિનાશ કરવા તેમ જ ઉદ્ધાર કરવા, તેમ જ વિરોધીઓનું નિશાન બનવા નિર્માયો છે..... અને તારું હૃદય પણ તીક્ષ્ણ તલવારથી વીંધાઈ જશે !'

માતાની વિવિધ ભૂમિકાનો પ્રારંભ !

ખ્રિસ્તમાં જન્મ પછી, વિશ્વ ઈતિહાસમાં સૌથી કરુણ કહી કાય એવી ઘટના બની. નવા રાજાના જન્મના સમાચાર સાંભળીને સત્તાલોભી હેરોદે, પૂર્વના ખગોળશાસ્ત્રીઓને તે વિષે શોધ કરવાનો હુકમ કર્યો. પણ ઈશ્વરના આદેશથી ખગોળશાસ્ત્રીઓએ તેમ ન કર્યું, અને હેરોદ રાજાનો રોષ ભભૂકી ઊઠ્યો. પોતાનો ઈરાદો બર લાવવા તેણે બેથલેહેમ અને આસપાસનાં નગરોનાં બાળકોની હત્યા કરી નાખવાનું અતિક્રૂર ફરમાન કર્યું. એ અમાનુષી ફરમાનનો અમલ પણ થયો...

યર્મિયા પ્રબોધકનું ભવિષ્યકથન સાચું પડ્યું કે

'રામાહમાં રુદન અને વિલાપનો પોકાર સંભળાયો. રાહેલ પોતાનાં બાળકો માટે રડે છે. તે દિલાસો પામવા ચાહતી જ નથી. કારણ કે તેનાં બાળકો હવે નથી.' (યર્મિયા ૩૧ : ૧૫) (માથ્થી ૨ : ૧૮)

માતા મરિયમ અને માતા રાહેલ - હર્ષાનંદ અને કરુણતાનું એક સાથે દર્શન કરાવતી બે માતાઓની આ ભૂમિકાઓ એકબીજીથી કેટલી ભિન્ન છે !

સમય વહેતો ગયો,

ઈસુ બાર વર્ષના થયા.

પ્રતિવર્ષની જેમ માતા-પિતા પુત્રને લઈને પર્વની ઉજવણીમાં યરૂશાલેમ ગયાં. પર્વના દિવસો પૂરા થતા તેઓ પાછાં નાઝરેથ આવવા નીકળ્યાં. અમુક મજલ કાપ્યા પછી માતા-પિતાને ઈસુ દેખાયા નહિ. પુત્રની શોધ કર્યા છતાં ન મળતાં તેઓ યરૂશાલેમ

પાછાં ગયાં. ત્યાં મંદિરમાં બાળક ઈસુને પંડિતો અને જ્ઞાનીઓ સાથે પ્રશ્નોત્તરી કરતા મળી આવ્યા. માતાને આનંદ થયો; પણ તેમણે સહજભાવે કહ્યું : 'દીકરા, તેં આવું વર્તન શા માટે કર્યું ? અમે દુઃખી થઈને તારી શોધ કરી.' પુત્રે ઉત્તર વાળતાં કહ્યું, 'મારી શોધ તમે શા માટે કરી ? શું તમે નથી જાણતાં કે મારે 'મારા પિતાને ત્યાં' હોવું જોઈએ ?' – 'બાળકના પ્રત્યુત્તરમાં માતાપિતાને કંઈ સમજાયું નહિ.'

પુત્ર નાઝરેથ આવીને માતા-પિતાને આધીન રહ્યા.

'પણ માતાએ એ બધી વાતો પોતાના મનમાં રાખી.'

– આ પછી વર્ષો પસાર થઈ ગયાં.

એ સમય દરમિયાન, ઈસુ પોતાની પિતાની ઇચ્છાનુસાર સેવા કાર્યો કરતા હતા. હવે માતા સાથે વિશેષ મુલાકાતો થતી ન હતી. એક સમયે કેટલાક લોકોએ ઈસુને સંદેશો પાઠવ્યો કે, 'તમારી માતા તથા તમારા ભાઈઓ તમને મળવા બહાર ઊભાં રહ્યાં છે.' ઈસુએ પ્રત્યુત્તર વાળ્યો કે 'જે મારા પિતાની ઇચ્છાનુસાર વર્તે છે તે જ મારી માતા મારા ભાઈઓ છે.'

આ વિષે જાણીને તેમની માતાને, ૧૨ વર્ષની ઉંમરે યરૂશાલેમના મંદિરમાં દીકરાએ જે પ્રત્યુત્તર આપ્યો હતો, તે યાદ આવ્યો હશે ! તે સમયે એ શબ્દો તેમને સમજાયા ન હતા. પણ આજે તેનો મર્મ તેઓને સમજાઈ ગયો હશે.

હવે પ્રભુ ઈસુની વય ૩૩ વર્ષની હતી. વિરોધીઓનું નિશાન બની ચૂકેલા ઈસુને દોષિત ઠરાવીને કાલવરીની ટેકરી ઉપર ક્રોસ પર જડી દેવામાં આવ્યા હતા. પૃથ્વી પરના તેમના જીવનની આ અંતિમ ક્ષણો હતી. હવે તેઓ પિતાના સાંનિધ્યમાં રહેવા ચાલ્યા જવાના હતા. આ પળે તેમના સાથીઓ, શિષ્યો તથા મિત્રો, તમામ તેમને છોડીને ચાલ્યા ગયા હતા. અત્યારે તેમની સમક્ષ દુઃખી માતા તેમ જ તેમનો પ્રિય શિષ્ય યોહાન (અને અન્ય ત્રણ સ્ત્રીઓ) ક્રોસ પાસે ઊભાં હતાં. ઈસુની દારુણ વેદના નિહાળીને 'માતાનું હૃદય જાણે તીક્ષ્ણ તરવારના ઘાથી વીંધાઈ જતું હતું.' યરૂશાલેમના મંદિરમાં બાળક ઈસુના સમર્પણની ઘડીએ, ઈશ્વરભક્ત શિમયોને ઉચ્ચારેલું ભવિષ્યકથન અત્યારે સાચું પડી રહ્યું હતું !

ખ્રિસ્ત ઈસુના હૃદયમાં માતાની ઊંડી ચિંતા અને પ્રિય શિષ્ય પ્રત્યેનો પ્રેમ – ઊભરાઈ રહ્યા હતા.... તેઓ લાગણીસભર દૃષ્ટિથી માતા તથા શિષ્યને નીરખી રહ્યા હતા, અંતે, ઈસુએ યોહાનને કહ્યું : 'જો, આ તારી મા !'' અને માતા મરિયમને કહ્યું, 'જો, આ તારો દીકરો !' – અને તે જ ક્ષણે 'દીકરો માતાને' લઈને પોતાને ઘેર જવા વિદાય થયો....

'મારા પિતાની ઈચ્છાનુસાર વર્તે તે જ મારી મા' એ વચનમાં ઈસુની માતા પ્રત્યેની ઉપેક્ષાનો અંશમાત્ર નહોતો, પિતાનું સન્માન હતું.

'શિષ્ય યોહાનને ઉદ્દેશીને ઉચ્ચારેલા શબ્દોમાં એકાકી માતા માટેના આદર્શ પ્રબંધનું દર્શન છે. ઈસુના માતૃપ્રેમનું એ જ્વલંત ઉદાહરણ છે.

(ઈસુની માતા મરિયમની માતા તરીકેની ભૂમિકાનું અહીં સમાપન થાય છે, અને નવી ભૂમિકાનો આરંભ થાય છે....)

❖ ❖ ❖

# પવિત્ર આદેશ

**જૂનો કરાર :**

'.....અને આ દિવસ તમને સ્મરણાર્થે થાય, અને તમારે યહોવા પ્રત્યે એનું પર્વ પાળવું... વંશપરંપરા તમારે નિત્યના વિધિથી તે પર્વ પાળવું.'

**(નિર્ગમન ૧૨ : ૧૪)**

'મૂસાએ રક્ત લીધું, અને લોકો પર છાંટીને કહ્યું : તમારી સાથે યહોવાએ આ સર્વ વચનો સંબંધી જે કરાર કર્યો છે, તેનું રક્ત આ છે...' **(નિર્ગમન ૨૪ : ૮)**

પવિત્ર બાઇબલમાં જૂના કરારનું છેલ્લું પુસ્તક 'માલાખી' લખાયું, તે પછી આશરે ૪૦૦ વર્ષ પછી બેથલેહેમમાં ઈસુનો જન્મ થયો... પ્રભુ ઈસુના જીવનનો છેલ્લો તબક્કો હતો અને પાસ્ખાયજ્ઞનો સમય પાસે આવી રહ્યો હતો. પાસ્ખા ખાવા માટેની થયેલી વ્યવસ્થા મુજબ, મેજની આસપાસ ઈસુની સાથે તમામ બાર શિષ્યો ઉપસ્થિત હતા.

**નવો કરાર :**

'ઈસુએ રોટલી લીધી, આશીર્વાદ માંગીને તે ભાંગી, અને શિષ્યોને આપતાં કહ્યું કે, લો ખાઓ, આ મારું શરીર છે.' પછી પ્યાલો લઈને, સ્તુતિ કરીને તેઓને આપ્યો, અને તમામે તેમાંથી પીધું, ઈસુએ કહ્યું : 'કરારનું આ મારું રક્ત છે, જે ઘણાને લીધે વહેવડાવવામાં આવ્યું છે....' **(માર્ક ૧૪ : ૨૨)**

— આમ, પ્રભુભોજનના પવિત્ર સંસ્કારનું સંસ્થાપન થયું. ઈસુએ કહ્યું : 'મારી યાદગીરીને સારુ એ કરો.'

ઈશ્વરે પોતાના પુત્ર ઈસુખ્રિસ્તના શરીર અને રક્ત દ્વારા શિષ્યોને જમાડ્યા. સર્વ શિષ્યો આ પવિત્ર મેજ આગળ સંગતમાં ભાગીદાર બન્યા. દુઃખ સહન તથા વધસ્તંભ પરના મૃત્યુ પૂર્વેનું આ છેલ્લું ભોજન હતું. શિષ્યો આ પવિત્ર સંગત દ્વારા પ્રભાવિત હોવા છતાં, છેલ્લી પળે તેઓ પોતાના ગુરુને ત્યજીને તેમનાથી દૂર થઈ ગયા. યહૂદાએ ઈસુની, ધરપકડ કરાવવામાં અગ્રભાગ ભજવ્યો, અને પીતરે, પોતે તેમની સાથે હોવાનો તથા તેમને ઓળખતા હોવાનો ત્રણ વાર ઈનકાર કર્યો... પરંતુ, પ્રબોધકોની તથા ખ્રિસ્ત ઈસુની પોતાની આગાહીઓ સાચી પડવાની આવશ્યક્તા હતી.

પ્રભુ ઈસુના આદેશને પગલે, વિશ્વભરની ખ્રિસ્તી મંડળીઓ સદીઓથી, 'પ્રભુભોજન'ની પવિત્ર અને ગંભીર ક્રિયાનું પાલન કરીને ખ્રિસ્તનાં દુઃખ, મરણ તથા પુનરુત્થાનની યાદ તાજી કરે છે, અને તેમના સ્વર્ગારોહણને ઊજવે છે તથા પ્રગટ કરે છે, આજ પર્યંત સમગ્ર ખ્રિસ્તી વિશ્વ આ પવિત્ર સંસ્કાર 'વિશ્વ પ્રભુભોજન દિન' તરીકે પાળીને પ્રભુ ઈસુનો આદેશ પરિપૂર્ણ કરે છે.

અત્રે, એક વિરલ પ્રસંગની નોંધ લેવાનું આવશ્યક લાગે છે :

**પ્રથમ પ્રભુભોજન – બોરસદ, ઈ. સ. ૧૮૪૫ :** ગુજરાત - સૌરાષ્ટ્રમાં ઈ.સ. ૧૮૪૨માં મંડળીની સ્થાપના પછી એક ઐતિહાસિક માર્ગસ્તંભ સમો યાદગાર પ્રસંગ બન્યો. મંડળી બાંધવાનો સમય આવી ગયો છે એમ સમજીને, પ્રારંભિક મિશનરી સેવક, રેવ. વિલિયમ કલાર્કસન સાહેબે પ્રભુભોજન પળાવવાનો નિર્ણય કર્યો. અને ગુજરાતની મંડળીઓમાં 'માતુશ્રી મંડળી'નું બિરૂદ પામેલી 'બોરસદ મંડળી' પસંદ કરીને આ પ્રથમ પ્રભુભોજન ત્યાં પાળવામાં આવ્યું. તે સમયે ખાસીવાડી, દેવળ કે બંગલો – કંઈ પણ ન હતું ! તેથી બોરસદની વાવ પાસે, એક ખંડિયેર જેવા દરવાજા પર આવેલી 'મેડી' ઉપર, પ્રભુના સેવકોએ એકઠા મળીને પોતાના પ્રભુના મરણ પામતાં સુધીના પ્રેમનું સ્મરણ કર્યું !... ('મારું ઋણ')

'મારી યાદગીરીને સારુ એ કરો' – પ્રભુ ઈસુનો પવિત્ર આદેશ.

– પ્રભુ ઈસુના સમગ્ર જીવન, શિક્ષણ તથા વધસ્તંભ પર ઉચ્ચારેલાં વચનોમાં સમાયેલા સંદેશાના પાલન સાથે, આ પવિત્ર સંસ્કારમાંની સંગત તથા ભાગીદારી આધ્યાત્મિક જીવનમાં પરિપૂર્ણ તથા સાર્થક થાય છે :

– ગુરુ હોવા છતાં શિષ્યોના પગ ધોયા : આદર્શ નમૂનોઃ સેવા તથા નમ્રતા.

– ગેથસેમાને બાગમાં વિરોધીઓના જ ચાકરનો ઇજાગ્રસ્ત કાન સાજો કર્યો : સહિષ્ણુતા, સમવેદના.

— 'પોતે જે કરે છે તે જાણતા નથી,' એવા લોકો માટે પિતાને વિનંતી : દુશ્મનોને ક્ષમા.

— પિતાના હાથમાં આત્માની સોંપણી : સમર્પણ, સંપૂર્ણ સ્વાર્પણ.

'મારી યાદગીરીમાં એ કરો.'

— સર્વ અનુયાયીઓ માટે એ છે ખ્રિસ્ત ઈસુનો સનાતન અને પવિત્ર આદેશ !

'.... કેમ કે જેટલી વાર તમે આ રોટલી ખાઓ છો, અને આ પ્યાલો પીઓ છો, તેટલી વાર તમે પ્રભુના આવતાં સુધી તેનું મરણ પ્રગટ કરો છો...' (૧ કરિંથી ૧૧ : ૨૬)

❖ ❖ ❖

# પાણી અને લોહી

## યોહાન ૧૯:૩૪

એક ભીષણ સંગ્રામ બાદ, તરસ્યા થયેલા વિખ્યાત લશ્કરી જનરલ સર ફિલિપ સિડની પાણીની સ્પૃહા કરતા હતા. રણભૂમિ પર એક સ્થળે પાણી ભરેલો પ્યાલો જોતાં, એ તરફ આગળ વધ્યા; ત્યાં જ સખત તરસથી વ્યાકુળ બનેલા એક સામાન્ય સૈનિકને એ પ્યાલા તરફ ઘસડાતો આગળ વધતો જોયો. તરસ્યા જનરલે એ પ્યાલો ઉઠાવીને તત્કાળ પેલા સૈનિકને હોઠે ધરી દીધો, અને બોલ્યા : "મારા કરતાં પાણીની તને વધારે જરૂર છે 'Your need to greater than mine' કેવું ઉમદા કૃત્ય !

પીવા માટે પાણીની માગણી કરનાર વ્યક્તિ પરિચિત હોય કે ન હોય પણ એવી માગણી ભાગ્યે જ કોઈ નકારી શકે. પાણી પાવાનો કે પીવાનો વ્યવહાર એક સામાન્ય અને સ્વાભાવિક બાબત છે. એ એક કૌટુંબિક તથા પારિવારિક શિરસ્તો છે.

પવિત્ર બાઈબલમાં પાણીનો ઉલ્લેખ સંખ્યાબંધ સ્થળોએ થયેલો છે. ખ્રિસ્ત ઈસુએ પોતાના શિક્ષણમાં પાણી સંબંધી મહત્વપૂર્ણ વચનો ઉચ્ચાર્યા છે. એક લગ્નપ્રસંગે પાણીનો દ્રાક્ષારસ બનાવી દઈને પોતાનો પ્રથમ ચમત્કાર કર્યો. કૂવા ઉપર પાણી માટે આવેલી સ્ત્રી સાથે વાતચીત કરતાં તેને 'જીવંત પાણી' સંબંધી ઉપદેશ આપ્યો. પ્રભુમંદિરમાં ધાર્મિક ક્રિયાઓમાં પાણીનો અર્થપૂર્ણ ઉપયોગ થાય છે. તેનું મૂળ બાઈબલમાં છે.

અંગ્રેજીમાં કહેવત છે કે **"Blood is thicker than water."**

લોહીનો સંબંધ એ અસાધારણ સંબંધ છે. સાચા અર્થમાં એક જ પરિવારના

સ્નેહીજનો વચ્ચેનો સંબંધ લોહીનો સંબંધ છે. એ સંબંધ અનોખો અને પવિત્ર છે. એ લોહીની સગાઈ છે. એ ઘનિષ્ઠ અને અતૂટ છે.

પ્રવર્તમાન વૈજ્ઞાનિક યુગમાં, ખાસ કરીને વૈદકીય ક્ષેત્રે, મનુષ્યની શારીરિક સારવારની દૃષ્ટિએ લોહીનું સ્થાન અતિ આવશ્યક બની ગયું છે. લોહી શરીરને નીરોગી બનાવે છે, અસ્તિત્વ ટકાવીને જીવન બક્ષે છે.

૨૦૦૦ વર્ષ પૂર્વે, પ્રભુ ઈસુના સમયના તત્કાલિન રોમન સત્તાધીશોએ, ઈસુની ધરપકડ કરીને તેમના પર મુકદ્દમો ચલાવ્યો.

જુદા જુદા અધિકારીઓ ઉપરાંત, ઈસુને રોમન સૂબા પિલાતે પણ પ્રશ્નો પૂછ્યા. પણ ઈસુ તો નિરુત્તર અને શાંત જ રહ્યા. લાંબી તપાસ પછી ઈસુને દોષિત ઠરાવવામાં આવ્યા. જો કે પિલાતને તો ઈસુની નિર્દોષતાની ખાત્રી થઈ ચૂકી હતી. તેમને છોડી મૂકવા પિલાતે ઘણા પ્રયાસો કર્યા. પણ ઝનૂની લોકસમુદાયે તેનો હઠાગ્રહ છોડ્યો નહિ. છેવટે, સમગ્ર પરિસ્થિતિ પોતાના નિયંત્રણ બહાર જતી જોઈને, અને એ 'નિર્દોષ' લોહી વહેવડાવવાનું પાપ પોતાને શિરે ન આવે તે માટે, લોકોના દેખતાં 'પાણી' મંગાવીને પોતાના હાથ ધોઈ નાખ્યા, અને કહ્યું, "એ ન્યાયીના લોહી સંબંધી હવે હું નિર્દોષ છું." એ સામે લોકોનો પ્રત્યુત્તર આ હતો : એનું લોહી અમારે શિરે અને અમારાં સંતાનોને શિરે."

પાણીથી પોતાના હાથ ધોઈ નાખીને પોતાની જાતને 'અલગ' કરી દીધી, અને તે પછી પિલાતે ઈસુને તેમના દુશ્મનોને હવાલે કરી દીધા; અને ઈસુએ પિતાની ઇચ્છા અનુસાર મૃત્યુનો પ્યાલો પીવા, પોતાનું લોહી વહાવીને પાપી જગતનાં પાપ ધોઈ નાખવા કાલવરીના ક્રોસ તરફ પ્રયાણ કર્યું.....

અને ત્યારબાદ વીંઝાતા કોરડાના સોળથી, શિર પર મૂકેલા મુગટના કાંટાના જખમોમાંથી, ખીલાથી વીંધાઈ ગયેલા હાથ-પગના ઘામાંથી અને એમ સારાયે શરીરમાંથી નીગળતા નિર્દોષ લોહીથી વધસ્તંભનો સમગ્ર માર્ગ રક્તવર્ણો બની રહ્યો...

"યરૂશાલેમની આસપાસ પાણીની જેમ રક્ત વહેવડાવવામાં આવ્યું."

(ગીતશાસ્ત્ર ૭૯:૩)

— મૃત્યુ પામેલા ખ્રિસ્તનો દેહ હજી વધસ્તંભ ઉપર જ હતો, તે સમયે એક સૈનિકે તેમની કૂખમાં ભાલાનો છેલ્લો ઘા કર્યો અને તેમાંથી લોહી અને પાણી બહાર આવ્યાં. **(યોહાન ૧૯:૩૪)**

— વીંધાયેલા શરીરમાંથી જીવનના ઝરાનું જીવંત પાણી, અને પાપના ડાઘ ધોઈ

નાખનાર મૂલ્યવાન લોહી એક સાથે વહે છે. તૃષિત અને પાપી માનવજાત માટે અનંત જીવનનાં દ્વાર સદાને માટે ઊઘડી જાય છે....

"ઈસુ જે દેવપુત્ર છે, તેના વિના બીજો કોણ જગતને જીતે છે ? પાણીથી તથા રક્તથી જે આવ્યો, તે એ છે, એટલે ઈસુ ખ્રિસ્ત. તે માત્ર પાણીથી નહિ, પણ પાણી તથા રક્તથી આવ્યો." (૧ યોહાન ૫ : ૬)

❖ ❖ ❖

# લગનની પુષ્પમાળા

'મનુષ્ય પોતાની જીવનયાત્રાના વિવિધ તબક્કાઓ પસાર કરે છે, અને જુદા જુદા સમયોના અનુભવોમાંથી પાર પડીને આગળ વધે છે. આ જુદા જુદા સમયો, એટલે કે શૈશવકાળ, કિશોરાવસ્થા, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા અને અંતે જીવનસંધ્યા.... ત્યારબાદ ઈશ્વરની કૃપામાં અંતિમ વર્ષોનો સુવર્ણ સમય !

બાળપણ તથા કિશોરાવસ્થા રમતિયાળ પ્રવૃત્તિઓ તેમ જ નિર્દોષ તોફાનો તથા ધીંગામસ્તીમાં વીતી જાય છે. સમય જતા વિદ્યાભ્યાસ અને રમતગમતના ક્ષેત્રે વિશેષ શક્તિઓ ધરાવનાર યુવાન વિદ્યાર્થીવર્ગ શૈક્ષણિક ક્ષેત્રે પણ પ્રશંસીનીય કારકિર્દી નિર્માણ કરે છે. ત્યારબાદ વ્યવસાયિક પ્રવૃત્તિઓનો આરંભ થતાં પોતાના કાર્યમાં નિષ્ઠા, કાર્યદક્ષતા, અને ફરજપાલન દ્વારા એ ક્ષેત્રમાં પણ નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે.

શિક્ષણકાળ તેમ જ વ્યવસાયિકકાળ દરમિયાન જ્વલંત પરિણામો અને કર્તવ્યનિષ્ઠ કામગીરીને કારણે જીવનભર સુખદ સંભારણાં બની રહે તેવાં પારિતોષિકો તેમ જ પ્રમાણપત્રો તથા ભેટ-સોગાદો અર્પણ કરવામાં આવે છે.

જીવનકાળ દરમિયાન કોઈ વિશેષ સિદ્ધિ કે સફળતા બદલ, કોઈ સાહસના આરંભકાળે, તેની સફળતાપૂર્વકની સમાપ્તિ બદલ કે સુખરૂપ નિવૃત્તિ બદલ એ વ્યક્તિને પુષ્પાંજલિ અર્પવામાં આવે છે અને પુષ્પો દ્વારા યોગ્ય સન્માન કરવામાં આવે છે. આ સંદર્ભમાં જીવનમાં વીતી ગયેલા યાદગાર પ્રસંગોની તારીખો, વાર્ષિક તિથિ, વિવિધ જયંતીઓની ઉજવણીના પ્રસંગો પણ પુષ્પો તથા ફૂલો દ્વારા શોભાયમાન તથા સુવાસિત બની રહે છે... ખ્રિસ્ત ઈસુએ પણ પુષ્પોને વિશેષ મહત્ત્વ આપીને તે દ્વારા જીવનને અનુસરતું ગંભીર શિક્ષણ આપ્યું છે.

સમગ્ર ખ્રિસ્તી જીવનનાં વિવિધ સોપાનો સર કરતાં ફરજ, કર્તવ્ય, નિષ્ઠા, સન્માન અને વચનોના પાલનની ગંભીરતા સાથે જેની નોંધ લઈ શકાય તેવો, પ્રભુમંદિરમાં

પ્રભુની ઈચ્છા અનુસાર નિર્ધારિત થતો કોઈ સન્માન યોગ્ય પ્રસંગ હોય તો તે લગ્ન છે. આ આશીર્વાદિત પ્રસંગ, આરંભથી અંત સુધી સુંદર અને રંગબેરંગી પુષ્પોની સુવાસથી મહેંકતો રહે છે.....

અને એમ પવિત્ર પ્રસંગની પૂર્ણાહુતિ થાય છે. સમય વહેતો રહે છે. લગ્નની વાર્ષિક સંવત્સરીઓ આવે છે અને જાય છે. વર્ષો વહી જાય છે. વળી, રજત જયંતી અને સુવર્ણજયંતી ઊજવાય છે. એ અવસરોએ પણ સુવાસિત પુષ્પમાળાઓથી પ્રસંગોની ઉજવણી સ્મરણીય બની રહે છે.

ભેટ-સોગાદરૂપે અર્પણ થયેલી ચીજ-વસ્તુઓ યાદગાર પ્રસંગોનું સંભારણું તો બની જ રહે છે. ઘણી વસ્તુઓ સમયના વહન સાથે જર્જરિત પણ થતી જાય છે. તો કેટલીક દીર્ઘકાળ પર્યંત જળવાઈ રહે છે....

પ્રભાતે ખીલી ઊઠેલા સુવાસિત પુષ્પો વડે લગ્નની પુષ્પમાળાની કલાત્મક ગુંથણી થાય છે. પણ પ્રાકૃતિક અસરોને કારણે સંધ્યા ઢળતા તેનું સૌંદર્ય લુપ્ત થતું જાય છે.

પુષ્પમાળાની પરિમલ ભલે વાતાવરણમાં વિલીન થાય, પણ પ્રભુતામાં પ્રવેશ પામનાર પાત્રોને પ્રાપ્ત થયેલી પ્રભુનાં જીવંત વચનોની પ્રેમભરી ભેટ, તો એક અદ્વિતીય ભેટ તો છે જ, પણ તેને પગલે નવયુગલે પ્રભુમંદિરમાં આપેલા ગંભીર વચનોનાં પ્રકાશમાં પ્રેમ, વિશ્વાસ, સન્માન અને સાક્ષીરૂપી અદૃશ્ય પુષ્પમાળાની સુવાસ તેમના ભાવિ દામ્પત્ય જીવનના ઉદ્યાનને વધુ આશીર્વાદિત અને પ્રફુલ્લિત બનાવીને આધ્યાત્મિક સૌંદર્યથી સર્વદા મહેંકતો રાખશે..

"...... ફૂલ કરમાઈ જાય છે; પણ આપણા દેવનું વચન સર્વકાળ સુધી કાયમ રહેશે." (યશાયા ૪૦ : ૮)

❖ ❖ ❖

# ક્રોસ પર જડેલા ગુનેગારને ઈસુનું વચન

**સ્વર્ગ અને નર્ક**

લૂક ૧૬ : ૧૯-૨૬ આ વચનોમાં એક શ્રીમંત માણસ અને ભિક્ષુક લાઝરસની કહાણીનું વર્ણન કરવામાં આવ્યું છે. મૃત્યુ બાદ મનુષ્યને તેના કાર્યો પ્રમાણે જે અંતિમ પરિસ્થિતિ સહન કરવી પડે છે તેનું ચિત્ર દર્શાવવામાં આવ્યું છે. શ્રીમંત માણસ 'બળતામાં, વેદના પામે છે', જ્યારે લાઝરસ 'દિલાસો' પામે છે.' આ સ્વર્ગ અને નર્કમાંના અનુભવોનું આબેહૂબ દર્શન છે.

સ્વર્ગ - એટલે હેવનનો અર્થ અંગ્રેજી શબ્દકોશમાં, "લિવિંગ પ્લેઈસ ઑફ ગૉડ - હૅપી પ્લેઈસ ઓફ કન્ડીશન."એવો આપવામાં આવ્યો છે. અને નર્ક - એટલે હેલ – તેનો અર્થ "પ્લેઈસ ઓફ પનિશમેન્ટ આફટર ડેથ' એ પ્રમાણે છે.

પ્રથમ સ્ત્રી-પુરુષ-આદમ અને હવાને ઈશ્વરસર્જિત, સ્વર્ગસમા એદન બાગમાં મૂકવામાં આવ્યાં હતાં. (એદન અર્થાત્ 'ઈશ્વરનો બાગ') બાગમાંનાં વૃક્ષોનાં અન્ય ફળો સિવાય બાગની મધ્યમાં આવેલા પ્રતિબંધિત વૃક્ષનું ફળ ખાવાની તેઓને મનાઈ ફરમાવવામાં આવી હતી; છતાં પરીક્ષણમાં પરાજિત થઈને તે ફળ ખાધું અને આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું. તેની શિક્ષારૂપે તેઓને બાગમાંથી દૂર કરવામાં આવ્યાં. "મનુષ્યે સ્વર્ગ ગુમાવી દીધું...."

ઈગ્લેંન્ડના મહાન કવિ જહોન મિલ્ટને બાઈબલના વિષયો પર ઘણાં સુંદર કાવ્યો લખ્યાં છે. તેઓએ ઉપરોક્ત વિષયને અનુલક્ષીને "Paradise Lost" નામનું એક યાદગાર મહાકાવ્ય પણ રચ્યું છે. પેરેડાઈઝ લોસ્ટ, અર્થાત્ ગુમાવેલું સ્વર્ગ.

સ્વર્ગ અને નર્ક માટેના અંગ્રેજી શબ્દોના સામાન્ય અર્થ શબ્દકોષ દ્વારા સમજાય છે. પરંતુ તે વિસ્તૃત અને વાસ્તવિક વર્ણન, માથ્થી ૨૫ : ૩૪ અને ૪૧ મા વચનોમાં પ્રસ્તુત છે. એટલે સત્ય અર્થમાં સ્વર્ગ એટલે, "પિતાના આશીર્વાદિતો માટે જગતનો પાયો નાખ્યા અગાઉ તૈયાર કરેલા રાજ્યનો વારસો"; અને નર્ક એટલે "શેતાન તથા દૂતોને માટે તૈયાર કરેલો સાર્વકાલિક અગ્નિ."

— કાલવરી પર પ્રભુ ઈસુને વધસ્તંભે જડ્યા. તેમની બંને બાજુઓ પર બીજા બે ગુનેગારોને પણ વધસ્તંભ પર જડી દીધા હતા. આમાંનો એક ગુનેગાર, પોતે આ પરિસ્થિતિમાં હોવા છતાં ઈસુની નિંદા કરવા લાગ્યો. આ સમયે, પોતાના દુશ્મનોને નિર્દોષ અને અજ્ઞાન ગણીને ઈસુએ તેઓને ક્ષમા કરવા પિતાને વિનંતી કરી. આ સાંભળીને બીજો ગુનેગાર અત્યંત પ્રભાવિત થયો નિંદા કરનારને બીજો ઠપકો આપ્યો અને પોતાના

દુષ્કર્મોનો સ્વીકાર કરતા પોતાની સજાને યોગ્ય અને ન્યાયી ઠરાવી. તે સાથે ઈસુને નિર્દોષ અને નિષ્કલંક જાહેર કરીને પોતાની સાક્ષી આપી. સંપૂર્ણ સન્માન સાથે તેણે ઈસુ પ્રત્યે દૃષ્ટિ કરીને કહ્યું, "તમે રાજ્યાસન પર બિરાજો, ત્યારે મને યાદ કરજો."

ઈસુને સત્તાધીશોને સ્વાધીન કરનાર વિશ્વાસઘાતી શિષ્ય યહૂદા આત્મહત્યા કરીને પોતાના માર્ગે ગયો. ક્રોસ પર ઈસુની નિંદા અને મશ્કરી કરનાર ગુનેગાર પણ પોતાના રસ્તે ગયો. પરંતુ, ઈશ્વરનો ભય રાખનાર અને પોતાને દોષિત ઠરાવીને ઈસુને નિર્દોષ જાહેર કરનાર આ પશ્ચાતાપી ગુનેગારને પ્રભુ ઈસુ અધિકારયુક્ત પણ મૃદુ સ્વરમાં આ વચન આપે છે :

"હું તને સાચે જ કહું છું કે આજે તું
મારી સાથે પારાદૈસમાં હોઈશ.

વધસ્તંભ પર જડેલા ગુનેગારને ઈસુનું વચન અને તે પણ કેવું અદ્‌ભુત વચન !

'સાચે જ' – ખાત્રીપૂર્વકનું વચન.

'આજે' – કોઈ સમય મર્યાદા નહિ – આજે અને આજે જ.

'મારી સાથે' – અનોખો વિશેષાધિકાર

'પારાદૈસમાં હોઈશ' – એકરાર, સાક્ષી અને વિશ્વાસનું શાશ્વત અને વિજયી ફળ.

– અન્ય દુઃખો સાથે ઈસુ પોતાના શિર પર મુકાયેલા તીક્ષ્ણ કાંટાના મુગટની વેદના પણ સહન કરી રહ્યા હતા. એ જ સમયે, ક્રોસ ઉપર જ હૃદયપરિવર્તન પામી ચૂકેલા "ગુનેગાર"ને તેના જીવનની અંતિમ પળોમાં ઈસુએ અનંત જીવનનો અવિનાશી મુગટ પહેરાવી દીધો !

•

પોતાના પાપના પરિણામે સ્વર્ગ ગુમાવી દેનાર આદમ પહેલો મનુષ્ય હતો.... પોતાના પાપના એકરારના પરિણામે, ઈસુએ મૃત્યુ પૂર્વે જ આપેલા વચન દ્વારા સ્વર્ગમાં સ્થાન પામનાર આ "ક્રોસ પરનો ગુનેગાર" છેલ્લો મનુષ્ય હતો.

"જે જીતે છે, તેને દેવના પારાદૈસ (Paradise)માંના જીવનના વૃક્ષ પરનું ફળ હું ખાવાને આપીશ...." (પ્રકટી. ૨ : ૭)

❖ ❖ ❖

# 'પાપની સજાનો પહેલો પથ્થર'

પાપની વ્યાખ્યા શી ?

પવિત્ર બાઈબલમાં ૧, યોહાન, ૫ : ૧૭ અનુસાર એ સ્પષ્ટ થાય છે કે 'સર્વ અન્યાય પાપ છે.'

અર્થાત્ જે કાંઈ ખોટું, અયોગ્ય, અનૈતિક હોય, જગતના સામાન્ય અને સ્વીકાર્ય નીતિશાસ્ત્ર સાથે સુસંગત ન હોય, એવી બાબતોને 'પાપો'ની યાદીમાં સમાવી શકાય. ખ્રિસ્ત ઈસુએ ઉપદેશ કરેલ ગિરિપ્રવચન પ્રમાણે, આથીયે વધુ ગંભીર બાબતો વિશેષ રૂપે ઉપર તરી આવે છે : 'નિરર્થક ક્રોધ, હત્યા, કુદૃષ્ટિ, વ્યભિચાર, વૈરવૃત્તિ, ધિક્કાર, દંભ, લોભ, અસત્ય, આજ્ઞાભંગ...' અને આ સિવાય અન્ય અનેક નીતિ-નિયમોને પ્રભુ ઈસુએ, પોતાના સમગ્ર જીવનના નિચોડ સમા આ સંદેશામાં આવરી લીધા છે. કેટલાક અપરાધોના શિક્ષાત્મક પરિણામોનો પરોક્ષ ઉલ્લેખ પણ ઈસુએ કરેલો છે.

જૂના કરારમાં, ઈશ્વરે સર્જેલા પ્રથમ યુગલે ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને પહેલું પાપ કર્યું; અને એ પાપની સજારૂપે પ્રથમ સ્ત્રી-પુરુષને સ્વર્ગસમા એદન બાગમાંથી દૂર કરવામાં આવ્યાં. એ ઘટનાને પગલે જગતમાં પાપનો પ્રવેશ થયો, પાપની વૃદ્ધિ થઈ અને એની શિક્ષારૂપે ઈશ્વરે સકળ સૃષ્ટિનો જળપ્રલય દ્વારા સંહાર કર્યો...

- પણ પોતે સર્જેલી સૃષ્ટિનો એ કરુણાંત નિહાળીને પિતાને પશ્ચાતાપ થયો, અને ફરી કદી સૃષ્ટિ વિનાશ નહિ કરવાનો 'કરાર' માનવજાત માટે સ્થાપિત કર્યો.

- દાઉદને ઈશ્વરે રાજા તરીકે અભિષિક્ત કરીને અનેક પ્રકારે આશીર્વાદિત કર્યો હતો. પરંતુ તે સર્વની ઉપેક્ષા કરીને રાજાએ ઈશ્વરની વિરુદ્ધ પાપકર્મો આચર્યા : વ્યભિચાર અને હત્યા. જો કે આ બદલ, તેની સામે ઈશ્વર દ્વારા પાપોની સજા તો ઠરાવવામાં આવી જ હતી.

- તેમ છતાં, દાઉદે નાથાન પ્રબોધક સમક્ષ કબૂલાત કરી કે, 'મેં ઈશ્વરની વિરુદ્ધ પાપ કર્યું છે.'

- તેણે પોતાના પાપ બદલ પશ્ચાતાપ કર્યો.

પશ્ચાતાપરૂપે દાઉદે ઈશ્વર સમક્ષ કરેલી હૃદયદ્રાવક કબૂલાતનું હૂબહૂ દર્શન ગીતશાસ્ત્રના પુસ્તકના ૫૧મા અધ્યાયમાં થાય છે.

- અને નાથાન પ્રબોધકે તેને કહ્યું કે, 'ઈશ્વરે તારું પાપ દૂર કર્યું છે.'

ત્યારબાદ રાજા દાઉદ યુદ્ધમાં વિજયી બન્યો; રત્નજડિત સોનાનો મુગટ તેના શિરે મૂકાયો, અને રાજા તરીકે તે પુનઃ બિરાજમાન થયો.

**- (૨ શમૂએલ, અધ્યાય ૧૧, ૧૨)**

એક શ્રીમંત પિતાનો પુત્ર પિતાની મિલકતમાંથી પોતાનો ભાગ માગી લઈને, પિતાનું ઘર ત્યજી દઈને વિદેશ ચાલ્યો ગયો. ત્યાં અનેક પ્રકારની પાપલીલા આચરીને તમામ દ્રવ્ય ખર્ચી નાખ્યું. બધું જ વેડફી નાખ્યાં પછી કંઈ જ બાકી ન રહેતાં તે ભૂખમરા સમી વિષમ પરિસ્થિતિમાં આવી પડ્યો.

- અને અંતે તેને પાપનું ભાન થયું. પિતાનું ઘર યાદ આવ્યું. પશ્ચાતાપ થયો અને ચીંથરેહાલ સ્થિતિમાં ઘેર પાછો ફર્યો. ઘેર આવીને તેણે પિતા સમક્ષ પોતાના પાપની કબૂલાત કરતા કહ્યું : 'પિતાજી, મેં ઈશ્વર સામે અને તમારી સામે પાપ કર્યું છે, હવે મને તમારો પુત્ર નહિ, પણ ઘરના એક નોકર સમાન ગણો.' પાપની સજા પોતે જ પોતાના શિરે વહોરી લીધી.

- પણ પ્રેમાળ અને વત્સલ પિતાએ બધું વીસરી જઈને એને નવાં વસ્ત્રો અને આભૂષણોથી સજાવી દઈને એ ખોવાઈ ગયેલા અને મૃત માની લીધેલા પુત્રને પુનઃ પુત્ર તરીકેનું સ્થાન આપીને આનંદોત્સવ મનાવ્યો.

- 'જ્યાં પાપનો હૃદયપૂર્વકનો એકરાર છે, તથા પશ્ચાતાપ છે ત્યાં સજા નથી, પણ ક્ષમા છે.'

- શાસ્ત્રીઓ તથા ફરોશીઓ એક સ્ત્રીને લઈને મંદિરમાં ઈસુ પાસે આવ્યા, અને કહ્યું 'ગુરુજી, આ સ્ત્રી પાપકર્મ કરતાં જ પકડાઈ છે. હવે મૂસાએ આજ્ઞા આપી છે કે એવી સ્ત્રીઓને પથ્થરો વડે મારી નાખવી. તો, તમે શું કહો છો ?'

તે સ્ત્રીની વિરુદ્ધ આક્ષેપ કરનારાઓ પ્રત્યે દુર્લક્ષ સેવીને, પ્રભુ ઈસુએ નીચા નમીને જમીન ઉપર આંગળી વડે કંઈક લખ્યું. ઈસુએ એક પણ શબ્દ ઉચ્ચાર્યો નહિ; પરંતુ તેઓએ પ્રશ્નો પૂછવાનું જારી રાખ્યું. ત્યારે ઈસુએ ઊભા થઈને સ્ત્રી ઉપર આરોપ મૂકનારાઓને આ પ્રમાણે પ્રત્યુત્તર આપ્યો :

'તમારામાંનો જે નિષ્પાપ હોય, તે તેના ઉપર પહેલો પથ્થર નાખે...'

અને ફરી ઈસુ જમીન પર કંઈક લખવા લાગ્યા.

- એ સાંભળીને તથા જોઈને તેઓમાંના પ્રત્યેકને તેનું અંતઃકરણ ડંખવા લાગ્યું અને શિર શરમથી ઝૂકી ગયું. હાથમાંના પથ્થર સાથે, દરેકના શરીરનાં ગાત્રો નરમ પડી ગયાં અને હાથમાંના પથ્થરો પણ જમીન પર સરી પડવા લાગ્યા... અને મોટાથી માંડી

ને તમામ એક પછી એક મંદિરમાંથી વિદાય થઈ ગયા. પાપની સજાનો એક પણ પથ્થર 'પહેલા પથ્થર' રૂપે તે સ્ત્રી ઉપર પડ્યો નહિ.

પ્રેમાળ ઈસુએ સ્ત્રીને નિર્દોષ ઠરાવીને વિદાય કરી : 'હું પણ તને દોષિત ઠરાવતો નથી. શાંતિથી ચાલી જા અને હવે પછી પાપ ન કરીશ.' ઈસુના આ શબ્દો આજે પણ કોઈ પણ પશ્ચાતાપી પાપી સ્ત્રી કે પુરુષને માટે આશ્વાસન અને શાંતિનો ભરપૂર સ્ત્રોત બની રહે છે.

એ સ્થળ સંપૂર્ણ શાંત બની ગયું.

આક્ષેપકારો તો ક્યારના ચાલ્યા ગયા હતા. સ્ત્રી ચાલી ગઈ. ઈસુ પણ ચાલ્યા ગયા.

- અને નિષ્પાપ ઈસુના નિષ્પક્ષ અને આદર્શ ન્યાયના મૂક સાક્ષી બની રહેલા માત્ર પેલા નિશ્ચેતન પથ્થરો જ મંદિરની ભૂમિ પર પડી રહ્યા હતા...

❖ ❖ ❖

# પ્રકાશિત પ્રારંભ

પવિત્ર બાઈબલનાં પ્રાસ્તાવિક વચનો...'આકાશ તથા પૃથ્વીનું સર્જન...પૃથ્વી અસ્તવ્યસ્ત અને ખાલી.જળનિધિ પર અંધકાર...'- સર્વ સ્થળે શૂન્યતા, સ્તબ્ધતા.- અને ઈશ્વરે કહ્યું : 'અજવાળું થાઓ !' અને પૃથ્વી પર પ્રકાશ રેલાયો. ઈશ્વરે પ્રકાશ અને અંધકારને અલગ કરતી રેખા અંકિત કરી. પ્રકાશને દિવસનું નામ આપ્યું અને અંધકારને રાત્રીનું. અજવાળાના સર્જન પછીનું પ્રથમ પ્રભાત ઊગ્યું અને પ્રથમ સંધ્યા ઢળી. સમગ્ર સૃષ્ટિસર્જનનો એ પ્રકાશિત પ્રથમ દિવસ !... - અને પછીના છ દિવસોમાં ઈશ્વરે સકળ સૃષ્ટિનું સર્જનકાર્ય પૂર્ણ કર્યું.

- સૃષ્ટિ નિયંતાના આ સમગ્ર સર્જનને પગલે, અદૃશ્ય અતીતમાં સમય વિલીન થવા લાગ્યો. ઈશ્વરનાં પ્રારંભિક વચનોના પ્રકાશમાં, ઈશ્વરપ્રેરિત (અને અભિષિક્ત પ્રબોધકો દ્વારા, જીવંત વચનોના આલેખનની સાથે સાથે સમયોચિત ભવિષ્યકથનો ઉચ્ચારવામાં આવ્યાં અને એ વચનોની પરિપૂર્ણતારૂપે, સમયની સંપૂર્ણતાએ ઈશ્વરપુત્ર ઈસુનું પૃથ્વી પર આગમન થયું...

- પરંતુ, પ્રભુ ઈસુએ પૃથ્વી પરના પોતાના સેવાકાર્યનો આરંભ કર્યો ત્યારે તત્કાલિન માનવજાતની 'જીવનસૃષ્ટિ' અસ્તવ્યસ્ત, અપૂર્ણ, શૂન્ય અને સ્તબ્ધ હતી. એના જીવનજલનિધિ પર અંધકાર હતો.

મનુષ્યજાત અંધારામાં અટવાતી હતી મૃત્યુછાયા નીચે જીવતી હતી સૃષ્ટિસર્જન પૂર્વે ઈશ્વરે ઉચ્ચારેલો પ્રથમ શબ્દ હતો : 'અજવાળું...'

'અંધકારમાં ચાલનાર લોકોએ મહાન પ્રકાશ જોયો, અને મરણછાયાના દેશમાં વસનારા પર અજવાળું પ્રકાશ્યું...' (યશાયા ૯ : ૨)

– અને અંધારઘેરા જગતમાં જન્મેલા તારણહાર ઈસુએ ઘોષણા કરી કે 'હું જગતનો પ્રકાશ છું.'

– સૃષ્ટિમાં પ્રસરેલા ઈશ્વરસર્જિત પ્રારંભિક પ્રકાશને પગલે, જગતનો એ 'સનાતન પ્રકાશ', માનવજીવનને આધ્યાત્મિક રીતે પ્રજવલિત કરે છે જીવનના અજવાળા - અંધારાને અલગ કરીને, શાશ્વત રેખા અંકિત કરીને અનંત પ્રકાશમાં દોરી જાય છે.

મનુષ્યજીવનની અસ્તવ્યસ્તતા, જીવનસૃષ્ટિનું 'ખાલીપણું' શૂન્યાવકાશ તથા વાતાવરણની શોકમગ્ન સ્તબ્ધતા અને જીવનજલનિધિ પરનો અંધકાર દૂર કરીને વિપુલ પ્રકાશિત જીવન - ભરપૂર જીવન પ્રદાન કરે છે...

ખ્રિસ્તના વર્ષ ૨૦૦૫નો સૂર્યાસ્ત,

અને વર્ષ ૨૦૦૬નો સૂર્યોદય...

– નૂતન વર્ષનો એ પ્રથમ દિવસ !

ખ્રિસ્ત ઈસુ-જગતના આ પ્રકાશના પરાક્રમે, નૂતન વર્ષના આ પ્રથમ દિવસથી, પૃથ્વી પરની માનવસૃષ્ટિમાં નવજીવનનો પ્રારંભ પ્રકાશિત બની રહો !

'જે દેવે અંધારામાંથી અજવાળાને પ્રકાશવાનું ફરમાવ્યું, તેણે આપણા હૃદયમાં પ્રકાશ પાડ્યો છે, કે જેથી તે ઈસુ ખ્રિસ્તના મુખ પર દેવનો જે મહિમા છે તેના જ્ઞાનનો પ્રકાશ પાડે.' (૨ કરિંથી ૪-૬)

❖ ❖ ❖

# રાજા ઈસુનું અનંત રાજ્ય

પ્રાચીન સમયમાં, જગતના ઘણા દેશોમાં રાજાશાહી ચાલતી હતી. ગાદીનશીન રાજા પોતાનો સમયગાળો પૂરો થતાં, કે પછી અન્ય કોઈ કારણે રાજગાદી ખાલી પડે, તો તેનો કાયદેસરનો વંશજ પરંપરાગત પ્રણાલી અનુસાર રાજગાદી પર બિરાજમાન થતો. ક્વચિત્ ગાદી મેળવવા અનુચિત યુક્તિ-પ્રયુક્તિઓ પણ અજમાવવામાં આવતી. કોઈવાર બળવાખોર પ્રવૃત્તિઓ આદરીને પણ રાજગાદી હાંસલ કરવામાં આવતી. રાજ્યની ઉપલી હરોળની વ્યક્તિઓને પણ રાજા બની જવાની ઉત્કંઠા થઈ આવતી હતી.

વિશ્વના કેટલાક દેશોના રાજકીય તખતા પર મહાન સમ્રાટો થઈ ગયા. તેઓએ પણ યુદ્ધ દ્વારા અન્ય દેશો જીતીને વિશ્વવિજેતા બનવાનાં સ્વપ્નો સેવ્યાં હતાં. કેટલાક સફળ થયા અને કેટલાંક સામ્રાજ્યો નષ્ટ થઈ ગયાં.

આશરે ૨૦૦૦ વર્ષો પહેલાંનો એ સમય હતો. એ સમયે રોમન સામ્રાજ્ય છિન્નભિન્ન થઈ ગયું હતું.

હેરોદ તે સમયે યહૂદિયાનો રાજા હતો. તે સમયે એક અદ્‌ભુત ઘટના બની :

'નાઝરેથની મરિયમ નામે કુમારિકા પાસે ઈશ્વરના દૂતે આવીને આ વધામણી આપી : ઈશ્વર તારા પર પ્રસન્ન થયા છે. તને ગર્ભ રહેશે અને પુત્ર અવતરશે. તે પરાત્પરનો પુત્ર કહેવાશે. પ્રભુ તેને તેના પૂર્વજ દાઉદનું રાજ્યાસન આપશે. તે સર્વકાળ રાજ કરશે, અને તેના રાજ્યનો અંત આવશે નહિ.'

એ મુજબ ઈસુનો જન્મ બેથલેહેમમાં થયો. માગીઓને તે શુભસંદેશ મળતાં, તેઓએ યરુશાલેમ આવીને પૂછ્યું, કે 'યહૂદીઓનો જે 'રાજા' જન્મ્યો છે, તે ક્યાં છે ? અમે તેનું ભજન કરવા આવ્યા છીએ.' એ સાંભળીને યહૂદિયાનો રાજા હેરોદ વિહ્વળ બની ગયો. અને તે સાથે સમગ્ર યરુશાલેમમાં ગભરાટ વ્યાપી ગયો. હેરોદ રાજાના મનમાં ભય વ્યાપી ગયો કે હવે મારા રાજ્યનો અંત આવી જશે. આ પછી બાળઈસુ અંગે પોતાનો દુષ્ટ ઈરાદો પાર પાડવા માટે બેથલેહેમના તમામ નાનાં, નિર્દોષ બાળકોનો સંહાર કરાવ્યો. આ સમયે ઈશ્વરે પોતાના દૂત દ્વારા બાળઈસુનો અદ્‌ભુત રીતે બચાવ કર્યો.

- પોતાના જીવનકાર્યનો પ્રારંભ કરતાં ઈસુએ ઘોષણા કરી કે 'પસ્તાવો કરો, કારણ કે આકાશનું રાજ્ય પાસે આવ્યું છે.'

– પ્રભુ ઈસુના સ્વર્ગારોહણ પછી, તેમના આખરી આદેશો અનુસાર તેમના અર્પિત અનુયાયીઓ દ્વારા અર્વાચીન જગતમાં વિશાળ સુવાર્તાલક્ષી કાર્યક્રમો અને પ્રવૃત્તિઓનો આરંભ થયો. હવે આધુનિક વિશ્વમાં જે ધાર્મિક પ્રતિષ્ઠાનો સ્થાપિત થયાં અને થાય છે, તે સર્વ ઈસુના રાજ્યના સૂચિત પ્રતીકો સમાન છે. આધ્યાત્મિક દૃષ્ટિએ અનિવાર્ય અને ભૌતિક દૃષ્ટિએ અતિ આવશ્યક એવાં અસ્તિત્વમાં આવેલાં આ સાધનોના આયોજનોમાં ઈશ્વરના રાજ્યનું દર્શન અવશ્ય થાય છે. વૈશ્વિક ધોરણે આ સમગ્ર પ્રવૃત્તિઓમાં સર્વોચ્ચ સ્થાને અને સર્વોપરી તો પ્રભુ ઈસુ જ છે.

દુઃખ સહન સમયે 'રાજા' અંગેના પિલાતના પ્રશ્નના ઉત્તરમાં ઈસુએ કહ્યું કે 'મારું રાજ્ય આ જગતનું નથી' ફરોશીઓને ઈસુએ જવાબ આપ્યો હતો કે 'ઈશ્વરનું રાજ્ય અહીં તમારી વચ્ચે જ છે.'

વાસ્તવમાં, પ્રભુ ઈસુના શિક્ષણ અનુસાર, તેઓનું 'અનંત રાજ્ય' પ્રેમ, દયા, વિશ્વાસ, આશા, અને સમર્પણ ઉપર શાશ્વતકાળ સુધી નિર્માણ થયેલું છે.

'દાઉદના રાજ્યાસન ઉપર, અને તેના રાજ્ય ઉપર ઇન્સાફ તથા ન્યાય સર્વ-કાળ સુધી સ્થાપવા...તેની સત્તાવૃદ્ધિનો તથા શાંતિનો પાર રહેશે નહિ...' (યશાયા ૯ : ૬-૭)

'પ્રભુ તેને દાઉદનું રાજ્યાસન આપશે... તે સર્વકાળ રાજ્ય કરશે...તેના રાજ્યનો અંત આવશે નહિ...' (લૂક ૧ : ૩૨-૩૩).

❖ ❖ ❖

# સમાધાનનો આદેશ

ગુસ્સો, ક્રોધ એ માનવીનું સ્વાભાવિક લક્ષણ છે. એના વિવિધ પ્રકારો જોતાં તેમાં ક્ષમા પણ આપી શકાય. છતાં ક્રોધની માત્રા અનુસાર ઘણીવાર અણધાર્યું પરિણામ પણ આવે છે. ક્રોધ કરનાર વ્યક્તિ જો હઠાગ્રહી હોય, તો તેનો ભોગ બનનાર વ્યક્તિ માટે પરિસ્થિતિ મુશ્કેલ બને છે. માતાપિતા બાળક પર, શિક્ષક વિદ્યાર્થી પર, અધિકારી કર્મચારી પર કારણસર ગુસ્સે થાય છે અને તેથી તેનું નિરાકરણ પણ ઝડપથી આવી જાય છે, કારણ કે તેમાં ગુસ્સાનો ભોગ બનનારનું કલ્યાણ પણ સમાયેલું હોય છે.

પાઉલ પ્રેરિત ગુસ્સે થવા અંગે જે શિક્ષણ આપે છે, તેમાં નૈતિક તેમ જ વ્યવહારિક ભાવના સમાયેલી છે :

'ગુસ્સે થાઓ, પણ પાપ ન કરો.'

'તમારા ગુસ્સા પર સૂર્યને આથમવા ન દો.' એફેસીં ૪ : ૨૬.

સંત પાઉલ એમ જ કહેવા માગે છે કે તમારા ગુસ્સાનો ભોગ બનનાર વ્યક્તિ સાથે આજે જ સમાધાન કરો.

પ્રભુ ઈસુએ પોતાના ઉપદેશમાં ક્રોધ કરનારને સામાન્ય ચેતવણી તો આપી જ છેઃ

'જે પોતાના ભાઈ પર નિરર્થક ક્રોધ કરશે, તેને અપરાધી ઠરાવવામાં આવશે.' માથ્થી ૫ : ૨૨.

- પરંતુ ખ્રિસ્ત ઈસુ તો સમાધાનના આ ગહન પ્રશ્ન પર જે ઉપદેશ આપે છે તેની ભાવના, 'સૂર્યાસ્ત પહેલાં' એ કરતાં પણ વધુ ચુસ્ત, સચોટ અને વિશાળ અર્થમાં સમગ્ર જીવનને આવરી લે છે.

'...વેદી ઉપર અર્પણ ચઢાવતાં તને યાદ આવે કે તારા ભાઈને તારી સામે કંઈ ફરિયાદ છે, તો અર્પણ વેદી પાસે જ રહેવા દઈને પહેલા તારા ભાઈ પાસે જઈને તેની સાથે સમાધાન કરજે અને ત્યાર પછી જ આવીને અર્પણ ચઢાવજે.' (માથ્થી ૫ : ૨૩-૨૪)

- પ્રભુ ઈસુના આ વચનમાં, 'તારા ભાઈને તારી વિરુદ્ધ કંઈ ફરિયાદ છે' એ શબ્દોમાં ફરિયાદ શબ્દના રૂપાંતરરૂપે ઘણાં માનવીય દૂષણોનો સમાવેશ થઈ શકે.. 'ધિક્કાર, તુચ્છકાર, નિંદા, મનદુઃખ, અપમાન, ઘર્ષણ, માનસિક ત્રાસ, વેરભાવ તકરાર, ક્રોધ...'

આવી કોઈ પણ બાબત ભાઈની ફરિયાદ રૂપે હોઈ શકે.

- અને, ખ્રિસ્ત ઈસુએ ઉચ્ચારેલો 'ભાઈ' શબ્દ; તેનો ઉલ્લેખ પણ 'પ્રતિકાત્મક હોઈ શકે. તેનો ભાવાર્થ મર્યાદિત ન હોઈ શકે. તેમાં કોઈ પણ વ્યક્તિ, કૌટુંબિક સભ્ય સ્વજન, સ્નેહી સંબંધી કે મિત્ર પણ હોઈ શકે. કુટુંબ કે સમાજને પણ આ બાબત સ્પર્શી શકે છે.

- અહીં ખ્રિસ્ત ઈસુ કોઈ સમયમર્યાદા આપતા નથી. 'ત્યાં અને ત્યાં જ, તત્કાલિન સમાધાન.'

આમ ઈસુ તેમ જ પ્રેરિત પાઉલ સમાધાનના આ આધ્યાત્મિક પ્રશ્ન અંગે પોતાના વિશાળ અને ગહન દૃષ્ટિબિંદુ દ્વારા સમાધાનનું આહ્વાન આપે છે.

- એક કાલ્પનિક દર્શન...

★ એક વ્યક્તિ વેદી પર અર્પણ ચઢાવવા આવે છે.

★ તેના ભાઈને તેની વિરુદ્ધ કંઈ ફરિયાદ છે.

★ પ્રભુ ઈસુ તેને અટકાવીને પહેલા ભાઈ સાથે સમાધાન કરવાનો આદેશ આપતાં તેને દૂર કરે છે.

★ અર્પણ ચઢાવનાર સમાધાન કર્યા પછી જ અર્પણ ચઢાવવા માટેની યોગ્યતા પ્રાપ્ત કરે છે.

★ વેદી પાસે પાછો આવીને તે પોતાનું અર્પણ ચઢાવે છે અને ઈશ્વરની અતિ નિકટ સંગત અનુભવે છે.

★ વાસ્તવમાં 'ભાઈ' સાથેનું સમાધાન એ ઈશ્વર સાથેનું જ સીધું સમાધાન છે...

- એફેસીઓ પરના પત્રમાં પાઉલ પ્રેરિત લખે છે : 'તમે પહેલાં દૂર હતા, પણ હમણાં ખ્રિસ્તના લોહીના કારણે ખ્રિસ્ત ઈસુમાં પાસે આવ્યા છો; એફેસી ૨ : ૧૩. કેમ કે તે આપણું સમાધાન છે.'

પ્રભુની આ પ્રાર્થનામાં તેથી ઈશ્વરનું પિતૃત્વ અને મનુષ્યોનું બંધુત્વ દેખાય છે. આપણી એક જ પ્રાર્થના હોવી જોઈએ કે આ બાબત પરિપૂર્ણ થાય. પૃથ્વી પરના સર્વ જીવંત મનુષ્યો આ ઉત્પનકર્તા જેને 'ઓ આકાશમાંના બાપ' કહી સંબોધીએ છીએ તેનું પિતૃત્વ સ્વીકારે. આપણી એક જ પ્રાર્થના હોવી જોઈએ કે આ બાબત પરિપૂર્ણ થાય કે પૃથ્વી પરના સર્વ જીવંત મનુષ્યો એક બંધુત્વની ભાવનાથી બંધાય... સદા જોડાયેલાં રહે.

પ્રભુની આ પ્રાર્થના મુજબ ઈશ્વર... જે આકાશમાં છે... જે આપણો પિતા છે... તેની સાથેના સંબંધમાં આપણે રહીએ. આ સ્વર્ગીય પિતા આપણી ચિંતા કરે છે, કેવળ દૈહિક જરૂરિયાતો માટે જ નહિ પણ આત્મિક જરૂરિયાતો માટે તેને આધારિત છીએ.

પ્રભુની આ પ્રાર્થના મુજબ એ પિતા ચાહે છે કે, તે જેવા છે એવા આપણે થઈએ. વાણી-વિચાર-વર્તન અને વ્યવહારમાં...

પ્રભુની આ પ્રાર્થના મુજબ આપણે એ પિતાની માન્યતા-પ્રશંસા મેળવવા સતત પ્રયત્નશીલ રહીએ. આપણે સાવધ રહીએ રખેને કોઈ એવી બાબત આપણા જીવનમાં ન આવે કે જેથી આપણે એ પિતા સાથેના જીવંત સંબંધથી દૂર જતા રહીએ... અને ફરીથી 'ઓ આકાશમાં બાપ' કહેવાનો અધિકાર ગુમાવી બેસીએ.

પ્રભુની આ પ્રાર્થના મુજબ આપણે 'અમારા' શબ્દના સંદર્ભમાં જે આત્મિકતા આજે છે તે સદાય ટકાવી રાખવાની છે.

જે અધિકાર મળ્યો છે તે સંભાળી રાખવાનો છે.

જે એકતા-સુમેળ આજે છે તે છેવટ સુધી રાખવાના છે.

છેલ્લે, પ્રભુની આ પ્રાર્થના મુજબ જો આપણે એ પિતાને માન આદર આપતા નથી, જો તેમનાથી દૂર ગયા છીએ, જો તેમની કદર કરતા નથી તો હવે પછી એ પિતાને માન-આદર આપીએ, તેમની સાથે પુનઃસ્થાપિત થઈએ...તેમની કદર કરીએ આભારસ્તુતિનાં અર્પણો સાથે તેમના આંગણામાં અને તેમના ઘરમાં નિયમિત જઈને... તેમની સાથે જીવંત સંબંધ રાખીને તથા સર્વ બાબતોમાં તેમને જ આધારિત રહીએ.

❖ ❖ ❖

# વીંઝાયેલા કોરડા

નાઝરેથનું કુટુંબ - પિતા યુસુફ, માતા મરિયમ તથા પુત્ર બાળઈસુ, પ્રતિવર્ષ પાસ્ખાપર્વના અવસરે યરૂશાલેમ જતાં હતાં.

એ પ્રણાલિકા અનુસાર, આ વર્ષે પણ, બાર વર્ષના પુત્ર ઈસુની સાથે માતા-પિતા યરૂશાલેમ ગયાં. પાસ્ખાપર્વની ઉજવણીની પૂર્ણાહુતિ બાદ તેઓ પગપાળા ઘેર પાછા ફરતાં હતાં. થોડી મજલ કાપ્યા પછી માતાનું ધ્યાન ગયું કે ઈસુ તેમની સાથે ન હતા. કુટુંબીજનો સાથે આસપાસ હશે. તેમ ધારીને માતા-પિતા આગળ વધ્યાં, ને પુત્રની શોધ ચાલુ રાખી. ઘણો લાંબો પંથ કાપ્યા પછી પણ ઈસુ ન જ દેખાયા, ત્યારે અત્યંત ચિંતાગ્રસ્ત સ્થિતિમાં પુત્રને શોધતાં યરૂશાલેમ પાછાં ફર્યાં.

ત્યાં શોધ કરતા, અંતે, યરૂશાલેમના ભવ્ય મંદિરમાં, ધુરંધર આગેવાનોની મધ્યમાં બેઠેલા અને તેઓના અટપટા પ્રશ્નોના સચોટ ઉત્તરો આપતા બાળઈસુને જોયા... મળી આવેલા પુત્રને સાનંદાશ્ચર્ય સાથે માતાએ તેના વર્તન અંગે પ્રશ્ન કર્યો. પ્રત્યુત્તર આપતાં ઈસુએ કહ્યું : 'શું તમે નથી જાણતાં કે મારે મારા પિતાના ઘરમાં જ હોવું જોઈએ ?'

પવિત્ર પ્રભુ મંદિરને 'પિતાના ઘર' તરીકે નિહાળતા ઈસુના હૃદયમાં તે પ્રત્યેના પ્રેમ અને સન્માનની લાગણી બાળપણથી જ વસેલી હતી.

સમય વીતતો હતો. હવે તો ઈસુ યુવાનવયે પહોંચ્યા હતા. પાસ્ખાપર્વનો અવસર ફરી પાસે આવી રહ્યો હતો. એટલે તેઓ યરૂશાલેમ ગયા. ત્યાં ફરી મંદિરમાં પણ ગયા, પણ મંદિરની અંદરનું દૃશ્ય નિહાળી તેઓ સમસમી ઊઠ્યા...

યરૂશાલેમના આ ભવ્ય અને સુંદર મંદિરના એક ભાગમાં ઈસુએ બળદોના, ઘેટાંના અને કબૂતરના વેપારીઓને સ્થાન જમાવીને બેઠેલા જોયા. નાણાંની ધીરધાર કરનાર શરાફોએ પણ પોતાના ગલ્લાઓ સાથે આસન જમાવ્યું હતું. પિતાના ઘર પ્રત્યે ઈસુનો પ્રેમ તથા સન્માન પ્રજ્વલ્લિત હતાં જ. ઈસુએ ઝીણી દોરડીઓનો કોરડો બનાવ્યો. (યોહાન ૨ : ૧૫). ઈસુએ પોકાર કર્યો : તમે મારા પિતાના ઘરને લૂંટારાઓનું કોતર બનાવી દીધું છે !

- પછી ઉગ્ર છતાં વ્યગ્ર બની ગયેલા ઈસુ કોરડો વીંઝતા મંદિરના એ સમગ્ર વિભાગમાં ઘૂમવા લાગ્યા. ઢોર-ઢાંખર તથા ઘેટાંના વેપારીઓને બહાર હડસેલી દીધા. તેમના અવાજથી મંદિર ગાજી ઊઠ્યું. કબૂતરોને મુક્ત કરી દીધાં. તેમની પાંખોનો ફફડાટ સંભળાઈ રહ્યો. શરાફોના બાજઠો તથા ગલ્લા ઊંધા વાળ્યા. તેમના સિક્કા ખણખણાટ સાથે આમતેમ વેરાઈ ગયા... તેમના હાથમાં કોરડો તો હતો જ, પણ તે કોઈના 'શરીર પર વીંઝવામાં આવ્યો હોય.' તેવું કોઈ વચન લખવામાં આવ્યું નથી. વાસ્તવમાં ઈસુના દિવ્ય વ્યક્તિત્વ, આધ્યાત્મિક પ્રભાવ અને ઈશ્વરદત્ત અધિકારને કારણે કોઈ જ તેમનો પ્રતિકાર કરી શક્યું નહિ.

- અને મંદિર, સાચા અર્થમાં 'પિતાનું ઘર' - સ્વચ્છ અને સુંદર બની રહ્યું.

ખ્રિસ્ત ઈસુએ તેમના જીવનકાળ દરમિયાન કરેલાં સેવાકાર્યોની હવે સમાપ્તિ થવા આવી હતી. હવે તેમનો સમય પાસે આવ્યો હતો. પ્રબોધકો દ્વારા થયેલી તેમના કષ્ટમય મૃત્યુની આગાહી મુજબ તેઓ હવે યરૂશાલેમ જતા હતા, હવે યરૂશાલેમ તરફ તેમણે પોતાનું મુખ દૃઢ રાખ્યું હતું.

- ઈસુને પોતાની તરફ આવતા જોઈને તેમણે પોકાર્યું હતું કે, 'જુઓ, દેવનું હલવાન, જે જગતનાં પાપોનું હરણ કરે છે !'

- ખ્રિસ્ત ઈસુએ યરૂશાલેમના મંદિરનું શુદ્ધિકરણ કર્યું. હવે આ જગતરૂપી મંદિરની સર્વ પ્રજાઓનું પાપથી શુદ્ધિકરણ કરવાનું છે. તે માટે હવે કાલવરીના ક્રોસ સુધીનો કષ્ટમય પંથ કાપવાનો છે...

o મરવા જેવો અતિ શોકાતુર આત્મા.

o ગેથસેમાને બાગમાંની કારમી વેદના.

o કોરડાનો ક્રૂર માર.

o કાંટાળો મુગટ.

o અપમાનજનક મશ્કરી.

o ક્રોસનો ભાર - તે પરનું દારુણ દુઃખ અને મૃત્યુ.

'યહોવાએ તેના પર આપણા સર્વનાં પાપોનો ભાર મૂક્યો છે. આપણા અપરાધોને લીધે તેને માર પડ્યો.' (યશાયા ૫૩)

'તેના દેહ પર કોરડા વીંઝાયા. એ કોરડો ઝીણી દોરડીઓમાંથી બનાવેલો નહોતો. માનવશરીરમાં ચીરા પાડી દે અને લોહીની સેરો ઊડે એવો કાતિલ કોરડો હતો. એ નિર્દય સિપાઈઓના હાથમાં હતો અને તે ઉપર જાણે 'પિલાતના હુકમની મહોર વાગેલી હતી.'

પ્રભુ ઈસુએ પોતાના લોહી દ્વારા જગતરૂપી મંદિરનું શુદ્ધિકરણ કર્યું છે અને તેની સર્વ પ્રજાઓ માટે 'પાપોથી ક્ષમા, દેહનું પુનરુત્થાન તથા અનંતજીવન' સિદ્ધ કર્યાં છે-

'ખ્રિસ્ત જે નિષ્કલંક ને નિર્દોષ હલવાન જેવો છે,

તેના મૂલ્યવાન રંક્ત દ્વારા આપણો ઉદ્ધાર કરવામાં આવ્યો છે.' (૧ પીતર ૧ : ૧૯)

❖ ❖ ❖

# પૂર્વનો તારો જોઈને...

- ઈશ્વરે કહ્યું કે, "અજવાળું થાઓ." અને અજવાળું થયું. (ઉત્પત્તિ ૧ : ૩)

- મરણછાયા દેશમાં વસનારા લોકો પર અજવાળું પ્રકાશ્યું છે. (યશાયા ૯ : ૨)

- આદિ એ શબ્દ હતો. શબ્દમાં જીવન હતું. જીવન માણસોનું અજવાળું હતું એ અજવાળું અંધારામાં પ્રકાશે છે... (યોહાન ૧ : ૧-૫)

- ઈશ્વરે પૃથ્વી પર અજવાળું આપવાને સૂર્ય, ચંદ્ર તથા તારા બનાવ્યા. પૃથ્વી અજવાળી બની રહી. ત્યારબાદ મનુષ્યજાતને ઉપયોગી એવા પ્રકાશના વિવિધ અંગોનું ઈશ્વરે સર્જન કર્યું. ત્યારબાદ માનવે પોતાના બુદ્ધિચાતુર્ય વડે અજવાળું ઉત્પન્ન કરવા કૃત્રિમ સાધનો ઊભાં કર્યાં. તેના પ્રયાસોમાં સફળતા-નિષ્ફળતાઓને અવકાશ છે, પરંતુ ઈશ્વર-સર્જિત અજવાળાના અંગોનો મહિમા મનુષ્યની કલ્પનાની મર્યાદાની બહાર છે.

માનવે પોતાની જીવનશૈલીમાં પ્રકાશનો ઉપયોગ અનેક રીતે કર્યો છે. વિશેષ કરીને પ્રકાશના વિવિધ રંગો, નિશાનીઓ, સૂચનો તથા સંકેતો દ્વારા માર્ગદર્શન તેમજ ચેતવણી અપાય છે. પુરાતન કાળથી માંડીને આજપર્યંત પ્રકાશનો ઉપયોગ કરતા માનવીઓ ઈશ્વરસર્જિત પ્રકાશને તેના મૂળસ્વરૂપમાં તેમ જ તેની મનુષ્યસર્જિત સુવિધાઓથી પ્રભાવિત થઈને મનુષ્યો તેના ઉત્પન્નકર્તા ઈશ્વરની સ્તુતિ તથા ભજન કરવા પ્રેરાય છે

- અંધારામાં અટવાતું પતંગિયું દીવાનો પ્રકાશ જોઈને તે તરફ ધસી જાય છે.

- હવાઈજહાજ ખાસ પ્રકારના અજવાળાનો સંકેત જોઈને ઉતરાણ કરે છે.

- ગ્રીન લાઈટ જોઈને વાહન આગળ વધે છે.

- દૂર દૂર પ્રકાશ ફેંકતી દીવાદાંડી જોઈને વહાણો આગળ જવાની દિશા નક્કી કરે છે.

- આશરે બે હજાર વર્ષ પર દુનિયામાં એક અભૂતપૂર્વ ઘટના બની :

"માગીઓએ પૂર્વથી યરૂશાલેમમાં આવીને પૂછ્યું કે, યહૂદીઓનો જે રાજા જન્મ્યો છે તે ક્યાં છે ? કારણ કે પૂર્વમાં તેનો તારો જોઈને અમે તેનું ભજન કરવા આવ્યા છીએ. ...હેરોદે તે માગીઓને ગુપ્તમાં બોલાવીને, તારો ક્યારે દેખાયો તે વિશે તેઓની પાસેથી ચોકસાઈથી ખબર મેળવી. તેણે તેઓને બેથલેહેમ મોકલતાં, તે બાળક સંબંધી કાળજીપૂર્વક શોધ કરવાની સૂચના આપી, અને કહ્યું કે તે મળ્યા પછી મને ખબર આપો, જેથી હું પણ આવીને તેનું ભજન કરું."

તે પ્રમાણે તેઓ ગયા; ત્યારે જુઓ, જે તારો તેઓએ જોયો હતો, તે તેઓને દોરતો આગળ ચાલવા લાગ્યો, અને જ્યાં આ બાળક હતો તે સ્થાન પર આવીને થંભી ગયો. તારો જોઈને તેઓ હર્ષઘેલા બની ગયા... ઘરમાં જઈને માતા મરિયમ પાસે આ બાળકને જોયો... તેઓએ પગે પડીને તેનું ભજન કર્યું, અને સોના, લોબાન તથા બોળનું તેને નજરાણું કર્યું. (માત્થી ૨ : ૧-૧૧)

- આમ, તારાના અજવાળાને અનુસરીને તેમ જ તેના પ્રકાશને પગલે ચાલીને, માગીઓએ બાળરાજાના દર્શન કર્યા; તેમને ભેટોનું નજરાણું ધરીને તેમનું ભજન કર્યું.

- પ્રભુ ઈસુએ, શિક્ષણ આપતાં પોતાના જીવનકાળ દરમિયાન પ્રકાશ તથા અજવાળાના સંદર્ભમાં અનેક વચનો ઉચ્ચાર્યાં છે :

"તમે જગતનું અજવાળું છો."

"પર્વત પર વસેલું નગર સંતાઈ રહી શકતું નથી."

"દીવો સળગાવીને તેને દીવી પર મૂકવામાં આવે છે, અને ઘરનાં બધાંને તે અજવાળું આપે છે."

- મનુષ્યનું અજવાળું હોઈ શકે ?

પ્રભુ ઈસુ આગળ વધીને, શિષ્યોને સંબોધન કરતાં, અજવાળા સંબંધી આશ્ચર્યકારક અને અર્થપૂર્ણ વચન ઉચ્ચારે છે :

"તમે તમારું અજવાળું લોકોની આગળ એવું પ્રકાશવા દો, કે તેઓ તમારી રૂડી કરણીઓ જોઈને આકાશમાંના તમારી પિતાની સ્તુતિ કરે." (માત્થી ૫ : ૧૪-૧૬)

પૂર્વના તારાનું પ્રકાશતું અજવાળું જોઈને પૂર્વના માગીઓએ બાળરાજા ઈસુનું ભજન કરવા તથા સ્તુતિ કરવા બેથલેહેમ તરફ પ્રયાણ કર્યું...

- ખ્રિસ્તીજયંતીના મહા આનંદના અવસરે, દુનિયાભરની ઝગમગતી રોશનીમાં ચમકતા તારાઓની જેમ, પ્રભુઈસુના પ્રત્યેક અનુયાયીના જીવનના તારલાનું અજવાળું એવું પ્રકાશે કે અન્ય જનસમુદાય તે જોઈને, ખ્રિસ્ત ઈસુને, હૃદય તથા જીવનના સ્વાર્પણનું નજરાણું કરે અને તેમની સ્તુતિ તથા ભજન કરે.

- એ જ ક્રિસમસનો, નાતાલનો સાચો સંદેશ છે.

❖ ❖ ❖

# પૃથ્વી પરનો મુસાફર

મનુષ્ય, નવજાત શિશુસ્વરૂપે જગતના તખતા પર પ્રવેશ કરે છે.

આગમન પછી, એક બાળક તરીકેની એની વિવિધ શારીરિક પ્રવૃત્તિઓ અત્યંત મર્યાદિત હોય છે, એની પ્રગતિ સંપૂર્ણપણે માતાના પ્રયત્નો પર આધારિત હોય છે. હાથપગના અનિયમિત હલન-ચલન તથા રડવાના અને ક્વચિત હસવાના અવાજ સિવાય બીજી કોઈ વિશેષ પ્રવૃત્તિઓ એ બાળક કરી શકતું નથી. તેની શારીરિક પ્રગતિ માટે માતાના પ્રયત્નો અવિરત ચાલુ રહે છે. સમય વહેતો રહે છે. તે ઘૂંટણ પર ચાલતા શીખે છે. ત્યારબાદ માતા-પિતાના સંયુક્ત પ્રયત્નોથી તે પા પા પગલી પાડે છે. સમયાંતરે તે વ્યવસ્થિત ચાલતાં શીખે છે. ધીમે ધીમે ઝડપ આવે છે. કદિક દોડવાનો પણ પ્રયાસ કરે છે. પડી પણ જાય છે. છેવટે બાળ-પ્રવૃત્તિઓનું ક્ષેત્ર વિસ્તાર પામતાં તે મર્યાદિત અંતર કાપતો થઈ જાય છે. તેના પૂર્વ-પ્રાથમિક અભ્યાસનો પણ હવે પ્રારંભ થાય છે.

સમય જતાં એ કિશોરાવસ્થામાં પ્રવેશે છે. વર્તમાનનું ભૂતકાળમાં રૂપાંતર થાય છે અને ડોકાતું ભવિષ્ય વર્તમાનનું સ્થાન લે છે. આ ક્રમ ચાલ્યા કરે છે... સાદગીભર્યાં આયોજનોથી ભરેલા કિશોરકાળમાં પ્રાથમિક અધ્યયન, રમતગમત અને સરળ સાંસ્કૃતિક કાર્યક્રમોનો આરંભ થાય છે. સાથેસાથે કિશોરવયને અનુરૂપ એવી નિર્દોષ તોફાની પ્રવૃત્તિઓ અને ધિંગામસ્તી ચાલ્યા જ કરે છે. કાળક્રમે કિશોરાવસ્થાનો કિલકિલાટ અને ઉન્માદ શાંત પડે છે અને હવે એ વાસ્તવમાં યુવાનીને ઉંબરે આવી ઊભો રહે છે.

યુવાની એટલે તાજગી અને થનગનાટ, મસ્તી અને તરવરાટ, જીવનના આ

તબક્કે જો યોગ્ય અભિગમ અપનાવે તો એ મહત્ત્વાકાંક્ષી બને છે. જીવનમાં સદા નવીનતાની અપેક્ષા સેવે છે. નવયુવાની તો આ મધ્યાહન કાળ હોઈ એ નવા અનુભવોમાંથી પસાર થાય છે. અનુભવો અને કસોટીઓ પાર કરીને એ જીવનસંગ્રામનો કાબેલ સૈનિક બની જાય છે.

હવે જીવનમાર્ગની કઠિનાઈઓનો સામનો કરવો પડે છે. યાતનાઓથી ભરેલા જીવન પ્રવાસનું વાસ્તવિક દર્શન હવે એને થવા લાગે છે.

કપાળે હાથ દઈ એ વહી ગયેલા જીવનપંથનું સિંહાવલોકન કરતાં પાછળ દૃષ્ટિ નાખે છે.

- શિશુની સરળ સૃષ્ટિ, નિખાલસતા
- કિશોરકાળની મસ્તી - તોફાન,
- યુવાનીની તાજગી, તરવરાટ,
- પ્રૌઢ વયની ગંભીરતા, જવાબદારીઓ,
- જીવનમાર્ગની સપાટ ભૂમિ અને ખાડા ટેકરા,
- ખીણનાં ઊંડાણો, કપરાં ચઢાણો,
- ચીકણો કાદવ અને લપસણી ધરતી...

આ બધું પાર કર્યા પછી હવે એ વૃધ્ધાવસ્થાને આરે પહોંચે છે. જીવન ધીમું અને શિથિલ બને છે.

વિવિધ તબક્કાઓ તથા સોપાનોથી ભરેલી એવી આ યાત્રાની સમીક્ષા બાદ એને હવે એવો અહેસાસ થવા લાગે છે કે,

સાચે જ, 'હું તો પૃથ્વી પર મુસાફર છું.'(ગીતશાસ્ત્ર ૧૧૯ : ૧૯)

સમયના સાગરની સપાટી પર એની જીવનનાવ આગળ સરકે છે...સંધ્યા ઢળે છે, રાત્રિના ઓળા પથરાય છે. થાકેલો, ભારથી દબાયેલો, વિસામો ઝંખતો મુસાફર આગળ વધે છે. રાત્રિ જામતી જાય છે. આ પળે પેલા વિખ્યાત સંધ્યાગીતની પંક્તિ હૃદયમાંથી સરી પડે છે.

'મુજ સાથે રહે, કે સાંજ તો પડી છેઅંધારું થાય છે. પ્રભુ સાથે રહે...'

તે આગળ વધે છે. એક સન્માનજનક ભૂમિ પર ડગ માંડે છે - એ ભૂમિ તો એક કબ્રસ્તાન હતું. તેણે આકાશ તરફ દૃષ્ટિ કરી. છુપાયેલો ચંદ્ર હવે પ્રકાશી રહ્યો હતો. કબરો પરના સફેદ ક્રૉસ તેના આછા અજવાળામાં વાતાવરણને પવિત્ર બનાવતા હતા. એના મનમાં આંધી જાગી.

કબર અને ક્રૉસ નિહાળીને, તેના અંતર્ચક્ષુ સમક્ષ એક દિવ્યદર્શન ઝળહળી રહ્યું... 'ક્રૉસ પર ખ્રિસ્ત ઈસુનું બલિદાન, કાલવરી પાસેની ખાલી કબર, અને પુનરુત્થાન!'

વૃધ્ધાવસ્થા સમયે મનને ઘેરી લેતા અંત, સમાપ્તિ અને મૃત્યુની કંઈક અનિશ્ચિતતાની લાગણી ઉપસ્થિત કરતા ખ્યાલો મનમાંથી લુપ્ત થઈ ગયા, એને પ્રતીતિ થઈ ચૂકી કે બાળપણ, કિશોરકાળ, યુવાની, પ્રૌઢાવસ્થા અને વાર્ધક્ય પાર કર્યા પછી પણ 'કબ્રસ્તાન કે કબર' એ પૃથ્વી પરની સફરનો અંત નથી, અને આ દર્શનના પ્રકાશમાં એણે તત્કાળ પોતાનું જીવન ખ્રિસ્ત ઈસુને સમર્પિત કરી દીધું.

આંધી શમી ગઈ. થાકેલા આત્માનો થાક ઊતરી ગયો.

એણે મહાશાંતિનો અનુભવ કર્યો. એ શાશ્વત સ્થાને પહોંચી ગયો. એનું નામ જીવનના પુસ્તકમાં સોનેરી અક્ષરે ઝળહળી ઊઠ્યું... પૃથ્વી પરનો મુસાફર અનંત જીવનની મુસાફરીએ ચાલી નીકળ્યો.

'When a Christian dies, he begins to live.'

❖ ❖ ❖

# 'ગાલીલનો અગ્રગામી'

પ્રાણી, પંખી, જીવજંતુ - વિગેરેમાં, ચાલવાની પ્રવૃત્તિ કરતી વખતે સ્વાભાવિક રીતે જ એકબીજાની પાછળ - એક હારમાં ચાલવાની રીત જોવામાં આવે છે.

પક્ષીઓ આકાશમાં વિહાર કરતાં હોય, ત્યારે ગોળાકાર કે સીધી લાઈન જેવી ખાસ આકૃતિઓ રચતાં હોય છે.

સૂક્ષ્મ જીવજંતુઓ પણ, એક સીધી લાઇન બનાવીને, પોતાના ધ્યેય તરફ એકબીજાની પાછળ જતા જોવામાં આવે છે.

ઘેટાંના ટોળામાં આ પ્રકારની ખાસિયત વિશેષ જોવામાં આવે છે. એક ઘેટું બીજા ઘેટાનો સહારો લે છે, અને તમામ ઘેટાં વ્યવસ્થિત ઢબે ઘેટાંપાળકની પાછળ ચાલે છે.

આ જગતના માનવીઓમાં પણ એ જ પ્રકારનું વલણ જોવામાં આવે છે. બાળકો માતા-પિતાને અનુસરે છે. શિષ્યો ગુરુના આદેશનું પાલન કરે છે. વિદ્યાર્થીઓ શિક્ષકની આજ્ઞાઓ માને છે.

વિવિધ કાર્યક્ષેત્રોમાં કર્મચારીઓ - કાર્યકરો ઉપરી અધિકારીઓના હુકમોને માન આપે છે.

આમ, એક વર્ગ અન્ય વર્ગને પગલે ચાલે છે, અનુસરે છે.

પવિત્ર બાઈબલ, ઈસ્રાએલી લોકોને દોરવા માટે મેઘસ્થંભ અને અગ્નિસ્થંભનું સર્જન કર્યું હતું. દિવસે મેઘસ્થંભ અને રાત્રે અગ્નિસ્થંભ લોકોની આગળ જતા અને લોકો તેમની પાછળ ચાલતા.

નવા કરારમાં એક માત્ર પ્રસંગ એવો છે કે જેમાં યોહાન ઈસુના પુરોગામી તરીકે આગળ આવ્યા અને ઘોષણા કરી કે 'મારી પાછળ જે આવે છે તેના પગરખાંની વાધરી પણ છોડવા હું યોગ્ય નથી.'

ઈસુએ જગતમાં પોતાના સેવાકાર્યનો આરંભ કર્યો, તે સાથે જ તેમણે કેટલાક માછીમારોને ગાલીલના સરોવરમાં જાળ નાખતા તથા જાળ સાંધતા જોયા. તેઓને ઈસુએ આદેશ આપ્યો, કે 'મારી પાછળ આવો.' અને તેઓએ એ આદેશનું તત્કાળ પાલન કર્યું.

દાણ લેવાની ચોકી પર બેઠેલા માથ્થીને તથા અલ્ફીના દીકરા લેવીને, ઈસુએ વ્યક્તિગત રીતે આદેશ આપ્યો, કે 'મારી પાછળ ચાલ' અને અન્ય અનેક ઈસુ પર વિશ્વાસ મૂકીને તેમને પગલે ચાલ્યા.

આ પછી ઈસુએ શિષ્યોના સાથમાં, પતિતોનો ઉધ્ધાર કર્યો. મૃત માનવોને સજીવન કર્યા. અંધજનોને દૃષ્ટિ આપી. બીમાર માનવીઓને આરોગ્ય બક્ષ્યું. માનસિક વ્યાધિમાંથી અનેકને મુક્ત કર્યા. નિરાશ માનવીઓને નવી આશા આપી.

જીવંત વચનો દ્વારા અંધકારમય જીવનોમાં પ્રકાશ રેલાવ્યો - ભારથી દબાયેલાઓને વિસામો આપ્યો.

ક્ષુધિતોને જીવનનું અન્ન આપ્યું. તૃષિતોને જીવંત જળ આપ્યું.

આ માનવ-સેવાઓ દરમિયાન પ્રભુ ઈસુના શિષ્યો તેમની સાથે, તેમની પાછળ ચાલ્યા.

એ પછી, તારણહાર ઈસુની ધરપકડ થઈ, મુકદમો ચાલ્યો, પારાવાર દુઃખ સહન કર્યું, અને ક્રૉસ પર મૃત્યુ પામ્યા, ત્યારે તેમને પગલે ચાલનાર એક પણ શિષ્ય તેમના અસહ્ય કષ્ટમાં સહભાગી ન બન્યો. ગુરુ પાછળ આવેલા શિષ્યો દૂર ચાલ્યા ગયા અને મૃત્યુદિન પછીના ત્રીજા દિનની વહેલી સવારનો ઝાંખો પ્રકાશ હતો. કેટલીક સ્ત્રીઓ કબરે આવી. તેઓ પાસે ઈસુના દેહ પર લગાડવાનાં સુગંધી દ્રવ્યો હતાં.

પણ કબર ખાલી હતી. ત્યાં બેઠેલા તેજસ્વી દૂતે પ્રભુ ઈસુ અંગે આપેલા સમાચારથી તેઓ ભયભીત બની ગઈ.

દૂતે કહ્યું : 'વધસ્થંભે ચડાવેલા ઈસુ સજીવન થયા છે. તે તમારી આગળ ગાલીલમાં જાય છે ત્યાં તમને તેમના દર્શન થશે. જાઓ, અને તેમના શિષ્યોને આ વિશે કહો.'

ઈસુના દુઃખસહન અને ક્રૉસ પરના મૃત્યુ પછી એકલવાયા બની ગયા હતા અને

શોકમગ્ન હાલતમાં વિલાપ કરતા હતા. ઉપરાંત, તાજેતરમાં બનેલી ઘટનાઓને કારણે દ્વિધામાં, શંકા-આશંકાઓના વમળમાં ઘેરાયેલા હતા. પરંતુ, 'ખાલી કબર'માંથી દૂત દ્વારા મળેલા સમાચારોએ તેમનાં હૃદયોને હચમચાવી મૂક્યાં. 'મારી પાછળ ચાલ' એ પ્રભુનો આદેશ યાદ આવ્યો. અંતે, શંકા, આશંકા, અવિશ્વાસ તથા ભયની લાગણીઓ ખંખેરી નાખીને, 'ગાલીલમાં આગળ જતા,' એ અગ્રગામીને પગલે તેઓએ પ્રયાણ કર્યું... જીવંત પ્રભુનું મિલન થયું - દર્શન થયું. પ્રભુ ઈસુએ કહ્યું : 'કુશળતા તમને શાંતિ થાઓ...!'

'અનેક અનિષ્ટો, સામાજિક દૂષણો, વિરોધી અને શયતાની પરિબળો, અસત્ય, અન્યાય, અશાંતિ અને દુઃખ-દરદોથી ભરેલા આ જગતને જીતી લઈને, તેમ જ મૃત્યુને પરાજિત કરીને, 'ગાલીલના એ અગ્રગામી', ભૂતકાળ, વર્તમાન અને ભાવિમાં સદા - સર્વકાળ આગળ ચાલે છે...'

આજના અનુયાયીઓને તે આદેશ આપે છે : 'મારી પાછળ ચાલો... Follow me !'

'...એ આશા આપણા આત્માને સારુ લંગર સરખી, સ્થિર અને અચળ... ત્યાં ઈસુએ અગ્રેસર થઈને આપણે સારુ પ્રવેશ કર્યો છે.' (હિબ્રૂ ૬ : ૧૯)

❖ ❖ ❖

# પલટાતા સમયો

સમયનો આરંભ - સમયનો અંત ગહન વિષયો છે. પ્રભાત એ દિનનો આરંભ છે, સંધ્યા અંત છે. સમયના એક ભાગ સમો માસ બદલાય છે, વર્ષ બદલાય છે, સદી સમાપ્ત થાય છે, યુગોના યુગો વીતી જાય છે.

સમયની આ પરંપરાઓ અનંત છે.

આકાશમાં તથા પૃથ્વી પર ફેરફારોની હારમાળા ચાલ્યા જ કરે છે.

સૃષ્ટિ અને પ્રકૃતિમાં પરિવર્તન સ્થાન પામે છે. પ્રકૃતિના આપત્તિકારક અંગો પૃથ્વી પર ધરમૂળ ફેરફારો સર્જે છે.

ભૂકંપ, જ્વાળામુખી, ભૂસ્તરીય તેમ જ સામુદ્રિક ઉલ્કાપાતને કારણે, સ્થળ ત્યાં જળ, જળ ત્યાં સ્થળ; કુદરતના શક્તિશાળી પરિબળોને કારણે પૃથ્વીને વેરવિખેર કરી નાખતો વિનાશ સર્જાય છે. મહાસાગરને સ્થાને પર્વત અને પર્વતને સ્થાને મહાસાગર સર્જાઈ જાય છે.

આકાશના રંગો, સૂર્યનો પ્રકોપ, ચંદ્રની કળા, જળસ્રોતની દિશાઓ.

સાગરની શાંતિ અને ઘૂઘવાટ, વનનાં વૃક્ષો, અફાટ રણપ્રદેશ અને ગાઢ જંગલો - આ સર્વ અંગો વહેતા સમયની સાથે પોતાનું સ્વરૂપ બદલે છે...

- ઈશ્વરે પોતાની પ્રતિમા પ્રમાણે સૃજેલા માનવીની જીવનશૈલી તેમ જ જીવનપ્રણાલી કાળક્રમે બદલાતી રહી છે.

પ્રસંગો અનુસાર એની રહેણીકરણી અને રીતરિવાજો પણ બદલાય છે. પ્રગતિશીલ સમયની સાથે, ઇતિહાસના ક્રમ પ્રમાણે પુરાતન સંસ્કૃતિ અને વિચારો તથા ભાવનાઓમાં પણ પરિવર્તન આવે છે.

સમયાનુસાર, સંજોગવશાત્ માનવીય અને કૌટુંબિક સંબંધોમાં પણ ફેરફારો સંભવી શકે છે. તેનો સમગ્ર આધાર માનવીના વિવિધ પ્રકારનાં સ્વાભાવિક લક્ષણો પર છે. જૂના સંબંધો તૂટે છે, નવા બંધાય છે. નિકટનો સંબંધ ધરાવતા સંબંધીઓ દૂર થઈ જાય છે, તો દૂર થઈ ગયેલા સંબંધીઓ નજીક આવે છે.

- માનવીના હૃદયમાં મૂળભૂતરૂપે પ્રેમ છે જ. પણ ભૌતિક કારણોસર એમાં ઊભરો આવે છે, ક્વચિત્ ઓટ પણ આવી જાય છે. એમાં માનવી સ્વાર્થવૃત્તિ, અંગત લાભ, અગર કોઈક આકર્ષણ ભાગ ભજવી જાય છે.

જગતમાં કોઈ પણ વસ્તુ, સંબંધ કે પરિસ્થિતિ પરિવર્તનને પાત્ર છે. સમયો, સંયોગો, રીતરિવાજો, કાયદાકાનૂન, પ્રણાલિકાઓ કે જીવનશૈલી - પ્રત્યેક બાબતને આ પલટાતા સમયોની અસર ઘેરી વળે છે.

- આ પલટાતા, બદલાતા સમયોમાં બધું જ બદલાય છે. આકસ્મિક ઘટનાઓ સંપૂર્ણ પરિવર્તન લાવે છે. સૃષ્ટિ વિવિધ રૂપો ધારણ કરે છે; પ્રાકૃતિક વિપત્તિઓ આવી પડે છે. ઈશ્વર - નિયંત્રિત નૈસર્ગિક પરિબળો આગળ માનવી લાચાર છે. એવા સમયોમાં માનવજાત માટે એક માત્ર પ્રકાશનું કિરણ, એક માત્ર આધાર ઈશ્વર છે.

- ઈશ્વર કદી બદલાતા નથી.

તે કહે છે : "હું યહોવા અવિકારી છું."

"I am the Lord. I change not."

(માલાખી ૩ : ૬)

ઈશ્વરનું વચન છે : "હું આલ્ફા તથા ઓમેગા, પ્રથમ તથા છેલ્લો, આદિ તથા અંત છું." (પ્રકટી)

- અને પ્રભુ ઈસુ ! "પ્રભુ ઈસુ ગઈ કાલે, આજે તથા સદાકાળ એવા ને એવા જ છે."

- અને ઈસુનો પ્રેમ પણ કદી બદલાતો નથી, કદી કરમાતો નથી. મહાકવિ જે. વી. એસ. ટેલરના સુંદર કાવ્યની અંતિમ કડી આ સંદર્ભમાં ઘણું ઘણું કહી જાય છે :

"સૃષ્ટિ વિકારે, ફૂલ ખરે, ને જોબન જાશે;
ચંદ્ર ઘટે, શુભ સૂર્ય નમે, ને સિંધુ ફરાશે;
મીઠાવાની આંધી થશે, મિત્રો બદલાશે;
પણ પ્રેમ ફરે નહિ ઈસુનો, નહિ તે કરમાશે..."

- પલટાતા સમયોમાં ઈસુના પ્રેમનો કોઈ વિકલ્પ નથી.

❖ ❖ ❖

# પ્રભુએ આપેલી ખબર

આ સમાચારોનો યુગ છે.

જગતમાં વિવિધ સમાચારો જાણવા સૌ આતુર હોય છે, દિનપ્રતિદિન બનતી ઘટનાઓના સમાચાર, અલ્પ પળોમાં વિશ્વભરમાં ફેલાઈ જતા હોય છે. આશ્ચર્યચકિત થઈ જવાય અને ચમત્કારિત લાગે એટલી ત્વરાથી, વિવિધ માધ્યમો દ્વારા એ પરિક્રમા ચાલતી હોય છે.

સમાચારોમાં વૈવિધ્ય હોય છે.

દુઃખ, સુખ, આઘાત, વિસ્મય અને જિજ્ઞાસા ઉપજાવે તેવા સમાચારો આ વિશાળ દુનિયાને ખૂણેખૂણે પહોંચી જાય છે અને એ પ્રતિક્રિયામાં કાર્યરત બની રહેતાં સંખ્યાબંધ માધ્યમો અને સાધનોનું નિરીક્ષણ કરવામાં આવે તો ઈશ્વરે માનવીને બક્ષેલી અભૂતપૂર્વ બુદ્ધિ અને પ્રતિભાથી સ્તબ્ધ બની જવાય ! વિજ્ઞાન અને યંત્રોની આધુનિક શોધોએ વિશ્વનું રૂપાંતર કરી નાખ્યું છે !

-પુરાતન કાળમાં મહદ્અંશે ખેપિયાઓ, સંદેશવાહકો, પક્ષીઓ દ્વારા પણ ઈચ્છિત સ્થળોએ સંદેશા, ખબરો પહોંચાડવામાં આવતી હતી. આ પ્રથા આજે પણ અંશતઃ અમલમાં છે.

- પવિત્ર બાઈબલમાં, વિવિધ સંદેશાઓ, સૂચનાઓ, ખબરો તથા વધામણી આપવાના કેટલાંક ઉદાહરણો પ્રસ્તુત છે : 'પસંદ કરેલા મનુષ્યો' દ્વારા, પ્રબોધકો દ્વારા, ઈશ્વરના દૂતો દ્વારા કે પછી ખુદ ઈશ્વર દ્વારા !

- અયૂબના પુસ્તકમાં, એક પછી એક ચાર ખેપિયાઓ દ્વારા અપાયેલી "ખબરો" અયૂબ માટે આઘાતજનક હતી. તેના લોકો પરનો હુમલો, ચાકરોની હત્યા, આકાશના અગ્નિએ કરેલો ચાકરોનો વિનાશ, ઘરમાં મિજબાની દરમિયાન વાવાઝોડાને કારણે તેના પુત્રો-પુત્રીઓનું આકસ્મિક મૃત્યુ - એક જ પળે આવી પડેલ આ સર્વ દુઃખદ ખબરો આપનાર પ્રત્યેક ખેપિયાએ એકસરખા શબ્દો ઉચ્ચાર્યા હતા :

"હું એકલો જ તને ખબર આપવાને બચી ગયો છું !" આઘાતજનક ખબરોની પરંપરા !

જૂના કરારમાં, પ્રબોધકો દ્વારા ભવિષ્યકથનરૂપે ખ્રિસ્ત ઈસુના જન્મની "ખબરો" આપવામાં આવી હતી :

"...પ્રભુ પોતે તેમને ચિહ્ન આપશે; જુઓ, કુમારી ગર્ભવતી થઈને પુત્ર જણશે. (યશાયા ૭ : ૧૪)

"...યહૂદાહ દેશના બેથલેહેમમાંથી એક અધિકારી ઉત્પન્ન થશે... (મીખાહ ૫ : ૨)

- બે હજાર વર્ષ પહેલાં,

બેથલેહેમની સીમમાં ઘેટાંપાળકો રાત્રે પોતાનાં ઘેટાં સાચવતા હતા. એકાએક પ્રભુના ગૌરવનો પ્રકાશ તેઓની આસપાસ ઝળહળી રહ્યો. તેમાં ઊભેલા પ્રભુના દૂતે, દાઉદના શહેરમાં જન્મેલા તારનાર - ખ્રિસ્તના જન્મના શુભ સમાચાર ઘેટાંપાળકોને કહી સંભળાવ્યા.'

- દૂતની સાથે દેવની સ્તુતિ કરતો, અને તેના મહિમાનું ગીત ગાતો આકાશી સમુદાય આકાશમાં વિદાય થયો.

તે પછી ઘેટાંપાળકોએ એકબીજાને કહ્યું :

"ચાલો, આપણે બેથલેહેમ જઈએ અને જે ખબર પ્રભુએ આપણને આપી છે, તે જોઈએ." (લૂક ૨ : ૧૫)

- ઘેટાં જેવા નમ્ર, નિર્દોષ અને આજ્ઞાધીન ઘેટાંપાળકોએ તત્કાળ બેથલેહેમ ભણી પ્રયાણ કર્યું.

પ્રભુએ આપેલી ખબર પ્રમાણે તેઓએ મરિયમ, યૂસફ તથા બાળ ઈસુને જોયાં અને તે ખબર તેઓએ જાહેર કરી.

❖ ❖ ❖

નાતાલ ! મુક્તિ, આનંદ અને ઉજવણીનું મહાપર્વ !

- પ્રભુના ગૌરવના પ્રકાશમાં, ઘેટાંપાળકોને પ્રભુએ આપેલી, અને તેમના દ્વારા જાહેર થયેલી આ ખુશખબર, આજ પર્યંત વિશ્વભરમાં પ્રત્યેક હૃદયમાં પ્રવેશીને મુક્તિના અપૂર્વ આનંદનો પ્રકાશ રેલાવી રહી છે...

"ચાલો, આપણે બેથલેહેમ જઈએ અને જે ખબર પ્રભુએ આપણને આપી છે, તે જોઈએ."

❖ ❖ ❖

# 'નવ્વાણું છે, એક નથી'

વ્યવસાય કરતા કોઈપણ સામાન્ય માનવીએ પ્રાપ્ત કરેલું ધન કે મૂલ્યવાન ચીજો સુવિધા માટે વિવિધ સાધનો - આ બધી મિલકત ધારણ કરવાની, તેને સાચવવાની અને તેમાં વૃદ્ધિ કરવાની સાહજિક રીત એ માનવીમાં હોય છે. પણ આમાંથી કોઈપણ મિલકત એ માનવી ખોઈ બેસે, તો તેના દુઃખ સાથે તે પુનઃપ્રાપ્ત કરવાની ઈચ્છા સાથે તમામ પ્રયાસો આદરે છે. જો તેમાં નિષ્ફળ જાય તો સમજદાર માનવી તે વીસરી પણ જાય છે.

કુટુંબનું કોઈ પાત્ર આકસ્મિક રીતે ગુમ થઈ જાય કે ખોવાઈ જાય, તો માતા-પિતા ઉપરાંત અન્ય સ્નેહીજનોને ભારે દુઃખ થાય છે. એ પ્રિય પાત્રને શોધવામાં કોઈ પ્રયાસ બાકી રાખવામાં આવતો નથી. ખોવાયેલું પ્રિયજન પાછું મળવામાં વધુ પડતો વિલંબ થાય તો કુટુંબીજનોની હૃદયવેદના અસહ્ય બની જાય છે. તેનો સહવાસ ભૂલાતો નથી અને તેની ગેરહાજરીથી માતાપિતા અને કૌટુંબિક સભ્યોનાં જીવનોમાં એક પ્રકારનો શૂન્યાવકાશ સર્જાઈ જાય છે - વાતાવરણ શોકમગ્ન બની જાય છે અને જો ખોવાયેલ પાત્ર પુનઃ મળી આવે, તો એ આનંદ કેવો અપૂર્વ !

પ્રતિવર્ષ પાસ્ખાપર્વ નિમિત્તે યરુશાલેમ જતાં માતાપિતાનો બાર વર્ષનો પુત્ર ઈસુ, ત્યાંથી પાછા ફરતાં માતાપિતા સાથે ન હતો. તેમને થયું કે પુત્ર "ખોવાઈ ગયો"! તેને શોધતાં શોધતાં તેઓ યરુશાલેમ પાછાં ગયાં. પુત્ર ઈસુ મંદિરમાં બેઠેલો મળી આવતાં, માતાએ તેના આ વર્તન અંગે પ્રશ્ન પૂછતાં કહ્યું કે, "મેં અને તારા પિતાએ "દુઃખી થઈને" તારી શોધ કરી." બાળ ઈસુએ જે અદ્‌ભુત ઉત્તર આપ્યો તેનો ભાવાર્થ એ હતો કે "હું મારા "પિતા" સાથે હતો. ઈસુનો પ્રત્યુત્તર અર્થપૂર્ણ અને માર્મિક હતો; પણ માતાપિતાની પુત્ર ખોવાઈ ગયાની દુઃખભરી લાગણી સાહજિક અને સ્વાભાવિક હતી.

પ્રભુ ઈસુએ પોતાના સેવાકાર્યનો આરંભ કરતાં કહ્યું કે "જે ખોવાયેલું છે તેને **શોધવા મનુષ્યપુત્ર જગતમાં આવ્યો છે." - માથ્થી ૧૮ : ૧૧**

આ અંગે ઈસુએ ઘણાં ઉદાહરણો આપ્યાં છે. ખોવાઈ ગયેલો સિક્કો શોધવા અંગેનું દૃષ્ટાંત, શ્રીમંત પિતાના બે દીકરામાંના નાના દીકરાએ પોતાને મળેલી મિલકતનો ભાગ ઉડાવી દીધો. પોતાની જાતનું સાચું ભાન થતાં તેને પશ્ચાત્તાપ થયો અને 'પિતા'ને ઘેર પાછો ફર્યો. પુત્ર પાછો મળી આવતાં પિતાએ તેને પ્રેમથી આવકારતાં કહ્યું : "મારો મૃત્યુ પામેલો દીકરો સજીવન થયો છે અને જે ખોવાયેલો હતો તે પાછો મળ્યો છે ! અને ઘરમાં આનંદ છવાઈ રહ્યો...

**ખોવાયેલું ઘેટું :**

ઘેટું - હલવાન એ નિર્દોષ અને નમ્ર પ્રાણી છે. સંત યોહાને ઈસુને જોઈને કહ્યું 'જુઓ, દેવનું હલવાન !' કારણ, ઈસુ નિષ્પાપ અને નિષ્કલંક હતા. પ્રભુ ઈસુએ પોતાના અસંખ્ય પ્રિય અનુયાયીઓને ઘેટાં સમાન ગણીને તેમના પર પોતાનો પ્રેમ ઠાલવ્યો છે. અહીં ઈસુ એક અન્ય સુંદર દૃષ્ટાંત આપે છે :

'સો ઘેટાં ધરાવનાર કોઈ ઘેટાંપાળકનું "એક ઘેટું" ખોવાઈ જાય તો પેલાં નવ્વાણુંને વગડામાં મૂકીને તે આ ખોવાઈ ગયેલા ઘેટાની પાછળ નીકળી પડે છે. જંગલ, ડુંગરા, ઝાડીઝાંખરા, ખાડા-ટેકરા ખૂંદી વળીને, ભૂલા પડેલા હલવાનને શોધીને, તેને પોતાને ખભે બેસાડીને જ્યારે વાડામાં પાછું લાવે છે, ત્યારે તેનું હૃદય આનંદથી ઊભરાય છે.'

**ખોવાયેલું ઘેટું - ખોવાયેલ મનુષ્ય :**

'પ્રભુના "વાડા"માં નવ્વાણું નહિ, બલકે અસંખ્ય ન્યાયી માનવો હોઈ શકે. પણ તેમાંથી એક ખોવાયેલા, જગતના વન-વગડામાં ભૂલા પડેલા, કાદવ - કીચડમાં ખૂંપી ગયેલા, પ્રલોભનોની લપસણી ભૂમિ પર લપસી પડેલા માનવને-હલવાનને શોધવાની ભલા ભરવાડને વધારે ચિંતા છે.'

"નવ્વાણું ઘેટાં છે, એક નથી.".

**પ્રભુ ઈસુએ કહ્યું :**

"એ જ રીતે, જેમને પશ્ચાતાપની જરૂર નથી, એવા નવ્વાણું ન્યાયી માણસો કરતાં પશ્ચાતાપ કરનાર એક પાપી માટે સ્વર્ગમાં વધારે આનંદોત્સવ થશે." (લૂક ૧૫ : ૭)

❖ ❖ ❖

# 'પંખીનો કલરવ - ફૂલનો વૈભવ - માનવનો અનુભવ'

કલાકાર પ્રત્યેક વસ્તુમાં સૌંદર્ય નિહાળે છે. સુવર્ણથી માંડીને નિરુપયોગી કાગળના ટુકડામાંથી કંઈક કલાકૃતિ ઉપજાવી કાઢે છે. આખા જગતમાં ખાસ સ્થળોએ વિવિધ કલાના નમૂના સંગ્રહાયેલા છે, શિલ્પ, ચિત્ર, વગેરેમાં બેનમૂન કલાકૃતિઓનું સર્જન થયું છે ઐતિહાસિક તથા ધાર્મિક સ્થળો, પ્રાચીન તથા અર્વાચીન ઇમારતો પણ કલાથી ભરપૂર હોય છે. સાહિત્યક્ષેત્રે પણ વિશ્વના વિવિધ લેખકો તથા કવિઓની કલાત્મક કૃતિઓ અમર બની ગઈ છે. પણ આ તમામ સૌંદર્યકૃતિઓ માનવસર્જિત છે અને કાળના વહન સાથે તેનો ક્રમશઃ વિનાશ થઈ શકે છે - પવિત્ર બાઈબલમાં, ભવ્ય બાંધકામ તરફ નિર્દેશ કરતા શિષ્યને પ્રભુ ઈસુએ કહ્યું હતું, કે 'તે ધરાશાયી કરવામાં આવશે અને એક પથ્થર પર બીજો રહેવા દેવાશે નહિ.' અલબત્ત, પ્રકૃતિના જીવંત અંગોમાં ઈસુએ સૌંદર્ય નિહાળ્યું હતું.

ઈસુએ પોતાના સેવાકાર્યનો આરંભ કર્યો ત્યારે તેમણે માનવોમાં વિવિધ પ્રકારનાં દુઃખો નિહાળ્યાં : "રોગ, શારીરિક કષ્ટ, શોક, રુદન, ભાર, બોજો, નિરાધારતા, નિરાશા, હતાશા અને અનેક પ્રકારનાં સંકટોથી ચિંતિત...

માનવોના આવા કઠિન અનુભવોથી દુઃખી એવા ઈસુ પહાડ પર ચઢી ગયા. તેમની સમક્ષ વિશાળ માનવસમુદાય હતો... આતુર અને ચિંતાગ્રસ્ત !

- અહીં નૈસર્ગિક વાતાવરણ હતું. શાંત અને સૌમ્ય ! વનરાજી હતી. રમણીય વૃક્ષો હતાં. પ્રગાઢ શાંતિ હતી.

વાતાવરણને પુલકિત બનાવતાં સુંદર રંગબેરંગી ફૂલો મંદ પવનમાં લહેરાઈ રહ્યાં હતાં.

અને વિવિધ પ્રકારનાં આકર્ષક પંખીઓ આકાશમાં વિહાર કરી રહ્યાં હતાં અને પોતાના મધુર કલરવથી વાતાવરણને ભરી દેતાં હતાં...

- આ સંજોગોમાં, અનેક પ્રકારની ચિંતાઓના ભારથી દબાયેલાં ચિંતાગ્રસ્ત શ્રોતાઓ સમક્ષ, ઈસુએ પોતાની મધુર અને વિનમ્ર વાણી વહેતી કરી :...

"...એટલે હું તેમને કહું છું કે શું ખાઈશું, શું પીશું, એમ જીવનની ચિંતા ન કરો શું પહેરીશું, એમ શરીરની પણ ચિંતા ન કરશો... આકાશનાં પંખીઓને નિહાળ

તેઓ નથી વાવતાં કે નથી લણતાં, કે નથી કોઠારમાં ભેગું કરતાં. છતાં તમારા પરમપિતા તેમનું પાલન કરે છે... તમારામાંથી કોણ ચિંતા કરીને પોતાનું આયુષ્ય એક ક્ષણભર પણ વધારી શકે છે ? અને તમે વસ્ત્રોની ચિંતા કેમ કરો છો ? વનનાં ફૂલોને જુઓ. કેવાં ખીલે છે ? નથીં મહેનત કરતાં કે કાંતતાં - છતાં હું તમને ખાતરીથી કહું છું કે સુલેમાને પણ પોતાના વૈભવ - ના શિખરે હશે ત્યારે એમના જેવો પોશાક પહેર્યો નહિ હોય !"

(શુભસંદેશ-માથ્થી ૬ : ૨૫-૨૯)

- અને શ્રોતાઓ નિશ્ચિંત બનીને પ્રફુલ્લિત વદને વિદાય થયા.

માનવ-સર્જિત કલા-સૌંદર્યની ઉપેક્ષા કરીને ઈસુએ ઈશ્વરસર્જિત સૌંદર્યના પ્રતીક સમા ફૂલો અને પંખીઓ દ્વારા ચિંતાગ્રસ્ત દુનિયાને અદ્ભુત સંદેશ આપ્યો.

આજે પણ અનેક સ્થાનોએ પુષ્પો ખીલી રહ્યાં છે; પંખીઓ મધુર કલરવ કરી રહ્યાં છે.

પુષ્પ, પંખી અને સમગ્ર જીવંત સૃષ્ટિ સહિત પૃથ્વીની સર્વ પ્રજાઓનું સ્વર્ગમાંના પિતા દ્વારા થતા પાલનનો આ સનાતન સંદેશ, આજે પણ, 'સંકટોથી ભરેલા જગતને જીતી લેનાર' ખ્રિસ્ત ઈસુ વિજયના ઉન્નત શિખર પરથી પ્રસારી રહ્યા છે :... 'આકાશમાંનાં પંખીઓ જુઓ : વનનાં ફૂલો નિહાળો !'

❖ ❖ ❖

# ખાલી કૂંડા અને ભારે પથ્થર

પ્રભુ ઈસુએ પાણીનો દ્રાક્ષારસ બનાવ્યો, એ પ્રસંગ પર, વર્ષો પૂર્વે એક લેખન સ્પર્ધામાં ઘણાબધા લેખકોમાંના એક લેખકે તો માત્ર આટલું જ લખ્યું :

"પ્યાલામાંનું પાણી પોતાના પ્રભુને જોઈને શરમાઈ ગયું અને તે લાલ બની ગયું!"

- કહેવાની જરૂર નથી કે એ લેખકને પ્રથમ ઇનામ મળ્યું.

- જોકે આ તો માત્ર લેખકની કલ્પના અને સુંદર લેખન-કળા જ છે.

જીવનમાં આવતા વિવિધ પ્રસંગોમાં જરૂરિયાતો પણ વિવિધ પ્રકારની હોય છે. પાર્ટી હોય, મિલન સમારંભ હોય, સંમેલન હોય કે કોઈપણ કારણે માનવીઓ એકત્ર થયા હોય તો આયોજન અનુસાર જરૂરિયાતો ઊભી થાય છે.

આ સંજોગોમાં ક્વચિત્ એવું પણ બને છે કે શરતચૂકથી કંઈક કરવાનું રહી જાય, કોઈક અગત્યની બાબત ભૂલી જવાય, ત્યારે અંદરઅંદર સહેજ ગરમાગરમ ચર્ચા,

સ્વાભાવિક દોષારોપણ સાથે જરૂરી વ્યવસ્થા થઈ જાય છે. કોઈ વસ્તુ ખૂટી પડે ત્યારે પણ દોડધામ મચી જાય છે. સંકળાયેલ માનવીઓની કસોટી પણ થાય છે.

ગાલીલનું કાના ગામ. ત્યાં એક લગ્નપ્રસંગ હતો.

આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ કાર્યકરો વિવિધ વ્યવસ્થાઓમાં વ્યસ્ત હતા.

ઘણા આમંત્રિતો હાજર હતા. આ બાબતની વિશેષતા એ હતી કે ઈસુ તથા તેમના શિષ્યોને પણ આમંત્ર્યા હતા. ઈસુની માતા પણ હાજર હતાં. સર્વ આનંદમગ્ન હતાં; ત્યાં વાતાવરણમાં અચાનક ઉત્તેજના ફેલાઈ ગઈ. અંતે જાણવા મળ્યું, કે તેઓ પાસે હવે દ્રાક્ષારસ નથી. માતા મારફતે ઈસુ સમક્ષ રજૂઆત થઈ. પણ ઈસુએ માતાને અનુકૂળ પ્રતિભાવ ન આપ્યો :

"બહેન, તારે ને મારે શું ?" - છતાં, મરિયમે એટલું તો ચાકરોને કહ્યું કે,

'તે જે તમને કહે તે કરો' - અને ઈસુએ કૂંડા પાણીથી ભરી દેવાનો આદેશ આપ્યો. ચાકરોએ 'ખાલી કૂંડા' પાણીથી છલોછલ ભરી દીધાં... અને ઈસુના જીવનનો પ્રથમ ચમત્કાર સર્જાઈ ગયો !

"જમણના કારભારીએ પાણીનો બનેલો દ્રાક્ષારસ ચાખ્યો; અને તે ક્યાંથી આવ્યો તે તે જાણતો ન હતો. (યોહાન ૨ : ૩)

યહૂદિયાનું બેથનિયા ગામ.

ત્યાં મરણપ્રસંગ હતો. શોકમય અને ગંભીર. માર્થા, મરિયમ અને ભાઈ લાઝરસ ઈસુના પ્રિય પાત્રો હતાં. એ યુવાન લાઝરસનું મૃત્યુ થયું હતું. લાઝરસના માંદગીના સમાચાર આવ્યા. છતાં ઈસુએ ત્યાં જવામાં વિલંબ કર્યો. ત્યાં મૃત્યુના સમાચાર આવ્યા. તે પ્રસંગે પણ ઈસુની હાજરી ત્યાં ન હતી. (તેનું કારણ ઈસુ પોતે જાણતા હતા).

ચોથે દિવસે ઈસુ ત્યાં ગયા. રડતી માર્થાએ કહ્યું : "પ્રભુ, જો તું અહીં હોત, તો મારો ભાઈ મરણ પામત નહિ." રુદન કરતી મરિયમે પણ એ જ શબ્દો ઉચ્ચાર્યા.

"બંને બહેનોનો વિશ્વાસ ઈસુની હાજરીની અનિવાર્યતાનો નિર્દેશ આપે છે."

બહેનો કલ્પાંત કરતી હતી, યહૂદીઓ પણ રડતા હતા. નિસાસો નાખતા ઈસુની આંખો પણ આંસુથી ભરાઈ આવી...

- કબરના દ્વાર પર ભારે પથ્થર મૂકેલો હતો. ઈસુએ કહ્યું : 'પથ્થરને ખસેડો.'

માર્થાએ કહ્યું : "આજે ચાર દિવસ થયા. હવે તો તે..." ઈસુએ તેને વિશ્વાસ અને દેવના મહિમાના દર્શનની ફરી એક વાર યાદ અપાવી.

ભારે પથ્થર ખસેડાયા બાદ ઈસુએ ઈશ્વરસ્તુતિ કરી અને એ પથ્થર પાછળની દુર્ગંધમાંથી, મૃત લાઝરસને નવજીવનની સુવાસમાં અને મૃત્યુના બંધનમાંથી મુક્ત જીવનમાં પ્રવેશવા આહ્‌વાન આપ્યું...

"ત્યારે જે મરી ગયો હતો તે કફનથી હાથેપગે વીંટાળેલો બહાર આવ્યો. તેના મોં પર રૂમાલ બાંધેલો હતો.

"ઈસુએ કહ્યું, તેનાં બંધન છોડી નાખો અને તેને જવા દો." (યોહાન ૧૧ : ૪૪)

કાના ગામમાં લગ્નનો આનંદોત્સવ હોય, કે બેથનિયા ગામમાં મરણનો ધીરગંભીર પ્રસંગ હોય, પણ એક સ્થળે ઈસુની પ્રત્યક્ષ ઉપસ્થિતિ, હાજરીને કારણે ઈસુના દૈવી સામર્થ્ય અને પરાક્રમનાં દર્શન, જ્યારે બીજા સ્થળે મૃત માનવીના પુનરુત્થાન અને અનંતજીવનનું શાશ્વત અને દિવ્ય પ્રકટીકરણ !

આજે પણ, ખ્રિસ્ત ઈસુની પરોક્ષ હાજરી 'ખાલી કૂંડા' સમા ખાલી જીવનોને જીવંત પાણીથી છલોછલ ભરી દે છે અને દુ:ખી સ્વજનોનાં હૃદયો તે દ્વારા પુનરુત્થાનની જ્વલંત આશાના પ્રકાશથી ઝળહળી ઊઠે છે !

❖ ❖ ❖

# મિલેનિયમનો સ્વામી

સમય !
સમયની ગહનતા... સમયનો આરંભ ?
સમયનો અંત ?

આ પ્રશ્નો માનવજ્ઞાનની મર્યાદા બહારના હોઈ શકે. ભૌતિક દૃષ્ટિએ સમયના સાગરના કિનારા કલ્પવા મુશ્કેલ છે.

પૃથ્વીની આસપાસના અવકાશનો પ્રારંભ તો એની સપાટી પરથી થાય છે પણ અવકાશ તરફ જતી દિશાને કે દૃષ્ટિને કોઈ અવરોધ નડવો શક્ય નથી, એ સમગ્ર સૃષ્ટિની એક આશ્ચર્યકારક ઘટના છે.

આ સર્વ રહસ્યથી ભરપૂર અને ગૂઢ બાબતોના સર્જક ઈશ્વર છે, સમય અનાદિ છે. ઈશ્વર અનાદિકાળથી છે...

માનવીય દૃષ્ટિએ, ગણતરીની સુવિધા અર્થે સમયના વિવિધ 'વિભાગો' પડ્યા. યુગ, શતક, વર્ષ, માસ, સપ્તાહ, દિન ઉપરાંત તેમાં કલાકો અને મિનિટો પણ સમાવિષ્ટ

છે. આમ સમયની ગણતરી માટે અનુકૂળ માળખાનું આયોજન થયું. ઇતિહાસની દૃષ્ટિએ પણ એ અનિવાર્ય હતું.

વર્તમાન વિશ્વ હાલમાં ''મિલેનિયમ''ની ભવ્ય ઉજવણીના આયોજનમાં વ્યસ્ત છે. એક સદીની પૂર્ણાહુતિ, બીજી સદીનો આરંભ ! આ સદીના કાળક્રમ દરમિયાન જગતનું રૂપ બદલી નાખનાર વિરલ વિભૂતિઓની પોતાની શક્તિઓ, કૌશલ્ય, પ્રતિભા અને પુરુષાર્થ દ્વારા જગતની શકલ બદલાતી જ રહી... :

- વિશ્વવિખ્યાત કલાકારો અને તેમની ક્લાસિક ચિત્રકૃતિઓ દ્વારા થયેલી ક્રાંતિ

- સાહિત્યક્ષેત્રે કવિઓ અને લેખકો દ્વારા એક નૂતન અક્ષરજગતનું નિર્માણ...

- માનવીના જીવનવ્યવહારમાં અદ્યતન સુવિધાઓ માટે આધુનિક ટેક્નોલોજી દ્વારા ન્યૂનતમ પ્રસાધનોનું પ્રદાન...

- માનવીઓના આનંદ-પ્રમોદ અને આરામદાયક નિવાસસ્થાનો અને વિહારધામોનું પ્રસ્થાપન -

- જગતના વિવિધક્ષેત્રે અવિરત પરિશ્રમ દ્વારા સમૃદ્ધિ પ્રાપ્ત કરવાના પ્રયાસો...

આવી અપૂર્વ અને ભરપૂર સિદ્ધિઓથી ભરેલું જગત આજે ''થર્ડ મિલેનિયમ''ની ઉજવણી કરવા થનગની રહ્યું છે. વીતેલી સદીનાં સ્મરણીય વર્ષોમાં પ્રસ્થાપિત થયેલા સીમાચિહ્નોનો ઉલ્લેખ આવકાર્ય છે.

અનંત અને અપાર સમયનો આ સૌથી મહત્ત્વનો મહોત્સવ એક યા બીજી રીતે દુનિયાને સ્પર્શી જાય છે.

જૂની સદીનો અસ્ત - નવી સદીનો ઉદય !

એ અવસરે, એ ન ભૂલાય કે આ મિલેનિયમના સૂર્યોદયના ભવ્ય પ્રકાશમાં, પરોક્ષ રીતે પણ, જીવંત ઈશ્વર અને ખ્રિસ્ત ઈસુનું દર્શન પ્રજ્વલી ઊઠે છે ! જીવંત ઈશ્વર અને ઉદ્ધારક ખ્રિસ્ત આ સમગ્ર ઉત્સવમાં કેન્દ્રસ્થાને છે ?

- મિનિટો, કલાકો, દિવસો વહી જશે....મહિના, વર્ષો, સદીઓ અને મિલેનિયમો પણ અનંતકાળના ઊંડાણમાં સરી જશે.

- માત્ર ઈશ્વરનાં પવિત્ર વચનો જ શાશ્વત છે, સનાતન છે :

''હું આલ્ફા તથા ઓમેગા,
આદિ તથા અંત,
પ્રથમ તથા છેલ્લો છું.''(પ્રકટીકરણ ૨૨ : ૧૩)

"ઈસુખ્રિસ્ત ગઈ કાલે, આજે તથા સદાકાળ, એવા ને એવા જ છે."

(હિબ્રૂ : ૧૩ : ૮)

સમયની અનંતતાનો એ જ પ્રત્યુત્તર છે !

- અતીતમાં વિલીન થઈ ગયેલા તેમ જ ભાવિમાં ઉદય પામનારાં અનેક મિલેનિયમોનો એ જ સ્વામી છે.

ધન્ય મિલેનિયમ !

ધન્ય ઈસુ !

❖ ❖ ❖

# નવો પોશાક - નવું સ્વરૂપ

અજ્ઞાનતામાં ભૂલ કરનાર, દુરાચાર આચરનાર,

પાપમાં પડનાર, કે દુષ્કૃત્ય કરનાર વ્યક્તિ પોતાના માર્ગમાં આગળ વધે છે.

આરંભના ક્ષણિક સુખ બાદ એને સાચી દિશાનું ભાન થાય છે. વિચાર કરતાં એને પશ્ચાતાપ થાય છે. પોતાના પાપનો એકરાર છે. માતા-પિતા તરફ, કે પોતાના અધિકારી તરફ, કે પોતાના ક્ષેત્રની જવાબદાર વ્યક્તિ તરફ પાછા ફરીને તે વ્યક્તિ પુનઃસ્વાર્પણ કરે છે. એનો સ્વીકાર થાય છે અને એ વ્યક્તિ જાણે નવું રૂપ ધારણ કરીને નવા જીવનમાં પ્રવેશે છે...

પ્રભુ ઈસુએ કહ્યું :

બે માણસો પ્રાર્થના કરવા મંદિરમાં ગયા. એમાંના એક માનવીએ પોતાનાં જ ગુણગાન ગાતાં, અભિમાનપૂર્વક પોતાના બાકી જીવનનું પ્રદર્શન કર્યું...

એનાથી દૂર ઊભેલા બીજા માનવીએ, પોતાનો સર્વાંગ નકાર કરતા, પશ્ચાતાપ સહિત પોતાનાં પાપ કબૂલ કરીને દયાની યાચના કરી. પરિણામે એ 'ન્યાયી' વ્યક્તિ તરીકે નવું આત્મિક સ્વરૂપ પામીને પોતાને ઘેર ગયો.

દાઉદે પાપકર્મ આચર્યું. પછી એને પોતાની સાચી પરિસ્થિતિનું ભાન થયું. ઈશ્વર સમક્ષ પાપનો એકરાર કરીને દયાની તથા ક્ષમાની યાચના કરી. "હિમ કરતાં શ્વેત" થવાની અભ્યર્થના સહિત તેણે 'શુદ્ધ હૃદય' માટે આજીજી કરી. એ સાથે "આનંદ અને હર્ષ" સાંભળવાની અને 'નવું સ્વરૂપ' પ્રાપ્ત કરવાની પોતાની હૃદયની લાગણીઓ પ્રદર્શિત કરી...

પ્રભુ ઈસુની દૃષ્ટાંત-કથામાં, શ્રીમંત માનવીના બે દીકરામાંના નાનાએ પોતાનો જ માર્ગ વિચાર્યો, વર્તમાન કૌટુંબિક સુખ, સુવિધાઓ તથા શાંતિની ઉપેક્ષા કરીને એણે જગતનો વિશાળ માર્ગ પસંદ કર્યો. પિતા પાસે મિલકતમાંથી પોતાના હિસ્સાની માગણી કરી અને એ મેળવીને તે દુન્યવી વૈભવ-વિલાસમાં ખોવાઈ ગયો...

- પોતાનાં સાધનોનો દુર્વ્યય કરીને તે ખાલી થઈ ગયો. અંતે એને સત્યનું ભાન થયું. પશ્ચાતાપ થયો. આકાશ સામે તથા પ્રેમાળ પિતા સામે આચરેલા પાપની કબૂલાત કરવા, તેમ જ તેની શિક્ષા ભોગવવા, કંગાલાવસ્થામાં આવી પડેલો, ભૂખ્યો, તરસ્યો પુત્ર, મેલાઘેલા પોશાકમાં પિતાને ઘેર પાછો ફર્યો....

- રાતદિવસ એની પ્રતીક્ષા કરી રહેલા પિતાએ એને તુચ્છકાર્યો નહિ, એની ઉપેક્ષા કરી નહિ. એને તિરસ્કાર્યો નહિ....

પણ હર્ષઘેલા પિતા તરફથી તેને મળ્યો ઉષ્માભર્યો આવકાર ! સત્કાર અને સ્વીકાર ! પિતાએ કહ્યું, એને આવકારો, એને સ્વચ્છ કરો, આભૂષણો તથા નવા મૂલ્યવાન પોશાકથી એને સજ્જ કરો....

- ખોવાયેલા, પુનઃ જીવંત મળેલા પુત્રને નવું સ્વરૂપ લાધ્યું ! એ નવું સર્જન બની ગયો !

"યહોશુઆ તો મેલાં વસ્ત્રો પહેરીને દૂત આગળ ઊભેલો હતો. તેણે આગળ ઊભેલાઓને કહ્યું : જો મેં તારા અન્યાયને તારાથી દૂર કર્યો છે... હું તને મૂલ્યવાન પોશાક પહેરાવીશ."

**(ઝખાર્યાહ ૩ : ૩-૫)**

❖ ❖ ❖

# ‘આકાશી સેનાનું ગીત’

પ્રાકૃતિક સર્જનોમાં કોઈ અનોખા પ્રકારની શાંતિ પ્રવર્તતી હોય છે. જેનો વિનાશ કરવાની દૃષ્ટતા માનવી પ્રયાસો દ્વારા ઘણીવાર થાય છે. વિશાળ પર્વતમાળાઓમાં પ્રવર્તતી નીરવ શાંતિ; ગાઢ જંગલની ઘેરી શાંતિ; રણપ્રદેશની ભયાનક દીસતી શાંતિ; અફાટ મહાસાગરના જળ પરની નિઃશબ્દ શાંતિ... આ પ્રકારની શાંતિ ઈશ્વરના સૃષ્ટિસર્જનનો એક ભાગ.

– અને બીજી તરફ જગતના ઘોંઘાટભર્યા વાતાવરણમાં, કંઈક અંશે દોષિત ઠરાવી શકાય એવા સંબંધો અશાંતિનું નિર્માણ કરે છે. પરસ્પર શત્રુતા, કૌટુંબિક અણબનાવ, કોમ કે સમાજ વચ્ચેનું વૈમનસ્ય, રાષ્ટ્રો વચ્ચેનો વિગ્રહ અને વિશ્વવ્યાપી મહાયુદ્ધો... આ સર્વની વ્યાપક અસરો સમગ્ર જગત પર થઈ શકે છે.

માનવીના જીવનમાં એના વિવિધ આયોજનો ભૌતિક શાંતિ બક્ષે છે : શારીરિક સુખાકારી, ધનસમૃદ્ધિ, આર્થિક સાધનો અને સુવિધાઓ, ભાવિ માટેનું સુરેખ આયોજન, સંતોષકારક કૌટુંબિક પરિસ્થિતિ – આ સર્વના પરિણામરૂપે નિશ્ચિંતતા અને શાંતિ અનુભવે છે. પણ એ સીમિત અને મર્યાદિત બની શકે. તો પછી, મનુષ્યને હૃદયની સાચી અને ભરપૂર આધ્યાત્મિક શાંતિ કોણ પ્રદાન કરી શકે ?.....

આશરે બે હજાર વર્ષો પૂર્વે, એક શાંત રાત્રિએ, શાંત આકાશમાં , ગૌરવી પ્રકાશમાં એક દિવ્ય ગીત સંભળાયું :

“પરમ સર્વોચ્ચતામાં પ્રભુને મહિમા. ઈશ્વરની પ્રસન્ન પ્રજાઓમાં શાંતિ !!”

– અને એ જ સમયે, બેથલેહેમના એક શાંત સ્થળે, શાંતિના રાજકુમારનો જન્મ થઈ ચૂક્યો હતો. રાત્રિ શાંત અને નિર્મળ હતી. વિશ્વ નિદ્રાધીન હતું. એ ગભાણ પણ શાંત હતી. પ્રાણીઓ પણ શાંતચિત્તે બાળરાજાને નીરખી રહ્યાં હતાં...

– આકાશી સેનાના મધુર ગીત સાથે જન્મેલા પ્રભુઈસુએ પોતાના જીવનકાળ દરમિયાન, શાંતિ ઝંખતા જગતને આ વચન દ્વારા શાંતિનું અભયદાન આપ્યું :

“... મારી શાંતિ હું તમને આપું છું... જેમ જગત આપે છે તેમ હું તમને (શાંતિ) આપતો નથી...” (યોહાન ૧૪ : ૨૭)

– વ્યક્તિગત શત્રુતા મટી જાય, વણસેલા કૌટુંબિક સંબંધો પુનઃ સધાય. સમાજો અને રાજ્યોમાંના વૈમનસ્યનો અંત આવે, મહાયુદ્ધો ખેલાયાં બાદ સુલેહ, સમાધાન થાય, એ શાંતિ કવચિત્ અલ્પજીવી બની જાય, તોપણ આવકાર્ય છે...

— પણ વર્ષો પૂર્વની એક શાંત અને નિર્મળ રાત્રીએ, આકાશીસેના દ્વારા જે શાંતિનુ મધુર ગાન સંભળાવવામાં આવ્યું, તે સનાતન અને શાશ્વત છે. આધ્યાત્મિક અશાંતિ સહન કરતી માનવજાત માટેની અલૌકિક શાંતિનું એ મહાગીત પૃથ્વીના વર્તમાન વાતાવરણમાં આજે પણ ગુંજી રહ્યું છે.

"જયરાગે ગીતો આકાશમાં ગાઓ, તેજસ્વી ફોજો ગીત ગાતાં જાઓ; શાંતિનો રાજા આકાશથી આવ્યો, શાંતિનો ઉપાય સાથે તે લાવ્યો." (ભ.સં.ગીત. ૬૨)

❖ ❖ ❖

# ત્રણ શ્રેષ્ઠ સેવિકાઓ

માનવીના જીવનમાં 'વ્યવસાય' મહત્ત્વનું સ્થાન ધરાવે છે - એને કારણે જગતમાં વિવિધ ઈમારતો ઊભી થાય છે. વ્યાપારી સંકુલો, નાણાકીય સંસ્થાઓ, સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ....

પણ આ સર્વમાં તબીબી ક્ષેત્રે, વૈદકીય 'વ્યવસાય'નું સ્થાન કંઈક ભિન્ન પ્રકારનું છે.

સામાન્ય વ્યવસાયોનાં સ્થાન પોતાની સંબંધિત પ્રવૃત્તિઓથી ધમધમી રહે છે. જ્યારે વૈદકીય વ્યવસાયનું સામાન્ય સ્થાન હોસ્પિટલ કંઈક વિશિષ્ટ પ્રકારનું વાતાવરણ ધરાવે છે.

આ ક્ષેત્રે જે કાર્ય થાય છે, તે વ્યવસાય કરતાં વધુ સેવાનું સ્વરૂપ ધરાવે છે.

એ ક્ષેત્રે કાર્ય કરતા માનવીઓ મહદ્‌અંશે તો જનતાના અને પ્રભુના સેવકો છે — શારીરિક અને માનસિક દુઃખ ભોગવતાં માનવીઓની વિવિધ લાગણીઓ અને અનુભવના તેઓ સાચા સાક્ષી છે. હોસ્પિટલની દીવાલો પાછળ સુખ-દુઃખ પ્રદર્શિત કરતાં લાગણીસભર દૃશ્યો સર્જાતાં રહે છે :

દુઃખી માનવીઓનું આગમન.<br>
સુખી માનવીઓની વિદાય,<br>
દુઃખી કણસતા માનવીઓના દર્દભર્યા ઉદ્‌ગાર.<br>
ચિંતાગ્રસ્ત સ્વજનો અને સ્નેહીઓનાં આંસુ,<br>
વિશિષ્ટ પ્રકારની સેવા, શુશ્રૂષા, સહાનુભૂતિ,<br>
સહિષ્ણુતા તથા આશ્વાસનની અપેક્ષા.<br>
બીમારીની ગંભીરતા અને અનિશ્ચિત ભાવિ,<br>
પોતાના પ્રિયજનની ચિરવિદાય — રુદન અને કલ્પાંત.

શોક અને આનંદમિશ્રિત વાતાવરણ...

આ સર્વ સંજોગોમાં દુઃખગ્રસ્ત માનવીઓના વિશેષ સાંનિધ્યમાં રહેતી સેવિકાઓનું સ્થાન વિશેષ પ્રાધાન્ય ભોગવે છે –

– અકસ્માતમાં ઈજા પામેલા એક અનાથ, નિરાધાર, ગરીબ અને નિર્દોષ કિશોરનું આ કાલ્પનિક ચિત્ર છે.

એ કોઈનો લાડકવાયો અને પ્રિય પુત્ર છે.

પ્રતિદિન ત્રણ સફેદ વસ્ત્રધારી સેવિકાઓ એની સેવા કરે છે...

એમનાં હૃદયો દયાથી ભરપૂર છે. ચહેરા પ્રકાશિત છે.

સહાનુભૂતિભર્યા શબ્દો અને સહિષ્ણુતાભરી માવજત છે.

આશ્વાસનભર્યાં વચનોમાં વિશ્વાસનો રણકાર છે.

તેમના આગમનથી સેવાની સુવાસ પ્રસરે છે.

અને શાંતિનો મહિમા પ્રગટ થાય છે.

તેમની નિઃસ્વાર્થ સેવાઓ દ્વારા પેલો કિશોર

પ્રભાવિત થાય છે અને નિરંતર તેમનો સાથ ઝંખે છે....

તેમની આંખોમાં તેને કરુણાળુ ઈસુના દર્શન થાય છે....

– પ્રભાતનો ઉદય થાય છે. દિન વ્યતીત થાય છે. સંધ્યા ઢળે છે, રાત્રિ જામે છે આમ સમય વહી જાય છે અને સેવાનો આ નિત્યક્રમ ચાલ્યા કરે છે.

– સમયની સંપૂર્ણતાએ આ ત્રણ સેવિકાઓએ પેલા કિશોરને એની વિદાયનો અણસાર આપ્યો. પણ એના હૃદયમાં વિદાયનું દુઃખ ન થયું. એને તો સહારો. આધાર મળી ગયો હતો. એને જાણે ઈસુનો સાથ મળી ગયો હતો.

પ્રભુની ત્રણ પુત્રીઓ જેવી આ સેવિકાઓએ આ સ્થાનને સેવાની સુવાસથી ભરી દીધું હતું. પ્રેમની પરિમલ પ્રસરાવીને અને પ્રેમસભર બનાવી દીધું હતું. એક દિવસની સંધ્યાએ વિદાય થતી સેવિકાઓને એ કિશોર નિહાળી રહ્યો હતો - પ્રયાણ કરતી જોઈ રહ્યો હતો.

– અચાનક એને આ ત્રણ સુંદર સેવિકાઓને મળવાની અને તેઓનાં નામ પૂછવાની તીવ્ર ઉત્કંઠા થઈ આવી...

એની જિજ્ઞાસા વધુ ને વધુ પ્રબળ બનતી ગઈ અને અંતે ધૈર્ય ગુમાવીને એ તેમની પાછળ દોડ્યો. ખૂબ ઝડપથી આગળ અને અંતે હાંફતો હાંફતો પહોંચી ગયો. પ્રથમ સેવિકાનો હાથ ગ્રહીને એણે પ્રશ્ન કર્યો : બહેન, તમારું નામ શું ?

માથે પ્રેમાળ હાથ ફેરવતાં એ બોલી : 'મારું નામ શ્રદ્ધા.' બીજી સેવિકાને પૂછતાં ઉત્તર મળ્યો : 'મારું નામ આશા.' 'અને બહેન તમારું ?'' 'પ્રત્યુત્તર મળ્યો : 'મારું નામ પ્રીતિ છે.'

કિશોર સ્તબ્ધ બની સાંભળી રહ્યો. ''કેવાં સુંદર નામ અને કેવાં સુંદર કામ !''

આગમન નહિ, વિદાય નહિ, સમયની કે સેવાની કોઈ મર્યાદા નહિ ! ત્રણેનું આધ્યાત્મિક સૌંદર્ય એ જોઈ રહ્યો... જોઈ જ રહ્યો... પ્રભુને પ્રિય એવી ત્રણે સેવિકાઓ સુંદર હતી.

પણ તેમાંયે પ્રીતિનું સૌંદર્ય તો શ્રેષ્ઠ હતું !! (૧ કોરિંથી ૧૩ : ૧૩ પર આધારિત)

❖ ❖ ❖

# જગતના રાનમાં

ઈશ્વરે સર્જેલું લીલુંછમ જંગલ કે વન મનોરમ્ય હોય છે.

એ વનશ્રીથી શોભી ઊઠે છે.

પ્રકૃતિનું સૌંદર્ય અને રમણીયતા આહ્લાદક હોય છે.

ઋતુઓના ફેરફારો સાથે વનમાં અદ્ભુત દશ્યો સર્જાય છે.

પ્રાણી-પંખીઓના મધુર અવાજો પણ આ પ્રકૃતિનાં વિવિધ અંગો છે.

આવા વનમાં હરતાફરતા માનવીનું સ્વાસ્થ્ય સુંદર અને મન પ્રસન્ન બની જાય છે..

પણ અર્વાચીન જગત, શાંતિ અને મુક્તિની ખોજ કરતાં માનવી માટે કદિક શુષ્ક અરણ્ય સમાન બની જાય છે....

એવા જગતમાં એક માનવી ઘૂમી રહ્યો હતો. નિરાશ, હતાશ અનેક દુઃખોનો અનુભવ કરતો, કંઈક શોધતો, કશાકની ખોજ કરતો એ ભુલભુલામણી દુનિયામાં ભટકતો હતો. જગતમાં આનંદ-પ્રમોદનાં અનેક સાધનો હતાં.

ભૌતિક સુખ-શાંતિ માટેની સુવિધાઓ હતી. પણ આ માનવીને તો કોઈ ન સમજાય તેવી ક્ષુધા અને તૃષા હતી.

એના દેહમાં અનેક રોગ હતા. પીડા હતી. વેદના હતી. એના હાથપગમાં કળતર થતું હતું. એના શિરમાં ન સમજાય તેવું દર્દ હતું. એના હૃદયમાં મૂંઝવણો હતી, વિમાસણ હતી, સમસ્યાઓ હતી. કોઈ અગમ્ય ધ્યેય માટે એ તલસતો હતો. કોઈ અદશ્ય બંધનમાંથી મુક્ત થવા એ તરફડતો હતો. એની દષ્ટિમાં આ જગતમાં બધું જ હતું; છતાં કંઈ ન હતું.

કંગાળ અને બેહાલ આ મનુષ્ય જગતની વેરાન ક્ષિતિજો તરફ ધસતો રહ્યો.

જગતમાં પ્રકાશ હતો, પણ એનું હૃદય અંધકારમાં અટવાતું હતું.

એનો દુઃખી આત્મા તો આનંદ અને સનાતન શાંતિ માટે પોકાર પાડતો હતો.....

આમ છતાં, એના દુઃખી હૃદયના ઊંડાણમાં એને લાગ્યા કરતું હતું કે અંતે એનું પોતાનું હોય એવું કોઈક તો છે. કોઈ એને બોલાવી રહ્યું છે, સમજાવી રહ્યું છે, સાદ પાડી રહ્યું છે.

એ વિચારી રહ્યો હતો :

આવા પ્રેમાળ અવાજે એને કોણ બોલાવી રહ્યું છે ?

આવું પ્રેમભર્યું નિમંત્રણ કોણ પાઠવી રહ્યું છે ?

—અને આમ એ તો જગતની અગોચર ભૂમિ પર, કોઈ અજાણ્યા પ્રદેશમાં પગલાં ભરતો રહ્યો....

ત્યાં અચાનક વીજળીના પ્રકાશનો ઝબકારો થયો. એના પગ ત્વરિત થંભી ગયા. એની કષ્ટમય યાત્રાનો જાણે અંત આવતો હોય તેવો એને અહેસાસ થયો. અંધકાર હતો. છતાં સામે દૃશ્યમાન થતી ટેકરી ઉપર, લાકડાના ક્રોસ ઉપર જડી દેવામાં આવેલા એક વિંધાયેલા અને કચડાયેલા પુરુષના દર્શન થયા; એ કારમી વેદના સહન કરી રહ્યો હતો... સારાયે દેહમાંથી વહેતી રુધિર ધારાઓ, ભૂખ અને તરસની વેદના, ખીલા અને કાંટાના ઘા.....

— એ માનવીને થયું કે આ જ સ્નેહાળ ઈસુ મને બોલાવી રહ્યો હતો.... મનાવી રહ્યો હતો ! ઈસુ ઉપરની અખૂટ શ્રદ્ધાથી એનું હૃદય ભરાઈ ગયું. જાણે પાપોનો ભાર હટી ગયો. શારીરિક અને માનસિક દુઃખો દૂર થઈ ગયાં. મૂંઝવણો, સમસ્યાઓ અદૃશ્ય થઈ ગઈ.... જાણે બધું જ ખ્રિસ્ત ઈસુનાં દુઃખોમાં ભળી ગયું...!

— અને જગતના રાનમાં રખડતા એ કંગાળ માનવીનું જીવન રાન એદનબાગ સમાન બની રહ્યું, અને તેમાં સનાતન મુક્તિ અને શાશ્વત શાંતિનાં પુષ્પો ખીલી ઊઠ્યાં ?...

(ભજન સંગ્રહ - ગીત નં. ૧૪૫ પરથી સ્ફુરિત)

❖ ❖ ❖

# દુઃખી પુરુષ

મનુષ્ય લાગણી પ્રધાન છે.

મનુષ્ય એ ઈશ્વરનું એવું વિશિષ્ટ સર્જન છે, કે જે "દુઃખની લાગણી" અનુભવે છે.

દુઃખનું કારણ પ્રેમ હોઈ શકે છે.

મિત્ર, સંબંધી, સ્નેહીજન, સ્વજન કે પોતાનું અતિપ્રિય પાત્ર જો દુઃખમાં હોય તો તેને માટે દુઃખ થાય છે; તેનું કારણ એ પાત્ર ઉપરનો પ્રેમ છે.....

ઈશ્વરપિતાને પોતાના શ્રેષ્ઠ સર્જન મનુષ્ય ઉપર અને એથી વિશેષ માનવજાત ઉપર પ્રેમ છે.

એ માનવજાત એક સમયે પાપમાં હતી, અને ઉદ્ધારનો, મુક્તિનો કોઈ માર્ગ ન હતો, ત્યારે ઈશ્વરે, તેના ઉપરના પ્રેમને કારણે પોતાના એકના એક પુત્રને આપી દીધો.

એ પુત્ર સમગ્ર માનવજાતનો તારણહાર બનવાનો હતો, પણ એને માટે, ઈશ્વરપિતાની યોજના દ્વારા જ દુઃખો નિર્ધારિત કરેલાં હતાં. યશાયા પ્રબોધક દ્વારા કહેવામાં આવ્યું છે." (યશાયા ૫૩ : ૧૦)

સમગ્ર 'શુભસંદેશ'માં પ્રભુ ઈસુએ આધ્યાત્મિક આનંદ, ઉલ્લાસ, હિંમત અને શ્રદ્ધાને અનુલક્ષીને અભૂતપૂર્વ સંદેશ આપ્યો છે. તે સાથે તેમના જીવનકાળ દરમિયાન તેઓએ બીમાર, અંધ, અપંગ, નિરાધાર પાપી અને હતાશ માનવીઓને નિહાળીને દુઃખ અનુભવ્યું. મૃત માનવીઓના રુદન કરતાં સ્વજનોને જોઈને તેમનું હૃદય, દુઃખ અને વેદના અનુભવતું હતું.

"દુઃખી પુરુષ અને દરદનો અનુભવી !"

પોતાના સ્નેહીજન કે સ્વજનનું મૃત્યુ થાય છે ત્યારે સંબંધિત કૌટુંબિક સભ્યો રુદન કરતાં કુટુંબીજનો સાથે લાઝરસની કબરે ગયા. પણ તેને સજીવન કરતાં પહેલાં તેમની આંખો આંસુથી ભરાઈ આવી... ઈસુએ દુઃખી થઈને નિસાસો નાખ્યો – રડતાં માનવો સમક્ષ ઊભેલો એ દુઃખી પુરુષ !

માનવીને ક્વચિત કોઈ વિશિષ્ટ સ્થાન માટે કે સ્થળ માટે વિશેષ પ્રેમ હોય છે. જો આ સ્થાન કે સ્થળની દુર્દશા થાય કે તે નામશેષ થઈ જાય તો તેને નિહાળીને સંબંધિત વ્યક્તિ હૃદયમાં દુઃખ અને દર્દ અનુભવે છે. પ્રભુ ઈસુને યરુશાલેમ પર અપાર પ્રેમ હતો, ઊંડી લાગણી હતી, એક સમયે આ શહેરના સાંનિધ્યમાં આવતાં જ તેને જોઈને તેઓ

લાગણીવશ બની ગયા. શહેરની થનાર દુર્દશાને સંભારીને તેઓએ દર્દભરી વાણીમાં ભવિષ્યકથન ઉચ્ચાર્યું, ત્યારે તેમની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં... ઓ યરૂશાલેમ યરૂશાલેમ ! યરૂશાલેમ સંમુખ ઊભેલો એ દુ:ખી પુરુષ !

અને ગેથસેમાને બાગમાં ? દુ:ખની પરાકાષ્ઠા ! અહીં ખ્રિસ્ત ઈસુએ ઉચ્ચારેલાં વચનોમાં અસહ્ય દર્દ - નીતરતું હતું.

"હું ભારે આત્મિક દુ:ખ અનુભવી રહ્યો છું.

જાણે મૃત્યુ સામે જ ન હોય !"

વેદનાપૂર્ણ પ્રાર્થના કરતી વેળાએ ઈસુનું માત્ર હૃદય જ નહિ, તેમનું શરીર પણ જાણે લોહીનાં આંસુ સારી રહ્યું હતું... 'ગેથસેમાને બાગમાં અકથ્ય યાતના અનુભવી રહેલો દુ:ખી પુરુષ !...

❖ ❖ ❖

# ઉત્તમ ઘેટાંપાળકનો આદેશ

ઈસુએ પીતરને કહ્યું : 'તું પીતર છે, અને આ પથ્થર ઉપર હું મારી મંડળી બાંધીશ.' (માત્થી ૧૬ : ૧૮)

પૃથ્વી પર ઈશ્વરે વિવિધ પ્રાણીઓનું સર્જન કર્યું, પ્રાણીઓ તથા પંખીઓમાં જે નૈસર્ગિક વિવિધતાઓ જોવા મળે છે તે આશ્ચર્યજનક છે. તેમાં ખરેખર ઈશ્વરનું જ ગૌરવ અને મહિમા સમાયેલાં છે. પ્રાણીઓમાં કોઈનું પ્રચંડ કદ, વિકરાળ સ્વરૂપ, સમજબુદ્ધિ, ચાતુર્ય, આજ્ઞાંકિતપણું અને નમ્રતા-આ દૃષ્ટિએ વિવિધ પ્રાણીઓનું નિરીક્ષણ રસપ્રદ બની રહે છે. નમ્ર અને શાંત દેખાતાં પ્રાણીઓને તો પવિત્ર બાઈબલનાં વચનોમાં પણ વિશિષ્ટ સ્થાન મળેલું છે. નમ્ર વછેરા પર સવાર થઈને ઈસુ રાજા તરીકે યરૂશાલેમમાં પ્રવેશ્યા-નિર્દોષ અને નિરુપદ્રવી એવા હલવાનને તો ત્યાં અભૂતપૂર્વ બિરૂદ મળ્યું છે – તેને તો તારણહાર ઈસુ સાથે જ સરખાવવામાં આવ્યું છે..... સંત યોહાને ઈસુને પોતાની પાસે આવતા જોઈને પોકાર્યું : 'જુઓ, દેવનું હલવાન !'

જૂના કરારમાં માનવોને પણ ઘેટાની ઉપમા આપવામાં આવી છે : 'આપણે ઈશ્વરના ચારાનાં ઘેટાં છીએ.' (ગી.શા. ૯૫ : ૭).

"આપણે સૌ ઘેટાંની માફક ભટકી ગયા છીએ, અને દરેક પોતપોતાને માર્ગે વળી ગયો છે – (યશા. ૫૩ : ૬)

નવા કરારમાં પ્રભુ ઈસુ કહે છે કે, "હું ઉત્તમ ઘેટાપાળક છું, અને સાચો ઘેટાપાળક પોતાના ઘેટાં માટે પોતાનો પ્રાણ આપે છે...." પોતાના લોકો (ઘેટાં) માટે પોતાનું બલિદાન આપીને ઈસુએ પોતાના કથનની સત્યતા પુરવાર કરી. સંત યોહાનના શુભસંદેશમાં ઈસુએ આદર્શ ઘેટાપાળકનું સચોટ વર્ણન કર્યું છે :

"તે સર્વને પોતાના ગણે છે – પ્રત્યેકને વ્યક્તિગત રીતે ઓળખે છે. ઘેટાં પણ પોતાના પાળકને પિછાણે છે. વળી તે દરેકને નામ દઈને બોલાવે છે. ખોવાઈ ગયેલાંને અને માર્ગ ભૂલેલાંને શોધી કાઢે છે...."

પિતાને ઉદ્દેશીને આ વેદનાપૂર્ણ વચનો પણ તે ઉચ્ચારે છે : "જેઓને તેં મને સુપરત કર્યા, તેઓને મેં સંભાળી રાખ્યાં છે, તેઓનું રક્ષણ કર્યું છે. જે મારાં છે તે બધાં તારા છે, અને જે તારા છે તે બધા મારાં છે... હું તારી પાસે આવું છું, તું તેઓને પાપથી બચાવે, એટલી જ વિનંતી કરું છું....." **(યોહાન ૧૦)**

પિતા પાસે જવાનો પ્રભુ ઈસુનો સમય હવે પાસે આવતો જતો હતો. આ ઉત્તમ ઘેટાપાળકની તો તીવ્ર ઈચ્છા હતી કે શિષ્યો તે સમયે તેમની સાથે રહે, તેમને એકલા ન મૂકે; પણ ઝખાર્યાહ પ્રબોધકનું ભવિષ્યવચન તો પૂર્ણ થવાનું જ હતું :

"હું ઘેટાંપાળકને મારીશ, અને ઘેટાં વિખેરાઈ જશે."

**(ઝખા. ૧૩ : ૭)**

એ મુજબ, ઈસુએ ગેથસેમાને બાગમાં ધરપકડ વહોરી લીધી, તે ક્ષણે શિષ્યો તેમને છોડીને નાસી ગયા.

– અને પછી તો દુઃખોની પરંપરાઓમાં ઈસુ એકલા અને અટૂલા હતા. જેઓને તેમણે પોતાના ગણ્યા હતા, તે સર્વથી ઈસુ હવે ખૂબ જ દૂર હતા...

પારાવાર વેદના સહન કરીને, વધસ્તંભ પરનું મૃત્યુ વેઠીને, પુનરુત્થાન પામેલા ખ્રિસ્ત ઈસુએ તિબેરિયસ સરોવરને કિનારે શિષ્યોને દર્શન દીધું. પુનઃસજીવન થયા પછી પણ પોતાના પ્યારાં 'ઘેટાં'ની ચિંતા ઈસુના હૃદયમાં હતી.

જે શિષ્યે ત્રણ વખત ઈસુનો ઈનકાર કર્યો હતો, તે જ શિષ્યે, એટલે પીતરે, ઈસુએ ત્રણ વખત પૂછેલા એક જ પ્રશ્નનો પ્રત્યુત્તર હકારમાં આપીને ઈસુ પરના પ્રેમનો ત્રણ વખત એકરાર કર્યો. અને ત્યારે પ્રભુ ઈસુએ પીતરને આ આદેશ આપ્યો :

"તો, મારાં ઘેટાંને પાળ. મારા ઘેટાંને ચરાવ. મારાં ઘેટાંને સાચવ."

પ્રભુ ઈસુએ પીતરને કહ્યું હતું કે "તું પીતર છે, અને આ પથ્થર ઉપર હું મારી મંડળી બાંધીશ." –

— પૃથ્વી ઉપર ઈસુએ બાંધેલી અને સંસ્થાપિત કરેલી પોતાના રાજ્યની અસંખ્ય મંડળીઓના પ્રત્યેક હલવાનને પાળવાનો અને સાચવવાનો, ઉત્તમ ઘેટાપાળકે પીતરને આપેલો આ અંતિમ આદેશ આજે પણ એટલો જ સુસંગત અને વિદ્યમાન છે.

❖ ❖ ❖

# પતિને મુગટરૂપ, રત્ન કરતાં મૂલ્યવાન

આજની દુનિયામાં જે સમાજવ્યવસ્થા છે, તે દુનિયામાં જીવતા વિવિધ સમાજો માટે શ્રેષ્ઠ કહી શકાય. સમાજ-જીવનમાં સૌથી મહત્ત્વનું અંગ તે સ્ત્રી-પુરુષના પવિત્ર સંબંધો છે. જો કે આ જગતમાં આ પ્રશ્નની બીજી બાજુ પણ જોવામાં આવે છે.... સ્ત્રી અને પુરુષ એકમેકનાં પૂરક છે. એકબીજાનો સહવાસ બંનેને માટે અનિવાર્ય છે. આ વ્યવસ્થાની સફળતા માટે સમગ્ર માનવજાત માટે એક સામાન્ય અને સર્વમાન્ય આયોજન હોવું આવશ્યક છે. પુરુષ અને સ્ત્રી-પતિપત્ની તરીકે — પરિણીત જીવનની મર્યાદાઓ ઓળંગીને પોતાની રીતે, મનસ્વી જીવન જીવે, તો ઈશ્વરે સર્જેલી આ સૃષ્ટિમાં, વિશેષ પ્રકારના અંકુશો અને નીતિનિયમો વિના કૌટુંબિક જીવનો છિન્નભિન્ન થઈ જવાનો ભય રહેલો છે.

ઈશ્વરે આ સૃષ્ટિ અને તેમાં 'એદનબાગ'નું સર્જન કરીને પોતે ઉત્પન્ન કરેલા મનુષ્યને તે સુપરત કર્યો, અને તેને પોતાની આજ્ઞાઓ મુજબ આદર્શ જીવન જીવવાનો આદેશ આપ્યો. પણ આ સર્વમાં, મનુષ્ય એકલો જીવન જીવતો હતો. ઈશ્વરે વિચાર્યું કે એ તેને માટે યોગ્ય નથી. તેથી તેની સાથે જીવન વ્યતીત કરવા અને સહાય કરવા તેને એક સ્ત્રી - જીવનસંગિની -આપી - અને આ રીતે પતિ-પત્નીના એક ઈશ્વરપ્રેરિત અને ઈશ્વરમાન્ય સંબંધનું — એટલે કે 'લગ્ન'નું સંસ્થાપન થયું.

આમ છતાં પવિત્ર બાઇબલનાં વચનો અનુસાર એ પણ સુવિદિત છે કે, સર્પ (શેતાન) દ્વારા પ્રસ્તુત પ્રલોભનને કારણે, અને તેમાંયે સ્ત્રીની નિષ્ફળતાને લીધે આ પ્રથમ કુટુંબ છિન્નભિન્ન થઈ ગયું. કૌટુંબિક સુખ નષ્ટ થઈ ગયું. આજ્ઞાનો ભંગ કર્યા બદલ ઈશ્વરે તેઓને શિક્ષારૂપે સ્વર્ગસમ એદનબાગમાંથી દૂર કર્યાં. તેમનું સ્થાન છીનવી લેવામાં આવ્યું. પ્રલોભનને વશ થઈ જનાર પ્રથમ પાત્ર - સ્ત્રી દ્વારા - જગતમાં પાપનો પ્રવેશ થયો.

— પરંતુ ત્યારબાદ પસાર થઈ ગયેલા સમયોમાં, બાઇબલનાં પવિત્ર વચનો દ્વારા જ પતિ-પત્નીના સંબંધો અંગે વિશેષ પ્રકારની ફરજો, આદેશો ને આજ્ઞાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ઈશ્વરપ્રેરિત અને ઈશ્વરમાન્ય પવિત્ર ક્રિયા, એટલે 'લગ્નક્રિયા' દ્વારા, પતિ-પત્ની માટે જે માર્ગદર્શન વચનો આલેખવામાં આવ્યાં છે, તેમાં આશ્ચર્યજનક રીતે પણ નિર્વિવાદપણે લગ્નજીવનની સફળતા, કૌટુંબિક સુખ, આબાદી અને આશીર્વાદો માટે સ્ત્રીની, પત્નીની-ભૂમિકાને પ્રાધાન્ય અને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે ! સુંદર ઉપનામો અને બિરૂદો દ્વારા તેને નવાજવામાં આવી છે. તેનું સ્થાન તેના પતિ અને બાળકો સાથે, ઈશ્વરની હાજરીમાં, આદર્શ ઘરકુટુંબમાં છે.... ત્યાં કોઈ પ્રકારના પ્રલોભન, કસોટી કે પરીક્ષાને અવકાશ નથી... એવી પત્ની કોને મળે ?

★ નીતિવચનો ૩૧ : ૧૦-૩૧...

'સદગુણી પત્ની કોને મળે ?<br>
પતિના વિશ્વાસની અધિકારી,<br>
ગૃહકાર્યો કરવાની સ્વૈચ્છિક તમન્ના,<br>
કુટુંબીજનોની આદર્શ સેવા,<br>
શ્રમ અને મહેનત દ્વારા કુટુંબની આબાદી,<br>
ઈશ્વરનો ભય રાખનાર,<br>
બાળકો અને પતિ દ્વારા ધન્યવાદ,<br>
અને પ્રત્યેકની પ્રશંસાને પાત્ર,<br>
પોતાના પતિને મુગટરૂપ,<br>
રત્ન કરતાં પણ મૂલ્યવાન !!

❖ ❖ ❖

# શબ્દ અને સ્પર્શ

પ્રાચીન ઇતિહાસમાં, જાદુઈ સ્પર્શથી વિવિધ વસ્તુઓ સોનું બની જાય, અને અમુક શબ્દો બોલવાથી ગુફાનાં દ્વાર ઊઘડી જાય, એવી જાદુકથાઓ અને દંતકથાઓ આલેખવામાં આવી છે. એનો મુખ્ય ઉદ્દેશ વાચકોનું મનોરંજન છે.

બાઇબલનાં જીવંત અને પવિત્ર વચનો અનુસાર, ઈશ્વરે 'શબ્દ' દ્વારા સૃષ્ટિનું સર્જન કર્યું. બાઇબલનાં પવિત્ર વચનોમાં શબ્દ અને સ્પર્શનો જે મહિમા છે તે કોઈ કલ્પના કે દંતકથા પર આધારિત નથી – મનુષ્યનું સર્જન કર્યું તે પછી, શબ્દ અને સ્પર્શ દ્વારા તેને જીવનનો આદેશ આપ્યો અને મૃત્યુની ચેતવણી આપી : 'એદનબાગની મધ્યમાં આવેલ વૃક્ષના ફળનો તમારે 'સ્પર્શ' કરવો નહિ. તેમ કરવાથી રખેને તમે મૃત્યુ પામો.....'

★ નવા કરારમાં, પ્રભુ ઈસુના શબ્દ અને સ્પર્શમાં પરાક્રમ અને દિવ્ય સામર્થ્ય સમાયેલાં હતાં. તેમના શબ્દ અને સ્પર્શમાં જીવન હતું.

★ જમાદારે પોતાના પક્ષઘાતી નોકરના સંદર્ભમાં, ઈસુને કહ્યું, 'તમે માત્ર શબ્દ બોલો, એટલે તે સાજો થશે': 'જમાદારની શ્રદ્ધા અને ઈસુના શબ્દનું પરાક્રમ ! તે જ પળે ચાકર રોગમુક્ત બન્યો.

★ સાગરના તોફાનમાં હોડી સપડાઈ, ત્યારે ઈસુએ 'શબ્દ' દ્વારા પવન અને મોજાંને શાંત કર્યાં.

★ કોઢથી પીડાતા એક માનવીના લંબાવેલા હાથને સ્પર્શ કરીને તેને રોગમુક્ત કર્યો. (માથ્થી ૮ : ૧-૩)

★ તાવથી પીડાતી પીતરની સાસુના હાથને સ્પર્શ કરીને તેનો તાવ દૂર કર્યો. (માથ્થી ૮ : ૧૪)

★ યાઐરસની મૃત પુત્રીને શબ્દ અને સ્પર્શ દ્વારા જીવન આપ્યું.

★ 'સર્વ લોકો તેને (ઈસુને) સ્પર્શ કરવાનો પ્રયાસ કરતા હતા; કારણ, ઈસુમાંથી નીકળતા 'પરાક્રમ' દ્વારા તેઓ રોગમુક્ત બનતા હતા...'

★ અને, ગેન્નેસારેન દેશમાં, લોકો રોગગ્રસ્ત માનવીઓને ઈસુની પાસે લાવીને વિનંતી કરતા હતા કે 'તેઓને માત્ર તમારાં વસ્ત્રની કોરને જ સ્પર્શ કરવા દો....' અને જેટલાએ તેમ કર્યું તેટલા સાજા થયા. (માર્ક. ૬ : ૫૩-૫૬)

એક અનોખો અને અજાણ્યો સ્પર્શ.

એ એક સ્ત્રી હતી.

બાર બાર વર્ષોથી અસાધ્ય એવા દુઃખદાયક રોગનું કષ્ટ સહન કરતી હતી.

અનેક ઔષધો, ઉપાયો, ઉપચારો.... બધું જ નિષ્ફળ તમામ સાધનો ખર્ચાઈ ગયાં – પરિણામ શૂન્ય – તેણે ઈસુ વિષે સાંભળ્યું. પણ ઈસુ સમક્ષ તે જઈ શકી નહિ – કદાચ, સંકોચ અને ક્ષોભ ! પણ ઈસુ ઉપર એને અખૂટ શ્રદ્ધા હતી – માત્ર ઈસુ ઉપર જ નહિ, એમના વસ્ત્રની કોર માત્ર પર એને શ્રદ્ધા હતી ! અને, માનવસમુદાયની વચ્ચે તેણે ઈસુ પાછળ આવીને તેમના વસ્ત્રની કોરને સ્પર્શ કર્યો..... ખ્રિસ્ત ઈસુ માટે તો અજાણ્યો સ્પર્શ ! તેઓએ પાછા ફરીને વળતો પ્રશ્ન કર્યો : "મને કોણે સ્પર્શ કર્યો ? મારામાંથી પરાક્રમ બહાર ગયું !!....

સંપૂર્ણ તંદુરસ્ત, છતાં ભયગ્રસ્ત, એ આવી અને ઈસુનાં ચરણોમાં ઢળી પડી. ઈસુ બોલ્યા : 'તારી શ્રદ્ધાએ જ તને બચાવી છે. હવે દર્દમુક્ત થા, અને શાંતિથી જા', ઈસુના સ્પર્શ અને શબ્દથી તેને આરોગ્ય અને શાંતિ મળ્યાં. ઈસુ આજે સદેહે વિચરતા નથી. દૈહિક રીતે તેમનો શબ્દ કે સ્પર્શ શક્ય ન હોય. જે માનવીઓએ ઈસુને સ્પર્શ કર્યો, તે સ્પર્શમાં તેઓની મૂક પ્રાર્થના, વિનંતી તથા મહાન આશા સમાયેલાં હતાં. વિશ્વાસુ માનવીઓની હૃદયપૂર્વકની પ્રાર્થનાઓના શબ્દો, ખ્રિસ્ત ઈસુની મધ્યસ્થી દ્વારા ઈશ્વરપિતાને સ્પર્શે છે.......

સદા જીવંત એવા ઈસુના 'અજબ જીવંત' શબ્દો દ્વારા અને તેમની કૃપાના સનાતન સ્પર્શ દ્વારા આધ્યાત્મિક આરોગ્ય અને શાંતિ પ્રાપ્ત કરવાનાં દ્વાર પ્રત્યેક વિશ્વાસુ વ્યક્તિ માટે અનંતકાળ સુધી ખુલ્લાં છે.

❖ ❖ ❖

# પ્રકાશને પગલે...

એક વાહન માર્ગ પરથી ચાલ્યું જાય છે. એ પોતાના પ્રકાશની સહાયથી અંધકારમાં માર્ગ કાપે છે. પાછળ એક બીજું વાહન આવે છે ; પણ અચાનક યાંત્રિક ખામીને કારણે એની લાઈટ બંધ થઈ જાય છે. એનો ચાલક અજાણ્યો અને અજ્ઞાત છે. પણ એ ઘોર અંધકારમાં અટવાતો નથી. આગળના વાહનના પ્રકાશને આધારે એ એની પાછળ દોરવાય છે....

– આજે પ્રકાશ માટે સૌથી નાના સાધન તરીકે ટોર્ચનો ઉપયોગ થાય છે. ટોર્ચધારક એનો પ્રકાશ આગળ ફેંકીને અંધકારભર્યા માર્ગ પર પગલાં માંડે છે – અને સાથે અન્ય માર્ગીઓ પણ એને અનુસરે છે...

– પ્રાચીનકાળથી અર્વાચીન યુગ સુધી પ્રકાશની સહાયથી માર્ગ કાપવા વિવિધ સાધનો પ્રાપ્ત બની રહ્યાં છે...... મશાલથી માંડીને અત્યંત આધુનિક સાધનો સુધી.

– મિસરની ગુલામીમાંથી મુક્તિ પામ્યા પછી ઇસ્રાએલીપુત્રો, તેઓના માર્ગે આગળ વધી શકે તે માટે તેમણે અગ્નિસ્તંભનું આયોજન કર્યું હતું. રાત્રીના સમયે અગ્નિસ્તંભ તેઓની આગળ જ રહેતો અને નિયત માર્ગે દોરી જતો.

"રાત્રે તેમને અજવાળું આપવાને, અગ્નિસ્તંભમાં યહોવા તેઓની આગળ આગળ ચાલતો..." (નિર્ગમન ૧૩ : ૨૧)

– યોહાન બાપ્તિસ્મા કરનાર ઈસુની પૂર્વે, આગળ આવનાર હતો. પાછળ આવનાર પ્રકાશની સાક્ષી આપનાર તરીકે યોહાનનું પૂર્વાગમન થયું. "તે પોતે (યોહાન) પ્રકાશ ન હતો. પછી પાછળ આવનાર પ્રકાશ વિષે સાક્ષી આપનાર હતો." (યોહાન ૧ : ૮)

યોહાન ૫ : ૩૫માં પ્રભુ ઈસુ પોતે કહે છે, કે "યોહાન મારી આગળ આવનાર" સળગતો તથા પ્રકાશિત દીવો હતો.

ઈસુના જન્મપૂર્વે, માગીઓએ યરુશાલેમથી આવીને પૂછ્યું કે, "યહૂદીઓનો જે રાજા જન્મ્યો છે, તે ક્યાં છે ? .... પૂર્વમાં તેનો તારો જોઈને 'અમે તેનું ભજન કરવા આવ્યા છીએ... (માથ્થી ૨ : ૧-૨)

– અને હેરોદ રાજાના ફરમાનને આધારે તેઓએ બેથલેહેમ પ્રતિ પ્રયાણ કર્યું. આશ્ચર્યની બાબત તો એ હતી કે પૂર્વમાં જે તારકના તેમને દર્શન થયાં હતાં તે જ તેમની આગળ આગળ ચાલવા લાગ્યો. જે સ્થાનેથી આ જગતમાં પ્રવેશ કરવા બાળરાજાનું

આગમન થયું એ એક ગંદી ગોબરી ગભાણ હતી. તારો ત્યાં જ આવીને થંભી ગયો, માગીઓએ પવિત્ર બાળકને અર્પેલા હૃદયપૂર્વકના નજરાણાંએ જગ્યાને સુગંધીદાર બનાવી દીધી. આ જ સ્થાનેથી અંધકાર ઘેર્યા જગતમાં સનાતન પ્રકાશ રેલાવાનો હતો........ માગીઓ મહાઆનંદ સાથે પાછા ફર્યા.

આજે ખ્રિસ્ત જન્મ જયંતીની ઉજવણીના મહાન પર્વ સમયે ખ્રિસ્તી ઘરોના આંગણામાં મીણબત્તીઓ તથા તારા ઝગમગે છે.... પ્રભુમંદિરો રોશનીથી ઝળહળે છે. આ બાબત એક સાક્ષીરૂપ અવશ્ય બની રહે છે.

આજે જ્યારે જગતના અસંખ્ય શોધકો અને જિજ્ઞાસુઓ સાચા પ્રકાશની અને શાંતિની ખોજ કરી રહ્યા છે ત્યારે બે હજાર વર્ષ ઉપર પૂછાયેલો પ્રશ્ન, "યહૂદીઓનો જે રાજા જન્મ્યો છે તે ક્યાં છે ?" – ભલે પૂછી ન શકાય, પણ એ રાજાએ સંસ્થાપિત કરેલું "પ્રેમ અને શાંતિ" નું રાજ્ય ક્યાં છે, એ બાબત અવશ્ય પ્રશ્નાર્થરૂપ બની રહે છે. પ્રભુ ઈસુએ કહ્યું કે "આકાશનું રાજ્ય તમારામાં છે." એ વચન અનુસાર પૂર્વના માગીઓને પેલો પ્રકાશિત તારલો જેમ ઈસુ પ્રતિ દોરી ગયો તેમ, ખ્રિસ્તના આજના અનુયાયીઓના જીવનતારકોનો પ્રકાશ સાક્ષીરૂપ બનીને, સાચા પ્રકાશના શોધકોને ખ્રિસ્તના રાજ્યના દર્શન પ્રતિ દોરી જાય, એ જ પ્રાર્થના.

❖ ❖ ❖

# ખડક અને રેતી

જ્યારે પૃથ્વી અસ્તવ્યસ્ત તથા નિરાકાર હતી, ત્યારે ઈશ્વરે અનેક બાબતોનું નવસર્જન કર્યું. આકાશ, પૃથ્વી જળનિધિ પર અંધકાર હતો. ઈશ્વરના આત્માનું અસ્તિત્વ જળનિધિ પર હતું.... પ્રકાશ હતો. અંધકાર હતો, અને પ્રકાશ તથા અંધકારને જુદા પાડવામાં આવ્યા. દિવસ અને રાત્રીની પરિક્રિયાનો આરંભ થયો; બે જ્યોતિઓનું સર્જન થયું, વનસ્પતિ, ફળવૃક્ષો, પંખીઓ, ધરતી પરનાં વનપશુઓ, ગ્રામ્યપશુઓ, જળચર પ્રાણીઓ.... આ સર્વનું સર્જન ઈશ્વરપિતાએ કર્યું, અને કહ્યું કે 'એ સર્વ સર્વશ્રેષ્ઠ છે.'

– પણ, ઈશ્વરે જોયું કે આ ઉત્તમ સર્જનસૃષ્ટિનો ઉપયોગ તથા ઉપભોગ કરવાને કોઈ 'મનુષ્ય' ત્યાં નથી. ઈશ્વરે એ ભૂમિમાંથી મનુષ્યનું સર્જન કર્યું અને પોતાની જ પ્રતિમા પ્રમાણે બનાવેલ એ મનુષ્યમાં જીવનના શ્વાસનો સંચાર કર્યો. પિતાએ પોતે બનાવેલા મનુષ્યને સુંદર નિવાસસ્થાન આપ્યું - સ્વર્ગસમી એદનવાડી બનાવીને તે તેને સુપરત કરી. ત્યાં વિવિધ ફળવૃક્ષો ઉગાવીને પાણીની નદીઓ પણ વહાવી...

હજી પણ ઈશ્વરને પોતાની સર્જનસૃષ્ટિમાં એક અપૂર્ણતા દેખાતી હતી. પોતે સર્જેલ મનુષ્ય એ નિવાસસ્થાનમાં એકલો હતો, એકાકી હતો, અને એ તેને માટે યોગ્ય ન હતું. એટલે પિતાએ એ માનવીને સાથે રહેવા માટે એક જીવનસંગિની આપી. અને આ પ્રથમ યુગલ એદન બાગમાં સંસ્થાપિત થયું. આ હતું સૃષ્ટિનું પ્રથમ કુટુંબ, પવિત્ર યુગલ, પતિપત્ની.

ઈશ્વરે આ નવદંપતી માટે કેટલીક આજ્ઞાઓ અને આદેશો નિર્ધારિત કર્યા હતા. પતિ-પત્નીએ આ આજ્ઞાઓ, આદેશો પાળવાના હતા અને શાશ્વત જીવનનો આનંદ ભોગવવાનો હતો.

પણ એક દિવસે એમના જીવનમાં સર્પનો - શેતાનનો પ્રવેશ થયો.... શેતાન દ્વારા પ્રસ્તુત થયેલ પ્રલોભનને આ યુગલ વશ થયું. પરિણામે સ્વર્ગીય આવાસ ગુમાવી દીધો. ઈશ્વરે મનુષ્યને અભિશાપ દીધો. એ દુઃખ અને મૃત્યુને પાત્ર બન્યો... પ્રથમ કુટુંબ છિન્નભિન્ન થઈ ગયું...

આ પછી, સમયના વહન સાથે, પૃથ્વી પરની માનવજાતમાં લગ્નની પવિત્ર સંસ્થા સંસ્થાપિત થઈ. પુરાતન પ્રબોધકોએ, પ્રભુઈસુએ પોતે અને પત્રોના લેખકોએ લગ્નની આ પવિત્ર પરિક્રિયાને સન્માનપૂર્વક નિહાળી. લગ્નની પવિત્ર ગ્રંથિથી જોડાનાર પુરુષનું પતિ તરીકે અને સ્ત્રીનું પત્ની તરીકે અતિઉચ્ચ મૂલ્યાંકન કરવામાં આવ્યું છે :

"તારી પત્ની તારા ઘરમાં અંતઃપુરમાં ફળવંત દ્રાક્ષવેલા જેવી થશે."

(ગી.શા. ૧૨૮)

"પતિઓ પોતાની પત્નીઓની સાથે જીવનની કૃપાના સહવારસ છે."

(૫ પીતર. ૩ : ૭)

લગ્ન ઈશ્વરપ્રેરિત છે. એ પવિત્ર ક્રિયા દ્વારા સ્ત્રી અને પુરુષ પ્રભુતામાં અને દિવ્યતામાં પ્રવેશ કરે છે. લગ્ન એક પવિત્ર કરાર છે. સમાજના કૌટુંબિક જીવનમાં પ્રવેશવાનું અધિકૃત અને સન્માનજનક સોપાન છે.

"લગ્ન સર્વમાં માનયોગ્ય ગણાય." (હિબ્રૂ ૧૩ : ૪)

પ્રભુ ઈસુ પોતે કાના ગામના લગ્ન પ્રસંગે ઉપસ્થિત રહ્યા.

પ્રવર્તમાન સમયમાં ખ્રિસ્તી લગ્નની પવિત્ર ક્રિયા પવિત્ર પ્રભુમંદિરમાં થતી આવી છે. ઈશ્વર અને મંડળી સમક્ષ લગ્નની પવિત્ર ગ્રંથિથી જોડાનાર ઉભય પાત્રો આદેશો તથા આજ્ઞાઓ પાળવાનાં ગંભીર વચનો આપે છે. આજપર્યંત એકાકી રહેલાં

પાત્રો હવે એકમેક સાથે જોડાઈને પતિ-પત્ની તરીકે, નવા કુટુંબ તરીકે નવા ઘરમાં પ્રવેશે છે. જાણે પરિણીત જીવનના એદનબાગમાં નિવાસ કરે છે. નવજીવનમાં તેઓને વિવિધ આશીર્વાદોની અપેક્ષા હોય છે....

પરંતુ સૃષ્ટિના પ્રથમ કુટુંબમાં બન્યું તેમ, તેઓના જીવનપથમાં પણ અનેક પ્રલોભનો અને કસોટીઓ આવે છે. આ સામે દૃઢતાપૂર્વક અને અડગતા સાથે ટકી રહેવા માટે, નવયુગલો માટે પ્રભુનાં જીવંત વચનોમાં જ આ સનાતન સંદેશ સમાયેલો છે. ખ્રિસ્ત ઈસુના જ શબ્દોમાં :

"પવિત્ર વચનો, આદેશો તથા આજ્ઞાઓ સાંભળીને તે પાળનાર નવયુગલ પોતાનું ઘર ખડક પર બાંધે છે; અને તે સાંભળીને તેનું પાલન નહિ કરનાર નવયુગલ પોતાનું ઘર રેતી પર બાંધે છે. (માથ્થી ૭ : ૨૪-૨૭)

❖ ❖ ❖

# ભૂતકાળની સહાય, ભાવિની આશા

પ્રકૃતિને પગલે પૂર્વ દિશામાં પ્રભાતના સૂર્યનાં મૃદુ કિરણો દૃશ્યમાન થાય છે, અને નિશાની પ્રગાઢ શાંતિના અંતે પૃથ્વી પર જાગૃતિ અને ચેતનાનાં મંડાણ થાય છે. પ્રાતઃકાળના આગમન સાથે અનેકવિધ પ્રવૃત્તિઓથી વાતાવરણ ભરાઈ જાય છે.

પંખીઓના મધુર કલરવ અને દિવસના પ્રારંભના મધુરા પ્રકાશથી સૃષ્ટિ પ્રફુલ્લિત બની જાય છે. તરુવરો અને પુષ્પો નવાં રૂપરંગ અને નવી સુવાસ ધારણ કરે છે.

અને પૃથ્વી પરના માનવીની શક્તિઓમાં પણ નવી ચેતના જાગે છે, નવું જોમ પુરાય છે, અને નવા દિવસના પ્રારંભે એ તાજગીભર્યો બની જાય છે, એવા ખુશનુમા વાતાવરણમાં એ આગેકદમ માંડે છે. માનવી ધીરે ધીરે કાર્યરત અને પ્રવૃત્ત બને, ત્યાં તો એના શિરે મધ્યાહ્ન તપવા માંડે છે. હવે એ શ્રમિત બને છે અને પરિશ્રમના પ્રસ્વેદબિંદુઓ એના થાકેલા તન પરથી સરી જવા લાગે છે.

સંધ્યા ઢળે છે, વીતી જતા દિનાન્તે ધરતી પર અંધકારના ઓળા ઊતરે છે, અને પુનઃરાત્રીના અંધારા જામતાં થાકેલો માનવી વીતી ગયેલા પ્રભાતનાં સ્વપ્નો વીસરી જાય છે...

માનવીનો જીવનકાળ વર્ષોનો બનેલો છે, નૂતનવર્ષના પ્રભાતનો ઉદય થાય છે – વર્ષના આગમનને માનવીઓ ઉલ્લાસભેર વધાવે છે. જીવનનાં અનેકવિધ ક્ષેત્રોમાં

નવું વર્ષ નવીનતા લાવે છે – નવા પ્રારંભે, નવી સજાવટ, નવું સ્વરૂપ, નવા નિર્ણયો અને નવા સંકલ્પો સાથે જીવનનો પ્રવાસી સમયની સફરમાં આગળ ડગ માંડે છે.

પરંતુ, વર્ષના આરંભના અનોખા અવસરે, ઉત્સાહ અને આનંદનો પ્રવાહ, વર્ષના મધ્યાહ્નકાળે મંદ પડતો જાય છે. એમાં ઓટ આવતી જાય છે. સમયના વહન સાથે બધું પુરાણું બનતું જાય છે, અને આથમતા વર્ષની અંધારઘેરી સંધ્યાએ, સરી જતા વર્ષના કંઈક મધુર અને કંઈક કટુ સંભારણામાં માનવી ખોવાઈ જાય છે અને ધીરે ધીરે પગરણ માંડતાં નવા વર્ષના સ્વપ્નની કલ્પનામાં નવા પ્રારંભની પ્રતીક્ષા કરવા માંડે છે. આ પ્રકારની નિશ્ચિત પ્રક્રિયામાં માનવીના દિવસો અને વર્ષોનો ઉદય થાય છે, અને તે ભૂતકાળમાં વિલીન થઈ જાય છે.

– અને માનવીના જીવનનું પણ પ્રભાત ઊગે છે, શિશુકાળનો પમરાટ અદ્‌ભુત હોય છે – યુવાનીની તાજગી અનેરી હોય છે. વાર્ધક્યમાં શિથિલતા ભલે હોય, એની સમયોચિત પરાધીનતા ભલે હોય, પણ તેના જીવન અનુભવોનું મૂલ્ય અનોખું છે – જીવનના અસ્ત પામતાં વર્ષોમાં માનવીને ઘણું ઘણું સાંભરે છે. બાળપણની નિખાલસતા, યુવાનીનો તરવરાટ, સ્મરણાંકિત થઈ ગયેલી ઘટનાઓ અને પ્રસંગો, સિદ્ધિઓનાં સંસ્મરણો, સુખની પરાકાષ્ઠા અને દુઃખની અવધિ, વિદાય થયેલાં પ્રિય સ્વજનોની દુઃખભરી યાદ – આ સર્વ સ્મરણપટ પર સરી આવે છે – પરંતુ આ તમામ અનુભવોની ભીતરમાં સમાવિષ્ટ થયેલ એક મહાન અને મહત્ત્વપૂર્ણ સત્યનું દર્શન આ છે :

“ઈશ્વર – ગતકાળની સહાય.

ઈશ્વર – ભાવિની આશા.”

જીવનનો અંત નિશ્ચિત છે –

દિવસો, વર્ષો અને જીવન ભલે ભૂતકાળમાં

ગરક થઈ જાય,

પ્રભાતનાં સ્વપ્નો ભલે ભૂલાઈ જાય,

પણ ઈશ્વરપિતા, અને પુત્ર ઈસુ પરની

શ્રદ્ધાના પ્રકાશમાં ભાવિની આશા મહાન છે,

શાશ્વત છે, અનંત છે –

❖ ❖ ❖

# સનાતન સાથ

માનવી સમાજમાં એવા પ્રકારનું છે કે તેને અન્યના સાથની અનિવાર્ય આવશ્યક્તા લાગે. 'સાથ' એ એક આશ્વાસનયુક્ત અને ઉત્સાહપ્રેરક શબ્દ છે. એમાં પ્રેમની, સહાનુભૂતિની અને સહાયની લાગણી સમાયેલી છે.

અબાલવૃદ્ધ સૌને કવચિત્ સાથ, સંગાથનું મૂલ્ય સમજાય છે.

પ્રતિકૂળ સંજોગોમાં માનવીને કોઈપણ પ્રકારનો સ્નેહભર્યો સાથ દિલાસાપૂર્ણ લાગે છે.

કૌટુંબિક ક્ષેત્રે તો સાથનું સ્થાન અનોખું છે. સાથે એ એકલતાના, એકાકીપણાનો ઉકેલ છે. બાળકને માતાનો, અને માતાને બાળકનો સાથ એક અભૂતપૂર્વ દૃશ્ય સર્જે છે.

કૌટુંબિક સંબંધોમાં તો, સ્વજનોને એકમેકનો મળતો સ્નેહસભર સાથ, સાચી આભિયતાનું દર્શન કરાવે છે.....

આરંભકાળે સકળસૃષ્ટિનું સર્જન થયું ત્યારે મનુષ્યસર્જન બાદ, ઈશ્વરે કહ્યું કે મનુષ્ય એકલો રહે તે યોગ્ય નથી - હું તેને સાથે રહેવા માટે એક જીવનસંગિની આપીશ.... જે એને જીવનમાર્ગમાં લગ્નનો પવિત્ર સંબંધ પ્રસ્થાપિત થયો. જીવનભરનો પવિત્ર સાથ !

'મનુષ્યને ઈશ્વરનો સાથ, ઈશ્વર મનુષ્યની સાથે' એ ઈશ્વરનું પવિત્ર વચન છે. માનવજાત માટે ઈશ્વરનો એ અનંત આશીર્વાદ છે.....

ઈસ્ત્રાએલી પ્રજાને મુક્ત કરવા ઈશ્વરે મુસાને ફારૂન પાસે જવાની આજ્ઞા કરી. મુસાએ પોતાની લાચારી અને અશક્તિ દર્શાવી, ત્યારે ઈશ્વરે તેને કહ્યું : "તું જા, અને હું તારા મુખ સાથે હોઈશ." (નિર્ગમન ૪ : ૧૨)

વકતૃત્વ શક્તિ નહિ ધરાવનાર અને ધીમી વાણી ઉચ્ચારનાર મુસાને ઈશ્વરે પોતાના સાથનું અભયવચન આપ્યું.

— મુસાના મૃત્યુબાદ, તેનું કાર્ય જેને ઈશ્વરદ્વારા સુપરત કરવામાં આવ્યું, તે યહોશુઆને પણ ઈશ્વરે પોતાના દિવ્ય વચન દ્વારા પોતાના 'સાથ'ની પ્રતીતિ કરાવી. "જેમ મુસાની સાથે હું રહ્યો તેમ તારી સાથે પણ રહીશ.....જ્યાં તું જાય છે ત્યાં તારો દેવ યહોવા તારી સાથે છે." (યહોશુઆ ૧ : ૫-૯) અને યશાયાના પુસ્તકમાં પણ ઈશ્વર તેને કહે છે : "તું ડરીશ નહિ; કારણ, હું તારી સાથે છું." (યશાયા ૪૧ : ૧૦)

— અને નવા કરાર અનુસાર, સમસ્ત માનવજાત માટે ઈશ્વરના અનંત સાથની મહાન યોજના પ્રગટ થઈ.... "કુમારી ગર્ભવતી થશે ને પુત્રને જન્મ આપશે. અને તેઓ તેનું નામ ઈમાનુએલ પાડશે, જેનો અર્થ એ છે કે, 'ઈશ્વર આપણી સાથે !'

ગ્લાસ્ગો યુનિવર્સિટીની ડૉક્ટર ઑફ લૉઝની પદવી પ્રાપ્ત થયા બાદ, આફ્રિકા જેવા મુસીબતોથી ભરેલા દેશમાં ફરી જવા કટિબદ્ધ બનેલા મહાન મિશનરી ડેવિડ લિવિંગ્સ્ટનના આ શબ્દો છે : જે દેશમાં હંમેશા એકાકીપણું અને એકલતા અનુભવાય, ત્યાંની ભાષાથી અજાણ, અને લોકોનો હંમેશનો વિરોધ – એવી વિષમ પરિસ્થિતિમાં મારો વિશ્વાસ અવિચલ રહ્યો, તેનું કારણ ખ્રિસ્તઈસુનું આ વચન છે : 'જુઓ, જગતના અંત સુધી હું સર્વદા તમારી સાથે છું.' આ વચન પરનો મારો વિશ્વાસ કદાપિ નિષ્ફળ ગયો નથી."

ઈસુ કહે છે કે જગતમાં તમારો માર્ગ સંકટોથી ભરેલો છે :

'નહિ કલ્પેલી આફતો મનુષ્ય પર આવી પડે છે, સાધ્ય – અસાધ્ય બીમારીમાં સપડાય છે, આર્થિક તંગીમાં પીસાય છે, સહાય કે મદદ આપનાર કોઈ નથી, સ્વજનોનો સહકાર કે સાથ મળતો નથી, મિત્રો છોડીને ચાલ્યા જાય છે, નિરાશા અને હતાશાનો અંધકાર ચારે બાજુ છવાઈ જાય છે, મૂંઝવણ, વેદના અને કષ્ટની આંસુભરી લાગણી સાથે નિરાધારતા અને એકલતા અનુભવાય છે...

— અને ત્યારે ખ્રિસ્તપ્રભુનું આ જ વચન, પ્રત્યેક ભંગિત હૃદયને શક્તિ, સામર્થ્ય, શાંતિ, હિંમત, આશા અને વિશ્વાસથી ભરી દે છે :-

"અને જુઓ, સમયના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું."

- "Though all around me is darkness,
And earthly joys are flown,
My Saviour whispers His promise,
Never to leave me alone." -(Anon)
ખ્રિસ્તનો સાથ સનાતન છે.

❖ ❖ ❖

# 'કર્તવ્ય માનવીનું – કૃપા ઈશ્વરની'

માનવીની જહેમત અને પરિશ્રમથી આકાર પામેલી એક સુંદર અને ભવ્ય ઈમારત તરફ દૃષ્ટિ કરો.... એનું નિર્માણ કરવામાં ભગીરથ પ્રયાસ કરવો પડ્યો હશે... રોકાયેલી વિશાળ જમીન, વિવિધ સાધનો, જંગી યંત્રસામગ્રી, આધુનિક સુવિધાઓ, અખૂટ માનવશક્તિ, અર્વાચીન શૈલી, નિપુણતા, કાર્યદક્ષતા, આર્થિક સંપત્તિ અને માનવીની સતત મહેનત આ સર્વ દ્વારા એ અનોખી ઈમારત ઊભી થઈ હશે !

એ સર્જનમાં માનવીની કલા, કૌશલ્ય અને પ્રતિભાના દર્શન થતાં હશે. એના સર્જન પાછળ ડિઝાઈનર, સ્થપતિ, શિલ્પ, ઈજનેર અને કલાકારના વ્યક્તિગત પરિશ્રમની ફલશ્રુતિ પણ સમાઈ હશે...

પરંતુ, ચાહે આલીશાન ઈમારત હોય, મહેલ હોય, આધુનિક આવાસ હોય, સામાન્ય મકાન, ઘર કે પછી નાની કુટિર હોય, પણ માનવીના પ્રયાસો દ્વારા એનું સર્જન શક્ય નથી.

"જો યહોવા ઘર ન બાંધે, તો બાંધનારાઓનો શ્રમ વ્યર્થ છે." (ગીતશાસ્ત્ર ૧૨૭ : ૧)

અને ચારેબાજુ વિકસતા, ફાલેલા ફૂલેલા એક વૃક્ષને નિહાળો....

મનુષ્ય નાનું બીજ જમીનમાં નાખે છે. એ નાના શા બીજમાંથી અંકુર ફૂટે છે, છોડમાં રૂપાંતર થાય છે, નાના વૃક્ષમાં પરિણમે અને નાના વૃક્ષમાંથી અંતે વિશાળકાય અને ઘટાદાર વૃક્ષનું સર્જન થાય છે !

વળી માનવી ધરતી પર નાની વાડીનું આયોજન કરે છે. મોટા બાગ-બગીચાઓની રચના કરે છે. ખેતરમાં બી નાખે છે અને અનાજના છોડ ઊગી નીકળે છે. એ સર્વની એ માવજત કરે છે, સરભરા કરે છે જહેમત ઉઠાવે છે, આમ, નૈસર્ગિક સૃષ્ટિમાં પણ અમુક અંશે માનવીના શ્રમ અને પરિશ્રમના દર્શન થાય છે.

પરંતુ, આવી પ્રાકૃતિક સૃષ્ટિનું સર્જન પણ માત્ર મનુષ્યપ્રયત્ન દ્વારા શક્ય નથી.

ચાહે કોમળ અંકુર હોય, ફૂલનો છોડ હોય, નાનું કે મોટું વૃક્ષ હોય કે ખેતરની સૃષ્ટિ હોય, પણ માનવીના પ્રયાસો ઉપરાંત એના વિકાસનું અંતિમ સ્વરૂપ બક્ષનાર ઈશ્વર પિતા છે.....

પ્રભુ કહે છે : "પળેપળ હું તેને સીંચું છું." **(યશાયા ૨૭ : ૩)**

માનવી પોતાના જીવનની ઈમારતનું ચણતર કરે છે, એવું સર્જન કે એને જીવનની સમૃદ્ધિ, સુખ, સુવિધા, વિશ્રાંતિ અને આશિષ પ્રાપ્ત થાય, પણ એના પ્રયાસ અને પરિશ્રમ બાદ એ જીવન – ઈમારતને આખરી ઓપ તો ઈશ્વર જ આપે છે.

# 'યુદ્ધે ખ્રિસ્તી યોદ્ધા....'

સૃષ્ટિના આરંભકાળથી,

જગતની સમસ્ત માનવજાતના જીવનમાં, હૃદય અને મનની વિશાળતાનો અભાવ દેખાય છે. અને એને કારણે, સાંકડી મનોવૃત્તિને કારણે સ્વાર્થ, વિશેષાધિકાર, સર્વસત્તા તથા સર્વોપરિપણું સિદ્ધ કરવા માનવી, સમાજ, રાજ્યો અને રાષ્ટ્રો એકમેકની સામે આવી જાય છે, અને તેઓની વચ્ચે સૂક્ષ્મ મતભેદ, નજીવી અથડામણ કે સામાન્ય કક્ષાના સંઘર્ષમાંથી ગંભીર કટોકટી સર્જાય છે. અંતે, સમય જતાં, તેઓના અર્થહીન હઠાગ્રહને લીધે, સૈનિકોની જમાવટ શરૂ થાય છે, શસ્ત્રસરંજામ ઠલવાય છે, યુદ્ધનાં વાદળો ઘેરાય છે. યુદ્ધ અને યુદ્ધની અફવાઓ વહેતી થાય છે.

'યહોશુઆને મૂસાને કહ્યું કે છાવણીમાં યુદ્ધનો નાદ સંભળાય છે.' (નિર્ગમન ૩૨ : ૧૭)

અને પ્રભુ ઈસુ કહે છે, "તમે યુદ્ધ અને યુદ્ધની અફવાઓ સાંભળશો પણ ગભરાશો નહિ." (માથ્થી ૨૪ : ૬)

કેટલાયે રાજ્યકર્તાઓને જગત પર પોતાનું વર્ચસ્વ જમાવવાની, તમામ રાષ્ટ્રો પર પોતાનું નિયંત્રણ સ્થાપિત કરવાની, સર્વસત્તાધીશ બની જવાની, સમગ્ર સમૃદ્ધિના માલિક બની જવાની મહેચ્છાઓ હતી. આ પૃથ્વીની સપાટી પર કેટલાંયે યુદ્ધો લડાઈ ચૂક્યાં. બેહદ જાનહાનિ થઈ. વિશાળ પ્રદેશો જીતી લેવાયા. અઢળક દોલત લૂંટાઈ ગઈ. મહાન સમ્રાટો વિશાળ રાજ્યોના સરમુખત્યાર બન્યા....

પણ આજે એ વિજયોની હારમાળાઓની નોંધ, માત્ર ઇતિહાસને પાને આલેખાયેલી છે. રાજ્યો અને મહારાજ્યો, સમૃદ્ધિ, ધનદોલત બધું જ સદીઓ અગાઉ નષ્ટ થઈ ચૂક્યું છે.

ખ્રિસ્ત ઈસુ કહે છે : "મનુષ્ય સમગ્ર જગત મેળવે, પણ પોતાના આત્માની હાનિ પામે, તો તેને શો લાભ ? !'

એને પણ આ રણમેદાનમાં કપરા યુદ્ધનો સામનો કરવાનો છે. આ સૌથી કઠિન લડાઈનું પ્રધાનક્ષેત્ર, તેનું પોતાનું મન, પોતાનું હૃદય છે.... આધ્યાત્મિક યુદ્ધમાં સંખ્યાબંધ શત્રુઓથી ફોજ એની સામે ખડકાયેલી છે. પાપ, પરીક્ષણ અને પ્રલોભનોને એણે પરાજિત કરવાના છે.

અસત્ય સામે ઝઝૂમીને સત્યને પ્રકાશિત કરવાનું છે. અન્યાયનો સામનો કરીને

ન્યાય સંસ્થાપિત કરવાનો છે. અશાંતિની આગ બુઝાવી દઈને શાંતિનું સામ્રાજ્ય સ્થાપવાનું છે.

અવિશ્વાસનું વાતાવરણ મિટાવી દઈને આત્મવિશ્વાસની જ્યોતને પ્રજવલિત કરવાની છે.

દુષ્ટતા અને અનિષ્ટોની જંજીરોની શૃંખલામાંથી મુક્ત બનીને આત્મિક આઝાદીના સાચા આનંદ અને શાંતિનું સામ્રાજ્ય સ્થાપવાનું છે, અને, આ પ્રકારના સર્વ વિજયો સિદ્ધ કરવા સારુ, "મુક્તિનાં શસ્ત્રો સજીને દુષ્ટતાના બળતા ભાલાઓ હોલવી નાખવાના છે...."

એફેસીઓને પત્ર લખતા પ્રેરિત પાઉલ આ સંદેશો આપે છે : 'તમે ઈશ્વરનાં શસ્ત્રોથી સજ્જ થાઓ. કારણ, આ આપણું યુદ્ધ માંસ અને રક્તની સામે નથી... એ માટે તમે દેવનાં સર્વ શસ્ત્રોથી સજ્જ થાઓ... જેથી તમે દુષ્ટના બળતા ભાલાઓ હોલવી શકશો...' (એફેસી ૬ : ૧૧-૧૭)

❖ ❖ ❖

# 'તું કેમ રડે છે ?'

"રુદનનો તથા મહાવિલાપનો સાદ રામાહમાં સાંભળવામાં આવે છે..........

રાહેલ પોતાનાં બાળકોને સારુ રડે છે. (યર્મિયા ૩ : ૧૫)

હસવું અને રડવું.

માનવ સ્વભાવનાં એ સ્વાભાવિક લક્ષણો છે.

દુઃખ માનવીને ગમતું નથી.

સુખ કરતાં દુઃખની અસર ગહન છે.

દુઃખ, માનવ માનવ વચ્ચે સહાનુભૂતિ અને સહિષ્ણુતાની લાગણી જન્માવે છે.

અસહ્ય દુઃખમાં માનવી રડે છે.

જગતમાં રુદનનાં અનેક કારણો હોય છે.

પણ, સૌ દુઃખોમાં, વિયોગનું દુઃખ કદાચ માનવીને સવિશેષ કષ્ટદાયક લાગે છે.

બાળકો માતાપિતાથી વિખૂટાં પડે છે; સ્વજન, સ્નેહી દીર્ઘ સમય માટે વિદેશ સિધાવે છે; લાડકી પુત્રી નવવધૂ બનીને શ્વસુરગૃહે વિદાય થાય છે....

વિયોગનું ઘેરું દુઃખ પ્રદર્શિત કરતાં આવાં અનેક પ્રસંગચિત્રો જગતમાં સર્જાય છે.

પરંતુ, પ્રિય સ્વજનના મૃત્યુના કારણે, માનવી સૌથી અધિક અને ઊંડું દુઃખ અનુભવે છે.

મૃત્યુ દ્વારા થતાં વિયોગની વ્યથા ઘણીવાર માનવી સહન કરી શકતો નથી; અને એટલે એ રડે છે.

રુદન દ્વારા અંતરની વેદના હળવી બને છે. આંસુઓ દ્વારા હૃદયની વ્યથા વહેવા લાગે છે. આ સિવાય, અન્ય કારણો, પ્રસંગો પણ મનુષ્યને રડાવે છે.

પ્રેમ, સહિષ્ણુતા, દિલસોજી, અનુકંપા, પશ્ચાત્તાપ, એવી વિવિધ બાબતોને કારણે પણ માનવીનું હૃદય રડે છે.

પાપનો પસ્તાવો કરતી પેલી પતિત સ્ત્રી ઈસુની પાછળ રડતી ઊભી હતી.

ગુરુનો ઇનકાર કર્યા બાદ, ગુરુનું ભવિષ્યકથન યાદ આવતાં પશ્ચાત્તાપી પિતર હૈયાફાટ રડ્યો.

પોતાની શાંતિ અને કૃપાનો સમય નહિ પારખી શકનાર યરુશાલેમ શહેરને નિહાળીને પ્રભુ ઈસુએ વિલાપ કર્યો.

પોતાના પ્રિયપાત્ર લાઝરસના મૃત્યુબાદ, ઈસુએ મરિયમને રડતી જોઈ મુલાકાતીઓને રડતા જોયા. ઈસુએ નિશ્વાસ મૂક્યો. કબર આગળ આવીને ઈસુ પોતે રડ્યા.....

આ જગતમાં, અવસાન પામેલા સ્નેહી પાછળ સ્વજનો કેમ રડે ? એ તો માનવ સ્વભાવની વાસ્તવિક્તા છે. ઈસુએ મનુષ્યપુત્ર તરીકે શારીરિક કષ્ટ અને માનસિક યાતના સહન કરી માનવીય લાગણીઓ અનુભવી. ઈસુના રુદનની ભીતરમાં પ્રેમ, સહિષ્ણુતા અને દિલસોજી હતાં.

વધસ્તંભ પર ખ્રિસ્તનું મૃત્યુ

ત્રીજા દિવસનું પ્રભાત

માગ્દાલાની મરિયમ ઈસુની કબર આગળ રડતી હતી.

ખાલી કબરમાં દૃષ્ટિ નાંખતી હતી તે ઈસુનો મૃતદેહ શોધતી હતી..... દૂતોએ પૂછ્યું : 'તું કેમ રડે છે ? અને મરિયમે એ પ્રશ્નનો સ્વાભાવિક પ્રત્યુત્તર આપ્યો.

'તું કેમ રડે છે ?' તત્કાળ બીજી વાર પૂછાયેલા એ જ પ્રશ્નનો ઉત્તર પણ તેણે એવી જ સાહજિક ભાવનાથી આપ્યો — પણ તેણે એ પ્રશ્ન પૂછનારને પિછાણ્યા નહિ... ઉત્થાન પામેલા ખ્રિસ્ત ઈસુએ કરેલા પોતાના નામનો 'શબ્દોચ્ચાર' માત્ર તેને પુનરુત્થાનની

વધામણી આપવા માટે પૂરતો હતો ! (યોહાન ૨૦ : ૧૩-૧૬)

આંસુનો પ્રવાહ થંભી ગયો. રુદન શમી ગયું.' રાહેલ રામાહમાં રુદન કરતી હતી. મરિયમ કબર આગળ રડતી હતી.

રાહેલને પ્રભુએ આશ્વાસન આપ્યું કે હવે તું રુદન કરીશ નહિ, અને તારી આંખોમાંથી આંસુ પાડીશ નહિ... તારાં બાળકો પોતાના દેશમાં પાછા આવશે." (યર્મિયા ૩૧ : ૧૬-૧૭)

"તું કેમ રડે છે !"

આ જગતના અસંખ્ય દુઃખી, શોકગ્રસ્ત, હૃદયભંગિત અને રુદન કરતા માનવીઓને ખ્રિસ્ત ઈસુનો આ પ્રશ્ન સ્પર્શી જાય છે. પણ તેમના પુનરુત્થાન પછી તેનો પ્રત્યુત્તર આપવાનો હવે કોઈ અવકાશ નથી. આ પ્રશ્ન જ ખ્રિસ્ત ઈસુની સહિષ્ણુતા અને દિલાસોજીની લાગણીઓથી ભરપૂર છે. તેમાં સમાયેલી આશ્વાસનયુક્ત ભાવનામાંથી પુનરુત્થાન અને અનંતજીવનની પ્રતીતિનાં દર્શન થાય છે.

"સૂકી ભૂમિ આનંદ કરશે; તે ગુલાબની પેઠે ખીલશે, અને પુષ્કળ ખીલશે........." (યશાયા ૩૫ : ૧)

❖ ❖ ❖

# ઈશ્વરે બાંધેલું ઘર

પુરાતન કાળથી માનવીએ રહેવા માટે આવાસની આવશ્યક્તા અનુભવી છે.

જગતના ઈતિહાસમાં, સંસ્કૃતિની વિકાસકૂચ સાથે, માનવીએ નિવાસ કરવા માટે વિવિધ પ્રકારની સુવિધાઓ વિચારી છે.

રહેવા માટે કોઈ મહેલ બાંધે છે; કોઈ વિશાળ બંગલો; કોઈ આલીશાન ફ્લેટ; કોઈ સામાન્ય મકાન કે ઘર. ગરીબ માનવી ઝૂંપડીમાં પણ વાસ કરે છે....

ગમે તે સ્વરૂપમાં, મનુષ્ય પોતાને રહેવા માટે કંઈક રચના કરે છે.

એક ઈમારત આકાર લઈ રહી છે.

સંખ્યાબંધ માનવીઓ પરિશ્રમ કરી રહ્યા છે.

વિવિધ વ્યવસાયી માનવીઓ એમાં પોતાનો ફાળો આપી રહ્યા છે. આવશ્યક ચીજ વસ્તુઓનો સંગ્રહ થઈ રહ્યો છે. દીર્ઘકાળ ટકી રહે, વિવિધ પ્રાકૃતિક સંયોગોનો

સામનો કરે, એવી સદ્ધર પાયા પર રચાયેલી ઈમારતનું સર્જન કરવા સૌ જહેમત ઉઠાવી રહ્યા છે....

બાઈબલ કહે છે : "જો યહોવાહ ઘર ન બાંધે, તો બાંધનારાઓનો શ્રમ મિથ્યા છે." (ગી.શા. ૧૨૭ : ૧)

પ્રભુતામાં પગલાં માંડવાં એટલે એક નવી ઈમારતનું, નવા ઘરનું સર્જન કરવું. લગ્ન એટલે નવું ઘર, નવું કુટુંબ.

પ્રભુમંદિરમાં ખ્રિસ્તી લગ્નની પવિત્રક્રિયા થાય છે. એ આનંદ અને હર્ષોલ્લાસનો પ્રસંગ બની રહે છે, લગ્નની પવિત્ર ગ્રંથિમાં જોડાનાર સ્ત્રી અને પુરુષ એક નવી સૃષ્ટિમાં પ્રવેશે છે.

'એકાકી' જીવનની સમાપ્તિ સાથે, ઈશ્વર સમક્ષ ગંભીર વચનોથી બંધાઇને, નવી જવાબદારીઓના સ્વીકાર સાથે, નવા જીવનપંથ પર પગલાં માંડે છે, સ્વજનો અને મિત્રોની શુભેચ્છાઓ સાથે, અને ઈશ્વરના આશીર્વાદ સાથે,

એક નવું કુટુંબ બનીને એક નવું ઘર બાંધે છે...

ખુદ પ્રભુ ઈસુએ, પોતાના જીવનનો પ્રથમ ચમત્કાર એક લગ્નપ્રસંગમાં હાજર રહીને કર્યો. એ લગ્નને સન્માનિત કર્યું, તેમાં લકોને ઈસુના મહિમાના દર્શન થયાં.

ગંભીર, પવિત્ર વચનો અને આજ્ઞાઓનું પાલન કરનારને, પ્રભુ ઈસુએ ખડક ઉપર ઘર બાંધનાર" શાણા માનવીની ઉપમા આપી છે.

પવિત્ર લગ્નબંધનમાં બંધાઈને 'નવું ઘર' બાંધનાર નવયુગલને માટે પણ, પોતાનું ઘર પ્રેમ અને વિશ્વાસના ખડક પર બાંધવા માટેનો દિવ્ય સંદેશો એમાં સમાયેલો છે.

જે લગ્નજીવનની ઈમારત

પ્રેમ, વિશ્વાસ અને આશાના ખડક પર બાંધે છે, તેને વિપત્તિઓનો વરસાદ, વહેમ કે અવિશ્વાસનાં વાવાઝોડાં કે આફતોના સપાટા હચમચાવી શકશે નહિ.

જ્યાં ઈશ્વર ઘર બાંધે છે, ત્યાં બાંધનારાઓનો શ્રમ મિથ્યા નથી.

ઘરનો નંખાયેલો પાયો તે ઈસુ ખ્રિસ્ત છે, તે સિવાય બીજો કોઈ પાયો કોઈ નાખી શકતું નથી. (૧કરિંથી ૩ : ૧૧)

❖ ❖ ❖

# નિર્દોષ અને નિષ્કલંક

'જુઓ, દેવનું હલવાન !' (યોહાન ૧ : ૩૬).

માનવીને નિર્દોષ રહેવું ગમે છે. કોઇપણ માનવ જાણીબૂઝીને દોષિત બનવા ઇચ્છતો નથી. કવચિત ક્ષણિક આનંદ ખાતર તે દોષ વહોરી લે તેવું બને. પણ ત્યાર પછી એને તો નિર્દોષ ઠરવાની જ અપેક્ષા હોય છે. આ કાનૂન અને કાયદાની દુનિયા છે. કાયદો દોષિતને દોષિત ઠરાવી શકે છે, તેમ તેને નિર્દોષ જાહેર કરીને મુક્તિ પણ અપાવે છે સાચા ગુનેગારને પણ નિર્દોષ ઠરવાની અપેક્ષા હોય છે; અને એમ જ થાય તો એ એનો આત્મસંતોષ અનુભવી શકે કે કેમ એ એક પ્રશ્ન છે. પણ સાચા અર્થમાં નિર્દોષ માનવી નિર્દોષ ઠરે, તો એનો આનંદ અને સંતોષ તો અનેરો હોય એ નિઃશંક છે.

દાનિયેલે જીવંત ઈશ્વરની આરાધના કરી. રાજ્યના આ ત્રીજા અધિકારીમાં ઉત્તમ મન હતું. વધુ ને વધુ કીર્તિમાન બનતા દાનિયેલની વિરુદ્ધ તેના શત્રુઓ દોષ મૂકવાનું નિમિત્ત શોધવા લાગ્યા. પણ તેઓને દાનિયેલને દોષિત ઠરાવવાનું કોઇ કારણ મળ્યું નહિ. છેવટે અંતિમ પ્રયાસ તરીકે 'રાજા સિવાય કોઇ દેવ કે મનુષ્યની આરાધનાની મનાઈ ફરમાવતો વિશિષ્ટ પ્રકારનો કાનૂન પસાર કરાવ્યો. છતાં દાનિયેલે તો જીવંત ઈશ્વરની જ આરાધના કરી. હુકમના અનાદર બદલ દાનિયેલને સિંહોના બિલમાં નાખવાની રાજાને ફરજ પડી.

પણ રાજાને દાનિયેલની નિર્દોષતાની પ્રતીતિ થઈ ચૂકી હતી. તેનો બચાવ કરવા અંગે મનમાં મંથન જાગ્યું. અસહ્ય મનોવેદના..... નિદ્રાવિહીન રાત્રી....... સંગીતના સૂરો પણ થંભાવી દેવામાં આવ્યા.

બીજા દિવસનું પ્રભાત ઊગ્યું. રુદનભર્યા સ્વરે દાનિયેલને પોકાર કર્યો. ભૂખ્યા સિંહો સમક્ષ પણ તે સુરક્ષિત હતો. દાનિયેલે કહ્યું, "ઈશ્વરની દૃષ્ટિમાં હું નિર્દોષ પુરવાર થયો છું અને મેં આપનો પણ કોઈ અપરાધ કર્યો નથી" – ઈશ્વરની ઉપાસના અને તેના પરની શ્રદ્ધા દ્વારા દાનિયેલની નિર્દોષતા ઝળકી ઊઠી....

યોહાને ઈસુને ચાલતો જોઈને કહ્યું : "જુઓ, ઈશ્વરનું હલવાન !" હલવાન નિર્દોષતાનું પ્રતીક છે. પોતાના જીવનકાર્ય માટે ઈસુએ સર્વદા ઈશ્વરપિતાની પ્રાર્થના કરી. પુત્ર અને પિતા એક જ હોવાનો દાવો, પાપોની ક્ષમા આપવાનો અધિકાર, રોગ, મૃત્યુ અને સૃષ્ટિ પર તેમનું વિશિષ્ટ પ્રભુત્વ – આ સર્વને કારણે તેમના વિરોધીઓ તેમની વિરુદ્ધ નિમિત્ત શોધવા લાગ્યા....

—અને યેનકેન પ્રકારે તેમની ધરપકડ કરાવી. ન્યાયાધિકારીઓ સમક્ષ ઈસુને રજૂ કરવા આવ્યા — પણ નિર્દોષ હલવાનના જેવી ખ્રિસ્તની નિર્દોષતા નિહાળીને પિલાત પણ પ્રભાવિત થયો : "મને આ માણસમાં કોઈ પણ દોષ જણાતો નથી." છતાં તેમને ક્રોસ પર લટકાવી દેવામાં આવ્યા. એ જ સજા ભોગવતા એક ચોરે કહ્યું, 'એણે તો કંઇ પણ ખોટું કૃત્યુ કર્યું નથી." ખ્રિસ્ત ઈસુ ક્રોસ પર મૃત્યુ પામ્યા પછી પેલા સૂબેદારે ઈશ્વરની સ્તુતિ કરતા કહ્યું, "સાચે જ એ તો ન્યાયી માણસ હતો."

—અને આ પ્રસંગોની પરંપરાઓમાં, નિર્દોષતાની પરાકાષ્ઠા તો ત્યારે જ આવે છે, જ્યારે પોતાની ધરપકડથી માંડીને કષ્ટમય મૃત્યુ સુધીના નિર્દય કૃત્યો આચરનારાઓ માટે પિતા પાસે ક્ષમાની યાચના કરીને, અને તેઓના દોષ ઢાંકી દઈને તેમને નિર્દોષ ઘોષિત કર્યા : "હે પિતા, તેઓને માફ કર, કારણ તેઓ જે કરે છે તે તેઓ જાણતા નથી!"

"જુઓ ! દેવનું હલવાન !" નિર્દોષ અને નિષ્કલંક ?

"ખ્રિસ્ત જે નિષ્કલંક અને નિર્દોષ હલવાન જેવો છે, તેના મૂલ્યવાન રક્તથી તમારો ઉદ્ધાર કરવામાં આવ્યો છે." **—(૧ પીતર ૧ : ૧૯)**

'વળી તમે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના દિવસે નિર્દોષ માલૂમ પડો, એ માટે તે તમને અંત સુધી દૃઢ રાખશે. **(૧ કરિંથી ૧ : ૮)**

❖ ❖ ❖

# દુકાળ, અને આશીર્વાદની વૃષ્ટિ

સભાશિક્ષક કહે છે :

'પૃથ્વી ઉપર દરેક બાબતને માટે ઋતુ અને દરેક પ્રયોજનને માટે વખત હોય છે, (સભા. ૩:૧) વળી તે કહે છે કે 'પ્રસંગ અને દેવયોગની અસર સર્વને લાગુ પડે છે.... મનુષ્ય પોતાનો સમય જાણતો નથી. (સભા. ૯ : ૧૧-૧૨)

પૃથ્વી પર નિર્ધારિત રીતે બે પ્રકારના કાળ પ્રવર્તે છે.

સુખનો કાળ અને દુઃખનો કાળ. આ બંને કાળ મનુષ્ય માટે ઈશ્વર નિર્મિત છે.

દુકાળ પણ એક ભયંકર કાળ છે. વરસાદનો દુકાળ, એવો પાણીનો દુકાળ.

ખોરાકનો દુકાળ—સર્વસ્વનો દુકાળ ! સર્વાંગી દુઃખનો કાળ-ક્ષુધિત અને તૃષિત માનવોનો અને સમગ્ર જીવંત સૃષ્ટિનો દર્દભર્યો, આર્તનાદભર્યો વિપત્તિનો કાળ.

સમયની એંધાણી એ ઈશ્વરે નિર્મિત કરેલી છે.

પ્રકૃતિ અને જીવંત સૃષ્ટિ ઈશ્વરે સર્જી છે.

તે ભૂમિને આશીર્વાદિત કરે છે અને શાપિત પણ કરે છે.

ઈશ્વરના ઈરાદાઓ અને પ્રયોજનો, માનવો માટે ઘણીવાર ગૂઢ અને અકળ હોય છે.

માનવોનો સંહાર કરે એવા ખતરનાક દુકાળનું પ્રયોજન શું ? પવિત્ર બાઇબલનાં વચનો ઈશ્વરપ્રેરિત છે.

મનુષ્યજાત પર આવી પડતી પ્રાકૃતિક વિપત્તિઓનો એ વચનોમાં ઉલ્લેખ છે.

સૃષ્ટિના આરંભથી, મનુષ્યને સર્જીને, સરજનહારે પોતાની પ્રજા પાસેથી શુદ્ધ અને પવિત્ર જીવનના અર્પણની અપેક્ષા રાખી પણ પૃથ્વીની પ્રજાઓ સત્ય અને ન્યાયનો પ્રકાશિત પંથ ત્યાગીને અસત્ય અને અન્યાયના અંધારઘેર્યા માર્ગોમાં અટવાઈ ગઈ. અને તેથી ઈશ્વરે પ્રજાઓના સંબંધમાં કહ્યું :

"તેઓએ મારી આજ્ઞાઓનો અનાદર કર્યો છે. મારા વિધિઓ પ્રમાણે તેઓ ચાલ્યા નથી." (હઝકીએલ ૫ : ૬)

અને તેથી,

"હું તમારા પરના દુકાળની વૃદ્ધિ કરીને તમારા આજીવિકાવૃક્ષનું ખંડન કરીશ....." (હઝકી. ૫ : ૧૬)

દુઃખ અને કષ્ટના અનુભવ પછી, પૃથ્વીની પ્રજાઓને પોતાના દુરાચાર અને પાપી આચરણનું ભાન થાય છે.

ઈશ્વરની આજ્ઞાઓનું ઉલ્લંઘન તેમની સમક્ષ દૃષ્ટિમાન થાય છે. તેમનું હૃદય પરિવર્તન થાય છે.... તેમના હૃદયમાં પશ્ચાત્તાપનું ઝરણું ફૂટી નીકળે છે.

પોતાની સાચી અવસ્થાનું ભાન થતાં, પશ્ચાતાપી હૃદયોમાંથી વિનંતીઓનો સ્ત્રોત વહેવા માંડે છે......

આ વિનંતીઓ પ્રાર્થનાના સ્વરૂપમાં પિતાનાં ચરણોમાં પહોંચી જાય છે :

"હે ઈશ્વરપિતા ! અમે અમારી દુષ્ટતા તથા અમારા પૂર્વજોના અપરાધો કબૂલ કરીએ છીએ. તમારા નામની ખાતર અમને ન ધિક્કારો; વિદેશીઓની વ્યર્થ વસ્તુઓમાંની કોઈપણ વસ્તુ વરસાદ લાવી શકશે શું ? .... તેને લીધે અમે તમારી આશા રાખીશું. આ સર્વ તમે જ ઉત્પન્ન કર્યું છે ! (યર્મિયા ૧૪ : ૨૦-૨૨)

— અને કૃપાળુ પરમેશ્વર પોતાની પ્રજાઓની કષ્ટ અને યાતનાભરી સ્થિતિમાં કરેલી આંસુભરી પ્રાર્થના સાંભળે છે — તેમનો પશ્ચાતાપ નિહાળે છે અને પોતાના કોપનો અમલ કરતા નથી. તે દયા અને કૃપા દર્શાવે છે, અને પોતાનો અખૂટ ભંડાર ખુલ્લો મૂકે છે પ્રભુ કહે છે :

"હું તમને તમારી સર્વ મલિનતાથી મુક્ત કરીશ.... હું અનાજને આજ્ઞા કરીને બોલાવીશ, અને વધારીશ, અને તમારા પર દુકાળ નહિ પાડું." (હઝકીએલ ૩૬ : ૨૯)

"હું તમારે માટે આકાશમાંથી ખોરાકની વૃષ્ટિ કરીશ. (નિર્ગમન ૧૬ : ૪)

– અને ઈશ્વરના વચન પ્રમાણે, "લોકો દ્રાક્ષાવાડી રોપીને દ્રાક્ષારસ પીશે, બાગબગીચા બનાવીને તેમનાં ફળ ખાશે...." (આમોસ ૮ : ૧૩-૧૪)

કવિનું હૃદય ગાય છે :ઓ પરમેશ્વર ! આત્માની વૃષ્ટિ તું ભારે આપજે......

– વાડી તારી સૂકી છે !......"

વર્તમાન વિશ્વની આ આધ્યાત્મિક વાડીમાં વચનોનાં બીની વાવણી થઈ ચૂકી છે. ઊગી નીકળેલા વચનનાં વૃક્ષોની વિશાળ વનરાજી, હજીપણ વિકસીને વેરાન ભાસતી ભૂમિ પર છવાઈ રહો... એની સુવાસ ચોતરફ, પૃથ્વીના અંત સુધી પ્રસરી રહો, અને પરમેશ્વરના આત્માની અને કૃપાની અનરાધાર વૃષ્ટિ દ્વારા, એ સર્વદા લીલીછમ, હરિયાળી બની રહો !....'

"પૃથ્વી રહેશે, ત્યાં સુધી વાવણી અને કાપણી થયા વગર રહેશે નહિ." (ઉત્પત્તિ ૮ : ૨૨)

"ઈસુ કહે છે : આકાશ તથા પૃથ્વી જતાં રહેશે, પણ મારાં વચનો જતાં રહેશે નહિ." (માથ્થી ૧૮ : ૧૮)

❖ ❖ ❖

# ઈશ્વરનું મંદિર

વર્ષો અગાઉ લંડનમાં એક સુંદર કેથેડ્રલ આકાર લઈ રહ્યું હતું. કારીગરો કાર્યમગ્ન હતા.

એક મુલાકાતીએ એક કારીગરને પ્રશ્ન કર્યો;

"તમે શું કરો છો ?" તેણે જવાબ આપ્યો;

"દશ શિલિંગની કમાણી કરવા આ પથ્થરો તોડું છું."

બીજા કારીગરને એ જ પ્રશ્ન પૂછ્યો. જવાબ મળ્યો;

"દિવસની દસ કલાકની નોકરી બજાવું છું."

ત્રીજા કારીગરને પૂછતાં તેણે પ્રત્યુત્તર વાળ્યો કે "લંડનનું સૌથી મહાન પ્રભુમંદિર

તૈયાર કરવામાં મારો શક્ય તેટલો શ્રેષ્ઠ ફાળો આપી રહ્યો છું !" ઈશ્વરના મંદિરનું કાર્ય કરવા પ્રત્યેકના વલણમાં કેવો તફાવત !

ધર્મમાં આસ્થા રાખનાર માનવીમાં મૂળભૂત રીતે ધાર્મિક ભાવના સમાયેલી છે. જીવનમાં સફળતા મળે, કે નિષ્ફળતા-પણ એને ઈશ્વરનું સ્મરણ થાય છે. સફળતા મળતાં એના હૃદયમાં આભારની લાગણી જન્મે છે. જ્યારે નિષ્ફળતાઓ વચ્ચે એ ઈશ્વરને આધીન થાય છે. માનવી ઈશ્વરની આરાધના, સ્તુતિ કરે છે – ઈશ્વર એના પર આશીર્વાદ વર્ષાવે છે. એ ઈશ્વરને આભારસ્તુતિનાં અર્પણો ચઢાવવા પ્રેરાય છે. સ્તુતિ, ભક્તિ અને પ્રાર્થના માટે, એના અંતરમાં એક નિયત સ્થાનની કલ્પના જાગે છે..... અને આ સર્વમાંથી ઈશ્વરના પવિત્ર મંદિરનું અસ્તિત્વ આકાર પામે છે.

સૃષ્ટિના સર્જન અંગેનાં વચનો જેમાં લખવામાં આવ્યાં છે તે પવિત્ર બાઈબલના પ્રથમ પુસ્તક 'ઉત્પત્તિ'માં આ વિષેની પૂર્વભૂમિકા સમાયેલી છે.

'ઈબ્રામે યહોવાને સારુ વેદી બાંધી, અને યહોવાને નામે પ્રાર્થના કરી." (ઉત્પત્તિ ૧૨ : ૮)

ઈશ્વરે મુસાને પણ વચન આપ્યું, "સર્વ જગ્યાએ હું મારું નામ સ્થાપીશ, ત્યાં હું તારી પાસે આવીશ, અને તને આશીર્વાદ દઈશ." (નિર્ગમન ૨૦ : ૨૪) ઈશ્વરની જ આજ્ઞા મુજબ, ઈશ્વરની આરાધના કરવા માટે વેદી બાંધવામાં આવી, અને ઈશ્વરના મંદિરની સંસ્થાપનાની પૂર્વભૂમિકા રચાઈ.

કાળના વહન સાથે, ઈશ્વરનું ભજન કરવા સારુ એક ચોક્કસ સ્થાન 'મંદિર' બાંધવાની શરૂઆત થઈ. સુલેમાને યરૂશાલેમમાં પ્રભુમંદિર બાંધવાનો પ્રારંભ કર્યો :

"દેવનું મંદિર બાંધવા માટે સુલેમાને પાયા નાખ્યા." (૨ કાળ. ૩ : ૩)

– અને ઈશ્વરના વચન પ્રમાણે અને દૈવી આદેશ પ્રમાણે યરૂશાલેમનું મંદિર બાંધવાનું આયોજન થયું, તેની રચના થઈ, આ ભવ્ય ઈમારત અસ્તિત્વમાં આવી અને તેનો અર્પણવિધિ કરવામાં આવ્યો – આ સંબંધીની વિસ્તૃત હકીકતો પવિત્ર બાઈબલના પાનાંઓ પર આલેખવામાં આવી છે. ઈશ્વરના પવિત્ર સ્થાન માટે, મંદિર માટેનો ભક્ત દાઉદનો અનહદ પ્રેમ પવિત્ર વચન દ્વારા પ્રદર્શિત થાય છે; "આ મારું સદાકાળનું વિશ્રામસ્થાન છે." (ગીતશાસ્ત્ર ૧૩૨)

ખ્રિસ્તઈસુના આગમન સાથે પરિવર્તનના યુગના મંડાણ થયાં. અધર્મ, અનૈતિક્તા અને પાપનો પરાભવ કરવા તેઓનું આગમન થયું. તેઓએ કહ્યું, કે "હું પૃથ્વી પર આગ સળગાવવા આવ્યો છું" અને આ કઈ આગ ? મંદિરમાં પ્રવેશ કરીને અધર્મ અને દુષ્ટ પ્રવૃત્તિઓ આચરનારાઓને દૂર કરીને, લૂંટારાઓના કોતરમાં ફેરવાઈ ગયેલા મંદિરને

શુદ્ધ કર્યું – 'પ્રાર્થનાના ઘર' નું દર્શન કરાવ્યું. પોતાના શરીરને મંદિરની ઉપમાં આપીને કહ્યું., "આ મંદિરને પાડી નાખો અને હું તેને ત્રણ દિવસમાં ઊભું કરીશ." (યોહાન ૨ : ૧૯)

ઈશ્વરનું મંદિર પવિત્ર છે. ઈશ્વરની આરાધના અને સ્તુતિ કરવા માટે, મનુષ્યો માટેનું તે ઈશ્વર પ્રેરિત પ્રેરણાનું પ્રતીક છે. જીવનનાં અર્પણો ચઢાવવા મંદિરસમા પવિત્ર સ્થાન પ્રતિ ખ્રિસ્તી મનુષ્યનું હૃદય આપોઆપ ઢળે છે...

શરીર એ જીવંત ઈશ્વરનું મંદિર છે, પરંતુ પ્રલોભનો દ્વારા તે પાપો અને દુરાચારો રૂપી "લૂંટારાઓનું કોતર" બની જાય છે.....

જ્યારે ખ્રિસ્ત પોતે પોતાના શરીરને મંદિર તરીકે ઓળખાવે છે. ત્યારે સંત પૉલ ઈસુના બધા અનુયાયીઓને કહે છે;

"તમે દેવનું મંદિર છો... દેવનો આત્મા તમારામાં વસે છે, દેવનું મંદિર પવિત્ર છે, અને તે મંદિર તમે છો."

❖ ❖ ❖

# પશ્ચાત્તાપને પંથે....

'જતા રહ્યા છે.

ચાલ્યા ગયા છે.

ગુમ થયા છે...'

ગૃહત્યાગ કરી જતી અને ખોવાઈ જતી વ્યક્તિઓ અંગે આવી જાહેરાતો અને સમાચારો વર્તમાનપત્રો અને એવાં અન્ય માધ્યમો દ્વારા પ્રકાશિત થાય છે.

કોઈ સામાન્ય અથવા વિશેષ કારણસર, અથવા કોઈ અગમ્ય કારણસર પુત્ર કે પુત્રી માતા-પિતાના ઘરનો ત્યાગ કરી જાય છે. પોતાના પ્રિય પુત્ર કે પુત્રીના ગૃહત્યાગથી માતાપિતા હૃદયમાં અતિશય દુઃખ અનુભવે છે. કોઈપણ સંતાનને, વાત્સલ્યભર્યું સુખ, પ્રેમભરી હૂંફ અને જીવનની શાંતિ પોતાના ગૃહમાં, માતાપિતાની છાયામાં પ્રાપ્ત થાય છે.

પ્રભુ ઈસુએ લોકોને શિક્ષણ આપતાં, ગૃહત્યાગ કરી ગયેલા એક પુત્ર વિષે એક દૃષ્ટાંત - કથા કહી.

આ દૃષ્ટાંત કથામાં એક ઘર, પિતા, બે પુત્રો અને કેટલાક મજૂરો એટલાં પાત્રોનો

સમાવેશ થાય છે. ઈસુએ આ વાર્તામાં અન્ય કોઈ બાબતનો ઉલ્લેખ કર્યો નથી. આ ઘરમાં બધું જ છે – મિલકત છે, સંપત્તિ છે, સમૃદ્ધિ છે, સુખ છે. આ સર્વ પોતાનું હોવા છતાં, નાના પુત્રના હૃદયમાં અસાધારણ વિચાર પ્રગટ્યો. પિતા પાસે, તેમની મિલકતમાંનો પોતાનો જે ભાગ હોય તે આપી દેવા માગણી કરી. પિતાએ માગણી મંજૂર રાખી. પિતા તરફથી મળેલ સંપત્તિ લઈને તે પોતાનું ઘર છોડી ચાલ્યો ગયો. પોતાને 'ભાગે' આવેલી સમૃદ્ધિ દ્વારા આનંદ–પ્રમોદ માણવા, એશઆરામ ભોગવવા અને પોતાની કલ્પનાની દુનિયા વસાવવા તે પિતા, ભાઈ તથા ઘર-સર્વસ્વનો ત્યાગ કરીને બહારના જગતમાં ખોવાઈ ગયો...

પિતા-પુત્રના સંબંધો દુનિયામાં અવનવા હોય છે. કૌટુંબિક વ્યવહાર અને સુવિધાઓ સાચવવા સર્વને અનુકૂળ આયોજન કરવાનું હોય છે, તેથી પ્રેમભર્યા સંબંધો જળવાઈ રહે છે. કોઈક જગ્યાએ વળી જુદું જ ચિત્ર જોવા મળે છે. દુરાચારને પંથે ચઢી ગયેલા પ્રિય પુત્રના વર્તનથી પ્રેમાળ પિતાનું હૃદય ભાંગી જાય છે. બીજી તરફ કોઈ કઠોર પિતા આવા પુત્ર સાથેના કૌટુંબિક સંબંધોનો અંત લાવી દે છે. પણ ઈસુના દૃષ્ટાંત સાથે આવી બાબતોનો કોઈ સંબંધ નથી.

પોતાનો 'ભાગ' લઈને ઘરને અને પિતાને છોડી ગયેલા પુત્રની યાદ, પિતાને હરદમ સતાવે છે. હતાશ પિતા સતત પુત્રની વાટ જોતા રહે છે.....

અને આખરે બરબાદ અને ફના થઈ ગયેલા પુત્રને 'પોતાનું ભાન' થાય છે. ભૂખ્યો, તરસ્યો અને બેહાલ તે પોતાના હૃદયમાં પશ્ચાત્તાપના કરતાં કહે છે; 'હું મારા પિતાને ઘેર પાછો જઈશ.' અને, સતત પ્રતીક્ષા કરતા પ્રેમાળ પિતા, ઘેર પાછા ફરતા ચીંથરેહાલ પુત્રને પ્રેમથી સત્કારે છે, અને ઘરની સંપત્તિમાં, સમૃદ્ધિમાં અને સુખમાં તેનું સ્થાન, તેનો ભાગ ફરી સંસ્થાપિત થાય છે.

જગતમાં પ્રત્યેક વ્યક્તિ ઈશ્વરપિતાના પુત્ર કે પુત્રી છે, પિતાના ઘરમાં, તેમના સાંનિધ્યમાં તેમની નિકટતામાં જીવે છે.

સ્વર્ગીય પિતાના ઘરમાં પુત્ર દિવ્ય વાત્સલ્યનો અનુભવ કરે છે. આધ્યાત્મિક આશિષની વૃષ્ટિના આનંદનો ઉપભોગ કરે છે.

ઈશ્વરપિતાની સેવા કરવા માટે પ્રત્યેક પુત્ર કે પુત્રી માટે, તેનો 'ભાગ' દાન, તાલંત કે શક્તિની સંપત્તિના રૂપમાં નિશ્ચિત કરેલો છે, પિતાના ઘરમાં પિતાની સાથે, તેમના આધ્યાત્મિક સાનિધ્યમાં જીવન વ્યતીત કરીને જ આ પ્રદાનો દ્વારા ઈશ્વરપિતાની શ્રેષ્ઠ સેવા શક્ય બને છે.

– કોઈપણ ખ્રિસ્તી વ્યક્તિ, ઈશ્વર તરફથી મળેલો પોતાનો 'ભાગ' લઈને

જગતમાં ખોવાઈ જાય, એવી ઈશ્વરપિતાની ઇચ્છા નથી. ઘર છોડી ગયેલાં અને જગતમાં ખોવાઈ ગયેલાં પોતાનાં બાળકો, પશ્ચાત્તાપી હૃદયે ઘેર પાછાં ફરે, તે માટે પ્રેમાળ પિતા તેમને સતત પ્રતીક્ષા કરે છે..... પ્રભુ કહે છે; "તમે મારી તરફ પાછા ફરો, તો હું તમારી તરફ પાછો ફરીશ." (માલાખી ૩ : ૭)

"અને પોતાનો ભાગ લઈને પિતાનું ઘર છોડી ગયેલા પેલા નાના પુત્રને પણ હૃદયમાં પશ્ચાત્તાપ થયો. અને તેણે 'સાવચેત થઈને' પોતાના મનમાં કહ્યું, કે "હું અહીંથી ઊઠીને મારા પિતાની પાસે પાછો જઈશ."

❖ ❖ ❖

# પ્રભાતનો આશીર્વાદ

જીવનના વિવિધ વ્યવસાયોમાં સંકળાયેલા માનવોને ઘણીવાર નિષ્ફળતા સાંપડતી હોય છે.

મહેનતુ વિદ્યાર્થી પરીક્ષામાં નિષ્ફળ જાય;

ખેડૂતની મહેનત અને શ્રમ ફૂળહીન બની જાયઃ સખત મજૂરી કરનાર શ્રમજીવીને યોગ્ય પ્રતિફળ ન મળે; ભારે સાવધાની અને ચીવટ રાખનાર વેપારીને આખરી સરવૈયું, હતાશ બનાવી દે.....

આમ, જીવનમાં આવી નિષ્ફળતાઓનો અનુભવ કરનાર વ્યવસાયી માનવીઓ પોતાનો સમય અને સાધન બંને વ્યર્થ ગયાની લાગણી અનુભવે છે.

જુદાજુદા વ્યવસાય કરતાં મનુષ્યો પોતાની સમયમર્યાદા અનુસાર કાર્ય કરે છે. પ્રત્યેક વ્યવસાયી, પોતાની એ સમયમર્યાદાને પોતાના વર્ષને વિશેષ પ્રકારની દૃષ્ટિથી નિહાળતો હોય છે.

સમય, સાધનો અને પરિણામ-આ સર્વ અંગો માનવના જીવનપરિશ્રમ સાથે સંકળાયેલા છે. અવિરત પરિશ્રમ પછી, મર્યાદિત સમયને અંતે, ઇચ્છિત અને આશીર્વાદિત પરિણામની એને તીવ્ર આકાંક્ષા હોય છે. પરંતુ તેવા પરિણામ માટે ઈશ્વરની કૃપા. હૃદયની પ્રાર્થના, શ્રદ્ધા અને આજ્ઞાપાલન અનિવાર્ય બની રહે છે....

સફળતાનો મર્મ ત્યાં છે. એ સિવાય દિવસ કે રાત્રી, માસ કે વર્ષનો સમય વ્યર્થ અને નિરર્થક રીતે વીતી જાય છે...

સીમોન પીતર, જેનો વ્યવસાય માછીમારનો હતો. તેણે કહ્યું કે, "હું માછલી પકડવા જઉં છું." આ કાર્ય માટે પીતર તથા અન્ય શિષ્યોએ 'આખી રાત' સખત પરિશ્રમ કર્યો, પણ કંઇ જ હાથ લાગ્યું નહિ-સફળતા મળી નહિ.

"વહેલી સવારે પ્રભુ ઈસુ સરોવરને કિનારે ઊભા હતા."

ઈસુએ પીતરની નિષ્ફળતા જાણીને તેને ચોક્કસ જગ્યાએ હોડીની જમણી તરફ

જાળો નાખવાનો આદેશ આપ્યો. પીતરે કહ્યું; '...તમે કહો છો, એટલે હું જાળ નાખીશ.'

અને એમ પીતરે ઈસુની આજ્ઞાનો અમલ કર્યો ! અને પરિણામે એટલી બધી માછલી જાળમાં ભરાઈ કે તેઓ ખેંચી શક્યા નહિ...' (યોહાન ૨૧ : ૪-૬)

વહેલી સવારે સાંપડેલી આ સફળતાનું રહસ્ય, પીતરની પ્રભુ ઈસુ પ્રત્યેની હૃદયપૂર્વકની પ્રાર્થના, શ્રદ્ધા અને આજ્ઞાપાલનમાં સમાયેલું છે.

પીતરે અનુભવેલી રાત્રી વીતી ગઈ અને ખ્રિસ્ત ઈસુની હાજરી દ્વારા 'આશીર્વાદિત પ્રભાત' નો ઉદય થયો. જીવન સરોવરને કિનારે ઊભેલા ખ્રિસ્ત ઈસુની હાજરી અને કૃપા દ્વારા, 'સમાવેશ કરવા માટે પૂરતી જગા ન હોય' એટલા બધા આશીર્વાદો પ્રાપ્ત થયા છે.

❖ ❖ ❖

# મરણસ્તંભનો ભાર

ખ્રિસ્ત ઈસુએ પોતાના શિષ્યોને ઉપદેશ આપતાં કહ્યું :

'ભારે અને ઊંચકતા પણ મુસીબત પડે તેવા બોજા ફરોશીઓ તથા શાસ્ત્રીઓ માણસોની પીઠ પર ચડાવે છે, પણ તે ઊંચકાવવામાં પોતે એક આંગળી પણ લગાડતા નથી...' (માથ્થી ૧૬ : ૨૪)

વિવિધ પ્રકારના બોજા અને ભાર ! દુનિયામાં આ બાબત સામાન્ય છે. માણસો અતિભારે બોજ સહન કરે છે. જીવન જીવવા માટે પણ તેઓ ભારે મહેનત અને પરિશ્રમનો બોજ વહન કરે છે. શ્રમજીવીને શ્રમનો ભાર લાગે છે.

માતાપિતા ઉપર પોતાના પ્રિય બાળકોના વિકાસ અને પ્રગતિની જવાબદારીનો ભાર હોય છે.

વિવિધ ક્ષેત્રે માણસો કાર્ય, ફરજ, જવાબદારી, અને પરિણામનો ભાર અનુભવે છે.

સમગ્ર જીવનમાં, જેઓને માટે વિવિધ અંગો દૈહિક કે આત્મિક રીતે બોજારૂપ બન્યા હોય, જેઓ જીવન પરિશ્રમ અને તનતોડ મહેનતથી રહેંસાઈ જતાં હોય, તેવાં માનવીઓ પ્રત્યે અનુકંપા દર્શાવીને, પ્રભુ ઈસુ તેઓને પોતાની પાસે બોલાવે છે.

"ઓ ભારથી દબાયેલાઓ તથા પરિશ્રમ કરનારાઓ તમે મારી પાસે આવો, અને હું તમને વિસામો આપીશ." (માથ્થી ૧૧ : ૨૮)

જગતને પાપના ભારમાંથી મુક્તિ અપાવવા પ્રભુ ઈસુ આવ્યા. નિષ્પાપ અને નિષ્કલંક હોવા છતાં ઈશ્વરપિતાએ તેમના સમગ્ર દુનિયાનાં પાપોનો ભાર મૂક્યો, શિક્ષાનો

ભાર, સજાનો ભાર, જે માનવજાતે સહેવાનો હતો, તે ખ્રિસ્તઇસુએ સહન કર્યો. દુનિયાનાં પાપોની કિંમત ચૂકવી. અતિશય ભારે એવો મરણ - સ્થંભ ઈસુએ ઊંચક્યો, અને અન્ય માનવીઓનાં પાપોનું પ્રાયશ્ચિત થવા માટે કાલવરી તરફ પ્રયાણ કર્યું.....

ઊંચકતાં પણ મુસીબત પડે એવો ખ્રિસ્તનો ભારે વધસ્તંભ, માત્ર આડા-ઊભા લાકડાની માત્ર પ્રતિકૃતિ નથી; પણ ઘોર નિર્દયતાના ભાર નીચે કચડાયેલા ઈસુની નિષ્કલંકતાનું અને જગતની મુક્તિનું પ્રતીક છે....

યહૂદાનો વિશ્વાસઘાત, ગેથસેમાને બાગમાંની મૃત્યુસમ પ્રાણવેદના, પરસ્વાધીનતા, મુકદ્દમો, પીતરનો ઈનકાર, માર મશ્કરી, અને મૃત્યુની સજા આ-સમગ્ર જગતનાં પાપોનો ભાર હતો.

મૃત્યુમાંથી પુનરુત્થાન પામીને, ખ્રિસ્ત આજે ઈશ્વરપિતાને જમણે હાથે બિરાજમાન છે. તેમણે શિષ્યો સમક્ષ આ વચન ઉચ્ચાર્યું હતું; 'જે મનુષ્ય મારો શિષ્ય થવા ચાહે, તે પોતાને નકારીને, પોતાનો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ આવે...' (માથ્થી ૧૬ : ૨૪)

વર્તમાન વિશ્વમાં જીવંત ઈસુ પોતાના અનુયાયીઓને એ જ આદેશ આપે છે; તેમના શિષ્ય બનવા ચાહતા પ્રત્યેક મનુષ્યને જ્યારે સતાવણી, વિરોધ, પ્રતિકૂળતા, ઉપેક્ષા અને તિરસ્કારનો અનુભવ થાય, ત્યારે પણ એ દુઃખોના વધસ્તંભનો ભાર સહન કરીને ખ્રિસ્તને પગલે ચાલવાનું છે, શિષ્યપદનું મૂલ્ય ચૂકવવાનું છે.

❖ ❖ ❖

# "નામ વગરનો શિષ્ય"

"ઉત્તમ ઘેટાપાળક પોતાના ઘેટાંને નામ દઈને બોલાવે છે." (યોહાન ૧૦ : ૩)

નિર્જીવ વસ્તુ કે જીવંત વ્યક્તિ,

કોઈ ને કોઈ નામ ધરાવે છે.

નામનો એકમાત્ર વિકલ્પ નિશાની છે.

સાહિત્યકાર કોઈવાર ઉપનામ ધરાવે છે.

એ ઉપનામથી તેની કૃતિ પ્રકાશિત થાય છે,

પણ એનો કર્તા બેનામ રહે છે.

મનુષ્યને એનાં સારાં કે નરસાં કાર્યો માટે કાંતો

બિરદાવાય છે, અગર અપમાનિત કરાય છે.

ગુનો આચરનાર તો પોતાને ગુપ્ત રાખવા મથે છે.

અને એટલે જ ખૂની, ચોર કે લૂંટારુ ગુનો આચરીને ગાયબ થઈ જતા હોય છે.

અનેક પ્રકારના અપરાધોમાં, વિશ્વાસઘાત એ માનવ-માનવ વચ્ચેનો એક અક્ષમ્ય અપરાધ છે. કોઈપણ સંબંધોમાં, વ્યક્તિગત રીતે અને ગુપ્ત રીતે આ ગુનો આચરનાર વ્યક્તિ પોતાના રાહ પર આગળ વધે છે.... પ્રભુ ઈસુએ પોતાના બાર શિષ્યોને નિયુક્ત કર્યા; પણ એક સમયે તેઓએ શિષ્યોને આ પ્રમાણે કહ્યું : "તમારામાંનો એક તો શેતાન છે." (યોહાન ૬ : ૭૦)

કૌટુંબિક સંબંધોમાં, સ્વજનો અને સ્નેહીજનોમાં, મિત્ર–મંડળોમાં કે કોઈપણ જૂથોમાં કે સમૂહોમાં, વિવિધ કાર્યકરો એકબીજા સાથે પ્રેમ અને બંધુત્વની લાગણી સાથે કાર્ય કરે છે. એ પરિસ્થિતિનો આનંદ અનેરો છે. પરંતુ તેમાંના કોઈમાં શેતાની ભાવના પ્રવેશે છે ત્યારે...!

ખ્રિસ્ત ઈસુએ શિષ્યોના પગ ધોયા. આદર્શ સેવાનો નમૂનો આપ્યો. પણ એ પછી શિષ્યો સમક્ષ આ વચન ઉચ્ચાર્યું : 'તમે બધા જ શુદ્ધ નથી."

ખ્રિસ્ત ઈસુનો યરુશાલેમ પ્રતિ પ્રયાણ કરવાનો સમય નજીક આવતો હતો. ઈસુ વ્યગ્ર બનતા જતા હતા.

જે દુઃખ સહન કરવાનું હતું તેની છાયા નીચે તેઓ આવતા જતા હતા. કષ્ટ અને યાતનાની ઘડીનાં એંધાણ વર્તાતાં હતાં મૃત્યુનો પ્યાલો વધુ ને વધુ સ્પષ્ટ દષ્ટિમાન થતો હતો. આવી હૃદયવેદનામાંથી ઈસુ પસાર થઈ રહ્યા હતા. ભોજન સમયે તેઓએ શિષ્યોને કહ્યું : તમારામાંનો એક મને પરસ્વાધીન કરશે.'

શિષ્યોએ વ્યાકુળતાથી પૂછયું : 'પ્રભુ, તે કોણ છે ?

"જે મને પરસ્વાધીન કરે છે, તેનો હાથ મારી સાથે મેજ પર છે." ઈસુએ નામ નહિ, પણ નિશાની આપી.

અને ખ્રિસ્તનું હૃદય પણ હચમચી ઊઠ્યું. તેમના મુખમાંથી શબ્દો સરી પડ્યા : 'જે માણસથી મનુષ્યપુત્ર પરસ્વાધીન કરવામાં આવે છે, તેને અફસોસ ! તે જન્મ્યો ન હોત, તો તેને માટે સારું હતું ! (માર્ક. ૧૪ :૨૦).

ગેથસેમાને બાગમાં, જગતનાં પાપોનો ભાર અનુભવી રહેલા ખ્રિસ્તનું હૃદય, પિતા સમક્ષ પ્રાર્થનામાં નમી પડે છે... રક્ત બનીને ટપકતાં પ્રસ્વેદબિંદુ, જેમનો સાથ પોતે ઝંખતા હતા તે નિદ્રાધીન શિષ્યો..... અને આ પરિસ્થિતિમાં તેઓ ઊંઘતા શિષ્યોને સંબોધે છે : 'જુઓ, જે મને પરસ્વાધીન કરે છે, તે આવી પહોંચ્યો છે...'

ઈસુ પોતાના શિષ્યના નામ દઈને બોલાવતા હતા : "સીમોન બારયોના ! તને ધન્ય છે, તું પીતર છે... આ પથ્થર ઉપર હું મારી મંડળી બાંધીશ..."

"યોહાનના દીકરા સીમોન, શું તું મારા પર પ્રેમ રાખે છે ?"

પરંતુ, બાર શિષ્યોને નિયુક્ત કરનાર ઈસુએ વિશ્વાસઘાત કરનાર શિષ્યના નામનો ઉલ્લેખ સરખો ન કર્યો.... પણ તેને વિશિષ્ટ રીતે ઓળખાવ્યો : 'બારમાનો એક' 'તમારામાંનો એક', જે મારી સાથે ખાય છે તે'...... વિશ્વાસઘાતી શિષ્યને ગુરુએ નામશેષ કરી દીધો..

"ઘેટાપાળક પોતાના ઘેટાંને નામ દઈને બોલાવે છે..... અને ઘેટાં તેની પાછળ ચાલે છે, કારણ તેઓ તેનો સાદ ઓળખે છે."

❖ ❖ ❖

# પાપ અને પ્રાયશ્ચિત

"તેને સૌથી સુંદર વસ્ત્રો પહેરાવો..." (લૂક ૧૫ : ૨૨)

"... તેમાં અમારે શું ? તારું પાપ તારે માથે !" (માથ્થી ૨૭ : ૪)

સુંદર એદનબાગ ઈશ્વરે મનુષ્યને સ્વાધીન કર્યો.

એ પ્રથમ માનવયુગલ પવિત્ર હતું.

વાતાવરણ સ્વચ્છ હતું; જીવન સાત્ત્વિક હતું.

સર્વત્ર પવિત્રતા હતી.

બાગમાં સર્વજ્ઞાન આપતું વૃક્ષ પણ સુંદર હતું અને એનું ફળ પણ 'જોવામાં સુંદર' અને આરોગવામાં ઉત્તમ હતું.

પરંતુ એ ખાવાની મના કરવામાં આવી હતી.

છતાં, માનવનું સર્પ દ્વારા પ્રલોભનમાં પતન થયું...

આજ્ઞાનું ઉલ્લંઘન થયું અને પ્રથમ માનવને પાપની શિક્ષા ભોગવવી પડી...

પાપમાં ક્ષણિક આનંદ છે; એનું પરિણામ કષ્ટદાયક છે.

ઘણાં પાપોનું બ્રાહ્ય સ્વરૂપ પ્રલોભનકારી હોય છે; પણ ભીતરમાં દુઃખ અને રુદન હોય છે.

પ્રભુમય જીવન જીવતાં મનુષ્યોને ધન અને સમૃદ્ધિરૂપી આશીર્વાદ ઈશ્વર તરફથી મળે છે.

બુદ્ધિગમ્ય મનુષ્યો તેનો યોગ્ય ઉપભોગ કરે છે...

પરંતુ એ સાધનોના અયોગ્ય ઉપભોગનું પ્રલોભન માનવને પાપની ઊંડી ખીણમાં ઘસડી જાય છે.

છતાં, ઈશ્વરે મનુષ્યને 'માનવીય' હૃદય આપ્યું છે, પ્રત્યેક હૃદય પશ્ચાત્તાપની વાસ્તવિક લાગણીથી પ્રાકૃતિક રીતે જ ભરેલું છે. પાપનું ભાન થતાં, અને પશ્ચાત્તાપની ભાવના જાગી ઊઠતાં પશ્ચાત્તાપી માનવી પિતા તરફ પાછો ફરે છે......

આજની દુનિયામાં, પાપ અને ગુના આચરતા માનવીનું ભાવિ આ જગતના ન્યાયાલયમાં નક્કી થાય છે. એનો અપરાધ પુરવાર થાય કે ન થાય, એને સજા મળે કે ન પણ મળે, અપરાધી ઠરેલો આરોપી પશ્ચાત્તાપ કરે, તોયે એને ક્ષમા ન પણ મળે..

ઈસુના શિષ્ય યહૂદા સમક્ષ ધનનું પ્રલોભન હતું. ત્રીસ રૂપિયાના મોહમાં એ લપેટાઈ ગયો. સત્તાધીશોના હાથમાં પોતાના ગુરુને સ્વાધીન કર્યો, અને પાપ કર્યું.

પણ આખરે એને પણ પસ્તાવો થયો. "લોહીનું મૂલ્ય' લઈને સત્તાધારીઓ પાસે પાછો ફર્યો, અને પાપ કહ્યું. "એ નિર્દોષ લોહી પરસ્વાધીન કરીને મેં પાપ કર્યું છે."

પણ એ 'દુન્યવી સત્તા' સમક્ષ પાછા ફરનાર અને પાપનો એકરાર કરનાર યહૂદાને ક્ષમાને બદલે આ પ્રત્યુત્તર મળ્યો; તેમાં અમારે શું ? તારું પાપ તારે માથે !".

બે પુત્રોમાંનો પેલો નાનો પુત્ર પોતાને ભાગે આવતી 'સમૃદ્ધિ' લઈને તેનો વ્યર્થ ઉપભોગ કરીને બરબાદ થઈ ગયો, અત્યંત વિષમ પરિસ્થિતિ સહન કર્યા બાદ તેને પણ હૃદયમાં પશ્ચાત્તાપ થયો... પિતા સમક્ષ ચીંથરેહાલ દશામાં ઉપસ્થિત થઈને તેણે કહ્યું, "મેં આકાશ સામે તેમ જ તમારી સામે પાપ કર્યું છે...."

"તેમાં મારે શું ? તું જાણે !" એવો પ્રત્યુત્તર કે પ્રતિભાવ પિતાના હૃદયમાં નહોતો, એ તો ભિક્ષુક જેવા પુત્રને ભેટી પડ્યો... પોતાના ઘરમાં એ પુત્રને માટે હતો આવકાર સત્કાર, દિલસોજી, વાત્સલ્ય અને પ્રેમ !

ખોવાઈ ગયેલા, ભટકી ગયેલા અને 'આધ્યાત્મિક' રીતે મૃત્યુ પામેલા કોઈ પણ પાપી મનુષ્યના હૃદયપૂર્વકના પશ્ચાતાપ, અને પિતા પ્રતિના પુનઃપ્રસ્થાનની પળે પ્રેમાળ પિતાના દ્વારે, "તેમાં મારે શું ? તારું પાપ તારે માથે !" એવો પ્રત્યુત્તર કે પ્રતિભાવ હરગીઝ નથી ઈશ્વરપિતા કહે છે; "મેં તારા અપરાધ મેઘની પેઠે, અને તારાં પાપ વાદળની પેઠે ભૂંસી નાખ્યાં છે મારી તરફ પાછો ફર...' (યશાયા ૪૬ : ૨૨)

પ્રેમાળ પિતા પશ્ચાતાપી માનવને "તારણનાં વસ્ત્રો પહેરાવે છે અને ન્યાયીપણાનો ઝભ્ભો ઓઢાડે છે." (યશાયા ૬૧ : ૧૦)

"આ મારો પુત્ર જે મૃત્યુ પામેલો હતો, તે પાછો જીવંત થયો છે જે ખોવાઈ ગયો હતો, તે પાછો મળ્યો છે. તેને સૌથી સુંદર વસ્ત્રો પહેરાવો !" (લૂક. ૧૫ : ૨૪)

# મહાન પ્રકાશનું દર્શન

એક મુસાફર એના માર્ગે ચાલ્યો જાય છે. ચારે પાસ અંધારું છે. ક્યાં પગલાં માંડવા તે પણ કળાતું નથી; પ્રકાશનું કોઈ કિરણ નથી, કોઈ તેજરેખા નથી. ચંદ્ર પ્રકાશતો નથી. તારાઓ ટમટમતા નથી. વીજ ઝબૂકતી નથી. કોઈ દીપક જલતો નથી. ચારે દિશાઓ જાણે કાળી દીવાલો! પ્રકાશ વિનાં માર્ગ કાપવાનો છે. ભયસ્થાનો અને જોખમો નિહાળી શકાતાં નથી... અંધકારના અફાટ રણમાં એ ચાલ્યો જાય છે... દિશાવિહીન અને દિશાશૂન્ય !

વિશાળ સાગરતટ પર અંધારી રાત્રે એક નૌકા ઝોલા ખાઈ રહી છે. અંધકારનું સામ્રાજ્ય જામ્યું છે. ઉપર અનંત આકાશ.... નીચે અગાધ સાગર. અંધકારમાં મહાકાય મોજાંનો ઘૂઘવાટ.

નાવિક ભયથી થરથરે છે. તોફાની જળની ઘેરી ગર્જના એને દિગ્મૂઢ કરી મૂકે છે. કોઈ દિશા કલ્પી શકાતી નથી. દૃષ્ટિને થકવી નાખતી અંધકારની અનંત ક્ષિતિજો.. કોઈ માર્ગદર્શક તેજરેખાની નિશાની નથી... મૂંઝાયેલા નાખુદાનું જાણે કોઈ લક્ષ્યાંક નથી.

આદિએ પૃથ્વી ઉપર અંધારું હતું. ઈશ્વરપિતાએ જ્યોતિઓનું સર્જન કર્યું. અંધકાર વિલીન થયો, અને પ્રકાશનું આગમન થયું. ભૌતિક પ્રકાશનાં અનેક સ્વરૂપો છે. આ વિજ્ઞાનયુગ છે. એમાં પ્રકાશનું અનોખું સ્થાન છે. પ્રકાશનું સ્વરૂપ ગમે તે હોય, પણ એ માનવનું મૂળભૂત સર્જન નથી. પ્રકાશ એ ઈશ્વર-સર્જિત સૃષ્ટિનું એક અદ્ભુત અંગ છે.

ભૌતિક સુવિધાઓ માટે આવશ્યક એવા પ્રકાશ અંગે માનવી સમક્ષ કોઈ સમસ્યા નથી.

દિવસે સૂર્ય પ્રકાશે છે. રાત્રે ચંદ્ર એનો મૃદુ પ્રકાશ પાથરે છે. અને વળી જગત ભૌતિક પ્રકાશ દ્વારા ઝાકઝમાળ બની રહે છે. પ્રકાશનાં વિવિધ સ્વરૂપો દ્વારા એ દૈદિપ્યમાન દીસે છે...

જગતના ઉમંગભર્યા ઉત્સવો, તહેવારો, પર્વો અને વિવિધ ઉજવણી-પ્રસંગો રંગબેરંગી અને સુશોભિત રોશની દ્વારા નયનરમ્ય બની જાય છે. પ્રકાશ અર્વાચીન દુનિયાનું આનંદદાયક અને આવશ્યક અંગ છે.

........પરંતુ,

આધ્યાત્મિક જગતના પંથ ઉપર, અંધકારમાં અટવાતા પેલા માનવને સત્ય અને મુક્તિનો માર્ગદર્શક પ્રકાશ ક્યાંથી મળે ? નિર્ધારિત નિશાની સુધી પહોંચવા માટે એના જીવનરાહને કોણ અજવાળે ?

જીવનસાગરની અંધારી સપાટી પર સરી જતી એની નૌકાને વિનાશના ખડક સાથે અથડાતી કોણ બચાવે ?

...ઝળહળતો અને પ્રજ્વલિત જગતનો પ્રકાશ છતાં, પાપ, દુરાચાર, અત્યાચાર, અને ગુલામીમાં સપડાયેલા કેટલાયે આશાહીન લોકો, વાસ્તવમાં તો "અંધકારમાં અને મૃત્યુની છાયામાં બેઠેલા છે." (માથ્થી ૪ : ૧૬)

તેઓ સાચો પ્રકાશ ઝંખે છે....

અને સંત યોહાને આવનાર 'પ્રકાશ' વિષે સાક્ષી આપતાં કહ્યું, 'સાચો પ્રકાશ તો એ જ છે, જે જગતમાં આવીને પ્રત્યેક મનુષ્યને 'પ્રકાશ' આપે છે.' (યોહાન ૧ : ૯)

...સમયની સંપૂર્ણતાએ, જગતમાં પ્રભુ ઈસુનું આગમન થયું; અને ઈસુએ કહ્યું; "જગતનો પ્રકાશ હું છું." (યોહાન ૮ : ૧૨)

....અને "અંધારામાં તથા મૃત્યુની છાયામાં બેઠેલા લોકોએ મહાન પ્રકાશ જોયો."

❖ ❖ ❖

# 'ભરચક ધર્મશાળા'

અર્વાચીન દુનિયાના કોઈ 'મહાનગર'માં

કોઈ ઉત્સવ હોય, માનવમેળો હોય,

કોઈ રેલી કે ધાર્મિક મહાપર્વ હોય,

તો તે સ્થળમાં એ પ્રસંગને માણવા

માનવમહેરામણ ઊમટી પડે.

દિવસો અગાઉ એનું આયોજન વિચારાય છે.

વ્યવસ્થાઓ ગોઠવાય છે – આવી તક ઝડપી લેવા અને નિરાશાથી બચવા ઉત્સુક માનવીઓ સમયસર કાર્યવાહીઓ આરંભે છે.

આ અલ્પસમય માટે પણ માનવીઓને 'નિવાસ-સ્થાન"ની આવશ્યક્તા જણાય છે, અને મહાનગરમાંના આશ્રયસ્થાનો, અતિથિગૃહો અને આવાસોમાં સ્થાન મેળવી લેવા ધસારો થાય છે. મોડા પડનાર આગંતુકો અવસર ગુમાવી બેસે છે અને નિરાશા અનુભવે છે.

એમને એક જ પ્રત્યુત્તર મળે છે :

"અહીં કોઈ વ્યવસ્થા ઉપલબ્ધ નથી, પ્રબંધ નથી, સુવિધા નથી......

બે હજાર વર્ષ પહેલાં, સમ્રાટ ઓગસ્તસે એક ફરમાન બહાર પાડ્યું; તમામ નાગરિકો પોતાના વતનમાં જઈને પોતાની નોંધણી કરાવે. આ એક અનોખું કારણ હતું, છતાં માનવો એ માટે ઊમટી પડ્યા. પણ માનવોની આ ચહલપહલમાં એક અપ્રતિમ દૃશ્ય જોવા મળતું હતું. એ અધીરો દેખાતો પુરુષ પોતાની સગર્ભા પત્ની સાથે 'આશ્રયસ્થાન' પ્રાપ્ત કરવા મથામણ કરી રહ્યો હતો. પણ એ "પવિત્ર યુગલ"ની કોઈને પરવા ન હતી. બધાં જ સ્થળો ભરાઈ ચૂક્યાં હતાં. કોઈ સ્થળે એમને વ્યવસ્થા ન મળી, પ્રબંધ ન થયો, સુવિધા ન સાંપડી........ ધર્મશાળા જેવા સ્થાનમાં પણ નહિ......

જગતની મુક્તિ માટે, મરિયમને પેટે ખ્રિસ્તનો, –તારણહાર–નો જન્મ થવાનો હતો, જગતના મુક્તિદાતા જગતમાં પ્રવેશ પામવાના હતા. પણ માતા માટે કોઈ ઉતારાનું, આશ્રયસ્થાનનું, અતિથિગૃહનું, કે ધર્મશાળાનું દ્વાર ઊઘડ્યું નહિ. અંતે ઢોરોને રાખવાના સ્થાનમાં એમને આશ્રય મળ્યો. ત્યાં મરિયમે પુત્રને જન્મ આપ્યો.

'માતાએ પુત્રને કપડામાં લપેટીને ગભાણમાં સુવાડ્યો.'.

પાપથી ખરડાયેલી દુનિયાને સ્વચ્છ બનાવવા ગંદી ગભાણમાં જન્મ લઈને તારણહાર જગતમાં આવ્યા.

આજના જગતમાં, આજના માનવો

અત્યંત આધુનિક, ચકચકિત આવાસોમાં વસવાટ કરે છે, વિશાળ જગતમાં, વિવિધ નામો ધરાવતાં વૈભવી અને આલીશાન નિવાસસ્થાનો ઊભરાતા માનવોનાં આશ્રયસ્થાનો બની રહ્યાં છે. સાધનસંપન્ન માનવીઓ માટે નિવાસ્થાનોની કોઈ સમસ્યા કે પ્રશ્ન નથી. ભવ્ય મહેલમાં કે નાની શી કુટિરમાં માનવી વસે છે; અને એ સ્વાભાવિક છે. કવચિત્ એ એના પ્રમાણિક પરિશ્રમની ફલશ્રુતિ છે.

– પરંતુ

માનવીનું નિવાસસ્થાન ગમે તે હોય,

પણ ખ્રિસ્ત ઈસુ પ્રત્યેક મનુષ્યના હૃદયને પોતાનું રહેઠાણ બનાવવા માગે છે.

મેલીઘેલી ગભાણમાં ઈસુ જન્મ્યા. એ જ ઈસુ આજે પ્રત્યેક માનવહૃદયના દ્વારે ઊભેલા છે.......

ભૌતિક જીવન અંગેની ગૂંચવણો,

દુન્યવી સાધનો અને સુવિધાઓની ખોજ,

અંગત સમસ્યાઓ, પ્રતિકૂળ કૌટુંબિક સંયોગો, આર્થિક પ્રશ્નોનું મંથન, ભાવિસુખ અને વ્યવસ્થાઓનું આયોજન –

આ સર્વ ચિંતાઓની ભીડમાંથી ભીંસાઈ રહેલા માનવોનાં હૃદયોરૂપી ભરચક આશ્રયસ્થાનોમાં,

આવાસગૃહોમાં કે ધર્મશાળાઓમાં આજે ખ્રિસ્ત ઈસુ માટે કોઈ જગ્યા છે ?

– હૃદયદ્વારે ઊભેલા ખ્રિસ્ત કહે છે :

"હું બારણાં આગળ ઊભો છું અને ખટખટાવું છું. જો કોઈ મારો અવાજ સાંભળીને બારણું ઉઘાડશે, તો હું તેના ઘરમાં આવીશ..." પ્રકટી. ૩ : ૨૦

❖ ❖ ❖

# અદૃશ્ય અતિથિ

હૃદયપૂર્વકનું આમંત્રણ, સૌજન્યપૂર્ણ આતિથ્ય અને સુંદર સરભરા-એ ભારતીય સંસ્કૃતિની એક આગવી પ્રણાલિકા છે.

સ્વજનો, સ્નેહીઓ, મિત્રમંડળ અને શુભેચ્છકો એ સર્વ શુભપ્રસંગોમાં સહભાગી બને છે.

વળી, આમંત્રણ પાઠવનાર, પોતાને મળેલ સાનુકૂળ પ્રતિભાવને પણ સન્માનપૂર્વક આવકારે છે.

પ્રેમભર્યા આમંત્રણ અને આવકારમાં ભેદભાવ કે પક્ષપાતને કોઈ અવકાશ નથી.

એક ફરોશીએ પ્રભુ ઈસુને પોતાના નિવાસસ્થાને ભોજન માટે નિમંત્રણ આપ્યું, એક પાપી સ્ત્રીને આ પ્રસંગની જાણ થઈ. એ ઈસુ પાસે આવી. તેણે પ્રભુ ઈસુની જે પ્રેમભરી શુશ્રૂષા કરી; તેથી તેઓ પ્રભાવિત થયા. તેના કાર્યની ભારોભાર પ્રશંસા કરીને તેના પાપોની ક્ષમા આપી.

પાપી મહિલા પાપમુક્ત બની (લૂક. ૭ : ૩૬-૫૦) ઈસુના દર્શન પામવા ઝાડ પર ચઢી ગયેલા જાખી દાણીને, ઈસુએ સામે ચાલીને આમંત્રણ આપ્યું.

"તું જલ્દી નીચે આવ; આજે હું તારો મહેમાન બનવાનો છું. અને ઈસુએ એક પાપી દાણી જેવા માણસનું આતિથ્ય સ્વીકાર્યું. ઈસુએ એને કહ્યું; "આજે તારે ઘેર મુક્તિનું

આગમન થયું છે.'' અને સમગ્ર કુટુંબને આધ્યાત્મિક મુક્તિનો અનુભવ થયો. (લૂક ૧૯ : ૧-૯)

કષ્ટમય મૃત્યુ સહન કર્યા બાદ ખ્રિસ્ત ઈસુ પુનઃ સજીવન થયા હતા. અનેક વ્યક્તિઓને દર્શન આપ્યું હતું. આમ છતાં, ખ્રિસ્તના પુનરુત્થાન સંદર્ભમાં શંકા આશંકાઓનું વાતાવરણ પણ છવાયું હતું....

એ જ દિવસની ઢળતી સંધ્યાએ,

એ જ પ્રકારના વાતાવરણમાં,

બે પ્રવાસીઓ એમૌસ ગામને માર્ગે પ્રયાણ કરી રહ્યા હતા. અચાનક, ખ્રિસ્તઈસુ તેમના માર્ગમાં તેમના સહયાત્રી બનીને ચાલવા લાગ્યા, અને વાતચીત કરવા લાગ્યા. મજલ પૂરી થતાં, આગળ વધતા એ 'પ્રવાસી' ને બંને જણે, સાંજ ઢળતી હોવાથી પોતાની સાથે રાત્રી ગાળવા આમંત્રણ આપ્યું......

પરંતુ ભોજન સમયે પ્રત્યક્ષ ઉપસ્થિત થયેલા તારણહારનો તેઓને સાચો પરિચય થાય, એ પહેલાં તેઓ અદૃશ્ય થઈ ગયા;

પરંતુ તેઓનાં અંતર્ચક્ષુ ઊઘડી ગયાં હતાં. સજીવન થયેલા ખ્રિસ્તની પ્રત્યક્ષ સંગતના અનુભવ પછી તેઓ એક બીજાને કહેવા લાગ્યા.

"તે જ્યારે આપણી સાથે વાતચીત કરતા હતા, ત્યારે આપણાં હૃદયો હર્ષોલ્લાસથી ભરાઈ જતાં નહોતાં ?!'' (લૂક ૨૪ : ૧૩-૩૨)

અને આનંદવિભોર બનીને તેઓ તે જ ક્ષણે યરુશાલેમ પાછા વળ્યા.

આજે અનેક ખ્રિસ્તી નિવાસસ્થાનોમાં દીવાલ પર, આ શબ્દોવાળી તક્તી જોવામાં આવે છે;

"ખ્રિસ્ત પ્રભુ આ ઘરના શિરપતિ છે;

પ્રત્યેક ભોજનસમયે તે અદૃશ્ય મહેમાન છે;

પ્રત્યેક વાતચીતના તે મૂક સાંભળનાર છે.''

સજીવન થયેલા ખ્રિસ્ત,

પ્રત્યેક વ્યક્તિના જીવનગૃહમાં, હૃદયમાં પ્રવેશવા માટે આમંત્રણની અપેક્ષા રાખે છે ; એ આમંત્રણ સ્વીકારવા તત્પર છે.

'અદૃશ્ય અતિથિ' અદૃશ્ય મહેમાન બનીને, એ પ્રત્યેક વ્યક્તિ સાથે ચાલે છે, વાતચીત કરે છે, સાથે ભોજન કરે છે, સાથે જીવે છે, પાપોની ક્ષમા આપે છે,

અને મુક્તિનો અનુભવ કરાવીને હૃદયોને આનંદોલ્લાસથી ભરી દે છે..

❖ ❖ ❖

# સફળતાનો સ્વામી

જીવનમાં કોઈ લક્ષ્ય સિદ્ધ કરવું, કોઈ ક્ષેત્રમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરવું, માન-સન્માન મેળવવા, અવરોધો, મુસીબતો પાર કરવી, સંપૂર્ણ શારીરિક સુખાકારી ભોગવવી — આવું કંઈક કરવાની મહદ્અંશે પ્રત્યેક મનુષ્યની મહેચ્છા હોય છે; — સફળતા મેળવવાની ઊંડી મહત્ત્વાકાંક્ષા હોય છે.

બેથેસ્દાના જલકૂંડમાં, પ્રભુનો દૂત પાણી હલાવતો ત્યારે જ તેમાં ઊતરી પડનાર નીરોગી બની જતો હતો. આડત્રીસ વર્ષની બીમારી ભોગવતો એક માનવી ત્યાં હતો — પાણી હાલતું ત્યારે તેમાં ઊતરવામાં તેને સહાય કરનાર ત્યાં કોઈ જ નહોતું.

ઈસુ ત્યાં આવ્યા, એની પૃચ્છા કરી. એ નિરાધાર, નિઃસહાય માનવીની અંતરેચ્છા જાણીને, એને એની પથારી ઉપાડીને ચાલ્યા જવાનો આદેશ આપ્યો, આડત્રીસ વર્ષોની દુઃખદ ઇન્તેજારી પછીનો સુખદ અંત ? ઈસુના પરાક્રમ અને સામર્થ્ય દ્વારા અનેરી સફળતા.....

બાર વર્ષોથી અસાધ્ય જેવા રોગથી પીડાતી એ એક હતાશ સ્ત્રી હતી. અનેક ઉપાયો, ઉપચારો કર્યા, અનેક વૈદો અજમાવ્યા, બેફામ ખર્ચ કર્યો. પણ પરિણામ શૂન્ય.

એણે લોકસમુદાય વચ્ચે ઈસુને ઊભેલા જોયા-મગજમાં એક વિચાર ઝબકી ગયો. ચુપકીદીથી ઈસુની પાછળ જઈને તેમના વસ્ત્રની કોરને સ્પર્શ કર્યો. એ તત્કાળ રોગમુક્ત બની ગઈ. સંખ્યાબંધ પ્રત્યનોથી જે ન બન્યું તે ઈસુના પરાક્રમ અને સામર્થ્યથી ક્ષણવારમાં બની ગયું... અભૂતપૂર્વ સફળતા !

ઈસુએ એને શાંતિનો આશીર્વાદ આપીને વિદાય કરી.

— પેલા પુરુષને આડત્રીસ વર્ષોની લાંબી માંદગીનો પ્રશ્ન હતો — પેલી સ્ત્રીને બાર વર્ષની દુઃખદાયક શારીરિક માંદગીની સમસ્યા હતી.

જ્યારે ઈસુના શિષ્ય પીતરને રાતભરની નિષ્ફળતાની ફરિયાદ હતી.... ઈસુ ત્યાં આવ્યા. પીતરે યાચના કરી : "સ્વામી, અમે રાતભર પરિશ્રમ કર્યો, પણ કોઈ સફળતા મળી નહિ.

પણ સ્વામીના આદેશના પાલનથી આશ્ચર્યજનક પરિણામ આવ્યું ! (લૂક ૫ : ૫-૬)

વર્ષને અંતે, વિદ્યાર્થી, તાલીમાર્થી કે અભ્યાસાર્થી કસોટીમાં જ્વલંત સફળતા ચાહે છે. વ્યાપારી વર્ગ વર્ષને અંતે પોતાના વ્યવસાયમાં આર્થિક સફળતા ઝંખે છે.

કોઈપણ વ્યક્તિ પોતાની જહેમત કે મહેનતનું સફળ પરિણામ જોવા ઉત્સુક હોય છે.

જીવનના કોઈપણ ક્ષેત્રે, કોઈ પણ સમયમર્યાદાને અંતે – ચાહે તો તે લાંબી હોય કે ટૂંકી હોય – તો પણ તેમાં તે સંપૂર્ણ સફળતા જોવા ઇચ્છે છે..... સમયની કોઈ પણ મર્યાદાને અંતે, કોઈ પણ પ્રશ્ન હોય, સમસ્યા હોય, કસોટી હોય, બીમારી હોય, દુઃખ કે દર્દ હોય, હતાશા હોય, નિરાધારતા અને નિઃસહાયતા હોય, અને ભૌતિક કે આધ્યાત્મિક રીતે સરાસર નિષ્ફળતા જ દેખાતી હોય, ત્યારે આજે, ઈસુની, અદૃશ્ય હાજરી વિના, પરાક્રમ અને સામર્થ્ય વિના કોઈપણ પ્રકારની સફળતા શક્ય નથી.

ઈસુ કદી જ નિષ્ફળ જતા નથી. 'Jesus Never Fails.'

ઈસુ સફળતાનો પ્રભુ છે, સફળતાનો સ્વામી છે.

❖ ❖ ❖

# સમર્પણનું પર્વ

સામાજિક કે કૌટુંબિક જીવનમાં વિવિધ શુભપ્રસંગો આવે છે. આવા પ્રસંગો પૈકી જન્મ, જન્મદિન, વિવિધ પરીક્ષાઓ કે કસોટીઓ, લગ્ન, સંવત્સરી, પુનઃસ્વાસ્થ્ય પ્રાપ્તિ, વિદેશગમન કે સ્વદેશગમન, મહોત્સવો વગેરેનો સમાવેશ થઈ શકે. આવા શુભ અવસરોએ ભેટ-સોગાદો અર્પણ કરીને અસરપરસ અભિનંદન - શુભેચ્છાઓ પાઠવી પ્રેમ અને આભારની લાગણી પ્રદર્શિત કરવામાં આવે છે. આ પ્રણાલિકાઓ પ્રત્યેક સમાજમાં પ્રચલિત છે. આ પ્રસંગોએ વાતાવરણ ઉત્સાહ અને ઉમળકાઓથી ભરાઈ જાય છે.

આશરે બે હજાર વર્ષો પૂર્વે એક અભૂતપૂર્વ અર્પણની અનોખી ઘટના બની એ સમયે સમગ્ર વિશ્વ અસાધારણ પરિસ્થિતિઓથી ઘેરાયેલું હતું.

—માનવીઓનાં હૃદયમાં શાંતિ નહોતી.

—માનસિક વેદના અનુભવતા માનવો હૃદયની શાંતિની ખોજ કરતા હતા.

—દુઃખ અનુભવતા માનવીઓ સુખ શોધતા હતા.

—શારીરિક કે આધ્યાત્મિક બીમારીઓમાંથી આરોગ્ય અને સ્વાસ્થ્ય ઇચ્છતા હતા.

—માર્ગ ભૂલેલા માનવો સાચો માર્ગ શોધતા હતા.

—નિરાશ અને હતાશ માનવીઓને આશાનું કોઈ કિરણ દેખાતું ન હતું.

—પાપના મહાસાગરમાં ડૂબતા માનવીઓ ક્ષમા અને મુક્તિના કિનારે પહોંચવા મથતા હતા.

—જગતના ઘોર અંધકારમાં અટવાતા નિઃસહાય માનવીઓને, કોઈ દિવ્ય જ્યોતિના માર્ગદર્શક પ્રકાશની ઝંખના હતી.

'તેઓ સર્વ પાપને આધીન છે.

કોઈ ન્યાયી નથી; એક પણ નથી.

તેઓ સર્વ ભટકી ગયા છે.

...તેઓના માર્ગમાં વિનાશ

તથા સંતાપ છે... તેઓએ,

શાંતિનો માર્ગ જાણ્યો નથી.

(રોમનો ૩ : ૯-૧૮)

— વિનાશની અંધારઘેરી ક્ષિતિજો પર આશાભરી દૃષ્ટિ માંડીને બેઠેલા સર્વ માનવીઓને કોઈ એવા તારણહારના આગમનની ઊંડી અપેક્ષા હતી, કે જે

"દીનજનોને શુભસંદેશ સંભળાવે,

બંદીવાનોને મુક્ત કરે,

દૃષ્ટિહીનોને દૃષ્ટિદાન કરે...

તેમ જ પ્રભુની કૃપાના વર્ષની ઘોષણા કરે..."

લૂક. ૪ : ૧૮

—અને..... એક શાંત અને નિર્મળ રાત્રીએ; બેથલેહેમની સીમના એક ખેતરમાં ઘેટાં સાચવતા ઘેટાંપાળકોની આસપાસ પ્રભુના ગૌરવનો પ્રકાશ ઝળહળી રહ્યો.....

— મહાનઆનંદનો શુભ સંદેશ સંભળાયો, તારણહારનું આગમન... પોતાના પ્રિય પુત્રનું, પૃથ્વીના પાપીજનોને માટે પ્રેમાળ પિતાનું સમર્પણ !

— માર્ગદર્શક તારલાને નિહાળીને, આનંદવિભોર બની ગયેલા પૂર્વના જ્યોતિર્વિદો, પોતાનાં અર્પણો લઈને ગભાણમાં જન્મેલા 'રાજા'ના દર્શને આવ્યા અને સ્તુતિ કરીને સોનું, લોબાન તથા બોળ સમર્પિત કર્યાં....

નાતાલ..... ખ્રિસ્ત ઈસુનો જન્મદિન.

આ મહાઆનંદ અને સમર્પણના મહાન પર્વની ઉજવણીના શુભ અવસરે, ખ્રિસ્ત જન્મદિન નિમિત્તે શ્રેષ્ઠ અર્પણ કયું હોઈ શકે ?

– રોમનો ૧૨ : ૧માં પ્રેરિત પાઉલ કહે છે : 'તમારાં શરીરોનું જીવંત અને પવિત્ર તથા પ્રભુને માન્ય હોય તેવું અર્પણ

–"હાર ને હેમના સાજ નથી પણ, હૈયું પ્રેમે ભરાય..."

–હૃદય અને જીવનનું ખ્રિસ્તને પુનઃસમર્પણ !

❖ ❖ ❖

# 'જુઓ ઈશ્વરનું હલવાન !
# 'જુઓ, આ માણસ !

ન્યાયજગતમાં જગતની કાયદાકીય પ્રણાલિકાઓ અનુસાર ન્યાયવિષયક પરિક્રિયાઓ થતી રહે છે. દોષિતને સજા થાય; પરંતુ પુરાવાના અભાવે કાનૂન અનુસાર ન પણ થાય. ગુનેગાર કાયદાની અદાલતમાં નિર્દોષ ઠરીને મુક્ત થઈ જાય.

બે હજાર વર્ષ પર એક અભૂતપૂર્વ મુકદમો ચાલી ગયો. એ કેસમાં ઈશ્વરી અને દુન્યવી પરિબળો સામસામે હતાં. ગુનેગાર તો નિષ્કલંક અને નિષ્પાપ હતો. એની સામેના આક્ષેપો વિરલ અને અસાધારણ હતા. કેસનો ચુકાદો, રાજ્યના કાયદા મુજબ નહિ, પણ કંઈક વિચિત્ર ઢબે - ગુનેગારની વિરુદ્ધ આવ્યો. એને મોતની સજા થઈ. એ તો ઈશ્વરપુત્ર, ખ્રિસ્ત ઈસુ, પવિત્ર અને નિર્દોષ હલવાન જેવો હતો ! એણે કશો જ પ્રતિકાર કર્યો નહિ !

પવિત્ર બાઈબલમાં, યશાયા પ્રબોધકના પુસ્તકમાં આ વચનો લખવામાં આવ્યાં છે :

"તેના પર જુલમ ગુજારવામાં આવ્યો, પણ તેણે નમ્ર થઈને પોતાનું મોં ઉઘાડ્યું નહિ. હલવાન વધ માટે લઈ જવામાં આવે છે તેના જેવો, અને ઘેટી પોતાના કાતરનારની આગળ મૂક રહે છે, તેના જેવો તે હતો; તેણે તો પોતાનું મુખ ઉઘાડ્યું જ નહિ. જુલમથી અને ન્યાયચુકાદાથી તેને લઈ જવામાં આવ્યો..." (યશાયા ૫૩)

ઘણો સમય વહી ગયો....

યોહાન બાપ્તિસ્મા કરનારનું આગમન થયું -

યોહાને હવે પછી આવનાર ખ્રિસ્ત વિષે સાક્ષી આપી : ..... "હું તમને સાક્ષી આપું છું કે તે ઈશ્વરપુત્ર છે.' (યોહાન ૧ : ૩૪)

બીજે દિવસે ઈસુને ત્યાં ચાલતા નિહાળીને યોહાન પોકારી ઊઠ્યો : "જુઓ, ઈશ્વરનું હલવાન !"

વર્ષો અગાઉ યશાયા પ્રબોધકના પુસ્તકમાં આલેખાયેલ ભવિષ્યકથન સમા વચનો અને યોહાનની ઘોષણા વચ્ચે કેવો અદ્‌ભુત સમન્વય !

ઈસુનું જીવનસેવાકાર્ય આગળ ચાલવા લાગ્યું, સમયની સંપૂર્ણતાએ, પ્રેમ અને શાંતિનો સંદેશ પ્રસારનાર ઈસુની ધરપકડ થઈ, મુકદ્દમા દરમિયાન ઈસુની પૂરી તપાસ કર્યા બાદ પિલાતે લોકો સમક્ષ જાહેર કર્યું કે 'તેને સજાપાત્ર ઠરાવી શકાય તેવું કોઈ કારણ મને મળતું નથી.' તે કોઈપણ હિસાબે ઈસુને મુક્ત કરી દેવા માગતો હતો. લોહી નીગળતા ઈસુના દેહને જોઈને તેને લોકો આગળ રજૂ કરવાની ઇચ્છા થઈ...... લોકોમાં પરિવર્તન થશે એવી આશાએ ..... ઈસુને બહાર લાવીને પિલાતે મોટા અવાજે કહ્યું, "જુઓ, આ માણસ !" 'રહેંસાઈ ગયેલા, ઈશ્વરના નિષ્કલંક, નિર્દોષ, હલવાન જેવા ઈસુ લોકો સમક્ષ ઉપસ્થિત હતા...'

પણ ભવિષ્યકથનો અને પોતાના દુઃખ સહન, મૃત્યુ અને પુનરુત્થાન સંબંધી ઈસુની આગાહી સાચી પડે, એટલા માટે પિલાતનો કોઈ પણ પ્રયાસ સફળ થયો નહિ. અને પિલાતે જ ઈસુને ક્રોસ પર લટકાવી દેવા માટે એ લોકોને સોંપી દીધા.

યોહાને પોકાર કર્યો : 'જુઓ, ઈશ્વરનું હલવાન !' પિલાતે કહ્યું : જુઓ, આ માણસ !

'ઈશ્વરનું હલવાન દુનિયાનાં પાપ દૂર કરે છે.'

"તેમણે કોઈ પાપ કર્યું ન હતું, અને તેમના મુખમાંથી કદી જૂઠ નીકળ્યું નથી. વળી, જ્યારે તેમની નિંદા કરવામાં આવી ત્યારે તેમણે સામી નિંદા કરી નહિ, અને દુઃખ સહન કરતી વેળાએ ધમકી આપી નહિ. પણ અદલ ન્યાયાધીશ ઈશ્વર પર પોતાની આશાઓ રાખી.... તમે તો માર્ગ ભૂલેલાં ઘેટાં જેવા હતા, પણ હવે તમારા આત્માના ઘેટાપાળક અને રક્ષકની પાસે પાછા વળ્યા છો." (૧ પિતર ૨ : ૨૨-૨૫ પ્રેમનો પોકાર)

❖ ❖ ❖

# 'દામ્પત્યજીવનના દિવ્યપંથે....'

પૃથ્વી... અસ્તવ્યસ્ત તથા ખાલી... જળનિધિ પર અંધકાર એવી અવ્યવસ્થિત, અંધારઘેરી પૃથ્વી પર ઈશ્વરે ઉત્તમ સૃષ્ટિનું ક્રમશઃ સર્જન કર્યું. પ્રકાશ, આકાશ, મહાસાગર, વૃક્ષો, વનરાજી, ખાદ્ય વનસ્પતિ - ફળફળાદિ.... સૂર્ય, ચંદ્ર, તારાઓ.. રાત્રિ - દિન અને ઋતુઓની પરિક્રમા ..... જીવંત સૃષ્ટિના સર્જનનો પણ પ્રારંભ. ધરતી પર વિચરતા જળસૃષ્ટિમાં વિહાર કરતાં પ્રાણીઓ તથા પંખીઓનું નિર્માણ –

અને આકાશ, ધરતી તથા જળસૃષ્ટિની આ જીવંત દુનિયાને ઈશ્વરે આશીર્વાદ દીધો.

પણ, આ સર્વનો ઉપભોગ કરનાર કોઈ ત્યાં ન હતું. ઈશ્વરે વિચાર્યું, મનુષ્યનું સર્જન કરવાનું ! અને પોતાની જ પ્રતિમા પ્રમાણે નરનું સર્જન કર્યું. ઈશ્વરનું આ અંતિમ અને શ્રેષ્ઠ સર્જન ! અને સાથે સાથે, મનુષ્ય જીવનની સુખાકારી માટે સુંદર એદનબાગનું આયોજન કર્યું. આકર્ષક સ્વાદિષ્ટ ફળોથી લચી પડેલાં વૃક્ષો, જળસભર સરિતાઓ, અને બાગની મધ્યમાં એક જીવનવૃક્ષ –

- પણ એ વૃક્ષનું ફળ હરગીઝ ન ખાવાનો મનુષ્યને ઈશ્વરનો આદેશ.....

- હવે ઈશ્વરને લાગ્યું કે આ સુંદર સ્થળમાં મનુષ્ય એકાકી જીવન જીવે છે, અને તે સારું નથી. એટલે ઈશ્વરે એ નરના જ દેહમાંથી નારીનું સર્જન કર્યું. મનુષ્યે તેને નિહાળીને કહ્યું : મારા પોતાના જ દેહમાંનું આ સર્જન છે. જીવન સહચરી તથા સહાયકારી ! હવે બંને બધું છોડીને એક દેહ સમાન જીવશે.....

- એ હતું ઈશ્વર સર્જિત પ્રથમ યુગલ પૃથ્વી પરનાં પ્રથમ પતિ-પત્ની, પણ, એક સમયે. સર્વરૂપી શેતાને એમના નિવાસસ્થાનમાં પ્રવેશ કર્યો. જીવનવૃક્ષનું સુંદર ફળ ખાવાના પ્રલોભનમાં નાખ્યાં, અને એ યુગલ દ્વારા ઈશ્વરની આજ્ઞાનો ભંગ થયો. ઈશ્વરની શિક્ષારૂપે એમને એ સ્વર્ગસમો એદનબાગ ગુમાવી દેવો પડ્યો.... પ્રથમ કુટુંબ છિન્નભિન્ન થઈ ગયું. (ઉત્પત્તિ : ૧, ૨, ૩)

અર્વાચીન જગતમાં, એક પ્રભુમંદિરમાંથી નવપરિણીત યુગલ બહાર આવ્યું. આસપાસ અનેરો આનંદ - સ્નેહીજનોના અભિનંદન અને આશીર્વાદ....

પતિ-પત્ની બનનાર પાત્રોએ ઈશ્વર સમક્ષ લગ્નબંધન અંગે એકમેકને ગંભીર વચનો આપ્યાં હતાં. આદર્શ ખ્રિસ્તમય લગ્નજીવન જીવવા માટેનો તેમ જ કોઈપણ દુન્યવી પ્રલોભનનો પ્રતિકાર કરવાનો એમનો દૃઢ સંકલ્પ હતો.. લગ્નજીવનના પ્રથમ સોપાને બંને એકમેકની સંમુખ હતાં. પતિએ પત્નીની આંખોમાં અડગ નિર્ધાર નીરખી લીધો.....

"પત્નીની દષ્ટિ, સામે રહેલા જીવનના એદનબાગનું સૌંદર્ય નિહાળી રહી હતી....."

- અને પતિની દષ્ટિ સમક્ષ હતું - ભાવિ દામ્પત્યજીવન સાફલ્યનું દર્શન ? પત્નીને બનવું હતું - "સદગુણી અને સુશીલ પત્ની !" અને પતિના હૃદયનો પ્રતિભાવ હતો : "સદ્‌ગુણી સ્ત્રીઓ તો ઘણી થઈ ગઈ છે, પણ તું તે સર્વ કરતાં ઉત્તમ છે !" (નીતિ. ૩૧ : ૧૨,૨૯)

- અને કોડભરી પત્નીએ તથા પ્રસન્ન પતિએ એકમેકના હાથમાં હાથ પરોવી ખ્રિસ્તમય દામ્પત્યજીવનના દિવ્યપંથે પ્રયાણ કર્યું....

❖ ❖ ❖

# જીવનસંધ્યા

માનવજીવનના ત્રણ મહત્ત્વના સોપાન છે, બાલ્યાવસ્થા, યુવાની અને વાર્ધક્ય - વૃદ્ધાવસ્થા.

ગુજરાતના એક સુવિખ્યાત કવિએ જીવનના આ ત્રણ તબક્કાને અનુલક્ષીને એક સુંદર કાવ્ય લખ્યું હતું : શિશુકાળ –

"મને શિશુતણી ગમે સરળ સૃષ્ટિ સ્નેહભરી, નિખાલસ, સમત્વને અનઘ એક આનંદની" યુવાની.....

"અને છતાંય દિલ તો ચહે તન યુવાનની તાજગી !" વાર્ધક્ય......

"અને હૃદય આ નમે પુનિત શ્વેત વાર્ધક્યને....."

—જીવનમાં ક્રમે ક્રમે આવતા આ પ્રત્યેક સોપાનનું વિશિષ્ટ મહત્ત્વ છે.

—શિશુહૃદય શુદ્ધ, નિર્દોષ અને પવિત્ર છે.

—યુવાન હૈયામાં સ્ફૂર્તિ અને થનગનાટ છે.

—શૈશવકાળ અને યુવાની ત્વરિત ગતિએ સરી જતા લાગે છે; પણ અંતિમ તબક્કામાં, શેષ જીવનની ગતિ જાણે મંદ પડતી હોય એવી લાગણી અનુભવાય છે. શારીરિક પ્રવૃત્તિઓ અને માનસિક ગતિશીલતા ધીમી પડતી હોય તેવું લાગે છે.

—વૃદ્ધાવસ્થા સુખદ અને દુઃખદ પણ હોઈ શકે, તંદુરસ્તી સુખ સમૃદ્ધિ, સુવિધાઓ અને નિશ્ચિંતતા હોય; તેમ નિર્બળતા, લાચારી, અને નિરાધારતા પણ હોય. જીવનના અંતિમ તબક્કામાં શારીરિક મર્યાદાઓમાં પણ હોય. જીવનના અંતિમ તબક્કામાં

શારીરિક મર્યાદાઓમાં પણ વૃદ્ધિ થતી રહે. જગતના ધારાધોરણ અનુસાર જીવનનાં નિયમિત કાર્યો સમાપ્ત થતાં રહે છે અને નિવૃત્તિ આવે છે એ સંતોષ પણ લાવે, અગર પ્રશ્નોથી ભરપૂર પણ હોય !

—અર્વાચીન જગતની વ્યવસ્થાઓમાં વૃદ્ધ સ્ત્રી પુરુષોના પુરુષાર્થનો મહાન ફાળો છે. તેઓ દુનિયાના શ્રેષ્ઠ શિક્ષકો ગણાયા છે. એમના અનુભવોની કથાઓ જગતની માર્ગદર્શિકા બની રહી છે, અને એ અનુભવો, ઊભરતા નવયુવાનો માટે યુવાનીના ભયસ્થાનો સામે લાલબત્તી સમાન બની રહ્યા છે......

—પવિત્ર બાઈબલનાં વચનો અનુસાર, વૃદ્ધાવસ્થા એક મહાન આશીર્વાદ સમાન છે, કૃપા સમાન છે :

"કેમ કે મારા વડે તારા આયુષ્યની વૃદ્ધિ થશે, અને તારા આવરદાના વર્ષો વધશે...... (નીતિ ૯ : ૧૧)

અને તેથી જ "મુસા મરણ પામ્યો ત્યારે તે ૧૨૦ વર્ષનો હતો......

તેની આંખ ઝાંખી પડી નહોતી. અને તેના અંગનું કૌવત ઘટ્યું નહોતું." (પુન ૩૪ : ૭)

"અને આ પ્રમાણે, અયૂબ સંપૂર્ણ વૃદ્ધ વયે મરણ પામ્યો." (અયૂબ ૪૨ : ૧૬)

જીવનનાં આખરી વર્ષો.... એટલે જીવનસંધ્યા ? સુવર્ણકાળ... ગોલ્ડન ઈયર્સ ?

એ સમયે ખ્રિસ્ત - ઈસુનો સાથ અતિ આવશ્યક છે. એમૌસના પ્રવાસીઓને ઈસુ મળ્યા ત્યારે સાંજ ઢળતી હતી. એ ઢળતી સંધ્યાએ તેઓએ ઈસુને કહ્યું કે "અમારી સાથે રહો, કેમ કે સાંજ પડવા આવી છે અને દિવસ નમી ગયો છે. (લૂક ૨૪ : ૨૯)

કવિ હેન્રી એફ લાઈટે પણ ગાયું છે :

"મુજ સાથે રહે કે સાંજ તો પડી છે; અંધારું થાય છે, પ્રભુ સાથે રહે !"

—અને "એવું બનશે કે સંધ્યા સમયે પ્રકાશ હશે." (ઝખાર્યા ૧૪ : ૭)

—ઈસુ જગતનો પ્રકાશ છે. જીવનસંધ્યાના અંધકારમાં એ પ્રકાશ ઝળહળી ઊઠશે. એવી જીવનસંધ્યાનો, "સુવર્ણકાળનો કે ગોલ્ડન ઈયર્સ"નો આનંદ માણતા નરનારીઓ માટે નીચેના શબ્દો કેટલા બધા સુસંગત છે ?

"હે ઈશ્વર, આ ચિંતાતુર જીવનના બધા દિવસો પર્યંત, સંધ્યા નમી જાય, રાત્રીના ઓળા પથરાય, જગતનો શોર શમી જાય, જીવનનો થાક ઊતરી જાય, ને અમારું કાર્ય પૂર્ણ થાય, — ત્યાં સુધી અમને નિભાવી રાખજો !....

## નવલિકા

| | | |
|---|---|---|
| ૧ | વધસ્તંભ અને ચપ્પુ | ૩૦-૦૦ |
| ૨ | સમૃદ્ધ ખ્રિસ્તી જીવન | ૩૦-૦૦ |
| ૩ | ચિરાયેલો પડદો | ૩૦-૦૦ |
| ૪ | સ્ત્રી રત્નો | ૨૦-૦૦ |
| ૫ | કવો-વાડીસ | ૩૦-૦૦ |
| ૬ | બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૭ | ધી-રોબ | ૩૫-૦૦ |
| ૮ | કલ્યાણી | ૧૦-૦૦ |
| ૯ | ટૈટસ | ૩૫-૦૦ |
| ૧૦ | માણસ એ કોણ છે | ૧૦-૦૦ |
| ૧૧ | અરમાન નાટય સંગ્રહ | ૪૦-૦૦ |
| ૧૨ | પડદાની પેલે પાર | ૪૦-૦૦ |
| ૧૩ | યાત્રાકારી ભાગ-૧ | ૨૦-૦૦ |
| ૧૪ | ફબીઓલા | ૩૫-૦૦ |
| ૧૫ | નિર્મળા | ૧૦-૦૦ |
| ૧૬ | યોનેકો | ૧૫-૦૦ |
| ૧૭ | યાત્રાકારી ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૧૮ | બેનહર | ૩૦-૦૦ |
| ૧૯ | હૃદય પલટો વિશ્વપલટો | ૧૦-૦૦ |
| ૨૦ | જખમ અને જીવન | ૩૦-૦૦ |
| ૨૧ | શરણાગતિ | ૨૦-૦૦ |

## અન્ય

| | | |
|---|---|---|
| ૧ | યુવાવસ્થા સોનાની ખાણ | ૧૫-૦૦ |
| ૨ | પરિશ્રમની કેડીએ ભાગ-૧ | ૧૫-૦૦ |
| ૩ | પરિશ્રમની કેડીએ ભાગ-૨ | ૧૫-૦૦ |
| ૪ | ઝબકાર અને ઝાંખી | ૨૦-૦૦ |
| ૫ | વેસ્લીયન પ્રણાલી મુજબનું ભકિતયુકત જીવન | ૧૫-૦૦ |
| ૬ | સ્ત્રી-પુરુષ સંબંધ | ૨૦-૦૦ |
| ૭ | પ્રભુ જીવન કેવી રીતે પ્રાપ્ત કરી શકાય | ૧૦-૦૦ |
| ૮ | પરિવર્તન પામેલા પાત્રો | ૧૫-૦૦ |
| ૯ | ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીનો ૧૫૦ વર્ષનો ઈતિહાસ | ૩૦-૦૦ |
| ૧૦ | ક્ષિતિજને પેલે પારથી | ૨૦-૦૦ |
| ૧૧ | સ્વર્ગ યાત્રા | ૨૦-૦૦ |
| ૧૨ | ઈશ્વરનો સાક્ષાત્કાર | ૨૦-૦૦ |
| ૧૩ | ખ્રિસ્તી કુટુંબ અને ઘર | ૨૦-૦૦ |
| ૧૪ | ઈશ્વર મારા ધંધાના માલિક છે | ૧૫-૦૦ |
| ૧૫ | મારુ ઋણ | ૧૨-૦૦ |

## કોમેન્ટરી

| | | |
|---|---|---|
| ૧ | કાળવૃતાંતનો સંદેશ | ૧૨૫-૦૦ |
| ૨ | પ્રેષિતોના કાર્ય દ્વારા મળતો ઈશ્વરીય સંદેશ | ૮૦-૦૦ |
| ૩ | ફિલીપ્પીનો પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૪ | ગિરિપ્રવચન | ૪૦-૦૦ |
| ૫ | કરંથિઓનો પહેલા પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૬ | કરંથિઓનો બીજા પત્રનો સંદેશ | ૩૦-૦૦ |
| ૭ | સભાશિક્ષક | ૩૦-૦૦ |
| ૮ | ઉત્પત્તિનો સંદેશ ૧૨ થી ૫૦ | ૪૦-૦૦ |
| ૯ | હિબ્રુઓના પત્રનો સંદેશ | ૫૦-૦૦ |
| ૧૦ | અયૂબ | ૬૦-૦૦ |
| ૧૧ | યશાયા | ૧૨૫-૦૦ |
| ૧૨ | ગીતોનું ગીત | ૬૦-૦૦ |
| ૧૩ | પિતરનો પહેલો પત્ર | ૧૨૫-૦૦ |
| ૧૪ | વૈદિક ખોજની પરિપૂર્ણતા ઈસુ ખ્રિસ્ત | ૨૫-૦૦ |

## અન્ય

| | | |
|---|---|---|
| ૧ | દુ:ખ દ્વારા શિક્ષણ | ૧૦-૦૦ |
| ૨ | મને પ્રાર્થના કરતાં શીખવો | ૨૫-૦૦ |
| ૩ | પવિત્ર યુદ્ધ | ૧૦૦-૦૦ |
| ૪ | રશિયા ઈઝરાયેલ અને બાઈબલ | ૪૦-૦૦ |
| ૫ | ક્રોસ કથાના પાત્રો | ૨૦-૦૦ |
| ૬ | તમારા પ્રશ્નોના ઉત્તર | ૨૦-૦૦ |
| ૭ | સૂર-સંદેશ | ૨૦-૦૦ |
| ૮ | મિલેનિયમનો સ્વામી | ૨૫-૦૦ |
| ૯ | એસ્તર | ૨૦-૦૦ |

# લેખકનો પરિચય



**શ્રી કલમેન્ટ ડાયર્સા** એ ગુજરાતી ખ્રિસ્તી સમાજમાં જાણીતું નામ છે. તેઓના મનનથી કંઈ કેટલાના જીવનો આશીષ પામ્યા હશે. સ્વભાવે શાંત એવા શ્રી ડાયર્સાની લેખનયાત્રા ઘણી લાંબી છે. મોંથી ઓછું બોલનારા શ્રી કલેમેન્ટ ડાયર્સા તેમની કલમ દ્વારા ઘણુ બધુ કહિ જાય છે. રેવ. થોમાભાઈ પાથાભાઈ તેઓના દાદા થાય છે. જેમણે પણ ગુજરાતી ખ્રિસ્તી સમાજની બહુ મોટી સેવા કરેલ છે. એજ માર્ગ પર ચાલીને શ્રી કલેમેન્ટ ડાયર્સાએ પણ સેવા ચાલુ રાખી છે.

મિશનની સેવામાં જીવનપર્યંત કાર્યરત રહેનાર શ્રી ડાયર્સા પોતાની મિશનની જવાબદારીઓમાં પણ વિશ્વાસુ હતા.

હજુપણ તેઓશ્રી તેમની કલમદ્વારા આપણિ સાથે વાત કરતા રહે એજ પ્રાર્થના અને શુભેચ્છા છે. શ્રી કલેમેન્ટ ડાયર્સાના જીવનને માટે પ્રભુનો જ આભાર માનીએ.

**રેવ. હેમં**

5BGM1